ખાનગી

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની એક્ઝિક્યુટિવ કાઉન્સિલની સભા ગુરુવાર, તા. ૨૫-૧-૧૯૯૦ના રોજ સવારે ૧૧-૦૦ વાગ્યે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખસ્થાન કુલપતિશ્રી ડૉ. એમ. એન. દેસાઈએ સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૨૫-૧-૧૯૯૦
૧.	ડૉ. મહેન્દ્રભાઈ નાનુભાઈ દેસાઈ, કુલપતિશ્રી	હાજર
૨.	પ્રા. અંબુભાઈ ત્રિભોવનદાસ દેસાઈ, ઉપકુલપતિશ્રી	હાજર
૩.	ઉચ્ચતર શિક્ષણ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય	ગેરહાજર
૪.	શ્રી. એન. આર. દવે, તાંત્રિક શિક્ષણ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય	ગેરહાજર
૫.	આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી નિયામકશ્રી, ગુજરાત રાજ્ય	ગેરહાજર
૬.	શ્રી. સુધીરભાઈ ઈન્દ્રવદન નાણાવટી	ગેરહાજર
૭.	શ્રી. નરહરિભાઈ હીરાલાલ અમીન	હાજર
૮.	શ્રી. હરેનભાઈ વી. પંડ્યા	હાજર
૯.	પો. ધવલ મહેતા	હાજર
૧૦.	ડૉ. સુરેશભાઈ ધેલાભાઈ દેસાઈ	હાજર
૧૧.	આચાર્ય હર્ષદભાઈ મોતીભાઈ દેસાઈ	હાજર
૧૨.	આચાર્ય હરિશંકર પ્રભાશંકર પંડ્યા	ગેરહાજર
૧૩.	આચાર્ય દર્શનસિંગ મુસ્તાકસિંગ શીખ	હાજર
૧૪.	પ્રા. અરવિંદભાઈ રણછોડભાઈ શાહ	હાજર
૧૫.	પ્રા. કૃષ્ણચંદ્ર સોમનાથ શાસ્ત્રી	ગેરહાજર
૧૬.	ડૉ. રણછોડલાલ કરસનદાસ પટેલ	હાજર
૧૭.	પ્રા. અવતારસિંગ અર્જુનસિંગ અહલુવાલિયા	હાજર

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૨૫–૧–૧૯૯૦
૧૮.	શ્રી. અદ્રદ્દિન શેખ	હાજર
૧૯.	ડૉ. મહેન્દ્રભાઈ મોહનભાઈ દેસાઈ	હાજર
૨૦.	શ્રી. રાજકુમાર ગુપ્તા	ગેરહાજર
૨૧.	શ્રી. નીતિન લક્ષ્મુખભાઈ શાહ	હાજર
૨૨.	ડૉ. ત્રિભોવનભાઈ એન. પટેલ	હાજર
૨૩.	શ્રી. ઘનશ્યામભાઈ હીરાલાલ અમીન	હાજર
૨૪.	શ્રી. મહેન્દ્રકુમાર ચંદુલાલ શાહ	હાજર.

૧. તા. ૨૫-૧૨-૧૯૮૯ના રોજ મળેલી એક્ઝિક્યુટિવ કાઉન્સિલની સભાની નોંધને બહાલી આપવા બાબત.

તા. ૨૫-૧૨-૧૯૮૯ના રોજ મળેલી એક્ઝિક્યુટિવ કાઉન્સિલની સભાની નોંધને નીચેના સુધારા સાથે મંજૂર કરવામાં આવી તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી :

(૧) બાબત ક્રમાંક ૨૦માં પ્રથમ લીટીમાં શબ્દ "આવે છે કે" તે પછી "હૉસ્ટેલ મરામત અને" શબ્દો ઉમેરીને વાંચવું.

(૨) બાબત નં. ૫૧માં ત્રીજી લીટીમાં "તા. ૨૯–૬–૧૯૮૯" દર્શાવેલ છે તેના બદલે "તા. ૯–૧–૧૯૮૯" વાંચવું.

૨. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યો (જાણ માટે) :

(૧) ડેમિસ્ટ્રીના રીડર શ્રી. એ. એ. શેખે રાજીનામું આપતાં અને નિયમ મુજબ નોટિસ-પે ભરતાં કુલપતિશ્રીએ એક્ઝિક્યુટિવ કાઉન્સિલ વતી રાજીનામું મંજૂર કર્યું હતું તે બાબતે તેઓએ સિટી સિવિલ કોર્ટમાં ક્રમાંક ૧૪૭/૯૦થી પિટિશન કરેલી છે, તે અંગે યુનિવર્સિટીએ વકીલ તરીકે શ્રી. રમેશભાઈ પટેલને રોકયાનું તેમ જ તે અંગે થનાર આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું;

(૨) મે-જૂન, ૧૯૮૭ દરમિયાન લેવામાં આવેલ એમ.એ. ભાગ-૧ની પરીક્ષામાં ગેરવાજબી ઈલાજો અજમાવવા બદલ શ્રી. શાસ્ત્રી બિપિનચંદ્ર ડાહ્યાલાલને એક વર્ષ માટે યુનિવર્સિટીની પરીક્ષામાંથી ડિબાર્ડ કરવામાં આવેલ છે, તેના સંદર્ભમાં શ્રી. શાસ્ત્રીએ નામદાર હાઇકોર્ટમાં રિટ પિટિશન કરેલ છે. તે અંગે યુનિવર્સિટી તરફથી વકીલ તરીકે શ્રી. સુરેશભાઈ શેલતને રોકવાનું અને તે માટે થનાર આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું;

(૩) એ. જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદને બી.એડ. વેકેશન અભ્યાસક્રમ ચલાવવા માટે આપેલી મંજૂરીની મુદત પૂરી થતાં એટલે કે એપ્રિલ-૧૯૯૦ સુધીમાં કુલ ૬ વેકેશનમાં અભ્યાસક્રમ પૂરો કરવાની મંજૂરી આપી હતી તે મુદત વધુ બે વર્ષ (૬ વેકેશન) માટે વધારી આપ્યાનું;

(૪) વિદ્યાર્થી ડૉ. શૈલેષ શાહે એમ. સી. એચ. પ્લાસ્ટિક સર્જરીના પોસ્ટ-ગ્રેજ્યુએટ અભ્યાસક્રમમાં પ્રવેશ અંગે ગુજરાત રાજ્યની વડી અદાલતમાં કરેલ સિવિલ એપ્લિ. નંબર ૮૮૩૮/૮૯ની બાબતમાં એડવોકેટ શ્રી. સુરેશભાઈ શેલતને રોકવાનું અને તે અંગે થનાર આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું;

(૫) ડૉ. માધુરી અરુણ ભાડે તરફથી પી. જી. મેડિકલમાં પ્રવેશ સંબંધી હાઈકોર્ટમાં રિટ પિટિશન સ્પેશિયલ સિવિલ એપ્લિ. નંબર ૮૭૪૫-૮૯ દાખલ થયેલી તે અંગે યુનિવર્સિટીના વકીલ તરીકે શ્રી. સુરેશભાઈ શેલતને રોકવાનું અને તે માટે થનાર આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું;

(૬) ડૉ. પ્રશાંત એમ. ભણુસાલી તરફથી પી. જી. મેડિકલમાં પ્રવેશ સંબંધી હાઈકોર્ટમાં રિટ પિટિશન ૮૭૯૧/૮૯ (૨૫% ઑલ ઈન્ડિયા જગ્યા સંબંધી) કરેલી છે તે અંગે શ્રી. સુરેશભાઈ શેલતને રોકયાનું તથા તે અંગે થનાર આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું;

(૭) ડૉ. શ્રી જિગીષા જે. શાહે પોસ્ટ ગ્રેજ્યુએટ મેડિકલ અભ્યાસક્રમમાં પ્રવેશ અંગે ગુજરાત રાજ્યની વડી અદાલતમાં કરેલ સિવિલ એપ્લિકેશન ક્રમાંક ૧૦૯-૯૦ સંબંધી વકીલશ્રી સુરેશભાઈ શેલતને રોકવાનું તેમ જ તે અંગે થનાર આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું;

(૮) શ્રી પ્રશાંત પી. કાનાણીરે પોસ્ટ ગ્રેજ્યુએટ મેડિકલ અભ્યાસક્રમમાં પ્રવેશ અંગેના યુનિ.એ નક્કી કરેલા ધારાધોરણો / નિયમો પરત્વે ગુજરાત રાજ્યની વડી અદાલતમાં કરેલ સિવિલ એપ્લિકેશન ક્રમાંક ૮૪૯૪-૮૯ સંબંધી વકીલશ્રી સુરેશભાઈ શેલતને રોકવાનું તેમ જ તે અંગે થનાર આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું;

(૯) ડૉ. વિનિલ એન. ગાંધીએ પોસ્ટ ગ્રેજ્યુએટ મેડિકલ અભ્યાસક્રમનાં પ્રવેશ અંગે ગુજરાત રાજ્યની વડી અદાલતમાં સિવિલ એપ્લિકેશન ક્રમાંક ૧૧૦-૯૦ સંબંધી વકીલશ્રી સુરેશભાઈ શેલતને રોકયાનું તેમ જ તે અંગે થનાર આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું;

(૧૦) એન. એચ. એલ. મ્યુનિસિપલ મેડિકલ કોલેજ, અમદાવાદના વિદ્યાર્થિની ડૉ. રુપા ગોહિલે ગુજરાત રાજ્યની વડી અદાલતમાં પોસ્ટ ગ્રેજ્યુએટ મેડિકલ અભ્યાસક્રમમાં પ્રવેશ અંગે નામદાર હાઈકોર્ટમાં કરેલ સિવિલ એપ્લિકેશન નંબર ૮૮૬૦-૮૯ની બાબતમાં એડવોકેટ શ્રી સુરેશભાઈ શેલતને રોકયાનું અને તે અંગે થનાર આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીએ મંજૂર કરેલાં ૨(૧)થી ૨(૧૦)માં દર્શાવેલ કાર્યોની નોંધ લેવી.

૩. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને તેના તા. ૨૨-૧૨-૧૯૮૯ ના પત્ર ક્રમાંક એફ. ૪-૧-૧૯-૮૮ (cosist) થી ઝૂલોજી વિભાગમાં ચાલતાં (cosist) કાર્યક્રમ માટે રૂ. ૪૧-૫૦ લાખ વધારાનું અનુદાન મંજૂર કર્યું છે. તેની નોંધ લેવા બાબત.

[**નોંધ.**—આ સાથે વિભાગને પંચવર્ષીય યોજના હેઠળ આ કાર્યક્રમ માટે કુલ મળીને રૂ. ૭૬-૭૫ લાખની સહાયની મંજૂરી મળી છે].

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૪. તા. ૧૦–૧–૧૯૯૦ના રોજ મળેલી ફાઇનાન્સ સમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ફાઇનાન્સ સમિતિની તા. ૧૦-૧-૧૯૯૦ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૧૦-૧-૧૯૯૦ની કાર્યવાહીની નોંધની નકલ પરિશિષ્ટ "૧" તરીકે સામેલ છે).

૫. કેન્ટીન સમિતિની તા. ૧૨-૧૨-૧૯૮૯ના રોજ મળેલી સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૧૧-૧૨-૧૯૮૯ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતની તા. ૧૧-૧૨-૧૯૮૯ની કાર્યવાહીની નોંધની નકલ પરિશિષ્ટ "૨" તરીકે સામેલ છે.)

૬. સ્ટે. ૯૯ માં વિજ્ઞાન વિદ્યાશાખા હેઠળ ઇલેક્ટ્રોનિક્સનો વિષય ઉમેરી સ્ટેચ્યૂટમાં સુધારો કરવા ભલામણ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સભામાં થયેલ ચર્ચા થતા મુજબ સ્ટેચ્યૂટ ૯૯ ના સાથેના પરિશિષ્ટ "૩" મુજબ વંચાય તે રીતે સુધારાને મંજૂર કરવા યુનિવર્સિટી કોર્ટને ભલામણ કરવી.

(સુધારેલા સ્ટે. ૯૯ની નકલ પરિશિષ્ટ "૩" તરીકે સામેલ છે.)

૭. (સ્વ.) ડો. ન. મૂ. શાહ સ્મારક સન્માનનિધિ ગ્રંથમાળા માટે નીમેલી પ્રકાશન સલાહકાર સમિતિ પર વિજ્ઞાન વિષયના તજજ્ઞો—(૧) ડૉ. એમ. એન. દેસાઈ, કુલપતિશ્રી તરીકે નિમાયા હોઈ તેમ જ (૨) ડૉ. જે. પી. ત્રિવેદી, આચાર્યપદેથી નિવૃત્ત થયેલા હોઈ તે બે જગ્યાઓ પર અન્ય બે વિજ્ઞાન વિષયના તજજ્ઞોની નિમણૂક કરવા બાબત.

(નોંધ.—એક્ઝિકયુટિવ કાઉન્સિલના ઠરાવ મુજબ સદરહુ સલાહકાર સમિતિની રચના નીચે મુજબ છે :

૧. કુલપતિશ્રી
૨. વિજ્ઞાન વિદ્યાશાખાના ડીનશ્રી અને
૩. વિજ્ઞાન વિષયના બે તજજ્ઞો.

ક્રમાંક ૩ હેઠળ નિમણૂક કરેલ સભ્યોની સમયમર્યાદા ત્રણ વર્ષ માટેની હોય છે).

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે આ સભાગૃહ વતી જરૂરી નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૮. ઓર્ડિ. ૩૩ અનુસાર બાંધકામ સમિતિની રચના કરવા અંગે વિચારણા કરવા બાબત :

[નોંધ.—હાલ આ સમિતિ ઉપર નીચે પ્રમાણે સભ્યો છે; અને આ સમિતિની મુદત તા. ૨૩-૪-૧૯૯૦ સુધીની છે.

૧. કુલપતિશ્રી
૨. ઉપકુલપતિશ્રી.]

૩. શ્રી. વી. જે. મિસ્ત્રી
૪. ડૉ. આર. એલ. ગોરડિયા, સુપ્રિ. એન્જિ. (પી.ડબલ્યુ.ડી.)
૫. આચાર્યશ્રી એમ. સી. શાહ
૬. આચાર્યશ્રી એચ. એમ. દેસાઈ
૭. આચાર્યશ્રી આર. એચ. વ્યાસ.]

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટીની બાંધકામ સમિતિ ૫૨ ઑર્ડિનન્સ ૩૩ અન્વયે નીચેના સભ્યોની ત્રણ વર્ષ માટે નિમણૂક કરવી :

૧. કુલપતિશ્રી, હોદ્દાની રૂએ.
૨. ઉપકુલપતિશ્રી, હોદ્દાની રૂએ
૩. શ્રી. વી. જે. મિસ્ત્રી
૪. ડૉ. શ્રી આર. એલ. ગોરડિયા
(સુપરિટેન્ડિંગ એન્જિનિયર, પી.ડબલ્યુ.ડી.)
૫. શ્રી એમ. સી. શાહ
૬. આચાર્યશ્રી એચ. એમ. દેસાઈ
૭. શ્રી ઘનશ્યામભાઈ એચ. અમીન.

૯. ગુજરાત યુનિવર્સિટીના નિવાસી તબીબી અધિકારી શ્રી એમ. પી. ભટ્ટની માનદ સેવાઓ થલતેજમાં આવેલ હેલ્થકેર ચેરિટેબલ ટ્રસ્ટના તેના દવાખાનામાં યુનિવર્સિટી હેલ્થસેન્ટરના સમય બાદ આપવા અંગે આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—આ માનદ સેવાઓ ડૉ. ભટ્ટ વેતન આપવાના છે અને સંસ્થાએ રૂ. ૫૦૦–૦૦ માસિક વાહનખર્ચ આપવા દરખાસ્ત કરેલી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે થલતેજ હેલ્થકેર ચેરિટેબલ ટ્રસ્ટની વિનંતી મંજૂર કરવી અને યુનિવર્સિટી આરોગ્ય કેન્દ્રના નિવાસી તબીબી અધિકારી ડૉ. એમ. પી. ભટ્ટને તે અંગે માનદ સેવાઓ આપવા અંગે સદરહુ ટ્રસ્ટ (સંસ્થા) તરફથી મળનાર રૂ. ૫૦૦/- (અંકે રૂપિયા પાંચસો પૂરા) માસિક વાહનખર્ચ સ્વીકારવા પરવાનગી આપવી.

૧૦. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં કાર્યો (જાણ માટે) :

(૧) જૂન ૧૯૯૦થી લુણાવાડા આર્ટ્સ સાયન્સ એન્ડ કૉમર્સ કૉલેજ, લુણાવાડાની બી.એસસી. (સ્પે.) ભૌતિકશાસ્ત્ર અને વનસ્પતિશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટેની વધારાના જોડાણ માટેની અરજી ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૫ અને ઑ. ૧૨૦ અનુસાર સમયમર્યાદા બાદ આવી છે. પરંતુ શિક્ષણના વૈવિધ્યની દૃષ્ટિએ સદરહુ ધારાની જોગવાઈ અનુસાર કુલપતિશ્રીએ સદરહુ અરજી સ્વીકાર્યાનું અને તે પરત્વે સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું;

(૨) જૂન, ૧૯૯૯થી એસ. વી. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, માંડવીનો બી.કૉમ. (ગૌણ) એડ. બિઝનેસ મેનેજમેન્ટ અને એડ.સ્ટેટિસ્ટિકસના અભ્યાસક્રમમાં શીખવવા માટેની જોડાણ

અરજી ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ અને ૧૨૦ અનુસાર સમયમર્યાદા બાદ આવી છે. પરંતુ શિક્ષણના સાતત્યની દૃષ્ટિએ સદરહુ ધારાની જોગવાઈ અનુસાર કુલપતિશ્રીએ સદરહુ અરજી સ્વીકાર્યાનું અને તે પરત્વે સ્થાનિક તપાસ સમિતિ નીમ્યાનું;

(૩) જૂન, ૧૯૯૦થી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, સાવલીની બી.કોમ. (ગૌણ) આંકડાશાસ્ત્ર અને એસ.પી.ના અભ્યાસક્રમો શીખવવા માટેની વધારાના જોડાણ માટેની અરજી ગુજરાત યુનિ. ધારાની કલમ ૩૩ અને ઑર્ડિ. ૧૨૦ અનુસાર સમયમર્યાદા બાદ આવી છે પરંતુ સદરહુ ધારાની જોગવાઈ અનુસાર શિક્ષણના વૈવિધ્યની દૃષ્ટિએ સદરહુ અરજી સ્વીકાર્યાનું અને તે પરત્વે સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું;

(૪) જૂન, ૧૯૮૯થી લુણાવાડા આર્ટ્સ, સાયન્સ એન્ડ કોમર્સ કોલેજ, લુણાવાડાની બી.એ. (પ્રિન્સ.) અંગ્રેજીના વિષય શીખવવા માટેની જોડાણ અરજી પરત્વે મૂકવામાં આવેલી જોડાણ શરતોનું પાલન થયું હોઈ તા. ૧૧-૬-૧૯૮૯થી તા. ૧૪-૬-૧૯૯૨ સુધીનું જાહેરનામું બહાર પાડવાનું;

(૫) જૂન, ૧૯૮૬થી જી. બી. શાહ કોમર્સ કોલેજ, અમદાવાદની બી.કોમ. (મુખ્ય)માં આંકડાશાસ્ત્રનો વિષય શીખવવા માટેની જોડાણ અરજી પરત્વે મૂકવામાં આવેલી જોડાણ શરતોનું પરિપાલન થયું હોઈ તા. ૧૧-૬-૧૯૮૬થી તા. ૧૪-૬-૧૯૮૯ સુધીનું જાહેરનામું બહાર પાડવાનું;

(૬) જૂન, ૧૯૯૦થી સાબરમતી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, અમદાવાદની બી.એ. (પ્રિન્સ.) ગુજરાતી, અર્થશાસ્ત્ર; બી.એ. (ગૌણ) ઇતિહાસ, માનસશાસ્ત્ર, હિન્દી; બી.કોમ.માં એડ. એકા. એન્ડ ઑડિટિંગ; બી.કોમ. (ગૌણ) આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટેની જોડાણ અરજી ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ અને ઑર્ડિ. ૧૨૦ અનુસાર સમયમર્યાદા બાદ આવી છે પરંતુ શિક્ષણના સાતત્યની દૃષ્ટિએ સદરહુ ધારાની જોગવાઈ અનુસાર કુલપતિશ્રીએ સદરહુ અરજી સ્વીકાર્યાનું અને તે પરત્વે સ્થાનિક તપાસ-સમિતે નીમ્યાનુ;

(૭) જૂન, ૧૯૮૭થી જે. એન્ડ જે. સાયન્સ કોલેજ, નડિયાદની બી.એસસી. (સ્પે.) ઇલેક્ટ્રોનિક્સની જોડાણ અરજી પરત્વે મૂકવામાં આવેલી જોડાણ શરતોનું પરિપાલન કર્યું હોઈ તા. ૧૫-૬-૧૯૮૯થી તા. ૧૪-૬-૧૯૯૨ સુધીનું જાહેરનામું બહાર પાડવાનું તથા સદરહુ કોલેજનું તા. ૧૧-૬-૧૯૮૭થી તા. ૧૪-૬-૧૯૮૯ સુધીનું શિક્ષણના સાતત્યની દૃષ્ટિએ તદર્થ ધોરણે મંજૂર રાખ્યાનું;

(૮) ગવર્નમેન્ટ આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ, ગાંધીનગર તરફથી જૂન, ૧૯૮૯થી બી.એ. (પ્રિન્સ.)માં ભૂગોળના અભ્યાસક્રમો શીખવવા માટેની ચાલુ જોડાણની અરજી ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ અને ઑર્ડિ. ૧૨૦ અનુસાર સમયમર્યાદા બાદ આવી છે, પરંતુ શિક્ષણના સાતત્યની દૃષ્ટિએ સદરહુ ધારાની જોગવાઈ અનુસાર કુલપતિશ્રીએ સદરહુ અરજી સ્વીકાર્યાનું અને તે પરત્વે સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું;

(૯) યુનિવર્સિટી કોર્ટ પર વિજ્ઞાન વિદ્યાશાખા (પૂર્વસ્નાતક કક્ષા)ની વિદ્યાર્થી પ્રતિનિધિની ચૂંટણી અંગે ઉમેદવારશ્રી નિલય એ. દેસાઈએ સિટી સિવિલ કોર્ટમાં સિવિલ સ્યુટ નં. ૬૭૧૧થી કરેલ તે અંગે ઍડવોકેટ તરીકે શ્રી રમેશભાઈ પટેલને રોકયાનું અને તે અંગે થનાર ખર્ચ મંજૂર કર્યાનું;

(૧૦) યુનિવર્સિટીની પીએચ.ડી. પદવી માટે તા. ૧–૧–૧૯૮૯થી તા. ૩૧–૧૨–૧૯૮૯ દરમિયાન કુલ ૫૫ વિદ્યાર્થીઓના મહાનિબંધો સ્વીકૃત ગણીને તેમને તે પદવી માટે પાત્ર જાહેર કર્યાનું;

[**નોંધ.**—સદરહુ વિદ્યાર્થીઓનાં નામો તથા મહાનિબંધોની વિગતો દર્શાવતી યાદી **પરિશિષ્ટ** "૪" તરીકે આ સાથે સામેલ છે.]

(૧૧) એમ.ફિલ. પદવી માટે નોંધાતા વિદ્યાર્થીઓને ડિઝર્ટેશન રજૂ કરવા માટેની સમયમર્યાદા વધારતો એમ.ફિલ. ઑર્ડિનાન્સ–૧૨માં સુધારો મંજૂર કર્યાનું :

[**નોંધ.**—થિયરીનાં પ્રશ્નપત્રોની પરીક્ષા પછી ૧ વર્ષની સમયમર્યાદા વિદ્યાર્થી ડિઝર્ટેશન રજૂ કરે, અને તેમ ન કરી શકે તો ગાઈડની ભલામણથી વધુ બે વર્ષ સુધીમાં ડિઝર્ટેશન રજૂ કરવાની મંજૂરી કુલપતિશ્રી આપી શકે તેને સ્થાને પરિણામ જાહેર થયા પછી બે વર્ષની મુદતમાં રજૂ કરી શકશે અને તેમ ન કરી શકે તો ગાઈડની ભલામણથી વધુ પાંચ વર્ષની સમયમર્યાદામાં રજૂ કરી શકશે તેવો સુધારો થયેલ છે.]

[સદરહુ સુધારેલા ઑર્ડિનન્સ–૧૨ની નકલ **પરિશિષ્ટ "૫"** તરીકે સામેલ છે.]

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીએ મંજૂર કરેલાં ૧૦(૧) થી ૧૦(૧૧)માં દર્શાવેલ કાર્યોની નોંધ લેવી.

બાબત ક્રમાંક : ૧૦(૧૧) પરત્વે વધુમાં ઠરાવવામાં આવે છે કે ડિઝર્ટેશન સમયમર્યાદા વધારવા અંગેના સુધારાથી જ્ઞાત્રાલયના પ્રવેશ અંગેના પ્રવર્તમાન ધોરણમાં કોઈ ફેરફાર કરવો નહીં.

૧૧. આગામી એપ્રિલ, ૧૯૯૦માં લેવાનાર ફર્સ્ટ ઇયર બી.એ.ની પરીક્ષામાં પ્રાયોગિક ધોરણે મુખ્ય અને ગૌણ વિષયોના પ્રશ્નપત્રો અલગ અલગ કાઢવા માટેનો નિર્ણય (માર્ચ–એપ્રિલ ૧૯૯૦) મોકૂફ રાખવાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિએ મંજૂર કરેલ ઉપરોક્ત કાર્યની નોંધ લેવી.

૧૨. યુનિવર્સિટીની ફાર્મસી વિદ્યાશાખામાં સ્નાતક અને ડિપ્લોમા કક્ષાએ હાલ જે પાસિંગ સ્ટાન્ડર્ડ છે તેમાં જરૂરી ફેરફાર કરવા માટે કુલપતિશ્રીએ નીમેલી સમિતિની તા. ૩–૧૦–૧૯૮૯ની સભાની ભલામણો ફરીથી ચકાસી જવા માટે કુલપતિશ્રીએ નીમેલી બીજી સમિતિની તા. ૨૫–૧૧–૧૯૮૯ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત :

(**નોંધ.**—૧. ફાર્મસીની જુદી જુદી પરીક્ષાઓમાં આપવામાં આવતા વર્ગનાં ધોરણોમાં ફેરફાર અંગે.

૨. ફાર્મસી વિદ્યાશાખામાં હાલ આંતરિક પરીક્ષાઓ અને યુનિવર્સિટી પરીક્ષાઓના જુદા જુદા પાસિંગ સ્ટાન્ડર્ડ ને જુદા કરવા અંગે;

૩. આંતરિક ગુણાંકનનું વેઇટેજ ઘટાડવા અંગે.

૪. એકઝામ્પશન આપવા અંગેના હાલના નિયમમાં કોઈ ફેરફાર નહીં કરવા અંગે અને ઉપરોક્ત સુધારાઓ માર્ચ-એપ્રિલ, ૧૯૯૧માં લેવાનાર પરીક્ષાથી લાગુ કરવા અંગે ભલામણો કરવામાં આવી હતી.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતમાં કુલપતિએ નીમેલી બીજી સમિતિની તા. ૨૫-૧૧-૧૯૮૯ની ભલામણો મંજૂર કરવી.

[સદરહુ બીજી સમિતિનો તા. ૨૫-૧૧-૧૯૮૯નો સુધારી કાર્યવાહીની નોંધ પરિશિષ્ટ 'ક' તરીકે સામેલ છે].

૧૩. તા. ૧૧-૮-૧૯૮૯થી તા. ૨૯-૧૨-૧૯૮૯ સુધીના સમય દરમિયાન મળેલ પરીક્ષા-શુદ્ધિ સમિતિએ કરેલ ભલામણો મંજૂર કર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૧૪. ૧૯૮૯ના વર્ષ દરમિયાન માર્ચ-એપ્રિલ ૧૯૮૯માં લેવાયેલ જુદી જુદી પરીક્ષાઓમાં વિદ્યાર્થીઓનાં પરિણામો ગુણચકાસણી, પુનર્મૂલ્યાંકન કે અન્ય કારણોસર સુધાર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

(૧૯૮૯ના વર્ષ દરમ્યાન ગુણચકાસણી, પુનર્મૂલ્યાંકન કે અન્ય કારણોસર પરિણામો સુધર્યા હોય તેની યાદી આ સાથે પરિશિષ્ટ "ખ" તરીકે સામેલ છે.)

૧૫. જૂન, ૧૯૯૦થી પારેખ ઍન્ડ્રર્સ સાયન્સ કૉલેજ, કપડવંજની બી.એસસી. (ગૌણ) કૉમ્પ્યુટર સાયન્સના અભ્યાસક્રમ શીખવવા માટેની પરવાનગીના જોડાણ માટેની અરજી પરત્વે મૂકવામાં આવેલી એકેડેમિક કાઉન્સિલની નીચેની ભલામણો પર વિચારણા કરવા બાબત.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે પારેખ ઍન્ડ્રર્સ સાયન્સ કૉલેજ કપડવંજ, નિમણૂંક અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન કોર્ટ એક્ઝિકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૦-૪-૧૯૯૦ સુધીમાં કરે તો તેને બી.એસસી. (ગૌણ) કૉમ્પ્યુટર સાયન્સના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧-૬-૧૯૯૦ થી તા. ૧૪-૬-૧૯૯૨ સુધીના જોડાણ આપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. (અ) એક ખંડસમયના અને એક પૂર્ણસમયના વ્યાખ્યાતાની તબક્કાવાર નિમણૂક કરવામાં આવે.
(બ) એક ખંડસમયના વ્યાખ્યાતાની નિમણૂક કરવામાં આવે.
(નવી નિમણૂક કરતાં પહેલાં રાજ્ય સરકારની મંજૂરી મેળવીને તેની જાણ કરવામાં આવે.)

૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઉણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. ગ્રંથાલય કૉમ્પ્યુટર સાયન્સના વિષય માટે પહેલા વર્ષે ૫૦૦૦/- અને બીજા વર્ષે ૫૦૦૦/–ની રકમનાં પુસ્તકો ખરીદવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૪૦૦૦/–નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. વીસ વિદ્યાર્થીઓને ગુણવત્તાના ધોરણે પ્રવેશ આપવામાં આવે;

૬. મશીન દીઠ બે વિદ્યાર્થીઓની બૅચમાં પ્રાયોગિક કાર્ય ગોઠવવામાં આવે;

૭. સત્ર દીઠ રૂ. ૩૦૦/- પ્રવેશ ફી લેવામાં આવે,

૮. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગાર-ધોરણ, મોંઘવારી ભથ્થું, પ્રૉવિડંટ ફંડ, ગ્રેચ્યુઈટી અને ઘરભાડાં ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે, તેમ જ વિદ્યાર્થીની સંખ્યાને લક્ષમાં લઈ મહેકમ અંગેનાં યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ બિનશિક્ષકવર્ગના પર્યાપ્ત કર્મચારીની નિમણૂક કરવામાં આવે અને મહેકમના સંદર્ભમાં કોઈ નિમણૂક બાકી રહેવા પામી નથી તેવું પ્રમાણપત્ર આવે."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૧૬. એમ જી. સાયન્સ ઈન્સ્ટિટ્યૂટ, અમદાવાદની જૂન, ૧૯૮૯થી બી.એસસી. (રૅપ.)માં ઇલેક્ટ્રૉનિકસનો અભ્યાસક્રમ શીખવવા માટેની ચાલુ જોડાણની અરજી પરત્વે મૂકવામાં આવેલી એકેડેમિક કાઉન્સિલની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે એમ. જી. સાયન્સ કૉલેજ, અમદાવાદ નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૨૦–૨–૧૯૯૦ સુધીમાં કરે તો તેને બી.એસસી. (રૅપે.) કક્ષાએ ઇલેક્ટ્રૉનિકસના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫–૬–૧૯૮૯થી તા. ૧૪–૬–૧૯૯૧ સુધીનું ચાલુ જોડાણ આપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળ-માંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૪,૦૦૦/-નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગાર-ધોરણ, મોંઘવારી ભથ્થું, પ્રૉવિડન્ટ ફંડ, ગ્રેચ્યુઈટી અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે, તેમ જ વિદ્યાર્થીની સંખ્યાને લક્ષમાં લઈ

મહેકમ અંગેનાં યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ બિનશિક્ષકવર્ગના પર્યાપ્ત કર્મચારીઓની નિમણૂક કરવામાં આવે અને મહેકમના સંદર્ભમાં કોઇ નિમણૂક બાકી રહેવા પામી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૧૭. ડૉ. જતીન પી. વૈદ્યના તા. ૪-૧-૧૯૯૦ના પત્રમાં જણાવ્યા પ્રમાણે લૉ ઓન મેડિકોલીગલ વિષયમાં પીએચ.ડી. કરવા માટે નોંધવા અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—૧. ડૉ જતીન પી વૈદ્ય હાલમાં પી. જી. મેડિકલ ઇન્સ્ટિટયૂટમાં ન્યૂરોસર્જરીના પ્રોફેસર છે

૨. તેઓ લૉ ગ્રેજ્યુએટ છે.

૩. તેઓએ ૧૯૭૬થી ભારત તથા પરદેશમાં મેડિકોલીગલ એડવાઇઝર તરીકે કામ કરેલ છે.

૪. મેડિકોલીગલ વિષય ઉપર તેઓએ આર્ટિકલ લખ્યા છે અને પ્રસિદ્ધ થયા છે. બીજી આર્ટિકલ પણ પ્રસિદ્ધ થવાની તૈયારીમાં છે.

૫. "Evaluation of Medical Evidence in Judicial Outcome in Murder Cases in Gujarat in Nineteen Hundred and Seventies" શીર્ષક રાખી સંશોધન કાર્ય કરવા માગે છે.

૬. આપણી યુનિવર્સિટીમાં આ વિષયના માર્ગદર્શક શિક્ષક નથી]

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. જતીન પી. વૈદ્યને ખાસ કિસ્સા તરીકે માર્ગદર્શક શિક્ષક વિના સ્વતંત્રપણે મેડિકલ ફેકલ્ટી હેઠળ પીએચ.ડી. કરવા માટે રજિસ્ટ્રેશન કરાવવા મંજૂરી આપવી.

૧૮. સુધારેલો ઑર્ડિનાન્સ એમ.ફિલ. ૧૨ નવેમ્બર ૧૯૮૭થી અમલમાં આવેલ છે. આ સુધારેલ ઑર્ડિનાન્સ મુજબ થિયરી પેપરનાં પરિણામો જાહેર થયાથી બે વર્ષની અંદર ડિઝર્ટેશન સબમિટ કરવાની જોગવાઇ છે અને ત્યાર બાદ ગુણદોષની ચકાસણી કરી કુલપતિશ્રી પાંચ વર્ષ સુધી સમય વધારો ડિઝર્ટેશન સબમિટ કરવા આપી શકે છે. આ નિયમ જૂના એટલે કે નવેમ્બર ૧૯૮૭ પહેલાં નોંધાયેલા વિદ્યાર્થીઓને લાગુ પાડવો કે કેમ તે અંગે વિચારણા કરવા સારુ.

આથી ઠરાવવામાં આવે છે કે નવેમ્બર ૧૯૮૭ પહેલાં નોંધાયેલ વિદ્યાર્થીઓને પણ સુધારેલા સદરહુ ઑર્ડિનાન્સનો લાભ આપવો.

૧૯. સ્વ. રામનારાયણ વિશ્વનાથ પાઠક સ્મારક માનવવિદ્યા ગ્રંથ પ્રકાશન સલાહકાર સમિતિ પર એકિઝકયુટિવ કાઉન્સિલે નિયુક્ત કરેલ નીચેના ક્રમાંક (૫) મુજબના બે સભ્યોની મુદત પૂરી થતી હોઇ તે અંગે વિચારણા કરવા બાબત :

૧. ડૉ. જયંત પાઠક

૨. ડૉ. રમણલાલ જોશી.

[**નોંધ.**—સદરહુ સમિતિ પર એકિઝકયુટિવ કાઉન્સિલના ઠરાવ મુજબ નીચે પ્રમાણે સભ્યો નીમવાની જોગવાઈ છે :

૧. કુલપતિશ્રી
૨. ગુજરાતી વિષયની અભ્યાસસમિતિના અધ્યક્ષશ્રી.
૩. યુનિવર્સિટી ભાષા–સાહિત્ય ભવનના ગુજરાતી વિષયના મુખ્ય પ્રાધ્યાપક,
૪. યુનિવર્સિટી ભાષા–સાહિત્ય ભવનના વિજ્ઞાન વિષયના પ્રાધ્યાપક,
૫. એકિઝકયુટિવ કાઉન્સિલે (સિન્ડિકેટે) નિયુક્ત કરેલા બે વ્યુત્પન્ન વિદ્વાનો,

[ઉપરોક્ત જોગવાઈ ક્રમાંક ૫ હેઠળ નિયુક્ત કરેલ બેઉ વિદ્વાનોની મુદત ત્રણ વર્ષ માટેની છે.]

આથી ઠરાવવામાં આવે છે કે **સદરહુ** બાબત અંગે આ સભાગૃહ વતી જરૂરી નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૨૦. યુનિવર્સિટીના એજ્યુકેશનલ મીડિયા રિસર્ચ સેન્ટરમાં ક્લાર્ક-ટાઇપિસ્ટ તરીકે કામ કરતાં શ્રીમતી અંજલી એમ. પ્રિયદર્શીનો એક વર્ષનો અજમાયશી સમય તારીખ ૧૬-૧૨-૧૯૮૯ના રોજ પૂરો થતો હોઈ તા. ૧૫-૧૨-૧૯૮૯થી રૂ. ૯૫૦-૨૦–૧૧૫૦ ઇ.બી.-૨૫-૧૫૦૦ના પગારધોરણમાં કાયમ કરવા વિચારણા કરવા બાબત.

સદરહુ ક્લાર્ક-ટાઇપિસ્ટ શ્રીમતી અંજલી એમ. પ્રિયદર્શીની કામગીરી અંગેનો ખાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે યુનિવર્સિટીના એજ્યુકેશન મીડિયા રિસર્ચ સેન્ટરમાં ક્લાર્ક-ટાઇપિસ્ટ તરીકે કામ કરતાં શ્રીમતી અંજલી એમ. પ્રિયદર્શીને તા. ૧૫-૧૨-૧૯૮૯થી રૂ. ૯૫૦-૨૦-૧૧૫૦ ઇ.બી. ૨૫-૧૫૦૦ના પગારધોરણમાં કાયમ કરવાં.

૨૧. પરીક્ષા પદ્ધતિમાં સુધારો સૂચવવા માટે નીમવામાં આવેલી સમિતિના હેવાલ પર વિચારણા કરવા બાબત.

[**નોંધ :** આ સમિતિના હેવાલની નીચે દર્શાવેલ બાબતો અંગે એકિઝકયુટિવ કાઉન્સિલની મંજૂરીની અપેક્ષાએ ઘટતાં પગલાં લેવામાં આવ્યાં છે, જે સાદર જાણ સારુ :

(૧) કરકસરનાં પગલાં તથા આવક વધારવા અંગેની ભલામણ ૯(૬) જે પ્રાયોગિક ધોરણે ફર્સ્ટ બી.એ.ના મુખ્ય અને ગૌણ વિષયોનાં પ્રશ્નપત્રો જુદાં કાઢવા અંગેનો છે. તે અંગે વિનયન કૉલેજોને પત્રાંક પરીક્ષા/અ/૧/૫૧૪૯/૮૯ તા. ૨૯-૭-૧૯૮૯થી પત્ર પાઠવ્યો છે. પાછળથી આ નિર્ણયનો અમલ કુલપશ્રીતિએ મોકૂફ રાખવાનું હાલ નક્કી કર્યું છે. આ અંગેના કુલપતિશ્રીએ લીધેલા નિર્ણયની જાણ જુદી રીતે કરી છે.

(૨) અન્ય ભલામણોમાં બાબત નં. ૧૯(જે) પ્રાયોગિક પરીક્ષાના ગુણ ક્રેડીટ્રેવર્ડ કરવા અંગેની છે તે અંગે પરિપત્ર નં. ૬૫ પરીક્ષા/અ/૬૪૫૧૩/૮૯ તા. ૧૮-૮-૧૯૮૯ કૉલેજોને મોકલ્યો છે તથા નવાં પરીક્ષાનાં આવેદનપત્રો તૈયાર કર્યાં છે.

(૩) ભલામણ નં. ૬(ચ) અંગેનો અમલ પણ કુલપતિશ્રીની મંજૂરીથી ૧૯૮૯, જૂનની પરીક્ષાથી શરૂ કર્યો છે.

(૪) ભલામણ નં. ૮ અંગે એક્ઝિકયુટિવ કાઉન્સિલે તેની તા. ૨૩–૧૨–૧૯૮૯ની બેઠકમાં નિર્ણય લઈ લીધો છે. અને તેનો અમલ એપ્રિલ, ૧૯૯૧ની પરીક્ષાથી થશે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત હાલ મોકૂફ રાખવી.

(હેવાલની નકલ **પરિશિષ્ટ '૮'** તરીકે સામેલ છે.)

૨૨. ગુજરાત યુનિવર્સિટીના નીચેના કર્મચારીઓને તેમનાં નામ સામે જણાવેલ કારણોસર મકાન બાંધવા-મરામત કરાવવા અંગે સ્ટે. ૧૮૮(૨) પ્રમાણે પ્રોવિડંટ ખાતામાંથી લોન આપવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	કર્મચારીનું નામ તથા હોદ્દો	લોનની રકમ રૂ.	સ્ટે. ૧૮૮(૨) પ્રમાણે અગાઉ લોન લીધી છે ?	કયાં કારણોસર લોનની માગણી કરી છે ?
૧.	શ્રી. બી. એન. મોઢી આસિસ્ટન્ટ, ઝૂલોજી વિભાગ	૫૦,૦૦૦	ના	નવા મકાન માટે
૨.	શ્રી. બી. એચ. નાઈ જુ. ક્લાર્ક, ગ્રંથાલય.	૩૦,૦૦૦	ના	વતનમાં મકાન મરામત માટે

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીમાં કામ કરતા ઉપરોક્ત કર્મચારીઓને તેમનાં નામ સામે જણાવેલ રકમની લોન સ્ટેચ્યુટ ૧૮૮(૨) હેઠળ યુનિવર્સિટીના ધારાધોરણ પ્રમાણે તેમના પ્રોવિડંટ ફંડના ખાતામાંથી આપવી.

૨૩. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, ન્યૂ દિલ્હીના પત્ર ક્રમાંક : એફ–૧૦–૪/૮૭ (એમસી) તા. ૧૦–૧–૧૯૯૦થી કોચીન ખાતે ઈન્ડિયન સાયન્સ કોંગ્રેસ પ્રદર્શનમાં ભાગ લેવા અંગે યુનિવર્સિટીના એજ્યુકેશન મીડિયા રિસર્ચ સેન્ટરને રૂ. ૩ લાખ (અંકે રૂપિયા ત્રણ લાખ પૂરા)નું અનુદાન મંજૂર કરવામાં આવેલ છે, તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૨૪. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યો (જાણ માટે) :

(૧) એલ. ડી. ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઇન્ડોલોજીના મ્યુઝિયમ ડિપાર્ટમેન્ટનાં સ્ટેનો ટાઈપિસ્ટ શ્રીમતી માલથીકુરીને અને ગાઈડ લેકચરર શ્રીમતી શિલ્પા મહેતાને સંસ્થાએ નોકરીમાંથી તા. ૬–૧–૧૯૮૭થી છૂટાં કરેલ હોવાથી તેઓએ ગુજરાતની વડી અદાલતમાં પિટિશન નં. ૩૬/૮૭ અને નં. ૩૧/૮૭થી દાદ માગેલ છે તેના સંદર્ભમાં યુનિવર્સિટી તરફથી એડવોકેટ તરીકે શ્રી. સુરેશભાઈ શેલતની નિમણૂક કર્યાનું અને તે અંગે થનાર આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું; (તા. ૬–૧–૧૯૮૭).

(૨) મહેસાણાની કોમર્સ કોલેજમાં ગ્રંથપાલશ્રીની ખાલી જગા પર નિમણૂકને પાત્ર ગણવાની બાબતમાં ડાકોરની કોમર્સ કોલેજના ફાજલ થયેલા ગ્રંથપાલ શ્રી. કાંતિલાલ ગંગારામ પટેલે ગુજરાતની વડી અદાલતમાં પિટિશન નં ૬૭૮૨થી દાદ માગેલ છે તે અંગે યુનિવર્સિટી

વતી કાર્યવાહી કરવા એડવોકેટ તરીકે શ્રી. સુરેશભાઈ શેલતની નિમણૂક કર્યાનું અને તે અંગે થનાર આનુષંગિક ખર્ચને મંજૂર કર્યાનું; (તા. ૧૬–૧–૧૯૮૭).

(૩) મે, ૧૯૮૬માં લેવાયેલ ફર્સ્ટ બી.એ. પરીક્ષાની વિદ્યાર્થિની બેઠક નં. ૧૦૬૫૫ શ્રી. ત્રિવેદી અર્ચનાબેન કનુભાઈએ તેમના પરિણામ બાબતે મે. વિસનગરના સિવિલ જજ (જે. ડી.) સાહેબની કોર્ટમાં દિવાની મુકદ્દમો નં. ૧૨૭ સને ૧૯૮૬થી દાખલ કરેલ છે તેના સંદર્ભમાં એડવોકેટ શ્રી. સી. એસ. શાહ (મહેસાણા)ને રોકવાનું અને તે અંગે થનાર આનુષંગિક ખર્ચ મંજૂર રાખ્યાનું; (તા. ૨૦–૧–૧૯૮૭).

(૪) મે, ૧૯૮૬માં લેવાયેલ સેકન્ડ બી.એસસી. પરીક્ષાના વિદ્યાર્થી બેઠક નં. ૨૬૮૪ શ્રી. જયેશકુમાર બી. ભટ્ટે તેમના પરિણામ બાબત ગુજરાત રાજ્યની વડી અદાલતમાં રિટ પિટિશન નં. ૬૭૩૯–૮૬થી દાખલ કરી છે તેના સંદર્ભમાં એડવોકેટ શ્રી. સુરેશભાઈ શેલતને રોકયાનું અને તે અંગે થનાર આનુષંગિક ખર્ચ મંજૂર રાખ્યાનું; (તા. ૨૦–૧–૧૯૮૭).

(૫) સાબર એજ્યુકેશન ડેવલપમેન્ટ ટ્રસ્ટ સંચાલિત સાબરમતી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાં આચાર્યશ્રીની જગા પર શ્રી. એ. બી. વ્યાસની નિમણૂકને કુલપતિશ્રીએ મંજૂર ન રાખવાથી શ્રી. એ. બી. વ્યાસે ગુજરાતની વડી અદાલતમાં પિટિશન નં. ૧૬૨–૮૭થી દાદ માગેલ છે. આ કેસમાં યુનિવર્સિટી વતી કાર્યવાહી કરવા એડવોકેટ તરીકે શ્રી. સુરેશભાઈ શેલતની નિમણૂક કર્યાનું અને તે અંગે થનાર આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું; (તા. ૨૭–૧–૧૯૮૭).

(૬) નવજીવન આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, દાહોદની કોલેજમાં અર્થશાસ્ત્ર વિષયના પૂર્ણ-સમયના વ્યાખ્યાતાની જગા પર નિમણૂકના બાબતમાં તે જ કોલેજના ખંડસમયના વ્યાખ્યાતા (૧) પ્રા. સેજલબેન જે. સોની અને (૨) પ્રા. જગદીશચંદ્ર આર. સોનીએ ગુજરાતની વડી અદાલતમાં પિટિશન નં. ૪૦૭/૮૭થી દાદ માગેલ છે. આ કેસમાં યુનિવર્સિટી વતી કાર્યવાહી કરવા એડવોકેટ તરીકે શ્રી. સુરેશભાઈ શેલતની નિમણૂક કર્યાનું અને તે અંગે થનાર આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું; (તા. ૨૪–૨–૧૯૮૭).

(૭) બી. ઈ. સિવિલ એન્વાયરનમેન્ટલ એન્જિનિયરિંગના અભ્યાસક્રમ માટે એલ.ડી., એન્જિ. કોલેજના જોડાણ અંગે ગુજરાતની વડી અદાલતમાં સ્પે. સિવિલ એપ્લિકેશન નં. ૧૦૯/૮૭થી શ્રી. રાજીવ આઈ. શાહે દાખલ કરી છે તે અંગે વકીલ તરીકે શ્રી. સુરેશભાઈ શેલતને રોકયાનું તથા આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું; (તા. ૬–૩–૧૯૮૭).

(૮) એસ. એલ. યુ. આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ફોર વિમેનના આચાર્યશ્રીએ તેમની કોલેજનાં ખંડસમયનાં વ્યાખ્યાતા શ્રીમતી સરિતા એમ. દેસાઈને ફરજનું પાલન ન કરવાથી ગેરશિસ્તની નોટિસ આપેલ તેના સંદર્ભમાં શ્રીમતી દેસાઈએ કોલેજ અને કોલેજ સંચાલક મંડળ વિરુદ્ધ ગુજરાતની વડી અદાલતમાં પિટિશન નં. ૭૬૫થી દાદ માગેલ છે. આ કેસમાં યુનિવર્સિટી વતી કાર્યવાહી કરવા એડવોકેટ તરીકે શ્રી સુરેશભાઈ શેલતની નિમણૂક કર્યાનું અને તે અંગે થનાર આનુષંગિક ખર્ચને મંજૂર કર્યાનું; (તા. ૧૦–૩–૧૯૮૭).

(૯) ધ્રુકાણી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ધંધુકાના વિદ્યાર્થીઓ શ્રી. મલેક એહમદ હુસેન અલિમિયાં ઇત્યાદિએ એપ્રિલ, ૧૯૮૭માં લેવાનાર પરીક્ષાઓ બાબત અમદાવાદની સિટી

સિવિલ કોર્ટમાં દિવાની મુકદ્દમો નંબર ૧૧૦૯–૮૭ દાખલ કરેલ છે તેના સંદર્ભમાં એડવોકેટ શ્રી વી. એમ. ચોકસીને રોકવાનું અને તે અંગે થનાર આનુષંગિક ખર્ચને મંજૂર રાખ્યાનું; (તા. ૧૭–૩–૧૯૮૭).

(૧૦) યુનિ. ટ્રસ્ટ સુરજબા મહિલા આર્ટ્સ કૉલેજ, નડિયાદના પ્રા. ભાસ્કરભાઈ લક્ષ્મીશંકર ભટ્ટે સીનિયોરિટીના ધોરણે આચાર્યશ્રીની જગા પર નિમણૂક અને પ્રૉ. ફંડની લેાનના રીપેમેન્ટના હપતાના સંદર્ભમાં કૉલેજ મૅનેજમેન્ટ વિરુદ્ધ ગુજરાતની વડી અદાલતમાં પિટિશન નં. ૯૯૪–૮૭થી દાદ માગેલ છે. આ કેસમાં ગુજરાત યુનિવર્સિટી વતી એડવોકેટ તરીકે શ્રી સુરેશભાઈ શેલતની નિમણૂક કર્યાનું અને તે અંગે થનાર આનુષંગિક ખર્ચને મંજૂર કર્યાનું; (તા ૨૮–૩–૧૯૮૭).

(૧૧) મોતીલાલ નહેરુ લૉ કૉલેજના ત્રીજી એલએલ.બી.માં ભણતા વિદ્યાર્થી શ્રી. આનલકુમાર ભાઈલાલ ભટ્ટે બધી એલએલ.બી.ની મુલતવી રહેલી પરીક્ષાઓ તાત્કાલિક યોજવા અમદાવાદ મે. સિટી સિવિલ જજ સાહેબની કોર્ટમાં દાવા નં. ૧૮૩૫–૩૭થી કરેલી અરજીના સંદર્ભમાં યુનિવર્સિટી તરફથી વકીલ શ્રી વિનોદભાઈ ચોકસીની નિમણૂક કર્યાનું અને તે અંગે થનાર આનુષંગિક ખર્ચને મંજૂરી આપ્યાનું; (તા. ૨૦–૬–૧૯૮૭).

(૧૨) એચ. એલ. કૉમર્સ કૉલેજનાં એકસ વિદ્યાર્થીશ્રી મી. ફિલિપ જોસે તેઓ એક્ષ વિદ્યાર્થી હોવાથી તેમને આંતરિક ગુણાંકનની પરીક્ષા આપવાની રહે નહીં તે અંગે રિટ અરજી ગુજરાત રાજ્યની વડી અદાલતમાં કરી હતી. આ અંગે એડવોકેટ શ્રી. સુરેશભાઈ શેલતને રોકવાનું અને તે અંગે થનાર આનુષંગિક ખર્ચ મંજૂર રાખ્યાનું; (તા. ૨૮–૪–૧૯૮૭).

(૧૩) સેકન્ડ એલએલ.બી.ની વિદ્યાર્થિની જિતા લાખાણીએ સેકન્ડ એલએલ.બી.માં બીજા પ્રયત્ને પરીક્ષામાં બેસે તોપણ જો તેઓ સૌથી વધુ ગુણ મેળવે અને પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થાય તો સુવર્ણ ચંદ્રક કે શિષ્યવૃત્તિ મેળવવાને હકદાર છે તે મુજબની ગુજરાત રાજ્યની વડી અદાલતમાં સ્પે. સિ. એ. નં. ૧૩૦૭/૮૭થી અરજી દાખલ કર્યાના સંદર્ભમાં એડવોકેટ શ્રી. સુરેશભાઈ શેલતને રોકવાનું અને તે અંગેનું ખર્ચ મંજૂર કર્યાનું; (તા. ૬–૫–૧૯૮૭).

(૧૪) ગુજરાત કૉલેજના અધ્યાપક ડૉ. પી. સી. શર્માને ૫૮ વર્ષે નિવૃત્ત કરવાના ગુજરાત સરકારના નિયમના સંદર્ભમાં ગુજરાત સરકારના શિક્ષણવિભાગના સચિવશ્રી અને શિક્ષણ નિયામકશ્રી વિરુદ્ધ ગુજરાતની વડી અદાલતમાં પિટિશન ૨૧૨૦/૮૭થી દાદ માગેલ છે. આ બાબતમાં યુનિવર્સિટી વતી કાર્યવાહી કરવા એડવોકેટ તરીકે શ્રી. સુરેશભાઈ શેલતની નિમણૂક કર્યાનું અને તે અંગે થનાર આનુષંગિક ખર્ચને મંજૂર કર્યાનું; (તા. ૧૨–૫–૧૯૮૭)

(૧૫) સી. યુ. શાહ સાયન્સ કૉલેજ, અમદાવાદની કૉલેજના અધ્યાપક ડૉ. એમ. જે. પટણીએ રાજ્ય સરકારના ઠરાવ મુજબ પેન્શનની યોજનાનો લાભ મળવાપાત્ર ગણવાની બાબતમાં રાજ્ય સરકારના શિક્ષણવિભાગના સચિવશ્રી અને ઉચ્ચશિક્ષણ નિયામકશ્રી વિરુદ્ધ ગુજરાતની વડી અદાલતમાં પિટિશન ૧૯૯૩/૮૭થી દાદ માગેલ છે. આ કેસમાં યુનિવર્સિટી વતી કાર્યવાહી કરવા એડવોકેટ તરીકે શ્રી સુરેશભાઈ શેલતની નિમણૂક કર્યાનું અને તે અંગે થનાર આનુષંગિક ખર્ચને મંજૂર કર્યાનું; (તા. ૧૯–૫–૧૯૮૭).

(૧૬) શ્રી મુક્તજીવનદાસજી સ્વામી સુવર્ણ જયંતી મહોત્સવ સ્મારક ટ્રસ્ટે પિટિશન નં. ૨૭૦૪ થી ૨૭૦૬ના જજમેન્ટના સંદર્ભમાં સુપ્રિમ કોર્ટમાં અપીલ કરી છે તેમાં ગુજરાત યુનિવર્સિટી વતી કાર્યવાહી કરવા સુરેશભાઈ શેલતને રોકવાનું અને તે અંગે થનાર આનુષંગિક ખર્ચને મંજૂર કર્યાનું; (તા. ૩૦–૬–૧૯૮૭).

(૧૭) ગુજરાત કૉલેજના ફિલોસોફી વિષયના પ્રા. નાનાલાલ એન. ભટ્ટે ૫૮ વર્ષે નિવૃત કરવાના સરકારશ્રીના નિયમના સંદર્ભમાં ગુજરાતની વડી અદાલતમાં પિટિશન નં. ૨૯૦૧થી દાદ માગેલ છે. આ અંગે યુનિવર્સિટી વતી કાર્યવાહી કરવા એડવોકેટ શ્રી સુરેશભાઈ શેલતની નિમણૂંક કર્યાનું અને તે અંગે થનાર આનુષંગિક ખર્ચને મંજૂર કર્યાનું; (તા. ૩૦–૬–૧૯૮૭).

(૧૮) બી.ઈ એન્વાયરમેન્ટલના વિદ્યાર્થીઓને અભ્યાસક્રમ બરાબર શીખવાતો નથી તે મુજબની રિટ-પિટિશન ગુજરાતની વડી અદાલતમાં (૧) ગુજરાત યુનિ. તથા શ્રી એન. આર. દવે (ડી.ટી.ઈ.) સાથે સ્પે. સિ.એ. નં. ૮૪૦–૮૩ થી ફાઇલ કરી છે તે માટે શ્રી. સુરેશભાઈ શેલતને રોકવાનું અને તે અંગે થનાર આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું; (તા. ૧૪–૭–૧૯૮૭).

(૧૯) ગુજરાત કૉલેજના પ્રા. શાન્તિલાલ બી. મહેતાએ ૫૮ વર્ષે નિવૃત કરવાના સરકારશ્રીના નિયમના સંદર્ભમાં ગુજરાતની વડી અદાલતમાં પિટિશન નં. ૩૩૪૯/૮૭થી દાદ માગેલ છે. આ અંગે યુનિવર્સિટી વતી કાર્યવાહી કરવા એડવોકેટ શ્રી સુરેશભાઈ શેલતની નિમણૂક કર્યાનું અને તે અંગે થનાર આનુષંગિક ખર્ચને મંજૂર કર્યાનું; (તા. ૧૫–૭–૧૯૮૭).

(૨૦) મે–જૂન, ૧૯૮૭માં લેવાયેલ થર્ડ બી.કોમ. પરીક્ષાના વિદ્યાર્થી બેઠક નં. ૧૭૩૬૨ શ્રી. ભોજાણી આસીકભાઈ અકબરભાઈએ આચરેલ ગેરરીતિ બાબત વિરમગામ દીવાની કોર્ટમાં મનાઈહુકમ મેળવી પિટિશન વેકેશન વિ. પ્ર. નં. ૪ થી દાખલ કરેલ છે તેના સંદર્ભમાં એડવોકેટ શ્રી સેવંતીલાલ વોરા વિરમગામને રોકવાનું અને તે અંગે થનાર આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું; (તા. ૨૧–૭–૧૯૮૭).

(નોંધ. – એડવોકેટ શ્રી. સુરેશભાઈ શેલતે એડવોકેટ તરીકે શ્રી. સેવંતીલાલ વોરાને રોકવા સૂચન કર્યું છે.)

(૨૧) બી. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદની કૉલેજના પર્યવેક્ષણ વિષયના પ્રા. હાજીબેગમ અબ્દુલ્લા ઉરેઝીએ તેમને તા. ૩૦–૧૧–૧૯૮૬ને બદલે યુનિવર્સિટીના ધારાધોરણ અનુસાર તા. ૧૪–૬–૧૯૮૭ના રોજ નિવૃત થવાને પાત્ર ગણવા અને તે મુજબ તા. ૧–૧૨–૧૯૮૬થી તા. ૧૪–૬–૧૯૮૭ સુધીના પગારની વસૂલાતની બાબતમાં ગુજરાતની વડી અદાલતમાં પિટિશન નં. ૩૩૫૨થી દાદ માગેલ છે. આ કેસમાં યુનિવર્સિટીની કાર્યવાહી કરવા એડવોકેટ તરીકે શ્રી સુરેશભાઈ શેલતની નિમણૂક કર્યાનું અને તે અંગે થનાર આનુષંગિક ખર્ચને મંજૂર કર્યાનું; (તા. ૨૨–૭–૧૯૮૭).

(૨૨) કે. એમ. સ્કૂલ ઑફ પોસ્ટ–ગ્રેજ્યુએટ મેડિસિન ઍન્ડ રિસર્ચ, અમદાવાદના ડૉ. એ. એન. રામકૃષ્ણન નાયરે તેમની અનુસ્નાતક વિદ્યાર્થીની નોંધણી અંગે ગુજરાતની વડી અદાલતમાં

પિટિશન નંબર ૩૬૪૦થી દાદ માગેલ છે તેના સંદર્ભમાં ગુજરાત યુનિવર્સિટી વતી કાર્યવાહી કરવા એડવોકેટ શ્રી. સુરેશભાઈ શેલતની નિમણૂક કર્યાનું અને તે માટે થનાર આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું; (તા. ૨૩–૭–૧૯૮૭).

(૨૩) ગુજરાત યુનિવર્સિટી અધ્યાપકસંઘે તથા ડૉ. અંજનાબેન દેસાઈએ સિવિલ સ્યુટ નં. ૩૩૮૩/૮૭ તથા ૩૩૮૬૨/૮૭થી સિટી સિવિલ કોર્ટમાં તેઓની નિમણૂક તથા બિઝનેસ મેનેજમેન્ટમાં પ્રોફેસર–રીડર ઇત્યાદિની નિમણૂક બાબતમાં કેસ કરેલ છે તે અંગે યુનિવર્સિટીના એડવોકેટ તરીકે શ્રી. સુરેશભાઈ એન. શેલતને રોકવાનું તેમ જ તે પેટે થયેલ રૂ. ૪૬૫૦નું આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું; (તા. ૨૪–૭–૧૯૮૭).

(૨૪) બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદમાં અનુસ્નાતક કક્ષાએ પ્રવેશની બાબતમાં ડૉ. અબ્દુલ સથાર ખૈન એમ.એ. યુનિવર્સિટી સામે ગુજરાત રાજ્યની વડી અદાલતમાં રપે. સિવિલ એપ્લિકેશન નં. ૩૭૩૩-૧૯૮૭થી દાખલ કરી છે તે યુનિવર્સિટી તરફથી એડવોકેટ તરીકે શ્રી. સુરેશભાઈ શેલતની નિમણૂક કર્યાનું અને તે અંગે થનાર આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું; (તા. ૧૮–૧૯૮૭).

(૨૫) શ્રી પી. ડી. ખત્રીને કવાર્ટર્સ ખાલી કરાવવા અંગે તેઓએ કરેલ રિટ સ્પે. એપ્લિકેશન નં. ૪૬૩૯/૮૬ અને ૨૩૬૭/૮૮ના સંદર્ભમાં યુનિવર્સિટીએ શ્રી સુરેશભાઈ શેલતને રોકવાનું તથા તે અંગે થનાર આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું; (તા. ૪–૯–૧૯૮૭).

(૨૬) મહર્ષિ અકાદમી વૈદિક સાયન્સના ટ્રસ્ટી મંડળે તેમના સ્ટાફના ડૉ. જે એન. ભટ્ટ અને ડૉ. એન. એચ. કંસારાને સરકારમાંથી જે પેન્શન મળે છે તે રકમ તેઓએ સરકારમાં જમા કરાવવા તેમ ઠરાવ કરેલ છે. આ અંગે ડૉ. ભટ્ટ અને ડૉ. કંસારાએ ગુજરાતની વડી અદાલતમાં પિટિશન નં. ૧૩૩૦થી દાદ માગેલ છે, તેથી આ કેસમાં યુનિવર્સિટી વતી કાર્યવાહી કરવા એડવોકેટ તરીકે શ્રી સુરેશભાઈ શેલતની નિમણૂક કર્યાનું અને તે અંગે થનાર આનુષંગિક ખર્ચને મંજૂર કર્યાનું; (તા. ૭–૯–૧૯૮૭).

(૨૭) કે. એમ. સ્કૂલ ઑફ પોસ્ટ–ગ્રેજ્યુએટ મેડિસિન ઍન્ડ રિસર્ચ, અમદાવાદના ગ્રંથપાલ શ્રી. એસ. એમ. પરદેશીએ સ્પે. સિ.એ. નં. ૪૪૧૬ એમ.લીબ. સાયન્સના અભ્યાસક્રમમાં પ્રવેશ બાબતમાં આચરવામાં આવેલ ગેરરીતિ અંગે રિટ પિટિશન કરી હોઈ તે કામમાં યુનિવર્સિટીના એડવોકેટ તરીકે શ્રી. સુરેશભાઈ શેલતને રોકવાનું તેમ જ તે અંગે થનાર આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું; (તા. ૧૬–૯–૧૯૮૭).

(૨૮) પટેલ જે. બી. રુદેલવાળા આર્ટ્સ, પટેલ એ. એમ. રુદેલવાળા કૉમર્સ ઍન્ડ બોરસદ સાયન્સ કૉલેજ, બોરસદની કૉલેજના પ્રા. વિઠ્ઠલભાઈ માધવભાઈ પટેલને તેમની ગેરવર્તણૂક, ગેર-હાજરી અને ફરજ પ્રત્યે બેદરકારી વગેરે કારણો અને તે સંદર્ભે કૉલેજ ટ્રિબ્યુનલે આપેલ મંજૂરી અનુસાર કૉલેજ મૅનેજમેન્ટે પ્રા. પટેલને નોકરીમાંથી છૂટા કરતાં પ્રા. પટેલે ગુજ-રાતની વડી અદાલતમાં પિટિશન નં. ૪૪૦૮/૮૭થી દાદ માગેલ છે. આ કેસમાં યુનિવ-ર્સિટી વતી કાર્યવાહી કરવા એડવોકેટ તરીકે શ્રી. સુરેશભાઈ શેલતની નિમણૂક કર્યાનું અને તે અંગે થનાર આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું; (તા. ૧૬–૯–૮૭).

(૨૯) બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદમાં અનુસ્નાતક કક્ષાએ મેડિસ્લમાં પ્રવેશની બાબતમાં કુ. કે. જી. જોસેફે ગુજરાતની વડી અદાલતમાં રૂપે. સિવિલ એપ્લિકેશન નં. ૫૦૪૯થી દાદ માગેલ હોઇ યુનિવર્સિટી તરફથી એડવોકેટ શ્રી સુરેશભાઈ શેલતને રોકવાનું તથા તેનું આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું; (તા. ૩૦–૯–૧૯૮૭).

(૩૦) યુનિવર્સિટી અધ્યાપક સંઘે ગુજરાત યુનિવર્સિટીઓનાં વિદ્યાભવનોમાંના પ્રોફેસર રીડરની જગ્યાનાં લાયકાતનાં ધોરણો અંગે સિટી સિવિલ કોર્ટમાં સિવિલ મુકદ્દમા નં. ૩૩૮૩–૮૭થી દાવો કરતાં યુનિવર્સિટી તરફથી એડવોકેટ શ્રી. રમેશભાઈ એ. પટેલને રોકવાનું તેમજ તે અંગે જરૂરી ખર્ચ મંજૂર કર્યાનું; (તા. ૫–૧૦–૧૯૮૭).

(૩૧) મે–જૂન, ૧૯૮૭માં લેવાયેલ ફર્સ્ટ બી.કૉમ. પરીક્ષાનાં વિદ્યાર્થિની બેઠક નં. ૧૫૧૨૯ કુ. હીના જી. ત્રિવેદીએ તેમના પરિણામ બાબત ગુજરાત રાજ્યની હાઇકોર્ટમાં રૂપે. સિ. એ. ૫૧૭૯–૧૯૮૭ તા. ૫–૧૦–૧૯૮૭થી દાખલ કરેલ છે. તેના સંદર્ભમાં એડવોકેટ શ્રી સુરેશભાઈ શેલતને રોકવાનું અને તે અંગે થનાર ખર્ચ મંજૂર કર્યાનું; (તા. ૧૩–૧૦–૧૯૮૭).

(૩૨) મે–જૂન, ૧૯૮૭ માં લેવાયેલ ફર્સ્ટ બી.કૉમ. પરીક્ષામાં વિદ્યાર્થિની કુ. કિન્નરી વીરેન્દ્ર સુતરિયાએ તેમના પરિણામ બાબત એડવોકેટ શ્રી સી. સી. ગાંધીએ નં. એ.સી. ૮૭/૨૫૨૭ તા. ૨૬–૧૦–૧૯૮૭ થી નોટિસ મોકલ્યાના સંદર્ભમાં એડવોકેટ શ્રી સુરેશભાઈ શેલતની સલાહ લેવાનું તથા તે અંગે થનાર ખર્ચ મંજૂર કર્યાનું; (તા. ૧૩–૧૦–૧૯૮૭).

(૩૩) અરવિંદકુમાર કેશવભાઈ પટેલે બી.એડ. કૉલેજમાં પ્રવેશ મંજૂરી ન મળતાં ગુજરાત યુનિવર્સિટી વિરુદ્ધ ગુજરાતની વડી અદાલતમાં પિટિશન નં. ૫૪૨૯/૮૭થી દાદ માગેલ છે, તો આ કેસમાં યુનિવર્સિટી વતી કાર્યવાહી કરવા એડવોકેટ તરીકે શ્રી સુરેશભાઈ શેલતની નિમણૂક કર્યાનું અને તે અંગે થનાર આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું; (તા. ૧૫–૧૦–૧૯૮૭).

(૩૪) મે–જૂન, ૧૯૮૭માં લેવાયેલ સેકન્ડ બી.એ. પરીક્ષાના વિદ્યાર્થી શ્રી ગેલોત સુરેશકુમાર ચમનલાલ, બેઠક નં. ૧૯૧૨ એ તેમના પરિણામ બાબત ગુજરાત હાઇકોર્ટમાં રૂપે. સિ. એ. તા. ૫૬૧૫/૮૭ તા. ૧૭–૧૦–૧૯૮૭ દાખલ કરેલ છે. તેના સંદર્ભમાં એડવોકેટ શ્રી. સુરેશભાઈ શેલતને રોકવાનું અને તે અંગે થનાર આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું; (તા. ૩–૧૧–૧૯૮૭).

(૩૫) મે–જૂન, ૧૯૮૭માં લેવાયેલ સેકન્ડ બી.કૉમ. પરીક્ષાના વિદ્યાર્થી બેઠક નં. ૬૩૮૩ શ્રી. સાવલા ચેતન એ.એ તેમના પરિણામ બાબત ગુજરાત હાઇકોર્ટમાં રૂપે સિ. એ. ૧૧૨૮/૧૯૮૭ તા. ૨૪–૧૦–૧૯૮૭થી દાખલ કરેલ છે. તેના સંદર્ભમાં એડવોકેટ શ્રી. સુરેશભાઈ શેલતને રોકવાનું અને તે અંગે થનાર આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું; (તા. ૩–૧૧–૧૯૮૭).

(૩૬) મે–જૂન, ૧૯૮૭માં લેવાયેલ ફર્સ્ટ બી એસસી. પરીક્ષાનાં વિદ્યાર્થિની બેઠક નં. ૧૮૦૪ કુ. સીમા એલ. માલવાણીએ તેમના પરિણામ બાબત ગુજરાત હાઇકોર્ટમાં રૂપે. સિ. એ.

૬૩૦૦/૮૭થી દાખલ કરી છે. તેના સંદર્ભમાં એડવોકેટ શ્રી. સુરેશભાઈ શેલતને રોકવાનું અને તે અંગે થનાર આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું; (તા. ૮–૧૧–૧૯૮૭).

(૩૭) કુ. સુમિતા ભટ્ટા ચેટરજીએ નોર્થ–ઇસ્ટર્ન હિલ યુનિવર્સિટી, શિલોંગમાંથી પ્રી-યુનિ. (વિજ્ઞાન) પરીક્ષા ગણિત વિષય સિવાય પાસ કરેલ હોવાથી આપણી યુનિવર્સિટીમાં ફર્સ્ટ બી.ડી.એસ.ના વર્ગમાં પ્રવેશપાત્ર ન હોઈ વિદ્યાર્થિનીએ ગુજરાત હાઇકોર્ટમાં સ્પે. સિવિલ એપ્લિકેશન નં. ૫૭૮૪/૮૭, તા. ૭–૧૧–૧૯૮૭થી દાખલ કર્યાના સંદર્ભમાં એડવોકેટ શ્રી. સુરેશભાઈ શેલતને રોકવાનું અને તે અંગે થનાર આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું; (તા. ૯–૧૧–૧૯૮૭,.

(૩૮) મે–જૂન, ૧૯૮૭માં લેવાયેલ સેકન્ડ બી.કોમ. પરીક્ષાનાં વિદ્યાર્થિની બેઠક નં. ૬૩૮૪ કુ. સાવલા હીના કે.એ તેમના પરિણામ બાબત ગુજરાત હાઇકોર્ટમાં સ્પે. સિ. એ. ૫૭૬૪/૮૭થી દાખલ કરેલ છે. તેના સંદર્ભમાં એડવોકેટ શ્રી. સુરેશભાઈ શેલતને રોકવાનું અને તે અંગે થનાર આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું; (તા. ૧૧–૧૧–૧૯૮૭).

(૩૯) માર્ચ–એપ્રિલ, ૧૯૮૭માં લેવાયેલ પી.ડી.ડી.સી. (ઈ.સી.)–૩ પરીક્ષામાં બેઠક નં. ૧૧થી બેઠેલા વિદ્યાર્થી શ્રી. સિહોરા નયનકુમાર જે-એ તેમના પરિણામ બાબતે ગુજરાત રાજ્યની હાઇકોર્ટમાં સ્પે. સિ.એ. નં. ૭૯૫/૮૮થી દાખલ કરેલ છે. તેના સંદર્ભમાં એડવોકેટ શ્રી. સુરેશભાઈ શેલતને રોકવાનું અને તે અંગે થનાર આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું; (તા. ૨૪–૨–૧૯૮૮).

(૪૦) કુમારી અમીન કે. પંડ્યા અને ડૉ. રાજીવ છાણરાએ તેમના કોઈ પ્રશ્ન અંગે ગુજરાતની વડી અદાલતમાં પિટિશન નં. ૭૩૭/૮૮થી દાદ માગેલ છે. આ કેસમા ગુજરાત યુનિવર્સિટી વતી એડવોકેટ તરીકે શ્રી. સુરેશભાઈ શેલતને નીમવાનું અને તે અંગે થનાર આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું; (તા. ૧૦–૩–૧૯૮૮).

(૪૧) ગવર્નમેન્ટ ડેન્ટલ કૉલેજ, અમદાવાદનાં એક વિદ્યાર્થિની કુ. શ્રદ્ધા એમ. દેસાઈએ એમ.ડી.એસ.ના પ્રવેશ માટે ગુજરાત રાજ્યની અદાલતમાં પિટિશન નંબર ૧૧૦૬થી દાદ માગેલ છે. તેના સંદર્ભમાં ગુજરાત યુનિવર્સિટી વતી કાર્યવાહી કરવા એડવોકેટ શ્રી, સુરેશભાઈ શેલતને રોકવાનું અને તે અંગે થનાર આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું; (તા ૧૧-૩ ૧૯૮૮).

(૪૨) સી. યુ. શાહ સાયન્સ કૉલેજના પટાવાળા શ્રી રામુભાઈ જે. પ્રજાપતિ ની અરજીના સંદર્ભમાં લેબોરેટરી આસિસ્ટન્ટની જગ્યા પર કૉલેજના સ્ટાફમાંથી સીનિયર સભ્યની નિમણૂક કરવી તેમ ટ્રિબ્યુનલનો આદેશ થતાં આ કૉલેજનાં લેબોરેટરી આસિસ્ટન્ટની જગ્યા પર જેમની નિમણૂક સીધી ભરતીથી થયેલી છે તે શ્રી યોગેશભાઈ બી. પારેખને નોકરીમાંથી છૂટા કરવામાં ન આવે તેની માગણીના સંદર્ભમાં ગુજરાતની વડી અદાલતમાં પિટિશન નં. ૯૯૮/૮૮ થી દાદ માગેલ છે, તો આ કેસમાં ગુજરાત યુનિવર્સિટી વતી કાર્યવાહી કરવા એડવોકેટ તરીકે શ્રી. સુરેશભાઈ શેલતની નિમણૂક કર્યાનું અને તે અંગે થનાર આનુષંગિક ખર્ચને મંજૂર કર્યાનું; (તા. ૨૫–૩–૧૯૮૮).

(૪૩) ઈ.એસ.આઈ.એસ. જનરલ હોસ્પિટલ, બાપુનગરની માન્યતા રદ કરવા અંગે ડૉ. હર્ષદ આર. શાહે ગુજરાત રાજ્યની વડી અદાલતમાં કરેલ સિવિલ એપ્લિકેશન નં. ૩૧૪૮ બાબતમાં એડવોકેટ શ્રી. સુરેશભાઈ શેલતની નિમણૂક કર્યાનું અને તે અંગે થનાર આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું; (તા. ૧-૭-૧૯૮૮).

(૪૪) બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદમાં ડી.પી.એમ.માં પરીક્ષા પ્રવેશની બાબતમાં કુ. વલ્સા મન્નાલીએ ગુજરાતની વડી અદાલતમાં કરેલ સ્પે. સિવિલ એપ્લિકેશન નંબર ૩૩૦૪ બાબતમાં એડવોકેટ શ્રી. સુરેશભાઈ શેલતની નિમણૂક કર્યાનું અને તે અંગે થનાર આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું; (તા. ૧-૭-૧૯૮૮).

(૪૫) કુ. શિલ્પા અસ્થાનાએ પ્રથમ વર્ષ બી.ફાર્મ.ના વર્ગમાં પ્રવેશ અંગેના નિયમોના સંદર્ભમાં એલ. એમ. કૉલેજ ઑફ ફાર્મસીના આચાર્યશ્રી વિરુદ્ધ ગુજરાતની વડી અદાલતનાં પિટિશન નં. ૩૮૮૯/૮૮થી દાદ માગેલ છે. આ કેસમાં યુનિવર્સિટી વતી એડવોકેટ તરીકે શ્રી. સુરેશભાઈ શેલતને રોકવાનું અને તે અંગે થનાર આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું; (તા. ૨૬-૭-૧૯૮૮).

(૪૬) બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદના એક વિદ્યાર્થી ડૉ. દીપક મચ્છારામાણીએ ગુજરાતની વડી અદાલતમાં એમ.ડી.-૧૨માં પ્રવેશ અંગે પિટિશન નંબર ૩૮૧થી દાદ માગેલ છે તેના સંદર્ભમાં ગુજરાત યુનિવર્સિટી વતી કાર્યવાહી કરવા એડવોકેટ શ્રી. સુરેશભાઈ શેલતની નિમણૂક કર્યાનું અને તે અંગે થનાર આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું; (તા. ૨૫-૮-૧૯૮૮).

(૪૭) બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદના એક વિદ્યાર્થી ડૉ. વિનાયક આર. પાટીલે ગુજરાતની વડી અદાલતમાં સ્પે. સિવિલ એપ્લિકેશન નંબર ૫૬૩૧થી દાદ માગેલ છે તેના સંદર્ભમાં ગુજરાતની યુનિવર્સિટી વતી કાર્યવાહી કરવા એડવોકેટ શ્રી. સુરેશભાઈ શેલતની નિમણૂક કર્યાનું અને તે અંગે થનાર આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું; (તા. ૨૫-૮-૧૯૮૮).

(૪૮) શ્રીમતી એચ. એલ. મ્યુનિ. મેડિકલ કૉલેજનાં ડૉ. અરુણા વાંકદરે ગુજરાતની વડી અદાલતમાં સ્પે. એપ્લિકેશન નંબર ૬૦૦૩થી દાદ માગેલ છે, તેના સંદર્ભમાં ગુજરાત યુનિવર્સિટી વતી કાર્યવાહી કરવા એડવોકેટ શ્રી. સુરેશભાઈ શેલતની નિમણૂક કર્યાનું અને તે અંગે થનાર આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું; (તા. ૧૮-૯-૧૯૮૮).

(૪૯) બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદના ડૉ. સુરેશ એન. જ્યોર્જ ગુજરાતની વડી અદાલતમાં સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન નંબર ૪૨૬૩થી દાદ માગેલ છે તેના સદર્ભમાં ગુજરાત યુનિવર્સિટી વતી કાર્યવાહી કરવા એડવોકેટ શ્રી. સુરેશભાઈ શેલતની નિમણૂક કર્યાનું અને તે અંગે થનાર આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું; (તા. ૧૮-૯-૧૯૮૮ .

(૫૦) બી. જે. મેડિકલ, કૉલેજ, અમદાવાદના એક વિદ્યાર્થી ડૉ. કે. ભટ્ટાચંદ્રને ગુજરાતની વડી અદાલતમાં પિટિશન નંબર ૬૪૩૪થી દાદ માગેલ છે, તેના સંદર્ભમાં ગુજરાત યુનિવર્સિટી વતી કાર્યવાહી કરવા એડવોકેટ શ્રી. સુરેશભાઈ શેલતની નિમણૂક કર્યાનું અને તે અંગે થનાર આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું; (તા. ૨૩-૯-૧૯૮૮).

(૫૧) કુ. ભારતી ભીમસેન પાવા અમદાવાદનાએ બી.એડ. કૉલેજમાં પ્રવેશ લેવાની બાબતમાં ગુજરાત યુનિવર્સિટીના બી.એડ. પ્રવેશ સમિતિ વિરુદ્ધ ગુજરાતની વડી અદાલતમાં પિટિશન નં. ૬૪૫૭/૮૮થી દાદ માગેલ છે. આ કેસમાં યુનિવર્સિટીના એડવોકેટ તરીકે શ્રી. સુરેશભાઈ શેલતની નિમણૂક કર્યાનું અને તે અંગે થનાર આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું; (તા. ૨૭—૯—૧૯૮૮).

(૫૨) શ્રીમતી સેજલબહેન જે. સોનીને નોકરીમાંથી છૂટા કરવાની બાબતમાં નવજીવન આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, દાહોદની કૉલેજના સંચાલક મંડળ વિરુદ્ધ કૉલેજ સર્વિસ ટ્રિબ્યુનલને અરજી કરી દાદ માગેલ પરંતુ ટ્રિબ્યુનલે તેમના જજમેન્ટમાં શ્રીમતી સોનીને નોકરીમાં પુનઃસ્થાપિત કરતા આદેશ આપેલ ન હોવાથી શ્રીમતી સોનીએ કૉલેજ સંચાલક મંડળ વિરુદ્ધ ગુજરાતની વડી અદાલતમાં પિટિશન નં. ૬૪૭૨/૮૮થી દાદ માગેલ છે, આ કેસમાં યુનિવર્સિટી વતી એડવોકેટ તરીકે શ્રી. સુરેશભાઈ શેલતને નીમવાનું અને તે અંગે થનાર આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું; (તા. ૩૦—૯—૧૯૮૮).

(૫૩) પી. જી. મેડિકલમાં એમ.ડી./એમ.એસ. ડિગ્રી અભ્યાસક્રમમાં પ્રવેશની બાબતમાં ડૉ. ચેતના દેસાઈએ ગુજરાત રાજ્યની વડી અદાલતમાં કરેલ સ્પે. સિવિલ એપ્લિકેશન નં. ૬૭૯૩ બાબતમાં એડવોકેટ શ્રી. સુરેશભાઈ શેલતની નિમણૂક કર્યાનું અને તે અંગે થનાર આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું; (તા. ૧૨-૧૦-૧૯૮૮).

(૫૪) શ્રી. મનહર વલ્લભદાસ રામીએ ધંધુકાની કૉલેજમાં આચાર્યશ્રીની નિમણૂકની બાબતમાં ધંધુકા તાલુકા કેળવણી મંડળ વિરુદ્ધ ગુજરાતની અદાલતમાં પિટિશન નં. ૬૯૫૪/૮૮થી દાદ માગેલ છે, આ કેસમાં યુનિવર્સિટીના એડવોકેટ તરીકે શ્રી. સુરેશભાઈ શેલતની નિમણૂક કર્યાનું અને તે અંગે થનાર આનુષંગિક ખર્ચને મંજૂર કર્યાનું; (તા. ૧૯-૧૦-૧૯૮૮).

(૫૫) આચાર્યશ્રી દેવેન્દ્રપ્રસાદજી કેળવણી ટ્રસ્ટ સંચાલિત સહજાનંદ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજના પ્રા. એમ. એચ. પટેલે કૉલેજમાં આચાર્યશ્રીની ખાલી જગ્યા પર ઉમેદવારોની વરણી કરવા અંગેની સઘળી કાર્યવાહી સ્થગિત કરવાની માગણી માટે સંચાલક મંડળ વિરુદ્ધ ગુજરાતની વડી અદાલતમાં પિટિશન નં. ૭૪૬૮/૮૮થી દાદ માગેલ છે, આ કેસમાં ગુજરાત યુનિવર્સિટી વતી કાર્યવાહી કરવા એડવોકેટ તરીકે શ્રી. સુરેશભાઈ શેલતની નિમણૂક કર્યાનું અને તે અંગે થનાર આનુષંગિક ખર્ચને મંજૂર કર્યાનું; (તા. ૧૭-૧૧-૧૯૮૮).

(૫૬) પ્રભુદાસ ઠક્કર કૉલેજ, અમદાવાદની કૉલેજના પ્રા. એસ. આઈ. ચૌધરીએ રાજ્ય સરકારના તા. ૨૧-૭-૧૯૮૬ના ઠરાવ અનુસાર ફાજલ શિક્ષક તરીકે કૉલેજની નોકરીમાં સમાવવાની માગણીના સંદર્ભમાં (૧) રાજ્ય સરકારના ઉચ્ચશિક્ષણ નિયામકશ્રી અને (૨) પ્રભુદાસ ઠક્કર કૉલેજ વિરુદ્ધ ગુજરાતની વડી અદાલતમાં પિટિશન નં. ૧૦૭૩થી દાદ માગેલ છે, આ કેસમાં યુનિવર્સિટી વતી કાર્યવાહી કરવા માટે એડવોકેટ તરીકે શ્રી. સુરેશભાઈ શેલતની નિમણૂક કર્યાનું અને તે અંગે થનાર આનુષંગિક ખર્ચને મંજૂર કર્યાનું; (તા. ૧૭-૧૧-૧૯૮૮).

(૫૭) કુમારી અન્વિતા વાય. શર્માએ દ્વિતીય વર્ષ એમ.બી.,બી.એસ.ના વર્ગમાં બીજા સત્રથી પ્રવેશ અને પરીક્ષામાં પણ પ્રવેશની માગણીના સંદર્ભમાં શ્રીમતી એન. એચ. એલ. મ્યુનિસિપલ મેડિકલ કૉલેજ વિરુદ્ધ ગુજરાતની વડી અદાલતમાં પિટિશન નં. ૭૫૭થી દાદ માગેલ છે, આ કેસમાં યુનિવર્સિટી વતી કાર્યવાહી કરવા માટે એડવોકેટ તરીકે શ્રી. સુરેશભાઈ શેલતની નિમણૂક કર્યાનું અને તે અંગે થનાર આનુષંગિક ખર્ચને મંજૂર કર્યાનું; (તા. ૧૮–૧૧–૧૯૮૮).

(૫૮) એચ. એલ. કૉમર્સ કૉલેજના પ્રા. બકુલ ત્રિપાઠીએ તેમની નિવૃત્તિનો દિવસ નક્કી કરવાની બાબતમાં રાજ્ય સરકાર તથા અન્ય વિરુદ્ધ ગુજરાતની વડી અદાલતમાં પિટિશન નં. ૭૫૯૯/૮૮થી દાદ માગેલ છે, આ કેસમાં યુનિવર્સિટી વતી કાર્યવાહી કરવા એડવોકેટ તરીકે શ્રી. સુરેશભાઈ શેલતની નિમણૂક કર્યાનું અને તે અંગે થનાર આનુષંગિક ખર્ચને મંજૂર કર્યાનું; (તા. ૨૮–૧૧–૧૯૮૮).

(૫૯) અનુસ્નાતક કક્ષાએ મેડિકલમાં એમ.એસ. (ઓર્થે.)માં પ્રવેશ અંગે ડૉ. વંદના ભાટનાગરે ગુજરાતની વડી અદાલતમાં પિટિશન નં. ૭૮૮૩/૮૮થી દાદ માગેલ છે, તેના સંદર્ભમાં ગુજરાત યુનિવર્સિટી વતી કાર્યવાહી કરવા એડવોકેટ શ્રી. સુરેશભાઈ શેલતની નિમણૂક કર્યાનું અને તે અંગે થનાર આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું; (તા. ૩૦–૧૧–૧૯૮૮).

(૬૦) બી. જે. મેડિકલ કૉલેજનાં વિદ્યાર્થિની ડૉ. લીલા વર્ગીસે ગુજરાતની વડી અદાલતમાં પિટિશન નં. ૮૫૯૭થી દાદ માગેલ છે, તેના સંદર્ભમાં ગુજરાત યુનિવર્સિટી વતી કાર્યવાહી કરવા એડવોકેટ શ્રી. સુરેશભાઈ શેલતની નિમણૂક કર્યાનું અને તે અંગે થનાર આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું; (તા. ૩–૧–૧૯૮૯).

(૬૧) બી. જે. મેડિકલ કૉલેજ અમદાવાદના ઇન્ટર્નીસ એસોસિયેશન અને બીજાએ ગુજરાતની વડી અદાલતમાં પિટિશન નં ૧૦૧૪ થી દાદ માગેલ છે તેના સંદર્ભમાં ગુજરાત યુનિવર્સિટી વતી કાર્યવાહી કરવા એડવોકેટ શ્રી સુરેશભાઈ શેલતની નિમણૂક કર્યાનું અને તે અંગે થનાર આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું; (તા. ૧૧–૨–૧૯૮૯).

(૬૨) શેઠ કે. એમ. સ્કૂલ, અમદાવાદમાં અનુસ્નાતક કક્ષાએ મેડિકલમાં પ્રવેશની બાબતમાં ડૉ. ચિરાગ જે. શાહે ગુજરાત રાજ્યની વડી અદાલતમાં કરેલ સ્પે. સિવિલ એપ્લિકેશન નં. ૨૧૧૩ની બાબતમાં એડવોકેટ શ્રી. સુરેશભાઈ શેલતની નિમણૂક કર્યાનું અને તે અંગે થનાર આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું; (તા. ૧૦–૪–૧૯૮૯).

(૬૩) અમદાવાદ એજ્યુકેશન સોસાયટીએ તેમની એલ. એમ. કૉલેજ ઑફ ફાર્મસીમાં પટાવાળા શ્રી. એમ. પી. વ્યાસની નિમણૂકને માન્ય ન રાખવાથી ગુજરાત રાજ્ય સરકારના ફૂડ એન્ડ ડ્રગ્સ કન્ટ્રોલ ડિપાર્ટમેન્ટ વિરુદ્ધ ગુજરાતની વડી અદાલતમાં પિટિશન નંબર ૨૭૧૧/૮૯થી દાદ માગેલ છે, તો આ કેસમાં યુનિવર્સિટી વતી એડવોકેટ તરીકે શ્રી. સુરેશભાઈ શેલતની નિમણૂક કર્યાનું અને તે અંગે થનાર આનુષંગિક ખર્ચને મંજૂર કર્યાનું; (તા. ૧૧–૫–૧૯૮૯).

(૬૪) એન.એચ.એલ. મ્યુનિ. મેડિકલ કૉલેજમાં એડિશનલ ડીન તરીકે શ્રી. નાણાવટીની કરેલી નિમણૂક અંગે થયેલી રિટ પિટિશનમાં યુનિવર્સિટીને પક્ષકાર બનાવી હોઈ તે માટે

યુનિવર્સિટી એડવોકેટ તરીકે શ્રી. સુરેશભાઈ શેલતને નીમ્યાનું તથા તે અંગે થનાર આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું; (તા. ૨૯-૭-૧૯૮૯)

(૬૫) અનુસ્નાતક કક્ષાએ મેડિકલમાં પ્રવેશની બાબતમાં ડૉ. મુકેશ કે. બારજાટિયા અને શ્રીમતી ડી. જ્યોત્સનાએ ગુજરાત રાજ્યની વડી અદાલતમાં કરેલ સિવલ એપ્લિકેશન નંબર ૫૯૦૨/૮૯ની બાબતમાં એડવોકેટ શ્રી. સુરેશભાઈ શેલતની નિમણૂક કર્યાનું અને તે અંગે થનાર આનુષાંગિક ખર્ચ મંજૂર કર્યાનું; (તા. ૧૯-૯-૧૯૮૯)

(૬૬) અનુસ્નાતક કક્ષાએ દંત વિદ્યાશાખામાં પ્રવેશ અંગેના નિયમો અંગે કુલપતિશ્રીએ નીમેલ સમિતિની તા. ૮-૬-૧૯૮૯, તા. ૧૪-૬-૧૯૮૯ તથા તા. ૧૮-૮-૧૯૮૯ની સભાઓની ભલામણો મંજૂર કર્યાનું. (સદરહુ સમિતિની સભાઓની કાર્યવાહીની નોંધ પરિશિષ્ટ "૯" તરીકે સામેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીએ મંજૂર કરેલાં ૨૪(૧) થી ૨૪(૬૬)માં દર્શાવેલ કાર્યોની નોંધ લેવી.

૨૫. બી. કે. સ્કૂલ ઑફ બિઝનેશ મેનેજમેન્ટમાં (ટીચિંગ રિસર્ચ એસોશિયેટ) લેક્ચરર તરીકે કામ કરતા શ્રી. પી. એન. જોષનપુત્રાનો બે વર્ષનો અજમાયશી સમય તા. ૨-૨-૧૯૯૦ના રોજ પૂરો થતો હોઈ તેઓને લેક્ચરરના ગ્રેડમાં રૂ. ૨૨૦૦-૭૫-૨૮૦૦-૧૦૦-૪૦૦૦માં તા. ૨—૨—૧૯૯૦થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ લેક્ચરર શ્રી. પી. એન. જોષનપુત્રાની કામગીરી અંગેનો બાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે યુનિવર્સિટીની બી. કે. સ્કૂલ ઑફ બિઝનેશ મેનેજમેન્ટમાં (ટીચિંગ રિસર્ચ એસોશિયેટ) લેક્ચરર તરીકે કામ કરતા શ્રી. પી. એન. જોષનપુત્રાને તા. ૨-૨-૧૯૯૦થી રૂ. ૨૨૦૦-૭૫-૨૮૦૦-૧૦૦-૪૦૦૦ના પગારધોરણમાં કાયમ કરવા.

૨૬. વિદ્યાર્થીશ્રી પ્રો. પ્રસન્ના ડે.એ ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી, ખડકપુર, ઇન્ડિયામાંથી માસ્ટર ઑફ સિટી પ્લાનિંગનો કોર્સ કર્યાના આધારે આપણી યુનિવર્સિટીમાં પીએચ.ડી.નું સંશોધનકાર્ય કરવા પ્રવેશપાત્ર ગણવા કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

માજી અધ્યક્ષશ્રી યુ. એ. કાર્પાડ્યાનો અભિપ્રાય (વિનયન વિદ્યાશાખા) : 'પ્રો. પ્રસન્ના ડે.એ પોસ્ટ-ગ્રેજ્યુએટ ડિગ્રી મેળવેલો છે. અને તે મુજબ આર્ટ્સના વિષયોમાં પીએચ.ડી. કરવા માટે યુનિવર્સિટી નિયમાનુસાર માન્ય ગણી શકાય.'

આથી ઠરાવવામાં આવે છે કે વિદ્યાર્થી શ્રી. પ્રો. પ્રસન્ના ડે.ને પીએચ.ડી.નું સંશોધનકાર્ય કરવા પ્રવેશપાત્ર ગણવા.

૨૭. યુનિવર્સિટી સ્કૂલ ઑફ સોશિયલ સાયન્સમાં લેક્ચરર ઇન સોશિયોલોજીની એક જગ્યા ભરવા માટે તા. ૨૬-૧૧-૧૯૮૯ના રોજ મળેલ વરણીસમિતિની ભલામણ એકેડેમિક કાઉન્સિલની બહાલીની અપેક્ષાએ કુલપતિશ્રીએ સ્વીકારી તે પર વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે વરણીસમિતિની ભલામણ મંજૂર કરવી અને તે મુજબ સમાજ-વિદ્યા ભવનના સમાજશાસ્ત્રના લેક્ચરરની જગ્યા માટે ફરીથી જાહેરખબર આપી અરજીઓ મંગાવવાનું રાખવું.

(સદરહુ વરણીસમિતિની તા. ૨૬-૧૨-૧૯૮૯ની સભાની ભલામણ પરિશિષ્ટ "૧૦" તરીકે સામેલ છે).

૨૮. યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવનમાં ગણિતના વિષયમાં લેક્ચરરની બે જગ્યાઓની વરણી માટની તા. ૧૮–૧૨–૧૯૮૯ના રોજ મળેલી વરણીસમિતિની ભલામણો તા. ૨૫–૧૨–૧૯૮૯ની એકિઝકયુટિવ કાઉન્સલની સભાએ બાબત ક્રમાંક ૬૫થી સ્વીકારી હતી તે મુજબ ૬૫(૨)થી ઠરાવ્યા પ્રમાણે શ્રી. ડી. જે. કારિયાની નિમણૂક તેમનાં પદવી પ્રમાણપત્રો તથા ગુણપત્રકોની મૂળ નકલો મેળવીને શૈક્ષણિક પાત્રતાનાં ધોરણોની ચકાસણી બાદ પાત્ર થતા હોય તો જ ગણિતના લેક્ચરર તરીકે તેમની નિમણૂક કરવી, તે અનુસાર કાર્યાલયે શ્રી. કારિયાને રૂબરૂ બોલાવીને તેમનાં ગુણપત્રકો તથા પદવી પ્રમાણ-પત્રો ચકાસી લીધાં છે, તે પર વિચારણા કરવા બાબત.

[**નોંધ**.—લેક્ચરર તરીકેની શૈક્ષણિક પાત્રતાનાં ધોરણો પ્રમાણે શ્રી. કારિયા Good academic record ધરાવતા નથી.]

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. ડી. જે. કારિયા ગણિત વિષયમાં લેક્ચરરની જગ્યા માટે શૈક્ષણિક પાત્રતા ધરાવતા ન હોવાથી તેઓ સદરહુ જગ્યા ઉપર નિમણૂકને પાત્ર થતા નથી અને આથી સદરહુ જગ્યા ભરવા માટે ફરીથી જાહેરખબર આપી અરજીઓ મંગાવવાનું રાખવું.

૨૯. યુનિવર્સિટી સ્કૂલ ઑફ સોશિયલ સાયન્સમાં લેક્ચરર-ઇન-લેબર વેલ્ફેરની એક જગ્યા ભરવા માટે તા. ૨૭–૧૨–૧૯૮૯ના રોજ મળેલી વરણીસમિતિની ભલામણ એકેડેમિક કાઉન્સિલની બહાલીની અપેક્ષાએ કુલપતિશ્રીએ સ્વીકારી તે પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણીસમિતિની ભલામણ મંજૂર કરવી અને તે મુજબ સમાજવિદ્યા ભવનમાં લેબર વેલ્ફેરની લેક્ચરરની જગ્યા માટે ફરીથી જાહેરખબર આપી અરજીઓ મંગાવવાનું રાખવું.

(સદરહુ વરણીસમિતિની તા ૨૭-૧૨-૧૯૮૯ની સભાની ભલામણ પરિશિષ્ટ "૧૧" તરીકે સામેલ છે).

૩૦. યુનિવર્સિટી સ્કૂલ ઑફ લેંગ્વેજીસમાં લેક્ચરર ઇન ઇંગ્લિશની એક જગ્યા ભરવા માટે તા. ૨૮–૧૨–૧૯૮૯ના રોજ મળેલી વરણીસમિતની ભલામણ અકેડેમિક કાઉન્સિલની બહાલીની અપેક્ષાએ કુલપતિશ્રીએ સ્વીકારી તે પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણીસમિતની ભલામણ મંજૂર કરવી અને તે મુજબ ભાષા સાહિત્યભવનમાં અંગ્રેજી વિષયના લેક્ચરરની જગ્યા માટે ફરીથી જાહેરખબર આપી અરજીઓ મંગાવવાનું રાખવું.

(સદરહુ વરણીસમિતિની તા. ૨૮–૧૨–૧૯૮૯ની સભાની ભલામણની નકલ **પરિશિષ્ટ "૧૨"** તરીકે સામેલ છે).

૩૧. યુનિવર્સિટી સ્કૂલ ઑફ સાયન્સમાં લેક્ચરર ઇન ફિઝિકસની એક જગ્યા માટે તા. ૨૯-૧૨-૧૯૮૯ના રોજ મળેલી વરણીસમિતની ભલામણ અકેડેમિક કાઉંન્સલની બહાલીની અપેક્ષાએ કુલપતિશ્રીએ સ્વીકારી તે પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણીસમિતની ભલામણ મંજૂર કરવી અને તે મુજબ વિજ્ઞાન વિદ્યાભવનમાં ફિઝિકસ વિષયમાં લેક્ચરરની એક જગ્યા ઉપર **શ્રી. પી. સી. વિનોદકુમારની** નિમણૂક રૂ. ૨૨૦૦-૭૫-૨૮૦૦-૧૦૦-૪૦૦૦ના પગારધોરણમાં નિયમાનુસાર બે વર્ષના અજમાયશી ધોરણે કરવી.

(સદરહુ વરણીસમિતિની તા. ૨૯–૧૨–૧૯૮૯ની સભાની ભલામણની નકલ **પરિશિષ્ટ '૧૩'** તરીકે સામેલ છે).

૩૨. યુનિવર્સિટી સ્કૂલ ઑફ સાયન્સમાં લેક્ચરર ઇન ફિઝિકસ (Atmospheric Science)ની એક જગ્યા ભરવા માટે તા. ૨૯–૧૨–૧૯૮૯ના રોજ મળેલી વરણીસમિતની ભલામણ અકેડેમિક કાઉન્સલની બહાલીની અપેક્ષાએ કુલપતિશ્રીએ સ્વીકારી તે પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણીસમિતિની ભલામણ મંજૂર કરવી અને તે મુજબ વિજ્ઞાન વિદ્યાભવનમાં ફિઝિકસ (Atmospheric Science) વિષયમાં લેક્ચરરની એક જગ્યા ઉપર **શ્રી. જેમ્સ એમ.** ઈ.ની નિમણૂક રૂ. ૨૨૦૦-૭૫-૨૮૦૦-૧૦૦-૪૦૦૦ના પગારધોરણમાં નિયમાનુસાર બે વર્ષના અજમાયશી ધોરણે કરવી.

(સદરહુ વરણીસમિતિની તા. ૨૯–૧૨–૧૯૮૯ની સભાની ભલામણની નકલ **પરિશિષ્ટ "૧૪"** તરીકે સામેલ છે).

૩૩. યુનિવર્સિટી સ્કૂલ ઑફ લેંગ્વેજીસમાં લેક્ચરર ઇન સંસ્કૃતની બે જગ્યાઓ ભરવા માટે તા. ૩૦–૧૨–૧૯૮૯ના રોજ મળેલી વરણીસમિતની ભલામણ કુલપતિશ્રીએ અકેડેમિક કાઉન્સિલની બહાલીની અપેક્ષાએ સ્વીકારી તે પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણીસમિતિની ભલામણ મંજૂર કરવી અને તે મુજબ ભાષાસાહિત્ય ભવનમાં સંસ્કૃત વિષયમાં લેક્ચરરની બે જગ્યાઓ ઉપર **સર્વશ્રી (૧) કે. સી.**

A candidate who has secured 50% of the total marks in any subject and 40% in each head of passing in the subject separately, at the Second B. Pharm. examination may at his option, be exempted from appearing in that subject at a subsequent examination, Provided he has passed in all the Heads of passing in that subject. A candidate will be declared to have passed two whole Second B.Pharm. Examination when he has passed in all the remaining subjects and has obtained the aggregate of 50% marks in the remaining subjects.

For the purpose of determining whether a candidate has obtained 50% of the total marks in the aggregate, the marks obtained by the candidate in a subject or subjects on the previous occasions entitling him to claim exemption in the subject at a subsequent appearance would be carried forward, if he claims exemption in a subjeet or subjects.

Candidate passing the examination by compartments will not be eligible for a prize or scholarship to be awarded at the examination.

** Changed the existing rules of combined Internal / External passing to separate passing of Internal / External.

Pharm. R. 26 (Revised) :

Candidates for the Second B.Pharm. Examination shall be examined after they have satifactorily completed the prescribed courses of study and kept two terms for the purpose at an affiliated college in the following subjects :

Scheme of Examinations

Subject of Examination	*Total Marks for Theory*		*Total Marks for Practical*	
	**External*	**Internal*	**External*	**Internal*
2.1 Physical Pharmaceutics	80	20	80	20
2.2 Pharmaceutical Engineering	80	20	80	20
2.3 Pharmaceutical Dispensing	80	20	80	20
2.4 Pharmaceutical Chemistry (*Organic*)	80	20	80	20
2.5 Pharmaceutical Analysis	80	20	80	20
2.7 Pharmacognosy	80	20	80	20
2.8 Forensic Pharmacy	80	20	—	—

N.B.—Each written and practical examination shall be 3 Hours' duration.

*Changed the existing weitage of External/Internal from 70 : 30 to 70 : 20

THIRD B.PHARM. EXAMINATION

Revised Regulations

Pharm. Reg. 33 (Revised) :

Candidates for the Third B.Pharm. Examination shall be examined after they have satisfactorily completed the prescribed courses of study and kept two terms for the purpose of an affiliated college in the following subjects :

Scheme of Examination

Subject of Examination	*Total marks for Theory*		*Total marks for Practicals*	
	***External**	***Internal**	***External**	***Internal**
3.1 Biological Pharmaceuticals	80	20	80	20
3.2 Pharmaceutical Microbiology	80	20	80	20
3.3 Pharmaceutical Chemistry (*Natural Products*)	80	20	80	20
3.4 Pharmaceutical Biochemistry	80	20	80	20
3.5 Pharmacognosy	80	20	80	20
3.6 Pharmacology and Chemotherapy	80	20	80	20
3.7 Pharmaceutical Economics and Business Organisation	80	20	—	—

N.B.—Each written and practical examination shall be of **3** hours' duration.

*Changed the existing weitage of External / Internal from 70 : 30 to 80 : 20.

****Pharm. Reg. 36 (Revised) :**

To pass an Examination the candidate must obtain atleast 40% marks in External examination of Theory and Practical separately plus 40% of marks in Internal in Theory and Practical separately of each subject and in addition must obtain atleast 50% of the total marks assigned to whole Third B.Pharm. Examination. No Class shall be awarded to the successful candidates at the Third B.Pharm. Examination.

Pharm. Reg. 37 (Revised) :

A candidate who has secured 50% of the total marks in the subject and 40% marks in each Head of passing in the subject separately at the Third B.Pharm. examination, may at his option, be exempted from appearing in the subject at a subsequent examination, Provided he has passed in all the Heads of Passing in that subject. A candidate will be declared to have passed the whole Third B.Pharm. examination when he has passed in all the remaining subjects and has obtained the aggregate of 50% marks in the remaining subjects.

Third B.Pharm. :

For the purpose of determining whether a candidate has obtained 50 per cent of the total marks in the aggregate, the marks obtained by him in a subject or subjects on the previous occasions entitling him to claim exemption in the subject at a subsequent appearance would be carried forward if he claims exemption in a subject or subjects.

Candidates passing the examination in his manner by compartments will not be eligible for a prize or scholarship to be awarded at the examination.

** Changed the existing rule of combined passing of Internal/External to seperate passing in both.

FOURTH B.PHARM. EXAMINATION

Revised Regulations

Pharm. R. 38-D (Revised) :

Candidates for the Fourth B.Pharm. Examination shall be examined after they have satisfactorily completed the prescribed courses of study and kept to terms for the purpose at an affiliated college in the following subjects :

Scheme of Examination

	Subject of Examination	*Total Marks of Theory* **External*	**Internal*	*Total Marks of Practical* **External*	**Internal*
4.1	Pharmaceutical Technology	80	20	80	20
4.2	Pharmaceutical Dosage Form Design	80	20	80	20
4.3	Pharmaceutical Chemistry	80	20	80	20
4.4	Pharmaceutical Analysis (Instrumental)	80	20	80	20
4.5	Pharmacognsy (Phytopharmaceuticals)	80	20	80	20
4.6	Pharmacology and Bioassays	80	20	80	20
4.7	Pharmaceutical Industrial Organisation and Management	80	20	—	—
4.8	Hospital Pharmacy	80	20	—	—

N.B.— Each written Examination shall be of 3 hours' duration and each practical examination shall be of 6 hours' duration.

****Pharm. Reg. 38 (G) (Revised) :**

To pass an examination the candidate must obtain atleast 40% of marks in External Examination of Theory and Practical separately. Plus 40% of marks in Internal in Theory and Practical separately of each subject and in addition he must obtain atleast 50% of total marks assigned to the Fourth B.Pharm. Examination.

For determining the class at the 4th B.Pharm. Degree Examination the percentage of the marks obtained by the candidate in Second and Third B.Pharm. Examinations plus the total marks obtained in the Fourth B.Pharm. Examination

---

* Changed the existing weitage of External / Internal from 70 : 30 to 80 : 20.

** Changed the existing combined passing of Internal / External to separate Passing in both.

taken together and also the grand total of Fourth B.Pharm. only and accordingly the class will be given as follows :

Those obtaining 70% and above will be placed 1st Class with Distinction.

Those obtaining 60% and above but less than 70% of the total mark will be placed in 1st Class.

Those obtaining 50% and above but less than 60% will be placed in Second Class.

Provided further the above purcentage of marks for determining the class must be maintained in bo h (1) Grand Total of Fourth B.Pharm. only and (2) The Grand Total of the Fourth B.Pharm. including percentage of the Second and Third B.Pharm. Examination.

FIRST YEAR DIPLOMA IN PHARMACY EXAMINATION

Revised Regulations

Pharm. Reg. 3 (Revised) :

First year Pharmacy (Diploma in Pharmacy, Part–I) Examination.

Sr. No.	*Subject of Examination*	*Total marks for Theory*		*Total marks for Practical*	
		**External*	**Internal*	**External*	**Internal*
1.	General Chemistry	80	20	80	20
2.	Organic Chemistry	80	20	80	20
3.	Physics	80	20	80	20
4.	Biology	80	20	80	20
5.	English Paper–I	80	20	—	—
6.	Anatomy, Physiology and Health Education	80	20	80	20
7.	English Paper–II	80	20	—	—

Note.—All written examinations shall be of three hour's duration.

@@Pharm. Reg. 4 (Revised) :

To pass an examination the candidate must obtain 40% of marks in External examination of theory and Practicals separately plus 40% of marks in Internal in Theory and Practicals separately of each subject and atleast 45% of the total

* Changed the existing weitage of Ext. / Int. from 70 : 30 to 80 : 20

@@ Changed to existing comined passing of Int / Ext. to separate passes in both.

marks in the aggregate of all the subjects except English Paper–I and English Paper–II. Marks obtained in English Paper–I and English Paper–II will not be counted for aggregation of marks and for deciding the class.

The successful candidate will be awarded classes as under :

Those obtaining 60 % and above	... I Class
Those obtained 45 % and above but less than 60 %	... II Class

The candidates securing 75 % marks or above in any subject or subjects shall be declared to have obained distinction in the subject / subjects provided the candidate passes in all the subjects in the examination.

Note. — For the purpose of determining whether a candidate has obtained 45 % of the total marks in the aggregate, the marks obtained by him in a subject or subjects on the previous occasion entitling him to claim exemption in the subject at a subsequent appearance would be carried forward, if he claims exemption in a subject or sujects.

FINAL YEAR DIPLOMA IN PHARMACY EXAMINATION

Revised Regulations

Pharm., Reg. 7 (Revised) :

Only such students who are eligible according to Pharm. O. 4 and who produce certificates from the head of the Institutions concerned in proof of their having regularly and satisfactorily followed the course of study for the Final examination for the Diploma in Pharmacy (Part II–A) by attending two terms both lectures and practicals separately of each subject for the two terms and of having satisfactorily gone through the course or *Phisical training prescribed by the Syndicate from time to time, unless exempted on the ground that the student is medically unfit to undergo such exercise, or that he is a member of the National Cadet Corps or that he has been regularly taking part as a member of the College Term in the recognised fixtures of the major games, shall be eligible for appearing at the Final Examination or the Diploma in Pharmacy (Part. II–A) as given in the table below :

---

*In order to go through a course of physical training satisfoctorily the student shall have attended the physical training class of this college, for atleast three–fourth of the possible number of periods.

The member of the National Cadet Corps exempted from Physical training will be required to attend at least 75% of the number of parades before they are admitted to the examination ;

Scheme of Examination

Sr. No.	*Subject of Examination*	*Total Marks for Theory*		*Total Marks for Theory*	
		External	*Internal*	*External*	*Internal*
1.	Pharmaceutics Paper I	80	20	80	20
2.	Pharmaceutics—Paper II	80	20	80	20
3.	Forensic Pharmacy & Ethics	80	20	80	20
4.	Pharmaceutical Chemistry-I	80	20	80	20
5.	Pharmaceutical Chemistry-II	80	20	80	20
6.	Pharmacognosy	80	20	80	20
7.	Pharmacology	80	20	80	20

N.B.—All examinations shall be of three hours duration.

Pharm. Reg. 4 (Revised) :

To pass an examination the candidate must obtain 40% of marks in External examination of Theory and Practicals separately plus 40% of marks in Internal in Theory and Practicals separately of each subject and at least 45% of the total marks in the aggregate of all the subjects except English Papper-I and English Paper-II. Marks obtained in English-I and English-II will not be counted for aggregation of marks and for deciding the class.

The successful candidate will be awarded classes as under :

Those obtaining 60% and above ... ... I Class

Those obtaining 45% and above but less than 60% ... ... II Class

The candidates secuirng 75% marks or above in any subject or subjects shall be declared to have obtained Distinction in the subject / subjects provided the candidate passes in all the subjects in the examination.

Note, —For the purpose of determining whether a candidate has obtained 45% of the total marks in the aggregate, the marks obtained by him in a subject or subjects on the previous occasion entitling him to claim exemption in the subject at a subsequent appearance would be carried forward, if he claims exemption in a subject or subjects.

પરિશિષ્ટ "૪"
કામકાજ ક્રમાંક ૧૨

"ડૉ. દિનુભાઈ અંબાલાલ પટેલ ગોલ્ડ મેડલ"

દાતાનું નામ : સ્ટુડન્સ ઑફ ડૉ. દિનુભાઈ અંબાલાલ પટેલ

સરનામું : ૨૮૭, માણેકબાગ સોસાયટી, આંબાવાડી, અમદાવાદ-૧૫.
નવરંગપુરા ઑર્થોપેડિકસ હૉસ્પિટલ, આનંદ ચેમ્બર્સ,
ગુજરાત હાઈકોર્ટ પાસે, અમદાવાદ-૯.

પ્રદાનની રકમ : રૂ. ૧૫,૦૦૦/—

દાનનો પ્રકાર : એક સુવર્ણમંડિત ચંદ્રક

દાનનો સ્વીકાર :

નિયમો

૧. "ડૉ. દિનુભાઈ અંબાલાલ પટેલ ચંદ્રક" આ યુનિવર્સિટીની એમ. એસ. ઑર્થોપેડિકસ બ્રાન્ચ ની ઑક્ટોબર તથા માર્ચ-એપ્રિલની પરીક્ષામાં બેઠેલ વિદ્યાર્થીઓ પૈકી પ્રથમ પ્રયત્ને સૌથી વધુ ગુણ મેળવી પ્રથમ નંબરે ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને એનાયત કરવામાં આવશે.

૨. સદરહુ ચંદ્રક એનાયત કરવા અંગેની શરતોમાં ગુજરાત યુનિવર્સિટીની એકિઝકયુટિવ કાઉન્સિલને વખતોવખત કોઈ શરત ઉમેરવાનું કે ફેરફાર કરવાનું આવશ્યક જણાશે તો તેમ કરવા તેને અધિકાર રહેશે.

૩. ચંદ્રક વિજેતાનું નામ જે તે પરીક્ષાના પરિણામ વખતે શકય હશે ત્યાં સુધી પદવીદાન સમારંભ વખતે એનાયત કરવામાં આવશે તેમ જ પ્રતિવર્ષ દાતાને જાણ કરવામાં આવશે.

૪. ચંદ્રક એનાયત કરવામાં વિજેતાની નાત, જાત કે વર્ગનો ભેદ ગણવામાં આવશે નહીં.

૫. આ સખાવતની વાર્ષિક આવકમાંથી પાંચ ટકા કપાત યુનિવર્સિટી જનરલ ફંડમાં લેવામાં આવશે.

૬. આ સખાવતની વાર્ષિક આવકની બચત રહે તે મૂળ રકમમાં ઉમેરવામાં આવશે.

પરિશિષ્ટ "ગ"

કામકાજ ક્રમાંક ૨૬

સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ

બાબત.—આર્ટ્સ, કૉમર્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, બોરસદમાં કૉમ્પ્યુટર પ્રોગ્રામિંગ ઍન્ડ ડેટા પ્રોસેસિંગ વિષયનું જોડાણ આપવા અંગે સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

અમે સ્થાનિક તપાસસમિતિના સભ્યો તરીકે તા. ૧૩-૧-૧૯૯૦ના રોજ ઉપરોક્ત કૉલેજની બોરસદ ખાતે રૂબરૂ મુલાકાત લીધી હતી. મુલાકાત દરમિયાન ટ્રસ્ટના ચેરમેનશ્રી તેમ જ આચાર્યશ્રીએ હાજર રહી માહિતી પૂરી પાડી હતી જે નીચે પ્રમાણે છે :

(૧) યુજીસીએ બે કૉમ્પ્યુટર ખરીદવા રૂ. ૧ લાખની ગ્રાન્ટ આશરે ૬ માસ પહેલાં આપી છે પરંતુ હજુ સુધી કૉમ્પ્યુટરો ખરીદવાનો ઑર્ડર મુકાયો નથી.

(૨) હાલના મકાનમાં કૉમ્પ્યુટરની પ્રયોગશાળા અભ્યાસખંડ સાથે ઊભી કરવા વધારાની જગ્યા ઉપલબ્ધ નથી, તેથી વધારાના બાંધકામ માટે જરૂરી ખર્ચ કરવાની રહે.

(૩) વિજ્ઞાન વિદ્યાશાખામાં વિદ્યાર્થીસંખ્યા ઓછી હોઈ કૉમર્સ વિદ્યાશાખામાં ગાણુ વિષય તરીકેનું જોડાણ મળે તો આ વિષય દાખલ કરવાની કૉલેજની ઇચ્છા છે તેવી સ્પષ્ટતા કરવામાં આવી.

(૪) ૬૫% વિદ્યાર્થીઓ બોરસદની બહારના છે ઉપરાંત વીજળી પૂરવઠો અનિયમિત છે, તેથી પ્રયોગશાળામાં જનરેટર વસાવવાની જરૂર છે.

(૫) ટ્રસ્ટની હાલની આર્થિક પરિસ્થિતિ સંતોષકારક નથી. કર્મચારીઓના પ્રોવિડન્ટ ફંડનાં નાણાંની આશરે રૂ. ૮ લાખ જેટલી રકમ પ્રોવિડન્ટ ફંડ ખાતામાં જમા થઈ શકી નથી.

(૬) વિષય શરૂ થયે તરત જ પ્રોગ્રામર તેમ જ લેક્ચરરોની નિમણૂક કરવાની થશે. સરકારશ્રીની મંજૂરી મળતાં સુધી આ ખર્ચ ટ્રસ્ટે વહન કરવાનો થશે.

ઉપરોક્ત પરિસ્થિતિ જોતાં સમિતિએ કૉલેજ ટ્રસ્ટના ચેરમેનને તેમ જ આચાર્યશ્રીને આ વિષય શરૂ કરવા માટે જરૂરી પ્રયોગશાળા ઊભી કરવા, સાધનસામગ્રી ખરીદવા, શરૂઆતના તબક્કે સ્ટાફને પગાર ચૂકવવા તેમ જ નિભાવખર્ચ પોતાના ઉપલબ્ધ સાધનોમાંથી કરવાની લેખિત બાંયધરી આપવાની જાણ કરી.

આ સંદર્ભમાં તેમના તરફથી આવેલ પત્ર સામેલ છે. (અન્ય છ પત્ર નથી.)

આથી આ વિષયનું જોડાણ આપવાની કૉલેજની અરજી હાલના તબક્કે સ્વીકારી શકાય તેમ નથી તેમ ભલામણ છે.

સહી.
ડી. એમ. શીખ
એન. આર. શાહ
આર. પી. સોની

પરિશિષ્ટ "૬"
ક્રમાંક ૩૦

પેન્શનના રૂપાંતર કરાયેલા ભાગનું
નિવૃત્તિના પંદર વર્ષ બાદ પુનઃસ્થાપના

ગુજરાત સરકાર

નાણાં વિભાગ

ઠરાવ ક્રમાંક : નગલ-૧૧૮૬-૩૦૪૧-પી. ૧
સચિવાલય, ગાંધીનગર,
તા. ૬ઠ્ઠી ડિસેમ્બર, ૧૯૮૯

ઠરાવ :

મુંબઈ રાજ્ય સેવા નિયમો, પુસ્તક ૧ના નિયમ ૩૧૫થી ૩૨૬-ક સરકારી કર્મચારીને નિવૃત્તિ બાદ તરત કે ત્યાર પછી ગમે ત્યારે મંજૂર કરાયેલ પેન્શનના ૧/૩ ભાગથી વધે નહીં તેટલી રકમનું રૂપાંતર કરાવવા હક્ક બક્ષે છે. બીજા શબ્દોમાં કહીએ તો પેન્શન, પેન્શનમાંથી રૂપાંતર કરાયેલ ભાગની રકમ બાદ કરતાં બાકી રહેતી રકમ આજીવન મેળવે છે. સુધારેલા પેન્શન નિયમો, ૧૯૭૮મા કરેલી જોગવાઈ મુજબ રૂપાંતર કરેલી બાકીની રકમ પેન્શનરને મળે છે, તેના રૂપાંતર કરાયેલ ભાગનું ભવિષ્યમાં પુનઃસ્થાપન કરવામાં આવતું નથી.

૨. સુપ્રીમ કોર્ટના ચુકાદાના આધારે કેન્દ્ર સરકારે તેમના પેન્શનરોના પેન્શનમાંથી રૂપાંતર કરાયેલા ભાગની રકમનું પુનઃસ્થાપન કરવાના હુકમો કર્યા છે. વ્યક્તિગત પેન્શનરો અને તેમના મંડળની કેન્દ્ર સરકારના હુકમોની લાઈન ઉપર પેન્શનના રૂપાંતર કરાયેલ ભાગનું પુનઃસ્થાપન કરવાની જોરદાર માગણી છે.

૩. પેન્શનરો અને તેમનાં મંડળોની વિનંતીને લક્ષમાં લઈને રાજ્ય સરકારે પેન્શનના ભાગનું રૂપાંતર કરાવ્યું હોય અને તેને બદલે ઉચ્ચક રકમ મેળવી હોય તેવા રૂપાંતર કરાયેલા ભાગનું નિવૃત્તિની તારીખથી ૧૫ વર્ષ બાદ પુનઃસ્થાપન કરવા દેવાનો નિર્ણય કર્યો છે. આ નિર્ણય **તા. ૧લી ઓગસ્ટ, ૧૯૮૮થી અમલમાં આવશે.** કર્મચારીની નિવૃત્તિની તારીખને લક્ષમાં લીધા સિવાય જેમણે પેન્શનના ભાગનું રૂપાંતર કરાવ્યું હોય અને જેમણે તા. ૧-૮-૧૯૮૮ પહેલાં કે ત્યાર બાદ નિવૃત્તિનાં ૧૫ વર્ષ પૂરાં કર્યાં હોય અથવા હવે પછી કરાવશે તેમને રૂપાંતર કરેલા ભાગ સહિત મૂળ પેન્શન ચૂકવવામાં આવશે. પેન્શનર નિવૃત્તિની તારીખથી જ્યારે ૧૫ વર્ષ પૂરાં કરે તે તારીખથી પછીની તારીખથી મૂળ પેન્શન મેળવી શકશે.

૪. આ લાભ મેળવવાને પાત્ર પેન્શનરે આ કરાર સાથે જોડેલ અરજીના નમૂનામાં અરજી કરવાની રહેશે અને તેવી અરજી સંબંધિત તિજોરી અધિકારી મારફત પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ નિયામકને મોકલવાની રહેશે. અરજી મળ્યા બાદ ચકાસણી કરીને તિજોરી અધિકારી તે અરજી 'પેન્શનર હાફ' અને 'ડિસપર્સ હાફ' સહિત પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ નિયામકને મોકલશે. જે કેસમાં પેન્શન બેંકમાંથી મળતું હશે તેવા કેસમાં જાહેર ક્ષેત્રની બેન્ક પાસેથી 'ડિસ્પર્સ હાફ' મેળવી લેવાનો રહેશે.

૫. અરજી મળતાં, પેન્શન અને પ્રોવિડંટ ફંડ નિયામક, પેન્શનરને રૂપાંતર કરાયેલ ભાગ ઉમેરીને મૂળ પેન્શન મંજૂર કરતાં સુધારેલા પી. પી. ઓ. કાઢી આપશે અને તે અંગેની જાણ પેન્શનરને પણ કરશે.

૬. આ હુકમોને પરિણામે આપવાની નીકળતી લેણી રકમ મૃત્યુ પામેલા કર્મચારીના કેસમાં તેના કુટુંબને પેન્શનની લેણી રકમ ચુકવણી માટેના સામાન્ય નિયમો મુજબ ચૂકવવામાં આવશે.

૭. આ હુકમો, પ્રાથમિક શિક્ષકો સહિત પંચાયતના કર્મચારીઓ, વર્ગ ચાર્જ મહેકમ પરના કર્મચારીઓ, બિનસરકારી માધ્યમિક શાળાઓ, કોલેજો અને યુનિવર્સિટીના શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક કર્મચારી કે **જેમને રાજ્ય સરકારની પેન્શન યોજના જેટલા પ્રમાણમાં લાગુ પડતી હોય તેની ન્યાયની મર્યાદાને આધીન તેમને લાગુ પડતી તેની દરેક પેન્શન યોજનાને** થતા ફેરફાર લાગુ પડશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

એ. સી. શાહ

ગુજરાત સરકારના નાયબ સચિવ

નાણાં વિભાગ.

અરજીનો નમૂનો

પ્રતિ,

તિજોરી અધિકારી,

વિષય : નિવૃત્તિના ૧૫ વર્ષ બાદ રૂપાંતર કરાયેલા પેન્શનના ભાગનું પુનઃસ્થાપન.

મહાશય,

મને મંજૂર કરેલા પેન્શનના રૂપાંતરિત ભાગનું નાણાં વિભાગના તા. ૬-૧૨-૧૯૮૯ના ઠરાવ ક્રમાંક નયત—૧૧૮૬—૩૦૪૧—પી. ૧ માં કરેલી જોગવાઈ અન્વયે પુનઃસ્થાપન કરવા વિનંતી કરું છું.

જરૂરી વિગતો નીચે મુજબ છે :

૧. નામ (મોટા અક્ષરમાં) :

૨. નિવૃત્તિની તારીખ :

૩. પી.પી.ઓ. નંબર :

૪. પેન્શનની મૂળ રકમ :

૫. રૂપાંતર કરેલા પેન્શનના ભાગની રકમ
(જો રૂપાંતર કરાવ્યું હોય તો) :

૬. પેન્શન મંજૂર કરનાર સત્તાધિકારીનું નામ :

૭. તિજોરી અથવા પેન્શનની ચુકવણી કરનાર અન્ય અધિકારીનું નામ :

તારીખ : – –૧૯ .

પત્રવ્યવહારનું સરનામું :

.....

.....

.....

પેન્શનરની સહી

વિગતોની ખરાઈ કરી છે.

પેન્શન ચૂકવનાર અધિકારીની સહી

પરિશિષ્ટ "૭"
કામકાજ ક્રમાંક ૩૧

"શ્રી વાસુદેવ પ્રાણશંકર મહેતા ચંદ્રક"

દાતાનું નામ : શ્રી કૌશિક જે. પટેલ, શ્રી દિલીપ વી. મહેતા, શ્રીમતી પ્રતિભા એમ. પરીખ, શ્રીમતી ઉમા કે. પટેલ.

સરનામું : ૬, સદ્‌ભા સોસાયટી, લિબર્ટી પાછળ, નવરંગપુરા, અમદાવાદ-૯.

પ્રદાનની રકમ : રૂ. ૧૫,૦૦૦ + (રૂ. ૧૫૦૦ ૧૯૮૯-૯૦ના વર્ષ માટે)

દાનનો પ્રકાર : એક સુવર્ણમંડિત ચંદ્રક

દાનનો સ્વીકાર :

નિયમો :

૧. "શ્રી વાસુદેવ પ્રાણશંકર મહેતા ચંદ્રક" : આ યુનિવર્સિટીના એમ.પી.ઈ. માર્ચ-એપ્રિલની પરીક્ષામાં બેઠેલ વિદ્યાર્થીઓ પૈકી પ્રથમ પ્રયત્ને સૌથી વધુ ગુણ મેળવી પ્રથમ નંબરે ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને એનાયત કરવામાં આવશે.

૨. સદરહુ ચંદ્રક એનાયત કરવા અંગેની શરતોમાં ગુજરાત યુનિવર્સિટીની એકિઝકયુટિવ કાઉન્સિલને વખતોવખત કોઈ શરત ઉમેરવાનું કે તેમાં ફેરફાર કરવાનું આવશ્યક જણાશે તો તેમ કરવા તેને અધિકાર રહેશે.

૩. ચંદ્રક વિજેતાનું નામ જે તે પરીક્ષાના પરિણામ વખતે શકય હશે ત્યાં સુધી પદવીદાન સમારંભ વખતે એનાયત કરવામાં આવશે, તેમ જ પ્રતિવર્ષ દાતાને જાણ કરવામાં આવશે.

૪. ચંદ્રક એનાયત કરવામાં વિજેતાની જાત, જ્ઞાત કે વર્ગનો ભેદ ગણવામાં આવશે નહીં.

૫. આ સગવતની વાર્ષિક આવકમાંથી પાંચ ટકા કપાત યુનિવર્સિટીના જનરલ ફંડમાં લેવામાં આવશે.

૬. આ સગવતની વાર્ષિક આવકની બચત રહે તે મૂળ રકમમાં ઉમેરવામાં આવશે.

પરિશિષ્ટ " ૮ "

કામકાજ ક્રમાંક ૩૮

બાંધકામ સમિતિની એક સભા તા. ૨૧--૨--૧૯૯૦ ને બુધવારના રોજ બપોરે ૪ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી, જેમાં નીચેના સભ્યો હાજર હતા :

ક્રમ	સભ્યનું નામ	તા. ૨૧-૨-૧૯૯૦
૧.	કુલપતિશ્રી	હાજર
૨.	ઉપકુલપતિશ્રી	ગેરહાજર
૩.	ડૉ. વી. જે. મિસ્ત્રી	હાજર
૪.	શ્રી. આર. એલ. ગોરડિયા	હાજર
૫.	આચાર્ય આર. એચ. બ્યાસ	હાજર
૬.	શ્રી. એચ. એમ. દેસાઈ	ગેરહાજર
૭.	શ્રી. એમ. સી. શાહ	ગેરહાજર.

૧. ગઈ તા. ૨૦--૧૨--૧૯૮૯ના રોજ મળેલ સભાની કાર્યનોંધ મંજૂર કરવા બાબત.

બાંધકામ સમિતિની તા. ૨૦--૧૨--૧૯૮૯ની સભાની કાર્યવાહી મંજૂર કરવામાં આવી અને તે ઉપર કુલપતિશ્રીએ સહી કરી.

૨. યુનિવર્સિટી ગ્રંથાલયના ધાબા પર વૉટર પ્રૂફિંગના કામ માટે આવેલાં ટેન્ડર્સ અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી ગ્રંથાલયના ધાબા પર વૉટર પ્રૂફિંગના કામ માટે આવેલાં ટેન્ડરો પૈકી સૌથી ઓછા અને વાજબી ભાવ ભરનાર પેઢી મે. દ્વારકેશ એન્ટરપ્રાઈસીસનું રૂ. ૪૦--૫૦ દર ચો. મીટરના ભાવવાળું રૂ. ૧૧,૩૪૦ (અંકે રૂપિયા અગિયાર હજાર ત્રણસો ચાલીસ પૂરા)ની કિંમતનું ટેન્ડર મંજૂર કરવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૩. લેડીઝ હૉસ્ટેલ કમ્પાઉન્ડ વૉલ બનાવવા માટે વિચારણા કરવા બાબત.

આ માટે કાર્યપાલક ઈજનેર (આર. ઍન્ડ બી.)ના રૂ. ૨,૪૨,૭૦૦નો અંદાજ આવેલો છે. દીવાલની આશરે ૨૪૦ મીટર (૧૩૯૦ ફૂટ) લંબાઈની હાલની તારની વાડ કાઢીને તેની જગ્યાએ ૯" જાડી ચણતરની દીવાલ પાયા સહિત કરવાની છે. તે દીવાલમાં ૮ ફૂટના સેન્ટર પર ૧૪"ના ચણતરના પિલર કરવાના અને હાલની ફેન્સિંગ દીવાલ પર ફિટ કરવાની છે. દીવાલના ટોપમાં કાચના ટુકડા સિમેન્ટમાં ફિટ કરવાના છે.

ડિપોઝિટ વર્કની સ્કીમ નીચે આ કામ પેટે ઉપરની રકમ આર ઍન્ડ બી માં જમા કરવાની છે.

આથી ઠરાવવામાં આવે છે કે લેડીઝ હૉસ્ટેલના કમ્પાઉન્ડમાં હાલની તારની વાડ કાઢીને તેની જગ્યાએ (૯) નવ ઊંચ જાડી ચણતરની દીવાલ પાયા સહિત કરવાની અને તે દીવાલમાં આઠ ફૂટ સેન્ટર પર (૧૪) ચૌદ ઇંચના ચણતરના પિલર કરવાના અને હાલની ફેન્સિંગ દીવાલ પર ફિટ કરવાની તથા દીવાલના ટોપમાં કાચના ટુકડા સિમેન્ટ વડે સજ્જડ ફિટ કરવા અંગેના કામનો રાજ્ય સરકારશ્રીના કાર્યપાલક ઇજનેરશ્રી, રસ્તા અને મકાન વિભાગનો રૂ. ૨,૪૨,૭૦૦ (બે લાખ બેંતાલીસ હજાર સાતસો પૂરા)નો મળેલો અંદાજ મંજૂર કરવા અને તે મુજબ સદરહુ દીવાલના બાંધકામનું કામ સોંપવા એકિઝક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૪. યુનિવર્સિટી કેમ્પસમાં ઓ. કે. સ્કૂલથી કુલપતિશ્રીના બંગલે થઈને શોપિંગ સેન્ટર સુધીનો રસ્તો તૂટી ગયો છે. તે રસ્તાને રિકાર્પેટિંગ કરવા અંગે શ્રી. શરદ પટેલના તા. ૨--૨--૧૯૯૦ના પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ કામ માટે અમદાવાદ એજ્યુકેશન સોસાયટીના સેક્રેટરી શ્રી. પંડ્યાને રૂબરૂ બોલાવી ચર્ચા કરવાનું રાખવું.

૫. નવા પ્રોજેક્ટના બાંધકામ માટે સ્ટ્રક્ચરલ એન્જિનિયરિંગનું કામ જે તે સ્થપતિને સોંપવા અંગે વિચારણા કરવા બાબત :

૧. જિયોલોજીનું મકાન	સ્થપતિ, હસમુખ પટેલ
૨. લાઈબ્રેરી સાયન્સ	હસમુખ પટેલ
૩. કેન્ટીન (સાયન્સ)	તલાટી
૪. કૉમ્પ્યુટર (નવું મકાન)	હસમુખ પટેલ
૫. ઝૂલોજી ડિપાર્ટમેન્ટનું જિનેટિક સેન્ટર	સ્થપતિ, હસમુખ પટેલ
૬. સેમિનાર હૉલનું વિકાસ બાંધકામ	

માટેનું સ્ટ્રક્ચરલ એન્જિનિયરિંગનું કામ તે જ કામના સ્થપતિને સોંપવા વાસ્તે નીચે મુજબની ભલામણ એકિઝક્યુટિવ કાઉન્સિલને કરવી :

મકાન	સ્થપતિનું નામ
૧. જિયોલોજીનું મકાન	એટેલિયર તલાટી
૨. લાઇબ્રેરીનું મકાન-સાયન્સ ડિપાર્ટમેન્ટ	શ્રી. હસમુખ સી. પટેલ
૩. કેન્ટીનનું મકાન ,, ,	એટેલિયર તલાટી
૪. કૉમ્પ્યુટરનું નવું મકાન	શ્રી. હસમુખ સી. પટેલ
૫. ઝૂલોજી ડિપાર્ટમેન્ટનું જિનેટિક સેન્ટર (ક્લિનિક))	શ્રી. હસમુખ સી. પટેલ
૬. સેમિનાર હૉલનું વિકાસ બાંધકામ (ઝૂલોજી ડિપાર્ટમેન્ટ માટે)	શ્રી. હસમુખ સી. પટેલ

આ પ્રોજેક્ટ માટે આર.સી.સી.ના બાંધકામના ખર્ચ ઉપર ત્રણ ટકાનું મહેનતાણું પણ જે તે સ્થપતિને આપવા માટે એકિઝક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૬. વિદ્યાર્થીઓના તથા વિદ્યાર્થિનીઓના છાત્રાલયના નવા બ્લોકનું બાંધકામ સ્થપતિ મે. ઓન. કોર્પો ઍન્ડ બલ્લાને આપેલ છે. તેઓએ હજુ સુધી પ્લાન આપેલ નથી તે અંગે વિચારણા કરવા બાબત.

(અ) આથી ઠરાવવામાં આવે છે કે બાંધકામ માટેના સ્થપતિની પેનલ પર સ્થપતિ તરીકે ડૉકટર ઍન્ડ ઍસોસિયેટ્સને રાખવા માટે તથા બાંધકામના કુલ ખર્ચ ઉપર ત્રણ ટકા મુજબનું મહેનતાણું આપવા માટે નક્કી કરવા ઍક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

(બ) આથી ઠરાવવામાં આવે છે કે વિદ્યાર્થીઓ તથા વિદ્યાર્થિનીઓના છાત્રાલયનું કામ સ્થપતિ મે. ઓન. કોર્પો ઍન્ડ બલ્લાને આપેલ છે તે રદ કરવું અને આ બંને છાત્રાલયનું કામ મે. ડૉકટર ઍન્ડ ઍસોસિયેટ્સને સોંપવા માટે ઍક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

[**નોંધ.**—આ બંને ઠરાવના સમયે બાંધકામ સમિતિના સભ્ય ડૉ. વી. જે. મિશ્રો સભામાં હાજર ન હતા.]

૭. યુનિવર્સિટીનાં મકાન, લાઈબ્રેરી તથા ભવનોના કમ્પાઉન્ડની આસપાસ કમ્પાઉન્ડ વૉલ કરવા અંગેના લે-આઉટ પ્લાન અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીનાં મકાન, ભવનો તથા લાઈબ્રેરીના કમ્પાઉન્ડની આસપાસ દીવાલ બાંધકામ કરાવવાના કામ માટે લાલ સ્ટેટ બૅન્ક તથા કૉમર્સ કૂલના કમ્પાઉન્ડની દીવાલ છે તે મુજબની ચારેતરમાં ગેપ રહે તે રીતની દીવાલના બાંધકામ માટે ટેન્ડરો મંગાવવા ઍક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૮. લેડીઝ હૉસ્ટેલનું બાંધકામ કરનાર મે. વિનોદ કન્સ્ટ્રકશન કુંએ તા. ૧૮-૨-૭૬ના પત્રથી જણાવ્યા મુજબ તેઓ આ કામ આગળ કરી શકે તેમ નથી તે બાબત અંગેના આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આગામી કમિટીની સભામાં આ કામના કૉન્ટ્રાક્ટને મુલતવી રાખવા.

૯. સિન્ડર ટ્રેક પર ચેન્જિંગ રૂમ્સ બનાવવા બાબતે રાજ્ય સરકારના કાર્યપાલક ઈજનેરશ્રીનો રૂપિયા ૯૦,૨૦૦નો અંદાજ આવેલ તે બાબતે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—રમતગમતના મેદાન પર હાલ વિદ્યાર્થીઓ માટે આવી કોઈ સુવિધા નથી તેથી બે ટૉઈલેટ બ્લોક બાંધવા માટેના પ્રસ્તાવ છે, જેથી વિદ્યાર્થીઓને તથા વિદ્યાર્થિનીઓને રમતગમત દરમિયાન આ સુવિધા પ્રાપ્ત થઈ શકે. આ ખર્ચ ટી.પી.ઈ., સ્પોર્ટસ ખાતે રૂ. ૪૬,૨૪૨ જમા છે, તે ખાતે પડશે.]

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડર ટ્રેક પાસે રમતગમતના મેદાન પર વિદ્યાર્થીઓ તથા વિદ્યાર્થિનીઓ માટે બે ટૉઈલેટ બ્લોક બાંધવા માટે રાજ્ય સરકારશ્રીના કાર્યપાલક એન્જિનિયર (R. & B.)ના રૂ. ૯૦,૨૦૦નો અંદાજ મંજૂર કરવા તથા સદરહુ કામગીરી તેઓને સોંપવા ઍક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૧૦. યુનિવર્સિટી કેમ્પસમાં ક્રિકેટ પેવેલિયનના બાંધકામ માટે રૂ. ૩,૬૩,૦૦૦ના અંદાજ તથા પ્લાન બાબતે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—રાજ્ય સરકારના (આર. ઍન્ડ બી.)ના દર પ્રમાણે અંદાજ તૈયાર કરેલો છે. આ બાંધકામ હાલ સિન્ડર ટ્રેક છે તેની પશ્ચિમે બાંધવા માટેનો પ્રસ્તાવ છે. આ પ્રોજેક્ટ સ્થપતિ શ્રી. એચ. જે. પુરાણીએ તૈયાર કરેલો છે.]

આથી ઠરાવવામાં આવે છે કે ક્રિકેટ પેવેલિયનના પ્લાન એસ્ટિમેટ સુપ્રિ. એન્જિનિયર શ્રી. આર. એચ. ગોરડિયાને બતાવીને આગામી સભાગૃહ સમક્ષ રજૂ કરવાનું રાખવું.

૧૧. કેમિસ્ટ્રી ડિપાર્ટમેન્ટમાં સ્ટોર માટે વરંડો પેરાપેટ તથા ગ્રીલ કરીને બંધ કરવાના પ્રસ્તાવ તારીખ ૨૦-૧૨-૧૯૮૯ના રોજ થયેલ છે. હવે આ માટે સ્ટીલ ગ્રીલનું કામ સ્ટાફ ક્વાર્ટર્સમાં રાજ્ય સરકારના બાંધકામ ખાતાએ મે. ભારત એન્જિનિયરિંગ વર્કસ પાસે કરાવેલ છે તે જ નીચે મુજબના ભાવે સ્ટીલ ગ્રીલ તથા ગ્રીલ ડોરનું કામ મંજૂર કરવા બાબત :

	ભાવ રૂ.	કિંમત રૂ.
સ્ટીલ ગ્રીલ વરંડાની ૧૨ એમ.એમ. રોડસ સળિયા ૨૩ ચો. મીટર	૩૪૩ ચો. મીટર	૭,૮૨૦
સ્ટીલ ગ્રીલ ડોર ૧૨ એમ.એમ. રોડસ સળિયા ૩ તથા એંગલો ફિટ કરવા સહિત	દરાય ચો. મીટર	૧,૬૬૧
		રૂ. ૯,૪૮૧

આથી ઠરાવવામાં આવે છે કે કેમિસ્ટ્રી ડિપાર્ટમેન્ટમાં સ્ટોર બનાવવા માટે વરંડો ચાલુતરની પેરાપેટ ઉપર ગ્રીલ તથા ગ્રીલ ડોર કરીને બંધ કરવાનો પ્રસ્તાવ તા. ૨૦-૧૨-૧૯૮૯ની બાંધકામ સમિતિમાં મંજૂર થયેલો છે, તો હવે આ સ્ટીલ ગ્રીલનું કામ કાર્યપાલક એન્જિનિયર (R. & B.)ના અંદાજમાં દર્શાવેલ સ્ટાફ ક્વાર્ટર્સમાં કરેલી ગ્રીલના ભાવે મે. ભારત એન્જિનિયરિંગ વર્કસમાં નીચે પ્રમાણેના ભાવ મંજૂર કરવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

વરંડાની સ્ટીલ ગ્રીલ	જથ્થો	ભાવ રૂ.	કિંમત રૂ.
૧. ૧૨ એમ.એમ. રોડસ સળિયા તથા એંગલ સહિત (વજન ૧૯.૬૦ કિલો ચો. મીટર દીઠ)	૨૩ ચો. મીટર	૩૪૩ ચો. મીટર	૭,૮૨૦
૨. ગ્રીલ ડોર ૧૨ એમ.એમ. રોડસ સળિયા તથા એંગલની ફ્રેમ (૩૧.૧૦ કીલો ચો. મીટર દીઠ)	૩ ચો. મીટર	દરાય ચો. મીટર	૧૬૬૧
		કુલ..	૯,૪૮૧

૧૨. કુલપતિશ્રીની પરવાનગીથી નીચેની બાબત રજૂ કરવામાં આવી :

યુનિવર્સિટી કેમ્પસમાં નીચેના રસ્તાના બાંધકામ માટે એક ઈંચ જાડી આસ્ફાલ્ટની કારપેટ કરી રસ્તાનું રીસરફેસિંગ કરવા માટે રાજ્ય સરકારશ્રીના કાર્યપાલક એન્જિનિયરના રૂ. ૨,૮૬,૮૦૦ના એસ્ટિમેટ પરત્વે વિચારણા કરવા બાબત :

(૧) ઓપનએર થિયેટર ગુરુનાનક ભવન

(૨) ઈલેક્ટ્રિક સબસ્ટેશનથી લેક્ચ સેન્ટર

(૩) ઈલેક્ટ્રિક સબસ્ટેશનથી ડી કાઈપ ક્વાર્ટર્સ.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કેમ્પસમાં નીચેના રસ્તાના બાંધકામ માટે એક ઈંચ જાડી આસ્ફાલ્ટની કારપેટ કરી રસ્તાના રીસરફેસિંગ માટે રાજ્ય સરકારશ્રીના કાર્યપાલક એન્જિનિયર (R. & B.) તરફથી આવેલો રૂ. ૨,૮૬,૮૦૦ (અંકે રૂપિયા બે લાખ છ્યાસી હજાર આઠસો પૂરા)ના અંદાજ મંજૂર કરવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

(૧) ઓપનએર થિયેટર થી ગુરુનાનક ભવન (ઈ.એમ.આર.સી.)

(૨) ઈલેક્ટ્રિક સબસ્ટેશનથી થી ગેસ્ટ હાઉસ થઈને લેક્ચ સેન્ટર

(૩) ઈલેક્ટ્રિક સબસ્ટેશન થી ડી કાઈપ સ્ટાફ ક્વાર્ટર્સ સુધી.

ત્યાર બાદ સભાનું કામ પૂર્ણ થયું હતું.

કુલસચિવ વતી
પી. જી. મિશ્રી

પરિશિષ્ટ '૯'
ક્રમાંક ૩૮

Kasturben Kanaiyalal Charity Trust,
'Malkans' Near Polytechnic,
Ahmedabad-380 015.

Dr. M. N. Desai,
Vice-Chancellor,
Gujarat University, Navrangpura,
Ahmedabad-380 009.

Dear Sir,

Gujarat University has plans to start a Post-Graduate Centre for Environmental Science and Life Sciences. In this regard, both you and Dr. Biharilal Kanaiyalal had detailed discussion and also had personally visited the site on which the building for this Centre is to be built. As a result of this discussion, we hereby make the following offer:

1. The members of the Family of Shri Kanaiyalal Motilal, the Charitable Trusts managed by the family members of Shri Kanaiyalal Motilal, Trusts of the Companies managed by the family members of Shri Kanaiyalal Motilal Trust and associates in general and Smt. Kasturben Kanaiyalal Charity Trust, K. M. Charitable Trust, Sheth Kanaiyalal Charitable Trust in particular will construct this building as per the requirements of the University as mentioned in the Annexure 'A' attached herewith (*Not Printed*).
2. The building will be at the site mutually agreed upon, near the Zoology Building marked on the map as shown in the Annexure 'B' (*Not Printed*).
3. The plan of the building will be prepared by a competent architect engaged by us and the same will be shown to you and approved by your goodself.
4. The building, barring circumstances beyond control, will be ready for use for the Semister beginning from July, 1991.
5. We will also provide necessary furniture for the Seminar Room

6. All Laboratory Equipments and Library requirements will be provided by the University.

7. All recurring and working expenditure will be undertaken by the University, we the Trusts will have no such liability. Our responsibility is limited to providing the building and furniture of the Seminar Room for the Centre. Everything else is to be provided by the University.

8. In future, if the building is extended either horizontally or vertically, no other name will be given to the building or part of the building or the Centre except as mentioned in Para No. 9 Just below.

9. The name of the Centre will be 'KASTURBEN KANAIYALAL CENTRE FOR ENVIRONMENTAL SCIENCE AND LIFE SCILNCES'. The building will always bear this name prominently at appropriate place.

Our offer as our contribution to the Centre as mentioned above be kindly considered by your goodself. We will be happy to receive your kind consent to the same.

With regards,

Yours very truly,

For Kasturben Kanaiyalal Charity Trust

Sd/- **Bihari Kanaiyalal** (Trustee)

પરિશિષ્ટ "૧૦"
કામકોજ ક્રમાંક ૪૩

Prof. S. K. Khanna
Ph.D. (Engg.) FIE, FNASC., FNAE
Secretary
D.O No F. 2-5 83 (SA-1)

University Grants Commission,
Bahadurshah Zafar Marg,
New Delhi–110 002.

February, 15, 1990.

Dear Vice-Chancellor

As you are aware that University Grants Commission has a scheme of placement of Research Scientists in the Indian Universities in Science, Engineering, Technology and Humanities including Social Sciences. These Research Scientists are selected by U.G.C. and are placed in catagories of A, B & C equivalent to Lecturer, Reader and Professor. Research Scientists are placed in the Universities according to their own choice. The Commission has decided that it would be necessary for the University departments who are receiving Special Assistance from the Commission under COSTST / CAS / DSA schemes to accept the placement of U.G.C. Research Scientists in these department and extend to them all facilities. Accordingly it has been decided that the terms and conditions for these schemes be modified. You may kindly take note of this decision of the Commission.

With best wishes,

Yours Sincerely,
S. K. Khanna

Prof. M. N. Desai,
Vice-Chancellor,
Gujarat University,
Ahmedabad-380009.

પરિશિષ્ટ "૧૧"

કામકાજ ક્રમાંક ૪૪

યુનિવર્સિટીમાં માર્ચ-એપ્રિલ-મે ઉપરાંત ઓક્ટોબર--નવેમ્બરમાં બે જુદી જુદી પરીક્ષાઓ લેવાય છે તે પરીક્ષાઓની ઉત્તરવહીઓના મૂલ્યાંકન માટે બે પદ્ધતિ અખત્યાર કરવામાં આવે છે : (૧) ઉત્તરવહીઓ પરીક્ષકને ઘેર મોકલીને અને (૨) પરીક્ષકોને યુનિવર્સિટીના કેમ્પસ ઉપર બોલાવી મધ્યસ્થ મૂલ્યાંકન પદ્ધતિથી ઉત્તરવહીઓ તપાસડાવવાની—આમ બે પદ્ધતિઓ છે. દરમિયાન ખાસ કરીને મોટી પરીક્ષાઓ જેવી કે વિનયન, વિજ્ઞાન, વાણિજ્ય, બી.એડ. અને સ્નાતક તથા અનુસ્નાતક કક્ષાની તમામ પરીક્ષાઓમાં હવે મધ્યસ્થ મૂલ્યાંકન પદ્ધતિ અખત્યાર કરવામાં આવી છે. અન્ય બીજી લૉ અને ફાર્મસીની પરીક્ષાઓમાં પણ હવે તબક્કાવાર મધ્યસ્થ મૂલ્યાંકન પદ્ધતિ અખત્યાર કરવાનું શરૂ કર્યું છે. તેવા સંજોગોમાં આ મધ્યસ્થ મૂલ્યાંકન વ્યવસ્થિત રીતે થાય અને તેના સર્વસ્વીકાર્ય નિયમો તૈયાર થાય તે માટે બલામણ કરવા કુલપતિશ્રીએ એક સમિતિની રચના કરી હતી, જેમાં નીચેના સભ્યોની સમિતિ નીમી હતી, જેની બે બેઠકો થઈ હતી. તેમાં હાજર રહેલા સભ્યોની વિગતો નીચે પ્રમાણે આપવામાં આવી છે :

ક્રમ	સભ્યનું નામ	પ્રથમ બેઠક તા. ૧૮-૯-૧૯૮૯	બીજી બેઠક તા. ૨૫-૯-૧૯૮૯
૧.	ઉપકુલપતિશ્રી	હાજર	હાજર
૨.	ડૉ. પી. સી. શાહ	હાજર	હાજર
૩.	પ્રો. એચ. કે. ત્રિવેદી	હાજર	હાજર
૪.	પ્રિ. આર. એચ. વ્યાસ	હાજર	હાજર
૫.	શ્રી. આર. એ. ત્રિવેદી	હાજર	હાજર
૬.	શ્રી. સુરેશભાઈ શુક્લ	હાજર	ગેરહાજર
૭.	શ્રી. વાડીભાઈ પટેલ	હાજર	હાજર
૮.	પ્રો. એ. આર. શાહ	ગેરહાજર	હાજર
૯.	શ્રી. કનુભાઈ શાહ	હાજર	હાજર
૧૦.	ડૉ. સી. બી. શાહ	હાજર	ગેરહાજર
૧૧.	શ્રી. બી. ટી. પટેલ	હાજર	હાજર
૧૨.	શ્રી. શંકરભાઈ પટેલ	હાજર	હાજર
૧૩.	ડૉ. એસ. જી. દેસાઈ	હાજર	હાજર
૧૪.	ડૉ. સી. આર. ચોરા	ગેરહાજર	ગેરહાજર
૧૫.	મિસ એન. જે. વિનોય	હાજર	હાજર.

૧. **મધ્યસ્થ મૂલ્યાંકન માટેની યોજના :** (૧) **મુખ્ય સંયોજક.** મધ્યસ્થ મૂલ્યાંકન માટે જે તે પરીક્ષાનાં સ્થળ નક્કી થયા પછી તે માટે એક મુખ્ય સંયોજક (ચીફ-ઑર્ગેનાઇઝર)ની નિમણૂક યુનિવર્સિટી કરશે અને મુખ્ય સંયોજક તેમના કેન્દ્ર ઉપર જે તે પરીક્ષાઓનું મૂલ્યાંકન કરવાનું નક્કી કરવામાં આવ્યું હશે તેના સંપૂર્ણ ચાર્જમાં રહેશે અને તેમણે નીચે પ્રમાણેનાં કામગીરી કરવાની રહેશે :

(ક) આ સંયોજકને કઈ પરીક્ષા અથવા પરીક્ષાઓનું મૂલ્યાંકન સોંપવામાં આવ્યું છે અને તેમાં કેટલા મૂલ્યાંકનકારો મૂલ્યાંકન માટે તબક્કાવાર આવશે તેના એક કાર્યક્રમ યુનિવર્સિટી તેમને મોકલશે. આ કાર્યક્રમ સામાન્ય રીતે જે તે પરીક્ષા શરૂ થાય તેના આગળ દિવસ પહેલાં મોકલી આપવામાં આવશે.

(ખ) સામાન્ય રીતે જે દિવસે પરીક્ષા શરૂ થવાની હશે તેના ત્રણ દિવસ અગાઉ યુનિવર્સિટી તરફથી સ્ટેશનરી, કાપલીઓ (જ્યાં આ પ્રથા રાખવાની હોય ત્યાં) વગેરે તેમને મોકલાશે. આમ છતાં, કોઈ વસ્તુ આ કાર્ય માટે ખરીદવાની તાત્કાલિક જરૂરિયાત ઊભી થાય તો તે ખરીદવા માટે યુનિવર્સિટીના નિયમાનુસાર મુખ્ય સંયોજક ખરીદી કરી શકશે.

(ગ) દરરોજ સાંજે કેન્દ્રપર જે પાર્સલો આવે તે તેમણે તેમના હાથ નીચે નીમવા કર્મચારીની મદદથી સ્વીકારવાનાં રહેશે, અને આ ઉત્તરવહીઓનાં પાર્સલો જે તે સ્થળે રાખેલ સ્ટ્રોંગ રૂમમાં તેમના કબજા હેઠળ રાખવાનાં રહેશે. જે સ્ટ્રોંગ રૂમમાં આ ઉત્તરવહીઓ પડી હશે તેની ચાવી સામાન્ય રીતે માત્ર મુખ્ય સંયોજક અથવા તેમણે અધિકૃત કરેલ વ્યક્તિ પાસે જ રહેશે. જે કેન્દ્રો પર ઉત્તરવહીઓ સ્વીકારવાનું નક્કી કરવામાં આવ્યું હોય તે સ્થળે ઉત્તરવહીઓ સ્વીકારવાની વ્યવસ્થા સામાન્ય રીતે રાતના ૧૨ વાગ્યા સુધી કરવામાં આવશે. (૧૨ વાગ્યા સમયમાં પણ જો કોઈ ગાડી આવવાની બાકી હોય તો તે માટે જરૂરિયાત મુજબ મુખ્ય સંયોજક વ્યવસ્થા કરશે.)

(ચ) મૂલ્યાંકનનો સમય સામાન્ય રીતે રોજ સવારના દશ કલાકના ૫ કલાક સુધીનો રહેશે અથવા જે તે કેન્દ્રની અનુકૂળના પ્રમાણે રહેશે, પરંતુ દરેક મૂલ્યાંકનકાર માટે કુલ કામના કલાકો ઓછામાં ઓછા ચાર કલાક રહે તે જોવું અને જે સમય રાખવામાં આવે તેની જાણ પરીક્ષા નિયામકને કરવાની રહેશે. એક મૂલ્યાંકનકાર દ્વારા કુલ ૫૦થી ઉપરના ગુણવાળી ઓછામાં ઓછી ૪૦થી ૫૦ ઉત્તરવહીઓ સામાન્ય રીતે તપાસવાની રહેશે. (કોઈ પણ સંજોગોમાં એક જ દિવસે ૫૦થી વધુ નહિ અને ૪૦થી ઓછી નહિ તેટલી ઉત્તરવહીઓ તપાસવાનું રાખવાનું રહેશે.) જો પેપર બે વિભાગમાં એટલે કે ૫૦-૫૦ ગુણ કે તેથી ઓછા ગુણમાં વહેંચાયેલું હોય તો તે ઉત્તરવહીઓ તપાસવાની સંખ્યામાં તે રીતે ગણતરી થશે. કોઈ પણ સંજોગોમાં મૂલ્યાંકનનું કાર્ય મધ્યસ્થ મૂલ્યાંકન માટે નક્કી કરાયેલ સ્થળ ઉપર મુખ્ય સંયોજકે નક્કી કરેલ જગ્યાએ કરવાનું રહેશે. પ્રથમ બે દિવસ આ સંખ્યામાં ઓછામાં ઓછી ઉત્તરવહી તપાસવાની મર્યાદામાં છૂટછાટ મુખ્ય સંયોજક સંજોગોને અનુકૂળ રહીને આપશે.

(છ) મધ્યસ્થ મૂલ્યાંકનની કામગીરીમાં રોકાયેલ વ્યક્તિઓ, મૂલ્યાંકનકારો, કાયમી મૂલ્યાંકનકારો અને કેન્દ્રના બીજા સ્ટાફ વગેરેને ઓળખપત્રો સંયોજકના સહી-સિક્કાવાળાં આપવાનાં રહેશે. આ ઓળખપત્ર હોય તે સિવાયની કોઈ પણ વ્યક્તિને મૂલ્યાંકન કેન્દ્ર પર દાખલ થવા દેવાનો અધિકાર રહેશે નહિ. કોઈ પણ મૂલ્યાંકનકારે તેમને આપેલી ઉત્તરવહીનો કોઈ પૂરો તપાસી પરત કર્યા સિવાય મધ્યસ્થ મૂલ્યાંકન માટે નક્કી કરાયેલ જગ્યા કોઈ પણ સંજોગોમાં છોડવાનો રહેશે નહિ.

(૮) મૂલ્યાંકનની ગુણવત્તા માટે કોઈપણ સ્ટાફ તથા મૂલ્યાંકનકાર, કોષ્ટક મૂલ્યાંકનકાર વગેરે માટે ઓનરેરિયમ ચૂકવવાનો રહેશે. અને તે ઓનરેરિયમપત્રકમાં દરેક મુખ્ય સંયોજકે સહી કરવાની રહેશે. કોર્સનો સમય, આપવાનો સમય, લેવાનો સમય વગેરેની નોંધ ઓનરેરિયમપત્રકમાં દરેક મૂલ્યાંકનકારે અને કોષ્ટક મૂલ્યાંકનકારે નોંધવાની રહેશે.

૨. મુખ્ય સંયોજકશ્રીને, તેમની મદદ માટે નીચે પ્રમાણે વધારાનો સ્ટાફ આપવામાં આવશે.

(૧) મદદનીશ સંયોજક : વિષય અથવા વિષયોદીઠ એક (સંખ્યાને અનુરૂપ મુખ્ય સંયોજકની સલાહમાનુસાર આચાર્ય કુલપતિશ્રીની મંજૂરીથી વિષયદીઠ એક અથવા બે કે ત્રણ વિષયોદીઠ એક મદદનીશ સંયોજકની નિમણૂક અંગે નિર્ણય લેવામાં આવશે.)

(૨) વધારાનો મદદનીશ : ૧૫૦૦ વિદ્યાર્થીદીઠ એક ઓછામાં ઓછા એક.

(૩) પટાવાળા : ૧૫૦૦ વિદ્યાર્થીદીઠ એક (ઓછામાં ઓછા એક વત્તા દરેક ૧૫૦૦ વિદ્યાર્થી દીઠ એક વધારાના એક પટાવાળા વધુમાં વધુ ૧૦)

(૪) પાણી પીવડાવનાર : ૬૦ પરીક્ષકદીઠ એક

(૫) સફાઈ કામદાર : એક

(૬) ચોકીદાર : એક.

ઉપરના સ્ટાફ ઉપરાંત જ્યાં ઉત્તરવહીઓ ઉપર ફુવિકેલથી બ્રાઉન પેપરની કાપલીઓ જે પરીક્ષામાં ચોંટાડવાનું બાકી રહ્યું હોય તે પરીક્ષામાં ૧૦૦ ઉત્તરવહીદીઠ (પુરવણી સહિતની) રૂ. ૧ આપવામાં આવશે, તે ઉપરની કાપલીઓ ઉખાડવા માટે ૧૦૦ ઉત્તરવહીદીઠ રૂ. ૨ મુખ્ય સંયોજકને આપવામાં આવશે. આ માટેના જરૂરી સ્ટાફ મુખ્ય સંયોજકે પોતે, પરીક્ષા ચાલુ હોય ત્યારે પાસ ન હોય તેવી વ્યક્તિઓને નીમવાની રહેશે.

આ ઉપરાંત ઉત્તરવહીઓનો નંબર પ્રમાણે હોય તેનો મિલાન કરવા માટે તથા મૂલ્યાંકન આઠ નંબરો પ્રમાણે ૧૦૦ ૧૦૦ના ઢગલા ઉપર ગોઠવવા માટે ૧૦૦ ઉત્તરવહીદીઠ રૂ. ૩ આપવામાં આવશે, અન્ય સ્ટાફના માનદવેતનોના દર નીચે પ્રમાણે રહેશે :

મુખ્ય સંયોજકશ્રી	રૂ. ૬૦ એક દિવસના + કન્વેયન્સ
મદદનીશ સંયોજકશ્રી	રૂ. ૫૦ ,, ,, + કન્વેયન્સ
વધારાનો મદદનીશ	રૂ. ૩૦ ,, ,,
પટાવાળા	રૂ. ૨૦ ,, ,,
પાણી પીવડાવનાર	રૂ. ૧૫ ,, ,,
સફાઈ કામદાર	રૂ. ૨૦ ,, ,,
ચોકીદાર	યુનિવર્સિટી નિયમ મુજબ.

૩. દરેકજ સાંજે ઉત્તરવહીઓ પહોંચી આવી ગયા પછી તેમાંથી નીકળતા નિરીક્ષકના હવાલા સાથે ઉત્તરવહીઓના બેઠક નંબરોની ખરેખર ચકાસણી કરવી. આ માટે ઉત્તરવહીના હિસાબનું એક રજિસ્ટર રાખવું અને રજિસ્ટરમાં કેન્દ્રવાર પ્રાપ્ત થયેલ ઉત્તરવહીઓની સંખ્યા નોંધવી, નિરીક્ષકના હવાલામાં અને મળેલ ઉત્તરવહીઓમાં કોઈ ફેરફાર લાગે તો તેની જાણ તાત્કાલિક યુનિવર્સિટીને અને જે તે પરીક્ષાના સેન્ટરને કરવી.

૪. જ્યાં કાગળીઓ સગાવવાની છે ત્યાં દરેક ઉત્તરવહી, પુરવણી, ગ્રાફ ઓબ્જેક્ટીવ પેપર વગેરે પર યુનિવર્સિટીઓ મોકલેલ બ્રાઉન પેપરની કાપલી ફેવિકોલથી લગાવવી. વિદ્યાર્થીના બેઠક નંબર, કેન્દ્ર અને સુપરવાઈઝરની સાદી કંકાઈ જાય તે રીતે કાપલી લગાવવી, કાપલીના ચારે ખૂણા અને ચાર બાજુ પર વચ્ચે ત્રણ-ત્રણ ટપકાં કરીને ચોંટાડવાની રહેશે જેથી મૂલ્યાંકન કાર્ય પૂરું થયા બાદ તેના બેઠક નંબરને આંચ ન આવે તે રીતે ફાડી શકાય. આ કામ વ્યવસ્થિત રીતે થઈ શકે તે માટે સાથેના નમૂના પ્રમાણેની ઉત્તરવહીનો પ્રથમ નાનો કાંચો સાચવો. આવી ઉત્તરવહીઓ ૨૪ પાનાંની રાખવી.

૫. જ્યાં કાપલી લગાડવાની ના હોય ત્યાં ઉત્તરવહીઓને કાપલી લગાડવા પહેલાં નંબર પ્રમાણે કે કેન્દ્ર પ્રમાણે ન રાખતાં ભેળસેળ કરવી જેથી મૂલ્યાંકનકારને જુદા જુદા કેન્દ્રની ઉત્તરવહીઓ તપાસવા મળી શકે.

૬. દરેક પરીક્ષકોની સંખ્યાને અનુરૂપ પરીક્ષકોને ૨૦-૨૦નાં બંડલો સાથે ઉત્તરવહી તપાસવા આપવી અને ૨૦ ઉત્તરવહી પરત કરે પછી બીજી ૨૦ ઉત્તરવહી આપવી. દરેક કયા પરીક્ષકને કેટલી ઉત્તરવહી આપી છે તેની નોંધ સાથેના પત્રકમાં રાખવી અને તે પરત કરતી વખતે તે જ પત્રકમાં તેની નોંધ કરવી.

૭. ઉપર પ્રમાણે પરીક્ષકોને મૂલ્યાંકન માટે ઉત્તરવહીઓ આપવાની રહેશે અને જ્યાં ખાસ કરીને મોટી પરીક્ષામાં જ્યારે જે તે વિષયની ઉત્તરવહીઓ ભેગી કરી દેવામાં આવે (અનસિરિયલ) ત્યારે એક-એક હજારની સંખ્યામાં કોઈ એક કેન્દ્રની ઉત્તરવહી એક વ્યક્તિને ન આવે, તે રીતે ભેગી કરવાની રહેશે. અને આ રીતે એક-એક ભેગી કરેલી ઉત્તરવહીઓમાંથી પરીક્ષકોને ઉત્તરવહીઓ તપાસવા માટે આપવાની રહેશે. આમ કોઈ એક પરીક્ષક પાસે કોઈ એક કેન્દ્રની કે એક સાથેના સિરિયલ નંબરવાળી ઉત્તરવહી આવવા જશે નહિ. પરીક્ષકો પોતાની રીતે જે અનસિરિયલ ઉત્તરવહીઓ તેમની પાસે છે તેની જ માર્કશીટો બનાવશે. આ માર્કશીટો અને ઉત્તરવહીઓ કો-ઓર્ડિનેટર (સંયોજક) આવ્યા પછી સંયોજકના હાથ નીચેના સ્ટાફની મદદથી તે ૧૦૦૦ ઉત્તરવહીઓ સિરિયલ નંબર પ્રમાણે ગોઠવીને માર્કશીટો જુદી રીતે તૈયાર કરશે. આ રીતે દરેક યુનિટે બનાવેલી માર્કશીટો બીજુ યુનિટ ચેક કરશે અને માર્કસ ઉતાર્યાની અને ચેક કર્યાના મતલબની સાદીઓ મદદનીશ સંયોજક કરશે. જ્યાં કાપલી પ્રથા છે ત્યાં પરીક્ષકને આપેલા કોઈ એક બંચને કોડ નંબર આપવામાં આવશે અને આ કોડ નંબરને મુખ્ય ગણીને કોડ નંબરની સાથે એક, બે, ત્રણ, ચાર વગેરે વ્યક્તિગત ઉત્તરવહીને નંબર આપી જે તે પરીક્ષક માર્કશીટ બનાવશે, આ નંબરની સામે વિદ્યાર્થીના અસલ નંબર સંયોજકની હુકરી દ્વારા લખવામાં આવશે.

૮. આ રીતે પરીક્ષકો પોતાની રીઝલ્ટશીટની મીટિંગ અનસિરિયલ માર્કશીટ ઉપરથી કરશે, પરીક્ષકો જ્યારે (અનસિરિયલ) માર્કશીટો બનાવશે ત્યારે જે તે દિવસે કામના અંતે તેમની પાસે જે ઉત્તરવહીઓ તપાસવા માટે આપી હોય તેમાંથી કેટલા વિદ્યાર્થીઓ પાસ થયા અને કેટલા વિદ્યાર્થીઓ નાપાસ થયા તેનું એક કોન્સોલિડેટેડ સ્ટેટમેન્ટ પણ દિવસના અંતે જે તે કો-ઓર્ડિનેટરને આપશે.

ટી. પી. છાયા
પરીક્ષા નિયામક

મુખ્ય સંયોજકશ્રીએ નીચેનાં પત્રકો યુનિવર્સિટીને મોકલવાનાં રહેશે :

૧. કેન્દ્ર નિરીક્ષકના સેવાલની એક નકલ યુનિવર્સિટીને તાત્કાલિક મોકલવાની રહેશે.

૨. સંયોજકશ્રીએ રોસ્ટરોજ તપાસવા માટે આવેલ ઉત્તરવહીઓ તથા પરત આવેલ ઉત્તરવહીઓનું મૂલ્યાંકનવાર પત્રક યુનિવર્સિટીને મોકલવાનું રહેશે.

૩. મૂલ્યાંકનકાર/ક્રોસ મૂલ્યાંકનકારનાં વિષયવાર હાજરીપત્રકોનો એક ફાઈલ કરવાની રહેશે તથા મૂલ્યાંકનને અંતે કયા મૂલ્યાંકનકારે કેટલી ઉત્તરવહીઓ તપાસેલ છે તેનો વિસ્તૃત પત્રકમાં યુનિવર્સિટીને મોકલવાનો રહેશે.

૪. મૂલ્યાંકનકાર ઓછા પડે તો કચેરીમાંથી મુખ્ય સંયોજકને મળેલ વેઈટિંગ લિસ્ટમાં મૂલ્યાંકનકારને તાર કે ટેલિફોનથી બોલાવી લેવાની વ્યવસ્થા મુખ્ય સંયોજક કરશે અને તેની જાણ યુનિવર્સિટીને કરશે.

૫. મુખ્ય સંયોજકની નિમણૂક પરીક્ષા શરૂ થતાં પહેલાં બે દિવસ અગાઉથી અને મૂલ્યાંકન પૂરી થયા પછી બે દિવસ પાછળ સુધી કરવાની રહેશે. તે જ પ્રમાણે મોથી ત્રણ વધારાની મદદનીશની નિમણૂક બે દિવસ અગાઉથી અને બે દિવસ પાછળ કરવાની રહેશે.

૬. વિષયવાર જે પરિણામપત્રક તૈયાર થાય તેની બે નકલો કાર્બન મૂકીને કરવાની રહેશે અને તેમાં જે એન્ટ્રી કરી હોય તેની સામે તથા મદદનીશ સંયોજકે એન્ટ્રી વેરિફાય કરી હોય તેની સામે અને નામ સાથે એક નકલ કોમ્પ્યુટર વિભાગને સાથેના નમૂના પ્રમાણેના ચલણ સાથે અને બીજી મુખ્ય સંયોજકે પોતે તેમની પાસે રાખવાની રહેશે. જે ચલણ દ્વારા કોમ્પ્યુટર વિભાગને પરિણામપત્રક મોકલ્યું હોય તેની એક નકલ ઉપર કોમ્પ્યુટર વિભાગે તે મળ્યા અંગેના સિક્કો ચલણના કાઉન્ટર પર મારી આપવાનો રહેશે.

૭. સંપૂર્ણ મૂલ્યાંકન પૂરું થયા બાદ ઉત્તરવહીઓ જે તે સેન્ટરના સ્ટ્રોંગ રૂમમાં ૧૦૦-૧૦૦ની થોકડીમાં રાખી મોકલવાની રહેશે અને તે બેઠક નંબરના સિરિયલ પ્રમાણે ગોઠવીને રાખવાની રહેશે જેથી રી-એસેસમેન્ટ કે વેરિફિકેશન સમયે તે શોધવામાં તકલીફ પડે નહિ.

૮. મધ્યસ્થ મૂલ્યાંકનની કામગીરી વ્યવસ્થિત રીતે થાય અને જગ્યાની ખેંચ ન પડે તે માટે યુનિવર્સિટીના કોઈ પણ ભવનમાં પરીક્ષાઓ ગોઠવવી નહીં.

૯. મૂલ્યાંકનકાર વ્યવસ્થિત રીતે મૂલ્યાંકન કરી શકે તે માટે તેમને આપવામાં આવતા ફર્નિચરની વ્યવસ્થા વ્યવસ્થિત રીતે થાય તે ખાસ જોવું.

૧૦. દાખલ માત્ર સ્નાતક કક્ષાના અંતિમ વર્ષમાં અને અનુસ્નાતક પરીક્ષાઓમાં જે કાપલીઓ મારવામાં આવે છે તેને બદલે પ્રથમ વર્ષ અને દ્વિતીય વર્ષના મૂલ્યાંકન માટે પણ કાપલીઓ ચોંટીને જ મૂલ્યાંકન થાય તેવી વ્યવસ્થા રાખવી.

૧૧. ઉત્તરવહી કયા પરીક્ષકે તપાસી છે તે જાણી શકાય તે માટે દરેક ઉત્તરવહી પર પરીક્ષકની સહી ઉપરાંત પરીક્ષકનું પૂરું નામ લખાય તેવી વ્યવસ્થા પણ ઉત્તરવહીના પ્રથમ પૃષ્ઠ ઉપર કરવી.

અરવિંદભાઈ શાહ
એન. જે. વિનોય
મનુભાઈ શાહ

પરિશિષ્ટ "૧૨"
કામકાજ ક્રમાંક ૪૧

બોર્ડ ઑફ એકાઉન્ટ્સની એક સભા તા. ૨૮-૨-૧૯૯૦ ને બુધવારના રોજ બપોરના ૩-૩૦ વાગ્યે યુનિવર્સિટી કાર્યાલયમાં ૧૯૮૯-૯૯ વર્ષના હિસાબો માટે મળી હતી. જેમાં સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

૧.	પ્રિ. આર. એચ. વ્યાસ	હાજર
૨.	પ્રિ. સી. બી. રાવલ	હાજર
૩.	શ્રી. ડી. એન. ત્રિવેદી	હાજર

સભાનું પ્રમુખસ્થાન આચાર્ય શ્રી. આર. એચ. વ્યાસે સંભાળ્યું હતું.

આગામી યુનિવર્સિટી કોર્ટ સમક્ષ નીચે પ્રમાણે રિપોર્ટ કરવામાં આવે છે :

(૧) યુનિવર્સિટી દ્વારા લેવામાં આવતી વિવિધ પ્રકારની પરીક્ષાઓનો ખર્ચ દિનપ્રતિદિન વધતો રહ્યો છે તે બાબત જોતાં એમ લાગે છે કે પરીક્ષા ફીમાં વધારો કરવાની બાબત ગંભીર વિચારણા માગી લે છે. આ ઉપરાંત પરીક્ષાઓ અંગેના તમામ ખર્ચાઓ રાજ્ય સરકારે માન્ય રાખીને તે દરેક વર્ષે ખરેખર થયેલ ખર્ચ માન્ય રાખવા માટે સઘન રજૂઆત કરવાની જરૂરિયાત અગ્રિમતા માગી લે છે. આ બાબત પર જરૂરી વિચારણા કરવા સત્તાવાળાઓને ભલામણ કરવામાં આવે છે.

પરીક્ષા ખર્ચ ઘટાડવા માટે કર્મચારીઓને આપવામાં આવતું ઓવરટાઈમ ભથ્થું તેમ જ અન્ય બીજા બિનજરૂરી ખર્ચાઓમાં કાપ મૂકવામાં આવ્યો છે તે બાબત પરત્વે સભ્યોનું ધ્યાન દોરવાની રજા લઈએ છીએ.

(૨) છેલ્લા ત્રણ વર્ષના આવક જાવકના આંકડા નીચે પ્રમાણે છે :

વર્ષ	આવક	ખર્ચ
૧૯૮૬-૮૭	૪,૯૯,૮૬,૦૨૬	૪,૯૬,૨૧,૭૭૮
૧૯૮૭-૮૮	૫,૩૯,૨૪,૫૩૭	૫,૬૯,૫૫,૬૧૮
૧૯૮૮-૮૮	૫,૬૯,૯૯,૩૫૧	૬,૨૬,૫૭,૬૩૧

યુનિવર્સિટીની આવક-જાવકના છેલ્લા ત્રણ વર્ષના આંકડા અત્રે રજૂ કર્યા છે, પરંતુ અમોએ છેલ્લા દશ વર્ષના આંકડાઓનો તુલનાત્મક અભ્યાસ કર્યો છે. તે પરથી એ ફલિત થાય છે કે યુનિવર્સિટી સતત છેલ્લા દશ વર્ષથી નાણાકીય ખાધમાં ચાલતી આવી છે, જેને કારણે યુનિવર્સિટી વિકાસનાં કામો જે સાહજિક રીતે થવાં જોઈએ તે પણ થઈ શકતાં નથી અને પરિણામે યુનિવર્સિટીનો વિકાસ શૈક્ષણિક સ્તર પર સ્થગિત થઈ જાય તેવી સ્થિતિ ઊભી થઈ છે. આ પરિસ્થિતિ ખૂબ જ ગંભીર ગણી શકાય. રાજ્ય સરકારની ગ્રાન્ટની નીતિ તથા બ્લોક ગ્રાન્ટની નીતિ પુનઃઘડવાની જરૂરિયાત જણાય છે. અને યુનિવર્સિટી સતત નાણાકીય જરૂરિયાતોની દૃષ્ટિએ ઘણાખરાં જ રહ્યા કરે તેવી પરિસ્થિતિનું નિર્માણ થતું અટકાવવાની ગંભીર બાબત પરત્વે અને તે માટે સરકારી ગ્રાન્ટના માળખા બાબતે, પાયા તરીકે ધ્યાનમાં લેવાની વિગતોના સંદર્ભે ખાસ ભાર અને આગ્રહપૂર્વક ધ્યાન દોરી જરૂરી પગલાં લેવાની રજૂઆત કરવી અત્યંત આવશ્યક છે.

(૩) અમોએ ઍડવાન્સ અંગેના હિસાબો તપાસ્યા છે અને તેમાં વ્યક્તિઓ, ભવનો, સંલગ્ન કૉલેજો તેમ જ અન્ય કામો માટે યુનિવર્સિટીએ આપેલા ઍડવાન્સના હિસાબો નિયમિત ધોરણે આવતા જણાયા નથી. આ બાબત ઘણી ગંભીર છે.

(૪) આ વર્ષ દરમ્યાન કેટલીક પેટી કૅશ પણ ચેક કરી હતી, જે બરાબર માલૂમ પડી હતી.

(૫) યુનિવર્સિટીના ખર્ચમાં કોઈ પણ પ્રકારની ગ્રાન્ટ માટે અમાન્ય હોય તેવા ખર્ચ ના થાય તે માટે જરૂરી પગલાં લેવાવાં જોઈએ, જેથી નાણાકીય બોજ વધતી અટકાવવી જોઈએ.

હિસાબ વિભાગ તરફથી જરૂરી માહિતી તથા સંતોષકારક ખુલાસાઓ પૂરા પાડવા માટે વિકાસ અધિકારી, ચીફ ઍકાઉન્ટ્સ ઑફિસર, ઍકાઉન્ટ્સ ઑફિસર અને તેમના સ્ટાફનો અમોને મૂલ્યવાન સહકાર બદલ અમો આભાર માનીએ છીએ.

પ્રિ. આર. એચ. વ્યાસ
પ્રિ. સી. બી. રાવલ
પ્રો. ડી. એન. ત્રિવેદી

પરિશિષ્ટ "૧૩"

સામાન્ય ક્રમાંક ૪૬

O. 140 :

Where a candidate at the University Examination other than the Entrance Examination fails in only one head of passing, his failure in that head of passing shall be condoned on the following basis :

* (1) for each per cent of mark in the grand total secured by the candidate, above the minimum required for the passing in the examination in which he appeared, one mark shall be added in one head of passing in which the candidate has failed.

Provided further that even after applying the above provision if the student is lacking by not more than one mark for passing the examination the same one additional mark be also condoned in addition to the condonation given in (1) above to pass the examination.

(2) a Candidate getting the benefit of condonation on this basis shall not be entitled to prize or scholarship.

(3) the grace marks so added shall not be counted for the grand total.

(4) the candidate passing the examination under this Ordinance is eligible for a class, provided this percentage prior to condonation entitled him.

o(5) for the purpose of this ordinance, any fraction of a per cent be considered as one.

Note.— The benefit of this ordinance shall be given only to a candidate who appears at a time in all the papers and practicals (if any) without availing himself of exemption for any subject or subjects or a part thereof.

@ The provision of above condonation can not be made applicable to a candidate who gets zero marks in one head of passing eventhough his excess is more than the minimum required for passing.

The Provision of O. 141 be deleted.

---

* The word 'subject to a maximum of ten marks' are deleted and a proviso is added.

o New clause is added.

@ The one half' is substituted by words the "any fraction."

પરિશિષ્ટ "૧૪"
કામકાજ ક્રમાંક ૪૭

(૧) સ્વ. શ્રી. નર્મદાશંકર પોપટલાલ ભટ્ટ પારિતોષિક

(૨) સ્વ. શ્રી. રાવબહાદુર સવાઈલાલ ગિરધરલાલ પંડ્યા પારિતોષિક

દાતાનું નામ : શ્રી. જયંત કે. ભટ્ટ

સરનામું : કેચરબ, કાગડીવાડ પાસે, એલિસબ્રિજ, અમદાવાદ-૬

પ્રદાનની રકમ : ૧૫,૦૦૦ + ૧,૧૦૦ — ચાલુ વર્ષ માટે

દાનનો પ્રકાર : (૧) સ્વ. શ્રી. નર્મદાશંકર પોપટલાલ ભટ્ટ પારિતોષિક માટે
(૨) સ્વ. શ્રી. રાવબહાદુર સવાઈલાલ ગિરધરલાલ પંડ્યા પારિતોષિક
(સેમેસ્ટર ૩ સિવિલ શાખા)

દાનનો સ્વીકાર :

નિયમો

૧. "સ્વ. શ્રી. નર્મદાશંકર પોપટલાલ ભટ્ટ" પારિતોષિક માટે પ્રતિવર્ષ માર્ચ એપ્રિલ/ઑક્ટોબરની ફાઈનલ એમ.બી.બી.એસ.ની પરીક્ષા પસાર કર્યા પછી M. S. Opthalmologyનો પ્રવેશ મેળવે તે વિદ્યાર્થી-વિદ્યાર્થિની પૈકી જેમણે સૌથી વધુ ગુણ મેળવ્યા હોય તેમને પારિતોષિક રૂપે રોકડ રકમ આપવી (વ્યાજની આવકના ૧૦ ટકા) અને એકસરખા ગુણવાળા વિદ્યાર્થીઓ આવે તો તેમને સરખાભાગે વહેંચવાની રાખવી.

૨. 'સ્વ. શ્રી. રાવબહાદુર સવાઈલાલ ગિરધરલાલ પંડ્યા પારિતોષિક' બી.ઈ. ફર્સ્ટ ઈયરની પરીક્ષા પ્રથમ પ્રયત્ને પસાર કર્યા પછી બી.ઈ. સેમેસ્ટર ૩માં સિવિલ શાખામાં પ્રવેશ મેળવે તેવા વિદ્યાર્થી-વિદ્યાર્થિની પૈકી સૌથી વધુ ગુણ યુનિવર્સિટી પરીક્ષામાં મેળવેલા હોય તેમને પારિતોષિક રૂપે રોકડ રકમ આપવી અને બે સરખા ગુણવાળા વિદ્યાર્થીઓ આવે તો તેમને સરખા ભાગે વહેંચણી કરવી.

૩. ચંદ્રક વિજેતાનું નામ જે તે પરીક્ષાના પરિણામ વખતે શક્ય હશે ત્યાં સુધી પદવીદાન સમારંભ વખતે એનાયત કરવામાં આવશે, તેમજ પ્રતિવર્ષ દાતાને જાણ કરવામાં આવશે.

૪. ચંદ્રક એનાયત કરવામાં વિજેતાની જાત, જ્ઞાત કે વર્ગનો ભેદ ગણવામાં આવશે નહીં.

૫. આ સખાવતની વાર્ષિક આવકમાંથી પાંચ ટકા કપાત યુનિવર્સિટીના જનરલ ફંડમાં લેવામાં આવશે.

૬. આ સખાવતની વાર્ષિક આવકની બચત રહે તે મૂળ રકમમાં ઉમેરવામાં આવશે.

પરિશિષ્ટ " ૧૫ "
કામકાજ ક્રમાંક ૪૮

ફાઇનાન્સ સમિતિની એક સભા તા. ૧૭-૩-૧૯૯૦ ને શનિવારના રોજ બપોરના ૪-૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખસ્થાન કુલપતિશ્રી ડૉ. એમ. એન. દેસાઈએ સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

૧.	ડૉ. એમ. એન. દેસાઈ, કુલપતિશ્રી	હાજર
૨.	શ્રી. અંબુભાઈ દેસાઈ, ઉપકુલપતિશ્રી	ગેરહાજર
૩.	પ્રિ. ડી. એમ. શીખ	હાજર
૪.	શ્રી. નરહરિભાઈ એચ. અમીન	ગેરહાજર
૫.	શ્રી. અરવિંદભાઈ આર. શાહ	હાજર

૧. ફાઇનાન્સ સમિતિની તા. ૬-૨-૧૯૯૦ તથા ૭-૨-૧૯૯૦ની સભાની નોંધ મંજૂર કરવા બાબત.

ફાઇનાન્સ સમિતિની તા. ૬-૨-૧૯૯૦ અને તા. ૭-૨-૧૯૯૦ની સભાની નોંધ મંજૂર કરવામાં આવી અને તે પર પ્રમુખશ્રીએ સહી કરી.

૨. વિજ્ઞાન વિદ્યાભવનના વનસ્પતિવિજ્ઞાન વિભાગ માટે વૈજ્ઞાનિક સાધનો મે. સિસ્ટોનિક્સ, અમદાવાદ પાસેથી રેઇટકોન્ટ્રાક્ટની શરતો મુજબ ખરીદવા માટે વિચારણા કરવા અંગે અંદાજ ખર્ચ રૂ. ૮૦,૦૦૦ (રૂપિયા એંસી હજાર) થશે.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે આ સાથેના પરિશિષ્ટ 'જ'માં બતાવ્યા પ્રમાણેનાં વૈજ્ઞાનિક સાધનો મે. સિસ્ટોનિક્સ, અમદાવાદ પાસેથી રેઇટકોન્ટ્રાક્ટમાં બતાવેલ શરતો મુજબ વનસ્પતિ વિભાગ માટે ખરીદવાં અને આ અંગે રૂ. ૮૦,૦૦૦ (રૂપિયા એંસી હજાર) સુધીનું ખર્ચ મંજૂર કરવું.

૩. વિજ્ઞાન વિદ્યાભવનના માઇક્રોબાયોલોજી વિભાગ માટે ઓપ્ટોનિકા બનાવટનું વી.સી.આર. એસ. સેન્ડરી ઇલેક્ટ્રો સપ્લાયન્સી પાસેથી ખરીદવા માટે રૂ. ૧૪,૬૦૦ (રૂપિયા ચૌદ હજાર સાતસો)ના ખર્ચ માટે મંજૂરી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ અંગે નિર્ણય લેવાની સત્તા કુલપતિશ્રીને આપવી.

૪. વિજ્ઞાન વિદ્યાભવનના માઈક્રોબાયોલોજી વિભાગ માટે સ્ટોરવેલ કયાટ નંગ ૬ અને ટેમલ નંગ ૧૫ એડલ્ટ ટ્રેનિંગ સેન્ટર ફોર ધી બ્લાઈંડ, અમદાવાદ પાસેથી તેઓના ભાવે ખરીદવા માટે વિચારણા કરવા બાબત. (આ અંગે અંદાજી ખર્ચ રૂ. ૨૭,૦૦૦ (રૂપિયા સત્તાવીશ હજાર) થશે.)

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે આ અંગે નિર્ણય કરવાની સત્તા કુલપતિશ્રીને આપવી.

૫. યુનિવર્સિટીના એજ્યુકેશનલ મીડિયા રિસર્ચ સેન્ટર માટે ગેસ્ટરનર બનાવટનું ડુપ્લિકેટિંગ મશીન ખરીદવા અંગે વિચારણા કરવા બાબત. (આ અંગે અંદાજી ખર્ચ રૂ. ૨૩,૦૦૦ (રૂપિયા ત્રેવીસ હજાર) થશે.)

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે એજ્યુકેશનલ મીડિયા રિસર્ચ સેન્ટર માટે ગેસ્ટરનર બનાવટનું એક ઇલેકિટ્રકલ ઓપરેટેડ ડુપ્લિકેટિંગ મશીન ગેસ્ટરનર ઇન્ડિયા લિમિટેડ કંપની પાસેથી અને કંપની ભાવે ખરીદવું અને આ અંગે રૂ. ૨૩,૦૦૦ (રૂપિયા ત્રેવીસ હજાર) સુધીનું ખર્ચ મંજૂર કરવું.

૬. વિજ્ઞાન અને યંત્રવિદ્યા ફેકલ્ટીના વેચાણ ઉપર કમિશનના ૬૨ હાલના ૨૫ ટકાના બદલે ૩૫ ટકા કરવા નવજીવન ટ્રસ્ટ, અમદાવાદના તા. ૧૨-૧-૯૦ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ અંગેની બાબત એકિઝકયુટિવ કાઉન્સિલ સમક્ષ મૂકવી.

૭. યુનિવર્સિટીના એચ. કે. સેન્ટર ફોર પ્રોફેશનલ ટ્રેનિંગ સેન્ટરનાં નવાં જૂનાં ટાઇપરાઇટરો રૂ. ૧૩,૦૦૦ (રૂપિયા તેર હજાર)માં આપીને તેની જગ્યાએ નવાં પાંચ ટાઇપરાઈટરો રેમિંગ્ટનની બનાવટનાં રૂ. ૩૨,૮૦૦ (રૂપિયા બત્રીસ હજાર આઠસો)માં મે. આલોક ટ્રેડિંગ કં., અમદાવાદ પાસેથી ખરીદવા અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—આલોક ટ્રેડિંગ કં.ને આખરે ઉપર મુજબ કરતાં રૂ. ૧૯,૮૦૦ (રૂપિયા ઓગણીસ હજાર આઠસો) ચૂકવવાના થશે.]

આથી ઠરાવવામાં આવે છે કે આ અંગે ટેનિકપત્રમાં જાહેરાત આપી ભાવ મંગાવીને રજૂ કરવાનું રાખવું.

૮. યુનિવર્સિટીના ડી.પી.ઈ. વિભાગ માટે રમતગમતનાં જરૂરી સાધનો સ્પોર્ટ્સ કોમોડિટી ઑફ ઇન્ડિયા, ન્યૂ દિલ્હીથી માન્ય કરેલા ઉત્પાદકો કોડલ્સ પાસેથી તેમના ભાવે ખરીદવા અંગે વિચારણા કરવા બાબત.

આ અંગે અંદાજી ખર્ચ રૂ. ૧,૨૪,૦૦૦ (રૂપિયા એક લાખ ચોવીસ હજાર) થશે.

આથી ઠરાવવામાં આવે છે કે આ અંગેની વિચારણા મોકૂફ રાખવી.

૯. યુનિવર્સિટી ગેસ્ટહાઉસની મોથરૂમ માટે ફાઈબર ખરીદવા માટે મંગાવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મે. ગાલ્વી બિલ્ડિંગ મટીરિયલ્સ સપ્લાયર્સ પાસેથી રૂ. ૬૩૦૦૦ના ભાવે પી.પી.ડબલ્યુ. પાઈપ્સ ટાઈલ્સ ખરીદવા અને આ અંગે રૂ. ૭,૨૨૦ (રૂપિયા સાત હજાર બસો ને વીસ) સુધીનો ખર્ચ મંજૂર કરવો.

૧૦. યુનિવર્સિટી માઈક્રોબાયોલોજી વિભાગ માટે સ્ટીલ રેક, ગેસપ્લાન્ટ, સ્પેક્ટ્રો ફોટોમીટર વગેરે ખરીદવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ અંગેની વિચારણા મોકૂફ રાખવી.

૧૧. યુનિવર્સિટી કાર્યાલય માટે રીવોલ્વિંગ ચેર, સ્ટીલકબાટ, સાદી ખુરશી ખરીદવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ અંગેની વિચારણા મોકૂફ રાખવી.

૧૨. વિજ્ઞાન વિદ્યાભવનના ભૂગોળ વિભાગ માટે સ્ટીલ કબાટ એડલ્ટ ટ્રેનિંગ સેન્ટર ફોર ધી બ્લાઈન્ડ, અમદાવાદ પાસેથી ખરીદવા વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ અંગેની વિચારણા મોકૂફ રાખવી.

૧૩. યુનિવર્સિટી માટે કોમ્પ્યુટરની જરૂરી સ્ટેશનરીના ઓર્ડર વિપુલ ફોર્મ્સને બદલે મે. ડેટાલીન્કને તેઓના ભાવે આપવું તેવું કુલપતિશ્રીએ મંજૂર કર્યું તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના ઉપરોક્ત કાર્યની નોંધ લેવી.

૧૪. યુનિવર્સિટીની જૂની ઉત્તરવહીઓનો નિકાલ કરવા માટે મંગાવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત.

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે ટેન્ડરમાં જણાવેલ શરતો મુજબ સૌથી વધુ ભાવ આપનાર વેપારી મે. કે. કે. એન્ટરપ્રાઈઝને રૂ. ૭-૧૧ પૈસા (રૂપિયા સાત અને અગિયાર પૈસા) કિલોના ભાવે આપવી.

૧૫. યુનિવર્સિટીની અન્ય વેસ્ટ પસ્તી તથા રેકર્ડ તથા પ્રેસની કતરણ, રીમના બાંધા વગેરેનો નિકાલ કરવા માટે મંગાવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત.

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે, યુનિવર્સિટીની અન્ય પસ્તી વેસ્ટ, કતરણ વગેરે નીચે પ્રમાણેના વેપારીઓને તેમનાં નામ સામે જણાવેલ ભાવે અને ટેન્ડરની શરત મુજબ કામ સોંપવું :

	વસ્તુનું નામ	રૂ. પૈસા	વેપારીનું નામ
૧.	જૂના રેકર્ડ	૪-૧૧	સનવેસ્ટ સપ્લાયર્સ
૨.	અન્ય વેસ્ટ સ્વીપિંગ	૪-૧૧	સમીર એન્ટરપ્રાઈઝ
૩.	પ્રેસ કતરણ	૬-૧૫	સનવેસ્ટ સપ્લાયર્સ
૪.	છાપેલા ફર્મા	૫-૧૧	સમીર એન્ટરપ્રાઈઝ
૫.	વપરાયેલ મોનો-ટચ્યુલ પંખા	૮-૫૧	કોઠારી બિઝનેસ એસોસિયેટ્સ
૬.	રીમના બાંધા	૨-૪૫	સનવેસ્ટ સપ્લાયર્સ
૭.	છાપકામ દરમ્યાન બગડેલ વેસ્ટ	૨-૮૧	સનવેસ્ટ સપ્લાયર્સ

૧૬. વિજ્ઞાન વિદ્યાભવનના જુદા જુદા વિભાગો માટે વૈજ્ઞાનિક સાધનો ખરીદવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ અંગેની વિચારણા હાલ મોકૂફ રાખવો.

૧૭. વિજ્ઞાન વિદ્યાભવનની પેટીકેશ હાલ રૂ. ૫,૦૦૦ છે તેને બદલે રૂ. ૭,૦૦૦ કરવા અંગે અધ્યક્ષશ્રીના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ રકમ વધારવાની જરૂરત નથી.

૧૮. વિજ્ઞાન વિદ્યાભવનના માઇક્રોબાયોલોજી વિભાગ માટે 'પ્રીપેરિંગ ડીવાઈસીસ' ટોપ સાપરિંગ મેન્યુફેક્ચરિંગ કંપની પાસેથી ખરીદવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે માઇક્રોબાયોલોજી વિભાગ માટે 'પ્રીપેરિંગ ડીવાઈસીસ' મે. ટોપ સાપરિંગ મેન્યુફેક્ચરિંગ કંપની. મુંબઈ પાસેથી ખરીદવું અને આ અંગે રૂ. ૪,૮૦૦/- (રૂપિયા ચાર હજાર આઠસો)નું ખર્ચ મંજૂર કરવું.

૧૯. સેન્ટર ફોર ડેવલપમેન્ટલ કોમ્યુનિકેશન માટે વીડિયો કેમેરા, સ્ટીલ કેમેરા તથા વી.સી.આર. ખરીદવા અંગે વિચારણા કરવા બાબત. [આ અંગે અંદાજી ખર્ચ રૂ. ૧,૫૧,૦૦૦/- (રૂપિયા એક લાખ એકાવન હજાર) થશે.]

આથી એકેડેમિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે એક વી.સી.આર. તથા એક ટી.વી. ખરીદવા માટે રૂ. ૫૦,૦૦૦/- (રૂપિયા પચાસ હજાર) સુધીનો ખર્ચ મંજૂર કરવો અને આ અંગે ખરીદવાની સત્તા કુલપતિશ્રીને આપવી.

વધુમાં એકેડેમિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે વિડિયો કેમેરા, સ્ટીલ કેમેરા વગેરે ખરીદવા માટે દૈનિકપત્રમાં જાહેરાત આપી ભાવ મંગાવી રજૂ કરવું.

૨૦. એજ્યુકેશનલ મીડિયા રિસર્ચ સેન્ટર માટે વિડિયો કેસેટ ખરીદવા અંગે મંગાવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત.[આ અંગે અંદાજી ખર્ચ રૂ. ૨,૭૮,૦૦૦/- (રૂપિયા બે લાખ અઠ્યોતેર હજાર) થશે.]

આથી એકેડેમિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે એજ્યુકેશન મીડિયા રિસર્ચ સેન્ટર માટે ૬૦૦ નંગ વિડિયો કેસેટ ગુજરાત સ્મોલ ઇન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લિમિટેડ પાસેથી ટેન્ડરમાં જણાવેલ શરતોએ અને ભાવે ખરીદવી અને આ અંગે રૂ. ૨,૭૮,૦૦૦/- (રૂપિયા બે લાખ અઠ્યોતેર હજાર) સુધીનો ખર્ચ મંજૂર કરવો.

૨૧. એજ્યુકેશનલ મીડિયા રિસર્ચ સેન્ટર માટે કોમ્પ્યુટર ખરીદવા અંગે વિચારણા કરવા બાબત.

આથી એકેડેમિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે આ અંગે નિર્ણય કરવાની સત્તા કુલપતિશ્રીને આપવી.

૨૨. યુનિવર્સિટીના જુદા જુદા વિભાગ માટે ત્રણ વૉટરકૂલર ખરીદવા અંગે મંગાવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત.

આથી એકઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટી માટે સાથી ઓછા ભાવે આપનાર વેપારી અમેરિકન રેફ્રિજરેટર કંપની પાસેથી ત્રણ વૉટરકૂલર ખરીદવા અને આ અંગે રૂ. ૫૪,૨૦૦/- (રૂપિયા ચોપ્પન હજાર બસો) સુધીનો ખર્ચ મંજૂર કરવો.

૨૩. યુનિવર્સિટીના જુદા જુદા વિભાગનાં પાંચ વૉટરકૂલરો રિપેર કરાવવા મંગાવેલ ટેન્ડરોનો નિકાલ બાબત. [આ અંગે અંદાજી ખર્ચ રૂ. ૨૦,૦૦૦/- (રૂપિયા વીસ હજાર) થશે.]

આથી એકઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે આ અંગે નિર્ણય કરવાની સત્તા કુલપતિશ્રીને આપવી.

૨૪. યુનિવર્સિટીના ઇલેકિટ્રક નિભાવ કામ માટે જુદી જુદી વસ્તુઓ ખરીદવા માટે મંગાવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત.

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે ટેન્ડરમાં જણાવેલ શરતો મુજબ આ સાથેના પરિશિષ્ટ 'બ' (છાપેલ નથી)માં બતાવ્યા પ્રમાણેની જુદી જુદી વસ્તુઓ ખરીદવી.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

એમ. એસ. શાહ
કુલસચિવ વતી

परिशिष्ट "अ"

List of the Scientific-Equipment of Botany Department for the purchase from Rate-contract party M/S. Systronics, Ahmedabad.

Sr.	*Code No.*	*Name of the instrument*	*Rate per pc.*	*Quantity*	*Total amount*
1.	101011/101	Photo Electric Colorimeter with 8 filters	3200/—	One pc.	3200/—
2.	101066/106	Digital Spectrophotometer (340 mu-960 mu)	14760/—	One pc.	14760/—
3.	151236/MN-1 (121, 122, 123)	Flame photometer with filters (Na, K), compressor and electronic galvanometer.	10830/—	One pc.	10830/—
4.	151250/MK/--111 (121, -125)	Flame photometer with filters (Na, K), compressor and digital display unit.	13220/—	One pc.	13220/—
5.	102012 / 201	Densitometer	3490/—	One pc.	3490/—
6.	103037 / 303	Direct Reading conductivity meter with P.V.C. cell	4460/—	One pc.	4460/—
7.	103350 / 335	Digital PHmeter with glass and reference electrodes.	4285/—	One pc.	4285/—
8.	165107 / 610 —H	Electrophoresis apparatus (Digital) whit horizontal tank. Plus taxes etc. approx.	4940/—	Two pc.	9380/—

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, અમદાવાદ-૩૮૦૦૦૯.

પાન ગાં

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની એક્ઝિક્યુટિવ કાઉન્સિલની સભા શનિવાર, તા. ૨૮-૪-૧૯૯૦ના રોજ બપોરે ૧૨-૩૦ વાગ્યે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખસ્થાન કુલપતિશ્રી ડૉ. એમ. એન. દેસાઈએ સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૨૮-૪-૧૯૯૦
૧.	ડૉ. મહેન્દ્રભાઈ નાનુભાઈ દેસાઈ, કુલપતિશ્રી	હાજર
૨.	પ્રા. અંબુભાઈ ત્રિભોવનદાસ દેસાઈ, ઉપકુલપતિશ્રી	હાજર
૩.	ઉચ્ચતર શિક્ષણ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય	ગેરહાજર
૪.	શ્રી. એન. આર. દવે, તાંત્રિક શિક્ષણ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય	હાજર
૫.	આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી નિયામકશ્રી, ગુજરાત રાજ્ય	ગેરહાજર
૬.	શ્રી. સુધીરભાઈ ઈન્દ્રવદન નાણાવટી	ગેરહાજર
૭.	શ્રી. નરહરિભાઈ હીરાલાલ અમીન	ગેરહાજર
૮.	શ્રી. હરેનભાઈ વી. પંડ્યા	હાજર
૯.	પ્રો. ધવલ મહેતા	હાજર
૧૦.	ડૉ. સુરેશભાઈ ધેલાભાઈ દેસાઈ	હાજર
૧૧.	આચાર્ય હર્ષદભાઈ મોતીભાઈ દેસાઈ	હાજર
૧૨.	આચાર્ય હરિશંકર પ્રભાશંકર પંડ્યા	હાજર
૧૩.	આચાર્ય દર્શનસિંગ મુસ્તાકસિંગ શીખ	હાજર
૧૪.	પ્રા. અરવિંદભાઈ રણછોડભાઈ શાહ	હાજર
૧૫.	પ્રા. કૃષ્ણચંદ્ર સોમનાથ થાસ્કી	હાજર
૧૬.	ડૉ. રણછોડલાલ કરસનદાસ પટેલ	હાજર

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૨૮-૪-૧૯૯૦
૧૭.	પ્રા. અવતારસિંઘ અર્જુનસિંઘ અહલુવાલિયા	હાજર
૧૮.	શ્રી. બદરૂદ્દીન શેખ	હાજર
૧૯.	ડૉ. મહેન્દ્રભાઈ બાબુભાઈ દેસાઈ	હાજર
૨૦.	શ્રી. રાજકુમાર ગુપ્તા	હાજર
૨૧.	શ્રી. નીતિન હસમુખભાઈ શાહ	હાજર
૨૨.	ડૉ. ત્રિભોવનભાઈ એન. પટેલ	હાજર
૨૩.	શ્રી. ઘનશ્યામભાઈ હીરાલાલ અમીન	ગેરહાજર
૨૪.	શ્રી. મહેન્દ્રકુમાર ચંદુલાલ શાહ	ગેરહાજર.

૧. તા. ૨૪-૩-૧૯૯૦ના રોજ મળેલી એક્ઝિક્યુટિવ કાઉન્સિલની સભાની નોંધને બહાલી આપવા બાબત.

તા. ૨૪-૩-૧૯૯૦ના રોજ મળેલી એક્ઝિક્યુટિવ કાઉન્સિલની સભાની નોંધને નીચેના સુધારા સાથે મંજૂર કરવામાં આવી અને તે પર કુલપતિશ્રીએ સહી કરી :

(૧) બાબત ક્રમાંક ૧(૪)માં "તા. ૧૪-૨-૧૯૯૦" ના બદલે "તા. ૯-૨-૧૯૯૦" વાંચવું.

(૨) બાબત ક્રમાંક ૩માં "સાભાર નોંધ લેવા"ના બદલે "સાભાર સ્વીકાર કરવો" વાંચવું.

(૩) બાબત ક્રમાંક ૨૦માં પ્રભુદાસ કક્કર આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, અમદાવાદના કિસ્સામાં એકેડેમિક કાઉન્સિલની ભલામણમાં શરૂઆતથી છઠ્ઠી લીટીમાં "તા. ૧૫-૬-૧૯૮૯થી તા. ૧૪-૬-૧૯૯૨ સુધીનું ચાલુ જોડાણ"ને બદલે "કાયમી જોડાણ" વાંચવું.

(૪) બાબત ક્રમાંક ૪૬ માં છેલ્લે કૌંસમાં "ઑર્ડિનન્સ ૧૪" ને બદલે "ઑર્ડિનન્સ ૧૪૦" વાંચવું.

(૫) બાબત ક્રમાંક ૩૮ માં પરિશિષ્ટ "૮" માં બાબત ક્રમાંક ૩ માં "હસમુખ પટેલની જગ્યાએ "શ્રી હસમુખ સી. પટેલ" વાંચવું અને "તલાટી" ની જગ્યાએ "શ્રી એટેસ્ટિંગ ઑફિસર તલાટી" વાંચવું. તેમ જ બાબત ક્રમાંક ૧૨માં "ઓપન ઓર થિયેટર ગુરુનાનક ભવન"ની જગ્યાએ "ઓપન ઓર થિયેટરથી ગુરુનાનક ભવન (ઈ.એમ.આર સી.) સુધી" વાંચવું.

૨. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યો (જાણ માટે) :

(૧) રાજ્ય સરકારના નાણા ખાતાના ઠરાવ નં. વીએસબી/૧૧૯૦-૧૨૮-આઈ-૪, તા. ૩૦-૩-૧૯૯૦ અન્વયે તા. ૧-૧-૧૯૯૦થી વધારવામાં આવેલ મોંઘવારી ભથ્થાનો લાભ યુનિવર્સિટીના શિક્ષક અને બિનશિક્ષકવર્ગના કર્મચારીઓ તથા સંલગ્ન કોલેજો અને માન્ય સંસ્થાઓને આપવાનું મંજૂર કર્યાનું;

(૨) સી. યુ. શાહ કોમર્સ કોલેજ તથા અન્યની સામે આચાર્યપદની નિમણૂકની બાબતમાં શ્રી. ઈશ્વરભાઈ ટી. પટેલે ગુજરાત હાઈકોર્ટમાં રૂપ. એપ્લિકેશન ૨૮૮૫/૯૦ થી કરેલી રિટ-અરજીના કામમાં યુનિવર્સિટી તરફથી શ્રી. સુરેશભાઈ શેલતને રોકવાનું તથા થનાર આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું;

(૩) તોલાણી કૉમર્સ કૉલેજ, આદિપુરની જૂન ૧૯૮૯થી બી.કૉમ. (ગૌણ) કૉમ્પ્યુટર સાયન્સનો વિષય શીખવવા માટેની જોડાણઅરજી પરત્વે મૂકવામાં આવેલી શરતોનું પાલન કર્યું હોઈ તા. ૧૫-૬-૧૯૮૯ થી તા. ૧૪-૬-૧૯૯૧ સુધીનું ચાલુ જોડાણ માટેનું જાહેરનામું બહાર પાડવાનું.

(૪) નીચે જણાવેલ કૉલેજો તરફથી આવેલી જોડાણઅરજી ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ અને ઑર્ડિ. ૧૨૦ અનુસાર સમયમર્યાદા બાદ આવી છે, પરંતુ શિક્ષણના સાતત્યની-વૈવિધ્યની દૃષ્ટિએ સદરહુ ધારાની જોગવાઈ અનુસાર સદરહુ અરજી સ્વીકાર્યાનું અને તે પરત્વે સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું :

ક્રમાંક	કૉલેજનું નામ	વર્ષ	વિષય
૧.	આર. વી. આર્ટ્સ, કે. બી. કૉમર્સ અને બી. જે. સાયન્સ કૉલેજ, ખંભાત	૧૯૮૯	બી.એસસી. (સ્પે.) વનસ્પતિશાસ્ત્ર
૨.	એમ. જી. સાયન્સ કૉલેજ, અમદાવાદ	૧૯૯૦	બી.એસસી. (ગૌણ) કૉમ્પ્યુટર સાયન્સ
૩.	સી. યુ. શાહ સિટી કૉમર્સ કૉલેજ, અમદાવાદ	૧૯૮૯	બી.કૉમ. (ગૌણ) આંકડાશાસ્ત્ર
૪.	શેઠ ટી. સી. કાપડિયા આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, બોડેલી	૧૯૯૦	બી.કૉમ. (ગૌણ) કૉમ્પ્યુટર સાયન્સ

(૫) આદિવાસી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, સંતરામપુરની જૂન ૧૯૯૦થી બી.એ. (સબો.)માં સહકાર, મનોવિજ્ઞાન અને આંકડાશાસ્ત્ર; બી.કૉમ. (ગૌણ)માં એસ.પી.-આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટેની ચાલુ જોડાણ માટેની અરજી ગુજરાત યુનિવર્સિટીની ધારાની કલમ ૩૩ અને ઑર્ડિ. ૧૨૦ અનુસાર સમયમર્યાદા બાદ જરૂરી અનામતની રકમ સાથે આવી છે, પરંતુ શિક્ષણના સાતત્યની-વૈવિધ્યની દૃષ્ટિએ સદરહુ ધારાની જોગવાઈ અનુસાર સદરહુ અરજી સ્વીકાર્યાનું અને તે પરત્વે સ્થાનિક તપાસ સમિતિ નીમ્યાનું.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીએ મંજૂર કરેલાં ૨(૧)થી ૨(૫)માં દર્શાવેલ કાર્યોની નોંધ લેવી.

૩. નીચે જણાવેલ કૉલેજો તરફથી જૂન ૧૯૯૦થી બી.કૉમ. (ગૌણ)માં કૉમ્પ્યુટર સાયન્સ અને બી.એસસી. (ગૌણ)માં કૉમ્પ્યુટર સાયન્સના અભ્યાસક્રમ શીખવવા માટેની જોડાણઅરજી પરત્વે મૂકવામાં આવેલી એકૅડેમિક કાઉન્સિલની ભલામણ પર વિચારણા કરવા બાબત :

(૧) સેન્ટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ	બી.એસસી. (ગૌણ)	કૉમ્પ્યુટર સાયન્સ
(૨) એચ. એ. કૉમર્સ કૉલેજ, અમદાવાદ	બી. કૉમ. (ગૌણ)	,, ,,
(૩) નવગુજરાત કૉમર્સ કૉલેજ, અમદાવાદ	,, ,,	,, ,,

(૧) એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે સેન્ટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ નિમણૂંક અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૦–૪–૧૯૯૦ સુધીમાં કરે તો તેને બી.એસસી. (ગૌણ)માં કૉમ્પ્યુટર સાયન્સના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫–૬–૧૯૯૦થી તા. ૧૪–૬–૧૯૯૨ સુધીનું ચાલુ જોડાણ આપવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૪,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના. કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, પ્રૉવિડંટ ફંડ, ગ્રેચ્યુઇટી અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે, તેમ જ વિદ્યાર્થીની સંખ્યાને લક્ષમાં લઈ મહેકમ અંગેનાં યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ બિનશિક્ષકવર્ગના પર્યાપ્ત કર્મચારીઓની નિમણૂક કરવામાં આવે અને મહેકમના સંદર્ભમાં કોઈ નિમણૂક બાકી રહેવા પામી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે;

૪. ગુજરાત સરકાર, ભારત સરકાર અને યુ.જી.સી.એ વિદ્યાર્થીપ્રવેશ, શિક્ષક–બિનશિક્ષકવર્ગના કર્મચારીગણની નિમણૂક, ભરતી, બઢતી ઇ. અંગે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને બક્ષીપંચ દ્વારા આવરી લેવાયેલ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જાતિ તેમ જ શારીરિક ખોડખાંપણ ધરાવતા ઉમેદવારોની અનામત જગ્યા ભરવામાં યુનિવર્સિટીએ વખતોવખત નિયત કરેલ ધારાધોરણોનો અમલ કરવામાં આવે."

(૨) એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે એચ. એ. કૉમર્સ કૉલેજ, અમદાવાદ નિમણૂંક અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૦–૪–૧૯૯૦ સુધીમાં કરે તો તેને બી.કૉમ. (ગૌણ)માં કૉમ્પ્યુટર સાયન્સના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫–૬–૧૯૯૦થી તા. ૧૪–૬–૧૯૯૨ સુધીનું ચાલુ-વધારાનું-કાયમી જોડાણ આપવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૨. કૉમ્પ્યુટર સાયન્સના વિષયનાં પુસ્તકો માટે રૂ. ૨,૫૦૦/- (અંકે રૂપિયા બે હજાર પાંચસો પૂરા)નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે ઓછામાં ઓછા રૂ. ૪,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. કૉમ્પ્યુટર સાયન્સના વિષય માટે ચાર સામયિકો વસાવવામાં આવે;

૫. ૩૦થી વધુ વિદ્યાર્થીઓને પહોંચી વળવા એક વધારાનું મશીન પૂરી કૅપેસિટીવાળું વસાવવામાં આવે;

૬. પ્રાયોગિક કાર્ય માટે પ્રત્યેક મશીનદીઠ બે વિદ્યાર્થીઓની બેચની ગોઠવણ ચાલુ રાખવામાં આવે;

૭. યુનિવર્સિટી ધારા મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, પ્રૉવિડંટ ફંડ, ગ્રેચ્યુઇટી અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે, તેમ જ વિદ્યાર્થીની સંખ્યાને લક્ષમાં લઈ મહેકમ અંગેનાં યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ બિનશિક્ષકવર્ગના પર્યાપ્ત કર્મચારીઓની નિમણૂક કરવામાં આવે અને મહેકમના સંદર્ભમાં કોઈ નિમણૂક બાકી રહેવા પામી નથી એવું પ્રમાણપત્ર આપવામાં આવે;

૮. ગુજરાત સરકાર, ભારત સરકાર અને યુ.જી.સી.એ વિદ્યાર્થીપ્રવેશ, શિક્ષક-બિનશિક્ષકવર્ગના કર્મચારીગણની નિમણૂક, ભરતી, બઢતી ઇ. અંગે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને બક્ષીપંચ દ્વારા આવરી લેવાયેલ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જાતિ તેમજ શારીરિક ખોડખાંપણ ધરાવતા ઉમેદવારોની અનામત જગ્યા ભરવામાં યુનિવર્સિટીએ વખતોવખત નિયત કરેલ ધારાધોરણોનો અમલ કરવામાં આવે."

(૩) એકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે નવગુજરાત કૉમર્સ કૉલેજ, અમદાવાદ, નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૦–૪–૧૯૯૦ સુધીમાં કરે તો તેને બી.કૉમ. (ગોણ)માં કૉમ્પ્યુટર સાયન્સના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫–૬–૧૯૯૦થી તા. ૧૪–૬–૧૯૯૨ સુધીનું ચાલુ-વધારાનું-કાયમી જોડાણ આપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. કૉમ્પ્યુટર સાયન્સના વિષય માટે પૂર્ણ સમયના પ્રોગ્રામરની નિમણૂક કરવામાં આવે; (નવી નિમણૂક કરતાં પહેલાં રાજ્ય સરકારશ્રીની પૂર્વમંજૂરી મેળવીને તેની જાણ કરવામાં આવે);

૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના

સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૪,૦૦૦ નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. કૉમ્પ્યુટર સાયન્સના વિષય માટે ચાર સામયિકો વસાવવામાં આવે;

૫. મશીનોની સંખ્યામાં તેમ જ પ્રાયોગિક કાર્યના સમયમાં વધારો કરી પ્રતિ મશીન ફક્ત બે વિદ્યાર્થીઓની બેચની ગોઠવણ કરવામાં આવે;

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, પ્રોવિડન્ટ ફંડ, ગ્રેચ્યુઇટી અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે, તેમ જ વિદ્યાર્થીની સંખ્યાને લક્ષમાં લઈ મહેકમ અંગેનાં યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ બિનશિક્ષકવર્ગના પર્યાપ્ત કર્મચારીઓની નિમણૂક કરવામાં આવે અને મહેકમના સંદર્ભમાં કોઈ નિમણૂક બાકી રહેવા પામી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે;

૭. ગુજરાત સરકાર, ભારત સરકાર અને યુ. જી. સી.એ વિદ્યાર્થીપ્રવેશ, શિક્ષક-બિનશિક્ષક-વર્ગના કર્મચારીગણની નિમણૂક, ભરતી, બઢતી બ. અંગે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને બક્ષીપંચ દ્વારા આવરી લેવાયેલ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જાતિ તેમ જ શારીરિક ખોડખાંપણ ધરાવતા ઉમેદવારોની અનામત જગ્યા ભરવામાં યુનિવર્સિટીએ વખતોવખત નિયત કરેલ ધારાધોરણોનો અમલ કરવામાં આવે;

૮. કૉમ્પ્યુટરની પ્રયોગશાળાનો ઉપયોગ ભગિની સંસ્થાઓ પણ કરતી હોઈ વિદ્યાર્થીઓને પૂરતા પ્રમાણમાં સમય મળી શકતો નથી અને પ્રતિ મશીન ૪ થી ૫ વિદ્યાર્થીઓની બેચ રાખવામાં આવે છે, તે પરિસ્થિતિ નિવારવા તાત્કાલિક ઉપાયી પગલાં લેવાં."

આથી ઠરાવવામાં આવે છે કે શરતોનું પાલન તા. ૩૧–૫–૧૯૯૦ સુધીમાં કરે તે શરતે એકૅડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણો મંજૂર કરવી.

૪. લુણાવાડા આર્ટ્સ, સાયન્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, લુણાવાડા તરફથી જૂન ૧૯૯૦થી તૃતીય વર્ષ બી.એસસી. (મુખ્ય)માં ભૌતિકશાસ્ત્ર અને વનસ્પતિશાસ્ત્ર શીખવવા માટેના વધારાના જોડાણ માટેની અરજી પરત્વે મૂકવામાં આવેલી એકૅડેમિક કાઉન્સિલની ભલામણ પર વિચારણા કરવા બાબત :

એકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે લુણાવાડા આર્ટ્સ, સાયન્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, લુણાવાડા, નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૦–૪–૧૯૯૦ સુધીમાં કરે તો તેને બી.એસ.સી. (રૂપે) ભૌતિકશાસ્ત્ર અને વનસ્પતિશાસ્ત્રના

અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫–૬–૧૯૯૦ થી તા. ૧૪–૬–૧૯૯૨ સુધીનું ચાલુ-વધારાનું-કાયમી જોડાણ આપવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ઑર્ડિ. ૧૨૦–એ અનુસાર નિમણૂક કરવામાં આવે. નવી નિમણૂક કરતાં પહેલાં રાજ્ય સરકારની પૂર્વમંજૂરી મેળવીને તેની જાણ કરવામાં આવે;

૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મેળવવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો કેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૫૦૦૦નો વધારાનો ખર્ચ કરવામાં આવે;

૪. ભૌતિકશાસ્ત્ર માટે રૂ. ૩૦૦૦/– અને વનસ્પતિશાસ્ત્રના વિષય માટે રૂ. ૬,૦૦૦ નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. ભૌતિકશાસ્ત્રની પ્રયોગશાળા માટે રૂ. ૧૨૫,૦૦૦નાં સાધનો વસાવવામાં આવે, અને વનસ્પતિશાસ્ત્રની પ્રયોગશાળા માટે રૂ. ૨૦,૦૦૦ નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૬. વનસ્પતિ ઉદ્યાનની સુવિધા ઊભી કરવામાં આવે;

૭. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમજ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, પ્રોવિડંટ ફંડ, ગ્રેચ્યુઈટી અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે. તથા તેમને તેમજ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમજ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે, તેમજ વિદ્યાર્થીની સંખ્યાને લક્ષમાં લઈ મહેકમ અંગેનાં યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ બિનશિક્ષકવર્ગના પર્યાપ્ત કર્મચારીઓની નિમણૂક કરવામાં આવે અને મહેકમના સંદર્ભમાં કોઈ નિમણૂક બાકી રહેવા પામી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે;

૮. ગુજરાત સરકાર, ભારત સરકાર અને યુ.જી.સી.એ વિદ્યાર્થીપ્રવેશ, શિક્ષક-બિનશિક્ષકવર્ગના કર્મચારીગણની નિમણૂક, ભરતી, બઢતી ઈ. અંગે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને બક્ષીપંચ દ્વારા આવરી લેવાયેલ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જાતિ તેમ જ શારીરિક ખોડખાંપણ ધરાવતા ઉમેદવારોની અનામત જગ્યા ભરવામાં યુનિવર્સિટીએ વખતોવખત નિયત કરેલ ધારાધોરણનો અમલ કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે શરતોનું પાલન તા. ૩૧–૫–૧૯૯૦ સુધીમાં કરે તે શરતે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણો મંજૂર કરવી.

૫. સર્વશ્રી (૧) રાજેશ ઝવેરી, (૨) હિમાંશુ ત્રિવેદી, (૩) વિસ્મય શાહની એજ્યુકેશન મિડિયા રિસર્ચ સેન્ટરમાં પ્રોડ્યુસર તરીકે અનુક્રમે તા. ૬–૧૧–૧૯૮૪, તા. ૩–૧૨–૧૯૮૪ અને તા. ૩૦–૮–૧૯૮૬થી યુનિવર્સિટીએ નિમણૂકો કરેલી છે. તેઓની

જગ્યાઓને ટીચિંગ નોન-વેકેશનલ ગણવા અંગેના યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના પત્રાંક ડી.ઓ. નં. એફ. ૧—૧—૧૯૮૯ જે.એસ.એમ.એસ., ઓકટોબર ૧૯૮૯ પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—(૧) યુ.જી.સી.ના પત્ર ક્રમાંક એફ. ૧-૧-૮૯ જે.એસ.એમ.એસ., ઓકટોબર ૧૯૮૯ થી " Action items emerging from EMRC/AVRCs Co-ordinators meeting held on 13 and 14 October 1989 at EMRC Ahmedabad " મોકલી છે તેમાં repeated from previous meeting આઈટમ ૧.૧૭ નો પાઠ નીચે મુજબ છે :

" The academic non-vacation nature of group (A) posts includes the post of producer, the qualification for which have already been laid by the UGC

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત હાલ મોકૂફ રાખવી.

ઇ. કે. કે. આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ધંધુકાની જૂન-૧૯૯૦ થી બી.એ. (પ્રિન્સ) ગુજરાતી, અર્થશાસ્ત્ર; બી.એ. (ગોણ) આંકડાશાસ્ત્રની પદ્ધતિઓ, ઇતિહાસ, સંસ્કૃત; બી.કોમ.માં એડ. એકા. એન્ડ ઑડિટિંગ, આંકડાશાસ્ત્ર; બી.કોમ. (ગૌણ)માં એસ.પી., એડ.બિઝ. મેનેજમેન્ટ, કોમ્પ્યુટર સાયન્સના અભ્યાસક્રમો શીખવવા માટેની ચાલુ જોડાણઅરજી પરત્વે મૂકવામાં આવેલી એકેડેમિક કાઉન્સિલની ભલામણ પર વિચારણા કરવા બાબત.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

" આથી ઠરાવવામાં આવે છે કે કે. કે. આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ધંધુકા, નિમણૂંક અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૦—૪—૧૯૯૦ સુધીમાં કરે તો તેને બી.એ. (પ્રિન્સ.) ગુજરાતી, અર્થશાસ્ત્ર, બી.એ. (ગૌણ)માં આંકડાશાસ્ત્રની પદ્ધતિઓ, ઇતિહાસ, સંસ્કૃત, બી.કોમ.માં એડ. એકા. એન્ડ ઑડિટિંગ, આંકડાશાસ્ત્ર; બી.કોમ. (ગૌણ)મા એસ.પી., એડ. બિઝનેસ મેનેજમેન્ટ, કોમ્પ્યુટર સાયન્સના, અભ્યાસક્રમ શીખવવા માટે તા. ૧૫—૬—૧૯૮૯થી તા. ૧૪—૬—૧૯૯૧ સુધીનું ચાલુ જોડાણ આપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ઑર્ડિ. ૧૨૦-એ અનુસાર જરૂરી શિક્ષકગણની તેમાં ખાસ કરીને અંગ્રેજી વિષયમાંની નિમણૂક કરવામાં આવે. (સદરહુ નિમણૂક કરવામા-નવી નિમણૂક માટે રાજય સરકારશ્રીની પૂર્વમંજૂરી મેળવીને તેની જાણ કરવી);

૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કોલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રાંતવર્ષ ઓછામાં ઓછા રૂ. ૪,૦૦૦/નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. શૈક્ષણિક તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓના પ્રોવિડંટ ફંડની રકમ રાજ્ય સરકારશ્રીમાં તાત્કાલિક જમા કરાવવામાં આવે;

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, પ્રો. ફંડ, ગ્રેચ્યુઈટી અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે, તેમ જ વિદ્યાર્થીની સંખ્યાને લક્ષમાં લઈ મહેકમ અંગેનાં યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ બિનશિક્ષકવર્ગના પર્યાપ્ત કર્મચારીઓની નિમણૂક કરવામાં આવે અને મહેકમના સંદર્ભમાં કોઈ નિમણૂક બાકી રહેવા પામી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે.

૬. ગુજરાત સરકાર, ભારત સરકાર અને યુ.જી.સી.એ વિદ્યાર્થીપ્રવેશ, શિક્ષક—બિનશિક્ષક કર્મચારીગણની નિમણૂક, ભરતી, બઢતી ઇ. અંગે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને બક્ષીપંચ દ્વારા આવરી લેવાયેલ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જાતિ તેમ જ શારીરિક ખોડખાંપણ ધરાવતા ઉમેદવારોની અનામત જગ્યા ભરવામાં યુનિવર્સિટીએ વખતોવખત નિયત કરેલ ધારાધોરણોનો અમલ કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે શરતોનું પાલન તા. ૩૧–૫–૧૯૯૦ સુધીમાં કરે તે શરતે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૭. વિજ્ઞાન વિદ્યાભવનના યુનિવર્સિટી સર્વિસ ઇન્સ્ટ્રુમેન્ટેશન સેન્ટરમાં પ્રિન્સિપલ સાયન્ટિફિક ઓફિસરની ખાલી જગ્યા માટે વરણીસમિતિની રચના કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે આ સભાગૃહ વતી જરૂરી નિર્ણય લેવા કુલપતિશ્રીને સત્તા આપવી.

૮. ગુજરાત યુનિવર્સિટીના નીચેના કર્મચારીને તેમના નામ સામે જણાવેલ કારણોસર મકાન બાંધવા-મરામત કરાવવા અંગે રૂલે. ૧૮૮(૨) પ્રમાણે પ્રોવિડંટ ફંડ ખાતામાંથી લોન આપવા અંગે વિચારણા કરવા બાબત :

કર્મચારીનું નામ તથા હોદ્દો	લોનની રકમ	રૂલે. ૧૮૮(૨) પ્રમાણે અગાઉ લોન લીધી છે?	કયા કારણસર લોનની માગણી કરી છે?
શ્રી. જીવણ એ. વાઘેલા, ડિસ્પેચ રાઈડર, ભાષાભવન.	રૂ. ૪૧-૮૨૭/-	ના	મકાનમાં ફેરફાર તથા રીપેરિંગ માટે

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીમાં કામ કરતા ઉપરોક્ત કર્મચારી શ્રી. જીવણ એ. વાઘેલાને તેમના નામ સામે જણાવેલ રકમની લોન રૂલેચ્યૂટ ૧૮૮(૨) હેઠળ યુનિવર્સિટીનાં ધારાધોરણો પ્રમાણે તેમના પ્રોવિડંટ ફંડના ખાતામાંથી આપવી.

૯. યુનિવર્સિટીના રોલવાલા કૉમ્પ્યુટર સેન્ટરમાં કામ કરતા નીચેના સભ્યોનો તેમનાં નામ સામે દર્શાવેલ તારીખે એક વર્ષનો અજમાયશી સમય પૂરો થતો હોઈ તેમને કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમ નં.	નામ તથા હોદ્દો	અજમાયશી સમય પૂરો થયાની તારીખ	કાયમ કરવાની તારીખ
(૧)	શ્રીમતી સ્મિતા એસ. કાપસે (જૂનિયર રિસેપ્ટનિસ્ટ)	તા. ૧-૩-૧૯૯૦	તા. ૨-૩-૧૯૯૦
(૨)	શ્રી યોગેન્દ્ર એન. ગઢવી (સ્ટેનોગ્રાફર)	તા. ૨૭-૩-૧૯૯૦	તા. ૨૮-૩-૧૯૯૦

ઉપરોક્ત કર્મચારીઓની કામગીરી અંગેનો ખાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે યુનિવર્સિટી રોલવાલા કૉમ્પ્યુટર સેન્ટરમાં કામ કરતાં શ્રીમતી સ્મિતા એસ. કાપસે, જૂનિયર રિસેપ્ટનિસ્ટને તા. ૨-૩-૧૯૯૦ થી રૂ. ૧૨૦૦-૩૦-૧૫૬૦-ઈબી-૪૦-૨૦૪૦ના પગારધોરણમાં કાયમ કરવાં અને શ્રી. યોગેન્દ્ર એન. ગઢવી, સ્ટેનોગ્રાફરને રૂ. ૧૨૦૦-૩૦-૧૫૬૦-ઈબી.-૪૦-૨૦૪૦ના પગારધોરણમાં કાયમ કરવા.

૧૦. શેઠ કે. એમ. સ્કૂલ ઑફ પોસ્ટ-ગ્રેજ્યુએટ મેડિસિન એન્ડ રિસર્ચ, અમદાવાદ સાથે સંકળાયેલ શેઠ એલ. જી. મ્યુનિસિપલ જનરલ હૉસ્પિટલમાં એમ.સીએચ. (સુપર સ્પેશ્યાલિટી) પ્લાસ્ટિક સર્જરીના અભ્યાસક્રમ માટે બીજું યુનિટ આપવા બાબતમાં સદરહુ સંસ્થાની અરજી તા. ૨૬-૬-૧૯૮૯ના સંદર્ભમાં જરૂરી તપાસાર્થે કુલપતિશ્રીએ નીમેલી ડૉ. એચ. એલ. પટેલ અને ડૉ. એસ. સી. કુકરેટીની તપાસ સમિતિના અહેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ તપાસસમિતિની ભલામણ મંજૂર કરવી અને તે પ્રમાણે શેઠ કે. એમ. સ્કૂલ ઑફ પોસ્ટ-ગ્રેજ્યુએટ મેડિસિન એન્ડ રિસર્ચ, અમદાવાદ સાથે સંકળાયેલ શેઠ એલ. જી. મ્યુનિસિપલ જનરલ હૉસ્પિટલમાં એમ.સીએચ. (સુપર સ્પેશ્યાલિટી) પ્લાસ્ટિક સર્જરીના અભ્યાસક્રમ માટે બીજા યુનિટની માન્યતા આપવા અને દરવર્ષે બે વિદ્યાર્થીઓને સદરહુ અભ્યાસક્રમમાં દાખલ કરવા.

(સદરહુ તપાસસમિતિનો અહેવાલ પરિશિષ્ટ "૧" તરીકે સામેલ છે.)

૧૧. યુનિવર્સિટીના વિજ્ઞાનવિદ્યા ભવનમાં ગણિત વિભાગમા રીડર તરીકે સેવા બજાવતા ડૉ. એન. સી. શાહ તા. ૧૫-૬-૧૯૯૦થી તા. ૧૪-૬-૧૯૯૧ના સમયદરમિયાન અંગત કાર્ય માટે અમેરિકા જવા માગે છે, તેના સંદર્ભમાં તેઓના ખાતે નીકળતી હક્ક રજાઓ, અર્ધપગારી રજાઓ અને ત્યાર બાદ Extra Ordinary Leave (વગર પગારની રજાઓ)ની માગણી મંજૂર કરવા વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના ગણિત વિભાગમાં રીડર તરીકે સેવા બજાવતા ડૉ. એન. સી શાહને અમેરિકા અંગત કાર્ય માટે જવાનું છે તે માટે તા. ૧૫–૬–૧૯૯૦થી તા. ૧૪–૬–૧૯૯૧ સુધીની નિયમ પ્રમાણે મળવાપાત્ર રજાઓ મંજૂર કરવી અને રજા ઉપર જતાં પહેલાં તેઓ પાસેથી બાંયધરી મેળવી લેવી કે તેઓ તા. ૧૪–૬–૧૯૯૧ પછી ફરજ ઉપર અચૂક હાજર થશે અને જો હાજર નહિ થાય તો તેમની સેવાઓનો ભંગ (Service break) ગણાશે અને યુનિવર્સિટીમાં સમયસર ફરજ પર હાજર ન થાય તો આમ સમયસર હાજર ન થવા અંગે યુનિવર્સિટી જે કાંઈ કાર્યવાહી (નિર્ણય) કરે તે તેમને બંધનકર્તા રહેશે.

વધુમાં પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેની બાબત પણ સભાગૃહ સમક્ષ વિચારણા માટે સાથે રજૂ કરવામાં આવી :

૧૧–એ. Durham University Business School, U.K. માં તા. ૭–૫–૧૯૯૦થી તા. ૧૩–૭–૧૯૯૦ સુધી "Integrated Approaches to promoting and Development Small Businesses" અંગે ટ્રેઈનિંગ પ્રોગ્રામમાં ભાગ લેવા અભ્યાસ-રજા મંજૂર કરવા અંગે બી. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મેનેજમેન્ટના અધ્યક્ષ શ્રી. ધવલભાઈ મહેતાની આવેલ અરજી તા. ૨૮–૪–૧૯૯૦ ઉપર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની ચર્ચાવિચારણા શરૂ થતાં પહેલાં શ્રી. ધવલભાઈ મહેતા સભાગૃહની બહાર ગયા હતા.

ત્યારબાદ ઠરાવવામાં આવ્યું કે સદરહુ ટ્રેઈનિંગ પ્રોગ્રામમાં ભાગ લેવા **શ્રી. ધવલભાઈ મહેતાને** તા. ૭–૫–૧૯૯૦ થી તા. ૧૩–૭–૧૯૯૦ ની અભ્યાસ-રજાઓ મંજૂર કરવી અને આ અંગે યુનિવર્સિટી કોઇ આર્થિક સહાય આપશે નહીં તેની તેમને જાણ કરવી.

તે પછી શ્રી ધવલભાઈ મહેતા સભાગૃહમાં પાછા ફર્યા હતા.

૧૨. કુલપતિશ્રીએ મંજૂર કરેલ નીચેનાં કાર્યો (જાણ માટે) :

(૧) ઑર્ડિ. ૯૭ આ સાથે જોડ્યા પ્રમાણે વંચાય તે રીતે સુધારવા તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવાનું.

(સુધારેલા ઑર્ડિ. ૯૭નો પાઠ **પરિશિષ્ટ "૨"** તરીકે સામેલ છે.)

(૨) ગુજરાત કૉલેજ, અમદાવાદના પ્રો. સી. જે. પંડ્યાએ તેઓને ૬૦ વર્ષને બદલે ૫૮ વર્ષે નિવૃત્ત કરવા અંગે ડાયરેક્ટર ઑફ હાયર એજ્યુકેશન, અમદાવાદે કરેલા હુકમ સામે નામદાર હાઈકોર્ટમાં રિટ. સિવિલ એપ્લિકેશન નંબર ૩૦૨૦/૧૯૯૦થી દાદ માંગેલી છે, તેના સંદર્ભમાં ગુજરાત યુનિવર્સિટી તરફથી જરૂરી કાર્યવાહી કરવા માટે એડવોકેટ શ્રી સુરેશભાઈ શેલતની નિમણૂક કર્યાનું અને તે અંગે થનાર આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું.

(૩) ગુજરાત યુનિવર્સિટીના રોસવાલા કોમ્પ્યુટર સેન્ટરના તથા વિદ્યાભવનોના નીચે દર્શાવેલ ૬ રૂમોને તા. ૭–૫–૧૯૯૦થી તા. ૧૫–૬–૧૯૯૦ દરમ્યાન યુનિવર્સિટી ઑફ રેજીના,

કેનેડા ખાતે (Collaborative project) યોજનાર ટ્રેઇનિંગ પ્રોગ્રામમાં ભાગ લેવા માટે મંજૂરી આપવાનું :

ક્રમાંક	સભ્યનું નામ	હોદ્દો
૧.	શ્રી. ડી. જે. દિવરાનીયા	પ્રોગ્રામર, કોમ્પ્યુટર સેન્ટર
૨.	શ્રી. એચ. એમ. પટેલ	લેકચરર ,,
૩.	ડૉ. નીશા શાહ	લેકચરર, રસાયણ વિભાગ
૪.	શ્રી. ધીરુભાઈ દેસાઈ	રીડર, સમાજવિદ્યા ભવન
૫.	શ્રી. એસ. આર. ચૌધરી	લેકચરર કોમ્પ્યુટર સેન્ટર
૬.	શ્રી. આર. પી. સોની	પ્રોજેકટ ડાયરેકટર, કોમ્પ્યુટર સેન્ટર (પ્રોગ્રામ કો–ઑર્ડિનેટર તરીકે)

(**નોંધ.**—આ પ્રોજેકટની મંજૂરી યુ.જી.સી. તરફથી મળી ગઈ છે. ઉપરોક્ત સભ્યોનું મુંબઈથી જવા–આવવાનું અને રેલ્વેનામાં રહેવાનું ખર્ચ ત્યાંની યુનિવર્સિટી ભોગવશે. ક્રમ નં. ૬ પ્રોગ્રામ કો–ઑર્ડિનેટરનું ફક્ત જવા–આવવાનું ખર્ચ યુજીસીએ મંજૂર કરેલ બજેટમાંથી પડશે જે અંગે જોગવાઈ કરવામાં આવેલી છે.)

(૪) યુનિવર્સિટી સંલગ્ન કોલેજના વિદ્યાર્થીઓ માટે દરવર્ષે યોજાતી બેન્ક ઑફ બરોડા ટ્રોફી વકૃતત્વ સ્પર્ધાના નિર્ણાયકોના માનદવેતન ઇનામોની રકમ વધારવા કુલપતિશ્રીએ નીમેલ સમિતિની તા. ૧૦–૨–૧૯૯૦ની સભાની ભલામણો મંજૂર કર્યાનું;

(**નોંધ.**—સદરહુ સમિતિની સભા તા. ૧૦–૨–૧૯૯૦ની ભલામણો પરિશિષ્ટ "૩" તરીકે સામેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીએ મંજૂર કરેલાં ૧૨(૧)થી ૧૨(૪)માં દર્શાવેલ કાર્યોની નોંધ લેવી.

વધુમાં પ્રમુખશ્રીની પરવાનગીથી ડૉ. નીશા શાહ, લેકચરર, રસાયણ વિભાગની તા. ૧૬–૬–૧૯૯૦થી તા. ૭–૭–૧૯૯૦ સુધીની રજાઓ મંજૂર કરવા આવેલ તા. ૨૮–૪–૧૯૯૦ની અરજી ઉપર વિચારણા કરવામાં આવી અને ઠરાવવામાં આવ્યું કે તેમની તા. ૧૬–૬–૧૯૯૦ થી તા. ૭–૭–૧૯૯૦ સુધીની રજાઓ તેઓના ખાતે જમા થયેલી રજાઓમાંથી નિયમો પ્રમાણે મંજૂર કરવી.

૧૩. સ્થાયી સમિતિની તા. ૧૬–૩–૧૯૯૦ના રોજ મળેલ સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સ્થાયી સમિતિની તા. ૧૬–૩–૧૯૯૦ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૧૬–૩–૧૯૯૦ની સભાની ભલામણો પરિશિષ્ટ "૪" તરીકે સામેલ છે.)

૧૪. નીચે જણાવેલા કર્મચારીઓને રૂ. ૭૫૦–૧૨–૮૭૦–ઇબી–૧૪–૯૪૦ના પગાર-ધોરણમાં રૂ. ૮૭૦ પછીનો કાર્યક્ષમતા અંતરાય (એફિશિયન્સી બાર) તેમનાં નામ

સામે દર્શાવેલ તારીખથી ઓળંગવા પરવાનગી આપવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	સભ્યનું નામ હોદ્દો	વિભાગ	તારીખ	પગારધોરણ
૧.	શ્રી. લક્ષ્મીશંકર પી. ગુપ્તા (પટાવાળા)	પોલિવેન્ટર સેન્ટર	૧૫-૪-૧૯૯૦	રૂ. ૭૫૦–૧૨–૮૭૦–ઈબી–૧૪–૯૪૦
૨.	શ્રી. પ્રવીણચંદ્ર બી. કડિયા	,,	૧૭–૪–૧૯૯૦	,, ,,

સદરહુ બંને કર્મચારીઓના કામગીરી અંગેના બાનગી અહેવાલો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા.

તે પછી ઠરાવવામાં આવ્યું કે શ્રી. લક્ષ્મીશંકર પી. ગુપ્તા અને શ્રી. પ્રવીણચંદ્ર બી. કડિયાને રૂ. ૭૫૦–૧૨–૮૭૦–ઈ.બી. ૧૪-૯૪૦ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂ. ૮૭૦ પછીનો કાર્ય-ક્ષમતા અંતરાય (Efficiency Bar) અનુક્રમે તા. ૧૫-૪-૧૯૯૦ અને તા. ૧૭-૪-૧૯૯૦થી ઓળંગવા માટે મંજૂરી આપવી.

૧૫. યુનિવર્સિટીના એજ્યુકેશન મીડિયા રિસર્ચ સેન્ટરના ટેકનિકલ આસિસ્ટન્ટ તરીકે કામ કરતાં શ્રીમતી સુનિતા બી. મહેતાનો એક વર્ષનો અજમાયશી સમય તા. ૧૯–૪–૧૯૯૧ના રોજ પૂરો થતો હોઈ તા. ૨૦–૪–૧૯૯૧થી તેમને કાયમી કરવા અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ ટેકનિકલ આસિસ્ટન્ટ તરીકે કામ કરતાં શ્રીમતી સુનિતા બી. મહેતાની કામગીરી અંગેનો બાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે યુનિવર્સિટીના એજ્યુકેશન મીડિયા રિસર્ચ સેન્ટરમાં ટેકનિકલ આસિસ્ટંટ તરીકે કામ કરતાં શ્રીમતી સુનિતા બી. મહેતાને તા. ૨૦–૪–૧૯૯૧થી રૂ. ૧૨૦૦-૩૦-૧૧૬૦-ઈબી.-૪૦-૨૦૪૦ના પગારધોરણમાં કાયમ કરવાં.

૧૬. તા. ૧૯ થી ૨૧ માર્ચ ૧૯૯૧ દરમ્યાન સ્વીડન, યુ.કે. ખાતે યોજાનાર આંતરરાષ્ટ્રીય પ્રદર્શન અને પરિષદમાં પેપર રજૂ કરવા માટે ઈ. એમ. આર. સી. વિભાગના કો-ઓર્ડિનેટર શ્રી ધીરેન અવાશિયાને આમંત્રણ મળેલ છે. તો તેમાં ભાગ લેવા જવા માટે મંજૂરી આપવા અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—તેઓ મે–૧૯૮૯ માં દસ દિવસ માટે Indo–US પ્રોજેક્ટની કામગીરી માટે અમેરિકા ગયા હતા.]

આથી ઠરાવવામાં આવે છે કે ઈ.એમ.આર.સી. વિભાગના કો–ઓર્ડિનેટર શ્રી ધીરેન અવશિયાને તા. ૧૯ થી ૨૧ માર્ચ ૧૯૯૧ દરમ્યાન સ્વીડન, યુ. કે. ખાતે યોજનાર પરિષદ અને પ્રદર્શનમાં પેપર રજૂ કરવા અને ભાગ લેવા મંજૂરી આપવી અને આ અંગે યુનિવર્સિટી કોઈ આર્થિક સહાય આપશે નહીં તેવી તેમને જાણ કરવી.

૧૭. યુનિવર્સિટીના એન.એસ.એસ. વિભાગમાં ડ્રાયવર તરીકે કામ કરતા શ્રી. બી. આર. ગોસાઈને તેમના મકાન–બાંધકામ–મરામત કરાવવા અંગે સ્ટે. ૧૮૮ (૨) પ્રમાણે પ્રોવિડંટ ફંડ ખાતામાંથી રૂ. ૩૦,૦૦૦ (રૂપિયા ત્રીસ હજાર)ની લોન મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીમાં કામ કરતા ઉપરોક્ત કર્મચારી શ્રી. બી. આર. ગોસાઈને રૂ. ૩૦,૦૦૦/– (રૂપિયા ત્રીસ હજાર પૂરા)ની લોન યુનિવર્સિટીનાં ધારાધોરણ પ્રમાણે તેમના પ્રોવિડંટ ફંડના ખાતામાંથી આપવી.

૧૮. રાજ્ય સરકારના નાણાં વિભાગના ઠરાવ ક્રમાંક એનવીટી–૨૬૮૯–૧૪૫–પી તા. ૨૭–૧૧–૧૯૮૯ મુજબ જે કર્મચારીઓની નિવૃત્તિ-તારીખ જે તે મહિનાની પહેલી અગર ત્યાર પછીની કોઈ પણ તારીખ આવતી હોય તો તેઓની નિવૃત્તિ-તારીખ તે મહિનાની છેલ્લી તારીખ રાખવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતનો સાભાર સ્વીકાર કરવો અને યુનિવર્સિટી અને સંલગ્ન કોલેજો તથા માન્ય સંસ્થાઓના શિક્ષક-બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને તે લાગુ પાડવો.

(રાજ્ય સરકારના નાણાં વિભાગના ઠરાવ ક્રમાંક એનવીટી-૨૬૮૯-૧૪૫-પી. તા. ૨૭-૧૧-૧૯૮૯ **પરિશિષ્ટ "૫"** તરીકે સામેલ છે.)

૧૯. તા. ૧૨–૬–૧૯૮૯ થી એસ.સી.ટી. સેલમાં સ્ટેટિસ્ટિકલ આસિસ્ટન્ટ તરીકે કામ કરતા શ્રી એ. ડી. પટેલને તેમની મૂળ આસિસ્ટન્ટની જગ્યા પર બે વર્ષ માટે પદાધિકાર રાખવાની મંજૂરી આપવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—એસ.સો.ટા. સેલમાં સ્ટેટિસ્ટિકલ આસિસ્ટન્ટ તરીકે જોડાવા તે પહેલાં શ્રી એ. ડી. પટેલ યુનિવર્સિટીના હિસાબ વિભાગમાં આસિસ્ટન્ટ તરીકે ફરજ બજાવતા હતા. તેઓ તા. ૨૧–૧૦–૧૯૭૪થી યુનિવર્સિટીમાં જોડાયા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ માગણી સ્વીકારી શકાય તેમ નથી.

૨૦. ફાઇનાન્સ સમિતિની તા. ૨૮–૩–૧૯૯૦ની સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ફાઈનાન્સ સમિતિની તા. ૨૮–૩–૧૯૯૦ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની ભલામણો **પરિશિષ્ટ "૬"** તરીકે સામેલ છે.)

૨૧. ફાઇનાન્સ સમિતિની તા. ૧૧–૪–૧૯૯૦ની સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ફાઈનાન્સ સમિતિની તા. ૧૧–૪–૧૯૯૦ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની ભલામણો **પરિશિષ્ટ "૭"** તરીકે સામેલ છે.)

૨૨. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, ન્યૂ દિલ્હીએ નીમેલી એક્સપર્ટ કમિટીએ ૧૮-૨૦ જાન્યુઆરી, ૧૯૮૯ દરમિયાન ગુજરાત યુનિવર્સિટીની સાતમી યોજનાના સંદર્ભમાં "મિડ-ટર્મ રિવ્યુ" માટે તેમની આઠમી યોજનાની ભવિષ્યની યોજનાઓની ચર્ચા માટે મુલાકાત લીધી હતી તે અંગેનો અહેવાલ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને તેમના પત્ર ક્રમાંક એફ ૨-૨-૮૮ કો-ઓર્ડિનેટર તા. ૧૪–૩–૧૯૯૦થી મોકલ્યો છે તે પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના સદરહુ અહેવાલની સાભાર નોંધ લેવી.

(સદરહુ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના અહેવાલની નકલ પરિશિષ્ટ "૮" તરીકે સામેલ છે)

૨૩. યુનિવર્સિટી સ્કૂલ ઓફ સોશ્યલ સાયન્સીસમાં રીડર ઇન ઇકોનોમિક્સની બે જગ્યાઓ (એક ઓપન-અનામત અને બીજી બક્ષી પંચની) ભરવા માટે વરણી સમિતિની તા. ૧૦–૪–૧૯૯૦ના રોજ મળેલ સભાની ભલામણો, જે એકેડેમિક કાઉન્સિલની બહાલીની અપેક્ષાએ સ્વીકારેલી છે, તે ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણી સમિતિની ભલામણ અનુસાર, યુનિવર્સિટીના સમાજવિદ્યા ભવનમાં અર્થશાસ્ત્ર વિષયમાં રીડરની ઓપન-અનામત જગ્યા ઉપર શ્રી પી. સી. વોરાની નિમણૂક રૂ. ૩૭૦૦-૧૨૫-૪૯૫૦-૧૫૦-૫૭૦૦ના પગારધોરણમાં નિયમાનુસાર બે વર્ષના અજમાયશી ધોરણે કરવી તેમ જ અર્થશાસ્ત્રના વિષયની રીડરની બક્ષીપંચની જગ્યા અંગે ફરીથી જાહેરખબર આપી અરજીઓ મંગાવવી.

(સદરહુ વરણી સમિતિની તા ૧૦–૪–૧૯૯૦ની સભાની ભલામણની નકલ પરિશિષ્ટ "૯" તરીકે સામેલ છે.)

૨૪. યુનિવર્સિટી સ્કૂલ ઓફ સાયન્સીસમાં બોટાની વિભાગમાં લેક્ચરર ઇન બોટાનીની બે જગ્યાઓ (એક ઓપન-અનામત અને બીજી શિડ્યુલ કાસ્ટની) ભરવા માટે વરણી સમિતિની તા. ૧૩–૪–૧૯૯૦ના રોજ મળેલ સભાની ભલામણો કે જે એકેડેમિક કાઉન્સિલની બહાલીની અપેક્ષાએ સ્વીકારી છે તે ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણી સમિતિની ભલામણ અનુસાર યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનના વનસ્પતિશાસ્ત્ર વિષયમાં વ્યાખ્યાતાની જગ્યા ઉપર કુ. છાયા રશ્મીની નિમણૂક રૂ. ૨૨૦૦-૭૫-૨૮૦૦-૧૦૦-૪૮૦૦ના પગારધોરણમાં નિયમાનુસાર બે વર્ષના અજમાયશી ધોરણે કરવી.

(સદરહુ વરણી સમિતિની તા. ૧૩-૪-૧૯૯૦ની સભાની ભલામણની નકલ પરિશિષ્ટ "૧૦" તરીકે સામેલ છે.)

૨૫. યુનિવર્સિટી વિદ્યાભવનોના શિક્ષકો તેમજ સંલગ્ન કૉલેજ/માન્ય સંસ્થાઓના શિક્ષકો તેમજ બીજા શૈક્ષણિક કર્મચારીઓને સ્વૈચ્છિક નિવૃત્તિની યોજના લાગુ પાડવામાં આવી છે તે સંબંધી ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રીની કચેરીના પરિપત્ર નં. ૧૫/કપચ/૮૯-૯૦

ક/૨/૧૮૮૩/૨૧૪૯, તા. ૧૮-૧-૧૯૯૦ હેઠળ પેન્શન/રહેમિયત પેન્શન/નિવૃત્તિવેળા પેન્શન અંગે કેટલીક માર્ગદર્શક ખાસ સૂચનાઓ પાઠવવામાં આવી છે તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતનો સાભાર સ્વીકાર કરવો.

(સદરહુ ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રી, ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક ૧૧/કપચ/૮૯-૯૦/ ક/૧/૧૮૮૩/૨૧૪૯, તા. ૧૮-૧-૧૯૯૦ની નકલ **પરિશિષ્ટ "૧૧"** તરીકે સામેલ છે.)

૨૬. જૂન ૧૯૯૦ થી આર. કે. પરીખ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, પેટલાદની બી.કૉમ. (ગૌણ) આંકડાશાસ્ત્ર અને કૉમ્પ્યુટર સાયન્સના અભ્યાસક્રમો શીખવવા માટેની જોડાણ–અરજી પરત્વે મૂકવામાં આવેલી એકૅડેમિક કાઉન્સિલની ભલામણ પર વિચારણા કરવા બાબત.

એકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, આર. કે. પરીખ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, પેટલાદ નિમણૂંકો અંગેની શરત સર્જનની નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૧-૫-૧૯૯૦ સુધીમાં કરે તો તેને બી.કૉમ. (ગૌણ)માં આંકડાશાસ્ત્ર અને કૉમ્પ્યુટર સાયન્સ અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૬-૬-૧૯૯૦ થી તા. ૧૪-૬-૧૯૯૧ સુધીનું ચાલુ જોડાણ આપવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. (અ) આંકડાશાસ્ત્રના વિષય માટે ઑ. ૧૨૦-એના સંદર્ભમાં નિમણૂક કરવામાં આવે;

(બ) કૉમ્પ્યુટર સાયન્સના વિષય માટે ખંડ સમયના વ્યાખ્યાતાની નિમણૂક કરવામાં આવે;

(નવી નિમણૂક કરતાં પહેલાં રાજ્ય સરકારશ્રીની પૂર્વમંજૂરી મેળવી તેની જાણ કરવામાં આવે.)

૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં બાકી રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકો ની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવા આવે;

૩. પ્રત્યેક મશીન દીઠ બે વિદ્યાર્થીઓની બેચ રાખવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૪,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. (અ) કૉમ્પ્યુટર સાયન્સ ના વિષય માટે રૂ. ૨,૦૦૦ની રકમનાં પુસ્તકોનો અનાવર્તક ખર્ચ કરવામાં આવે.

(બ) આંકડાશાસ્ત્રના વિષય માટે રૂ. ૨,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે.

૬. (અ) ચાર સામયિકો કૉમ્પ્યુટર સાયન્સના વિષય માટે વસાવવામાં આવે;

(બ) આંકડાશાસ્ત્રના વિષય માટે બે સામયિકો (ભારતમાં પ્રસિદ્ધ) વસાવવામાં આવે;

૭. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, પ્રોવિડંટ ફંડ, ગ્રેચ્યુઇટી અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઇ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે તેમ જ વિદ્યાર્થીની સંખ્યાને લક્ષમાં લઈ મહેકમ અંગેનાં યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ બિનશિક્ષક વર્ગના પર્યાપ્ત કર્મચારીઓની નિમણૂક કરવામાં આવે અને મહેકમના સંદર્ભમાં કોઇ નિમણૂક બાકી રહેવા પામી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે;

૮. ગુજરાત સરકાર, ભારત સરકાર અને યુ.જી.સી.એ વિદ્યાર્થી પ્રવેશ, શિક્ષક-બિનશિક્ષક વર્ગના કર્મચારીગણની નિમણૂક, ભરતી, બઢતી ઇત્યાદિ અંગે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને બક્ષીપંચ દ્વારા આવરી લેવાયેલ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જાતિ તેમ જ શારીરિક ખોડખાંપણ ધરાવતા ઉમેદવારોની અનામત જગ્યા ભરવામાં યુનિવર્સિટીએ વખતોવખત નિયત કરેલ ધારાધોરણોનો અમલ કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણો મંજૂર કરવી.

૨૭. શ્રીમતી સંતોકબા ભગવતી જનરલ હોસ્પિટલ, ધોળકાને ઑર્ડિનન્સ એમ.બી.બી.એસ. ૧૮ અને ૧૯ મુજબ ફરજિયાત રોટેટિંગ હાઉસમેનશિપ માટે માન્યતા આપવા અંગે તપાસસમિતિની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ તપાસ સમિતિની ભલામણ મંજૂર કરવી અને તે પ્રમાણે શ્રીમતી સંતોકબા ભગવતી જનરલ હોસ્પિટલ, ધોળકાને રોટેટિંગહાઉસમેનશિપ માટે માન્યતા આપવી.

(સદરહુ તપાસસમિતિનો હેવાલ "પરિશિષ્ટ ૧૨" તરીકે સામેલ છે.)

૨૮. અનુસ્નાતક કેન્દ્રો અંગેની સમિતિની તા. ૧૪-૩-૧૯૯૦ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૧૪-૩-૧૯૯૦ની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ અનુસ્નાતક કેન્દ્રો અંગેની સમિતિની તા. ૧૪-૩-૧૯૯૦ની સભાની ભલામણો **પરિશિષ્ટ "૧૩"** તરીકે સામેલ છે.)

૨૯. એપ્રિલ–૧૯૯૯માં લેવાયેલ થર્ડ બી.એ. (રેગ્યુલર) પરીક્ષામાં બેઠક નં. ૧૧૨૪૧ના વિદ્યાર્થિની કુ.નિનામા મંજુલાબહેન પુનાભાઈનું પરિણામ ઑર્ડ. ૧૨૭ હેઠળ અનામતમાં હોઈ, તેમણે સેકન્ડ બી.એ. એ.ટી.કે.ટી.ની બાકી રહેતા વિષયની પરીક્ષા ગુજરાત યુનિવર્સિટીમાંથી આપવાને બદલે ભૂલથી ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાં આપીને પસાર કરી હોઈ, ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના પરીક્ષા નિયામકશ્રીએ તેમના તા. ૨૦–૬–૧૯૯૦ના પત્રાંક પરી/૨/૧૩૪૫/૧૯૯૦ અન્વયેથી સદરહુ વિદ્યાર્થીનીનું થર્ડ

બી.એ.નું પરિણામ ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના તેમના સેકન્ડ બી.એ.ના પરિણામને આધારે જાહેર કરવા કરેલ ભલામણ પરત્વે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—આવા ઉત્તર ગુજરાત યુનિવર્સિટીની કૉલેજોના વિદ્યાર્થીઓએ સામાન્ય રીતે આ યુનિવર્સિટીની પરીક્ષા આપી હોય અને એ.ટી.કે.ટી.નું પરિણામ આવે તો તેમણે એ.ટી.કે.ટી.ના વિષયની પરીક્ષા આ યુનિવર્સિટીની પરીક્ષા આપીને પસાર કરવી જોઈએ, તેવો પરિપત્ર બહાર પાડ્યો છે, આ કેસના અનુસંધાને જો ઉત્તર ગુજરાત યુનિવર્સિટી ગુણાંક ગણતરીમાં લઈ આ યુનિવર્સિટીનું પરિણામ બહાર પાડવાનું હોય તો તે આ અને આના જેવા અન્ય કિસ્સાઓમાં પણ આવો નિર્ણય લાગુ પાડવાનો રહે).

આથી ઠરાવવામાં આવે છે કે ઉત્તર ગુજરાત યુનિવર્સિટીની સદરહુ ભલામણ સ્વીકારી શકાય તેમ નથી.

૩૦. **ડૉ. વી. પી. શાહે યુનેસ્કોની સ્પોન્સરશિપ હેઠળ એક કૉમ્પ્યુટર ટ્રેઈનિંગનો સેમિનાર યોજ્યો હતો. તેના ડાયરેક્ટર તરીકેની કામગીરી માટે તેઓશ્રીને યુનેસ્કો તરફથી રૂ. ૧૦,૦૦૦ માનદ વેતન તરીકે યુનેસ્કોએ મંજૂર કરેલા છે અને બજેટમાં પણ તે પ્રમાણે જોગવાઈ છે. આમાંથી શ્રો. આર. પી. સોનીને રૂ. ૨,૦૦૦ અને ડૉ. વી. પી. શાહને પોતાને ૮,૦૦૦ માનદ વેતન તરીકે સ્વીકારવા તથા સેમિનારના કામ માટે સમાજવિદ્યા ભવન તથા કૉમ્પ્યુટર સેન્ટરના કર્મચારી ભાઈઓને કુલ રૂ. ૩,૦૦૦ માનદ વેતન તરીકે (યુનેસ્કોના બજેટ પ્રમાણે) ચૂકવવા પરવાનગી આપવા અંગે વિચારણા કરવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતમાં યોગ્ય નિર્ણય લેવા કુલપતિશ્રીને સત્તા આપવી.

ત્યાર બાદ પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેની બાબતો સભાગૃહ સમક્ષ વિચારણા માટે રજૂ કરવામાં આવી :

૩૧. યુનિવર્સિટીના સમાજવિદ્યા ભવનમાં અર્થશાસ્ત્ર વિષયમાં પ્રોફેસરની જગ્યા ભરવા માટે વરણી સમિતિની તા. ૧૦–૪–૧૯૯૦ના રોજ મળેલ સભાની ભલામણ એકેડેમિક કાઉન્સિલની બહાલીની અપેક્ષાએ કુલપતિશ્રીએ મંજૂર કરી તે પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણી સમિતિની તા. ૧૦–૪–૧૯૯૦ની સભાની ભલામણ મંજૂર કરવી અને તે પ્રમાણે સદરહુ જગ્યા માટે ફરીથી જાહેરખબર આપી અરજીઓ મંગાવવાનું રાખવું.

(સદરહુ વરણી સમિતિની તા. ૧૦–૪–૧૯૯૦ની સભાની ભલામણની નકલ પરિશિષ્ટ "૧" તરીકે સામેલ છે.)

૩૨. **યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, ન્યૂ દિલ્હીના પત્ર ક્રમાંક નં. એફ. (સી.પી.પી.) તા. ૨૨–૩–૧૯૯૦થી કૉલેજ ડેવલપમેન્ટ કાઉન્સિલની મળવાપાત્ર આર્થિક**

સહાયની સમયમર્યાદા પ્રથમ તબક્કે તા. ૩૧–૩–૧૯૯૧ સુધી વધારેલી છે, તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

૩૩. શ્રી. આર. જે. અમીને, આચાર્યશ્રી, ભિલોડા આદિવાસી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, એ તા. ૨૩–૧૨–૧૯૮૬થી તા. ૨૨–૧૨–૧૯૮૮ સુધી પૉલિવેલન્ટ સેન્ટરના ડાયરેક્ટર તરીકે ફરજો બજાવેલ તે સમય દરમિયાનનો પગાર રક્ષણ કરવા અંગેની તેઓની તા. ૨૦–૯–૧૯૮૯ની અરજી પર વિચારણા કરવા બાબત.

[નોંધ.—(૧) શ્રી અમીન તા. ૨૩–૧૨–૧૯૮૬ થી યુનિવર્સિટીમાં જોડાયા ત્યારે તેઓને આચાર્યશ્રી તરીકે મળતા પગારનું રક્ષણ આપવામાં આવ્યું હતું.

(૨) તેઓ ડાયરેક્ટર તરીકે ડિસેમ્બર, ૧૯૮૬માં જોડાયા ત્યારે રૂ. ૧,૧૦૦–૧,૬૦૦ ના પગારધોરણમાં તેમનો રક્ષિત પગાર રૂ. ૧,૫૪૦ નક્કી કરવામાં આવ્યો હતો.

(૩) જાન્યુઆરી, ૧૯૮૬થી મેહરોત્રા કમિશન સૂચિત પગારધોરણો અમલી બનતાં નવા પગારધોરણ રૂ. ૪,૫૦૦–૭,૩૦૦ માં તેમનો પગાર તા. ૧–૧–૧૯૮૬ ના રોજ રૂ. ૪,૫૦૦ થાય છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત જોઈ-તપાસીને પોતાનો અહેવાલ રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ નીમવી :

૧. આચાર્યશ્રી દર્શનસિંગ શીખ
૨. પ્રો. એ. આર. શાહ
૩. આચાર્યશ્રી આર. એચ. વ્યાસ

૩૪. યુનિવર્સિટીના સમાજવિદ્યા ભવનના રાજ્યશાસ્ત્ર વિભાગના વડા તથા પ્રોફેસર પી. એન. શેઠને Hull Universityના Department of Politicsમાં Charles Wallace fellow તરીકે મે–જૂન–૧૯૯૦ દરમિયાન છ અઠવાડિયા જવાનું છે. આ સમય દરમિયાન ઇન્ટરનેશનલ કૉન્ફરન્સ જે કેમ્બ્રિજ યુનિવર્સિટીમાં યોજનાર છે (૧૦મી મેથી ૧૨–૫–૧૯૯૦ દરમિયાન) માં પેપર પણ રજૂ કરવાનું છે તો તેઓની આ સમય દરમિયાનની ગેરહાજરી અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—(૧) આ અંગે તેઓને £ ૨,૬૦૦/– ટૅક્સ ફ્રી માનદ વેતન તરીકે મળવાના છે.

(૨) જેમાં તેઓનું '**Air fair**' તથા સ્થાનિક ખર્ચનો સમાવેશ થાય છે. યુનિવર્સિટીએ કોઈ ખર્ચ આપવાનું નથી.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉન્ફરન્સમાં ભાગ લેવા પ્રો. પી. એન. શેઠને પરવાનગી આપવી અને યુનિવર્સિટી તરફથી કોઈ આર્થિક સહાય મળશે નહીં તેવી તેમને જાણ કરવી.

૩૫. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, ન્યૂ દિલ્હીના પત્ર ક્રમાંક ડી.ઓ.એફ. ૧૫-૨/૯૦ (સીપીપી) તા. ૫-૪-૧૯૯૦ અન્વયે સાતમી યોજના હેઠળ ગુજરાત યુનિવર્સિટીને જે યોજના મંજૂર કરેલી છે તે અંગે તા. ૧-૪-૧૯૯૦ પછી સદરહુ યોજનાઓ પરત્વે સાતમી યોજનાનું Status તેમ જ આઠમી યોજના દરમિયાન પરિસ્થિતિ અંગે સ્પષ્ટતા કરવામાં આવેલી છે તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવા.

(યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના પત્ર તા. ૫-૪-૧૯૯૦ની નકલ પરિશિષ્ટ "૧૫" તરીકે સામેલ છે.)

૩૬. એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તા. ૨૫—૧૨—૧૯૮૯ની સભામાં બાબત ક્રમાંક ૩૧થી ઑર્ડિ. ૧૨૦—બી.ના સંબંધકર્તા ભાગ નીચે મુજબ સુધારો કરી તેને આગામી શૈક્ષણિક વર્ષથી અમલમાં મૂકવા ઠરાવ્યું છે તેના સંદર્ભમાં યુનિવર્સિટી કોર્ટના ૪૭ સભ્યોની સહીથી તા. ૩૧-૩-૧૯૯૦ના પત્રથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલે ઑર્ડિ. ૧૨૦—બી અંગે જે સુધારો મંજૂર કર્યો છે અને જે આગામી શૈક્ષણિક વર્ષોથી અમલમાં આવે છે તેને તાત્કાલિક સસ્પેન્ડ કરવા વિનંતી કરી છે તે અંગે યુનિવર્સિટી ધારાની કલમ ૩૧(૫)ના સંદર્ભમાં શું કરવું તે અંગે વિચારણા કરવા બાબત.

એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તા. ૨૫-૧૨-૧૯૮૯ની સભામાં ઑર્ડિ. ૧૨૦-બીનો સંબંધકર્તા ભાગ મંજૂર કર્યો છે તેનો પાઠ :

Every college in the Faculty of Arts, Education, Science, Commerce and Law shall reserve at least 7% seats for the students belonging to scheduled castes and 13% seats for Scheduled tribes and 10% of the seats for the students belonging to socially and educationally backward classes (as per Baxi Commission recommendation) and shall admit student beloging to the categories concerned on these reserved seats on the basis of marks obtained by them. Vacant reserved seats of the scheduled castes shall be filled from the students of the Scheduled Tribes and Vice-Versa on the basis of interchangeability. The reservation of the seats should be exclusive of those students of these categories who might get admission on merit as per the normal standard, if any laid by the college.

If the seats remain vacant, after giving admission to all the applicants belonging to the above..mentioned categories it shall be competent for the principal of the college to fill in these vacancies with prior permission of the Vice-Chancellor.

[નોંધ.—યુનિવર્સિટી ધારાની કલમ ૩૧ (૫)નો પાઠ નીચે મુજબ છે :

The Vice-Chancellor shall, on application of not less than one-third of the members of the Court, suspend the operation of any such ordinance until the court has considered it as provided in Sub-Section (3).]

આ અંગે કુલપતિએ એ પગલાં લેવાનાં હોઈ નોંધ લેવામાં આવી છે.

૩૭. કુલપતિશ્રીએ મંજૂર કરેલ નીચેનું કાર્ય (જાણ માટે) :

(૧) પરીક્ષા વિભાગમાં ગુણ ચકાસણી દરમિયાન લાગતાવળગતા વિદ્યાર્થીઓના ઉત્તરવહીઓ સાથે તથા જુદા જુદા વર્ષની જુદી જુદી પરીક્ષાઓના વિદ્યાર્થીના ગુણાંક વગેરે દર્શાવતાં ઑફિસ રજિસ્ટરો (OR) સાથે અનધિકૃત રીતે ચેડા થયા છે તેવા પ્રથમદર્શનીય કેસો જણાતાં (૧) આવા વિદ્યાર્થીઓ સામે વિધિસરની તપાસ કરવા માટે કુલપતિશ્રીએ સર્વશ્રી પ્રિ. એચ. એમ. દેસાઈ, પ્રિ. ડી. એમ. શીખ, પ્રિ. એન. આર. શાહ, તથા પ્રો. બી. એમ. શુકલની તપાસસમિતિ નીમ્યાનું;

(૨) આ અંગે વિદ્યાર્થીઓ ઉપરાંત અન્ય કોણ કોણ વ્યક્તિઓ સંકળાયેલી છે તે માટે રાજ્ય સરકારના ગૃહવિભાગના ગુપ્તચર ખાતાને પણ કુલપતિશ્રીએ તપાસ સોંપ્યાનું;

[**નોંધ.**—કેસોની ટૂંકી વિગતો નીચે મુજબ છે :

(અ) ગુણ ચકાસણી દરમિયાન ઉત્તરવહી સાથે થયેલ ચેડા અંગેના કેસોની વિગત :

(૧) B.E. સેમે. ૮ એપ્રિલ-૧૯૮૮ (૧ કેસ)
(૨) S.Y.BSc. એપ્રિલ-૮૯ એક કેસ
(૩) TY.B.Com. એપ્રિલ ૧૯૮૯ એક કેસ.

(બ) ઓ.આર. સાથે થયેલ ચેડાના કુલ ૩૪ કેસ છે.]

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીએ મંજૂર કરેલ ઉપરોક્ત કાર્યની નોંધ લેવી.

૩૮. ઝાલોદ કેળવણી મંડળ, ઝાલોદ તરફથી ઝાલોદ ખાતે જૂન ૧૯૯૦થી વિનયન તથા વાણિજ્યની કૉલેજ શરૂ કરવા આવેલી અરજી પરત્વે "જરૂરિયાત" સમિતિની ભલામણ અનુસાર કુલપતિશ્રી વતી એકેડેમિક કાઉન્સિલે કરેલી ભલામણ પર વિચારણા કરવા બાબત.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, ઝાલોદ કેળવણી મંડળ, ઝાલોદ તરફથી શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલી શરતોનું પાલન એકિઝક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૧ મી મે, ૧૯૯૦ સુધીમાં કરે તો તેને ઝાલોદ ખાતે વિનયન અને વાણિજ્યમાં પ્રથમ વર્ષ વિનયનમાં તથા પ્રથમ વર્ષ વાણિજ્યમાંના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫–૬–૧૯૯૦ થી ૧૪–૬–૧૯૯૧ સુધીનું જોડાણ આપવા એકિઝક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. કાર્યભારના સંદર્ભમાં આચાર્ય સહિત જરૂરી શિક્ષકગણની નિમણૂક કરવામાં આવે; (શિક્ષકોની નિમણૂક અંગે રાજ્ય સરકારની પૂર્વમંજૂરી મેળવીને યુનિવર્સિટીને તે અંગેની જાણ કરવામાં આવે);

૨. કૉલેજના મકાનમાં ઓછામાં ઓછી નીચે પ્રમાણેની જોગવાઈ યુનિવર્સિટીનાં પ્રચલિત ધારાધોરણો પ્રમાણે કરવામાં આવે :

(૧) વિદ્યાર્થી દીઠ ૮ ચોરસફૂટ લેખે જરૂરી શૈક્ષણિક દૃષ્ટિએ યોગ્ય અભ્યાસખંડો
(૨) વર્ગખંડો અને ટ્યુટોરિયલ માટેના જરૂરી ખંડો

(૩) શિક્ષકો માટેનો ખંડ

(૪) વિદ્યાર્થીઓ માટેનો ખંડ (કૉલેજોના કુલ વિદ્યાર્થીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલા વિદ્યાર્થી બેસી શકે તેવો)

(૫) વિદ્યાર્થિનીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલી વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ (સંલગ્ન શૌચાલય વગેરે સુવિધાઓ સહિતનો)

(૬) પ્રત્યેક વિદ્યાશાખાના ઓછામાં ઓછા ૧૦ ટકા વિદ્યાર્થીઓ એકીસાથે બેસીને વાંચી શકે તેટલી સગવડવાળો સુસજ્જ વાચનખંડ કે વાચનખંડો સહિત ગ્રંથાલય

(૭) આચાર્ય માટેનો ખંડ

(૮) પીવાના પાણી માટેનો ખંડ

(૯) શૌચાલય વગેરેની યોગ્ય વ્યવસ્થા.

૩. ઓછામાં ઓછા પચીસ વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલયની જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે;

૪. ગ્રંથાલય માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ રૂ. ૭,૦૦૦નો અનાવર્તક ખર્ચ નીચે મુજબ કરવામાં આવે :

(૧) પુસ્તકો માટે	..	રૂ. ૫,૦૦૦/-
(૨) સામયિકો માટે	..	રૂ. ૧,૦૦૦/-
(૩) સંદર્ભગ્રંથો માટે	..	રૂ. ૧,૦૦૦/-

૫. ઓછામાં ઓછા ૧૦,૦૦૦ ચોરસવાર જેટલા ક્ષેત્રફળના રમતગમતના મેદાનની જોગવાઈ કરવામાં આવે, જે પૈકી કૉલેજના મુખ્ય મકાનની બની શકે તેટલી નજીકમાં ઓછામાં ઓછી ૧,૦૦૦ ચોરસવાર જેટલી ખુલ્લી જગા હોવી આવશ્યક ગણાશે;

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ આચાર્ય માટે કૉલેજ નજીક ભાડામુક્ત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે;

૭. આચાર્યને હોદ્દાની રૂએ વ્યવસ્થાપક સમિતિના સભ્ય બનાવવામાં આવે;

૮. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રોવિડંટ ફંડનો લાભ આપવામાં આવે, તથા શિક્ષકોના વાર્ષિક મૂળ પગારના ૨॥ (અઢી) ટકાના દરે ગ્રેચ્યુઈટી ફંડ ઊભું કરવામાં આવે;

૯. કૉલેજના સંચાલનમાં જે ખામી જણાય તે પૂરી કરવાની સંચાલક મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે;

(૨) યુનિવર્સિટી ભવનોમાં કડી તથા ૭મી પંચવર્ષીય યોજના હેઠળ મંજૂર થયેલ જુદી જુદી જગ્યાઓ ચૈકી જે જગ્યાઓ ભરી શકાઈ નથી તેમાંથી જરૂરિયાત પ્રમાણે નીચેની જગ્યાઓને બીજા વિષયમાં બદલવામાં (Reallocate) આવી :

ક્રમાંક	મંજૂર થયેલી જગ્યાનું નામ	જગ્યા	રિએલોકેટ કરવામાં આવેલી જગ્યાનું નામ
૧.	પ્રોફેસર ઑફ પોલિમર સાયન્સ	૧	પ્રોફેસર ઑફ બાયોકેમિસ્ટ્રી
૨.	રીડર ઇન પોલિમર સાયન્સ	૧	રીડર ઇન એન્વાયરમેન્ટલ સાયન્સ
૩.	લેકચરર ઇન પોલિમર સાયન્સ	૧	લેકચરર ઇન બાયોકેમિસ્ટ્રી અને લેકચરર ઇન એન્વાયરમેન્ટલ સાયન્સ
૪.	રીડર ઇન ટેકસટાઈલ કેમિસ્ટ્રી	૧	રીડર ઇન લાઇબ્રેરી સાયન્સ
૫.	લેકચરર ઇન ટેકસટાઈલ કેમિસ્ટ્રી	૨	લેકચરર ઇન કેમિસ્ટ્રી તથા લેકચરર ઇન ફિઝિકલ એજ્યુકેશન
૬.	લેકચરર ઇન તામીલ	૧	લેકચરર ઇન જર્નાલિઝમ.

(૩) ડૉ. ગોવિંદ ટી. મકવાણા અને બીજાઓ તરફથી તબીબી અનુસ્નાતક પ્રવેશ સંબંધી નામદાર હાઈકોર્ટમાં રિટ પિટિશન સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન નંબર ૩૩૭૬, ૧૯૯૦થી દાદ માગેલ છે તેના સંદર્ભમાં વકીલ શ્રી. સુરેશભાઈ શેલતને રોકવાનું તેમ જ તે અંગે થનાર આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું;

(૪) યુનિવર્સિટીના એચ કે. સેન્ટર ફૉર પ્રોફેશનલ ટ્રેનિંગ સેન્ટરમાં આવતા વ્યાખ્યાતાઓને વ્યાખ્યાનદીઠ રૂ. ૨૧-૦૦ માનદ વેતન આપવામાં આવે છે તેને બદલે વ્યાખ્યાનદીઠ રૂ. ૨૫-૦૦ કન્વેયન્સ તરીકે જૂન, ૧૯૯૦થી આપવાનું કુલપતિશ્રીએ મંજૂર કરેલ છે જે જાણ માટે;

(૫) ગ્રંથાલયશાસ્ત્ર ભવનમાં લેકચરર ઇન લાઇબ્રેરી સાયન્સ તરીકે શિક્ષણકાર્ય કરતા વ્યાખ્યાતા શ્રી. કૌટિલ્ય એચ. શુક્લનો વધારવામાં આવેલ અજમાયશી સમય જે તા. ૧૬–૬–૧૯૯૦ સુધીનો હતો તે સમયગાળો વધુ બે માસ એટલે કે તા. ૧૬–૮–૧૯૯૦ સુધી લંબાવ્યાનું;

(૬) જૂથ વીમા યોજના અંગે અન્યાય પ્રતિકારક બિનશૈક્ષણિક કર્મચારી સંઘ તરફથી ગુજરાતની વડી અદાલતમાં પિટિશન ક્રમાંક ૩૫૦૯, ૧૯૯૦થી દાદ માગેલી છે, તેના સંદર્ભમાં એડવોકેટ શ્રી. સુરેશભાઈ શેલતની નિમણૂક કર્યાનું અને તે અંગે થનાર આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું;

(૭) યુનિવર્સિટી કાર્યાલયમાં ફરજ બજાવતા નીચેના કર્મચારીઓને તેમના મકાનના વધારાના બાંધકામ-મરામત અંગે તેમનાં નામ સામે દર્શાવેલ લોનની રકમ પ્રોવિડંટ ફંડ ખાતામાંથી આપવાનું મંજૂર કર્યાનું :

ક્રમાંક	નામ	રકમ
૧.	શ્રી. બી. જે. પંડ્યા સી. આર્સ. સિન્ડિકેટ વિભાગ	રૂ. ૮૩,૨૨૨-૦૦
૨.	શ્રી. એન. પી. રાઠોડ પટાવાળા–કાર્યાલય	રૂ. ૩૮,૦૭૬-૦૦

(૮) જૂન. ૧૯૯૦થી એમ. જી. સાયન્સ કૉલેજ, અમદાવાદમાં બી.એસસી. (રૂપે.)માં ઝૂલોજીના અભ્યાસક્રમો શીખવવા માટેના વધારાના જોડાણ માટેની અરજી ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ અને ઑ. ૧૨૦ અનુસાર સમયમર્યાદા બાદ આવી છે પરંતુ શિક્ષણના વૈવિધ્યની દૃષ્ટિએ સદરહુ ધારાની જોગવાઈ અનુસાર કુલપતિશ્રીએ સદરહુ અરજી સ્વીકાર્યાનું અને તે પરત્વે સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું;

(૯) જૂન, ૧૯૯૦થી પારેખ બ્રધર્સ, સાયન્સ કૉલેજ, કપડવંજનું બી.એસસી. (ગૌણ)માં કૉમ્પ્યુટર સાયન્સના અભ્યાસક્રમો શીખવવા માટે અમુક શરતોનું પરિપાલન થયું હોઈ તથા શિક્ષકોની નિમણૂક કરવા આગ્રહ રાખી તા. ૧૫–૬–૧૯૯૦ થી તા. ૧૪–૬–૧૯૯૨ સુધી માટે વધારાનું જોડાણ અંગેનું જાહેરનામું બહાર પાડવાનું;

(૧૦) જૂન, ૧૯૯૧થી નીચે દર્શાવેલ કૉલેજો તરફથી ચાલુ વધારાના જોડાણ માટે આવેલી જોડાણ અરજીઓ પર સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું :

ક્રમાંક	કૉલેજનું નામ	વિષય
૧.	સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ	બી.એસસી. (સ્પે.) ઇલેકટ્રોનિકસ
૨.	આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, હાલોલ	બી.કૉમ. (ગૌણ) આંકડાશાસ્ત્ર
૩.	આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, સાવલી	બી.એ. (ગૌણ) અંગ્રેજી
૪.	આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, સંતરામપુર	બી.એ. (મુખ્ય) ગૃહવિજ્ઞાન, માનસશાસ્ત્ર, ઇતિહાસ બી.કૉમ. (ગૌણ) કૉમ્પ્યુટર સાયન્સ અને એડ. બિઝનેસ મેનેજમેન્ટ
૫.	એલ. જે. કૉમર્સ કૉલેજ, અમદાવાદ	બી.કૉમ. (મુખ્ય) (ગૌણ) એન્ડ બિઝનેસ મેનેજમેન્ટ, બી.કૉમ. (ગૌણ) બિઝનેસ કૉમ્યુનિકેશન મેથ્સ. ફૉર સ્ટેટિસ્ટિકસ એન્ડ ઑકયુરિયલ સાયન્સ

(૧૧) શ્રીમતી રોહિણી મોકાશી પુણેકરને "ઇંગ્લિશ" વિષયમાં સેન્ટ ઝેવિયર્સ કૉલેજના પ્રાધ્યાપક શ્રી સુગુના રામનાથનના માર્ગદર્શન હેઠળ પીએચ.ડી. પદવી માટે નોંધાયેલ છે. તેઓને યુ.જી.સી.ની જુનિયર રિસર્ચ ફેલોશિપ સંશોધનકાર્ય શરૂ કર્યાની તારીખથી મંજૂર કર્યાનું ;

(૧૨) માઇક્રોબાયોલોજી વિભાગના વડાશ્રી ડૉ. એસ. જી. દેસાઈનો "Development of Azospirillum Gujco-Bietertilizer from the etraine indigueneus to Gujarat State Soils" પ્રોજેકટ ગુજકૉમાસોલે સ્વીકારીને રૂપિયા ૫૧,૦૦૦ની આર્થિક સહાય મંજૂર કરી છે તેનો સાભાર સ્વીકાર કર્યાનું ;

(૧૩) એપ્રિલ–મે, ૧૯૯૦ની જુદી જુદી પરીક્ષાઓના કેન્દ્રીય મૂલ્યાંકનની જરૂરિયાતને ધ્યાનમાં લઈ જ્યાં જરૂર પડે ત્યાં મહેનતાણાની મર્યાદા રૂ. ૨,૦૦૦ (અંકે રૂપિયા બે હજાર)થી વધારી રૂ. ૩,૦૦૦ (અંકે રૂપિયા ત્રણ હજાર) કર્યાના.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીએ મંજૂર કરેલાં ૨(૧)થી ૨(૧૩)માં દર્શાવેલ કાર્યોની નોંધ લેવી.

૩. વિજ્ઞાન વિદ્યાભવનમાં પ્રોફેસર ઑફ માઇક્રોબાયોલોજી તરીકે કાર્ય કરતા ડૉ. એસ. જી. દેસાઈનો બે વર્ષનો અજમાયશી સમય તા. ૨૩-૬-૧૯૯૦ના રોજ પૂરો થતો હોઈ તેમને પ્રોફેસરના પગારધોરણમાં રૂ. ૪,૫૦૦-૧૫૦-૫,૭૦૦-૨૦૦-૭,૩૦૦માં તા. ૨૪-૬-૧૯૯૦થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની ચર્ચાવિચારણા શરૂ થતાં પહેલાં ડૉ. શ્રી એસ. જી. દેસાઈ સભાગૃહની બહાર ગયા હતા.

સદરહુ ડૉ. એસ. જી. દેસાઈ પ્રોફેસર ઑફ માઇક્રોબાયોલોજીની કામગીરી અંગેનો ખાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનના માઇક્રોબાયોલોજી વિભાગમાં પ્રોફેસર તરીકે કાર્ય કરતા ડૉ. એસ. જી. દેસાઈને તા. ૨૪–૬–૧૯૯૦થી રૂ. ૪૫૦૦–૧૫૦–૫૭૦૦–૨૦૦–૭૩૦૦ના પગારધોરણમાં કાયમ કરવા

ત્યાર બાદ ડૉ. શ્રી એસ. જી. દેસાઈ સભાગૃહમાં પાછા ફર્યા હતા.

૪. યુનિવર્સિટી સ્કૂલ ઑફ લાઇબ્રેરી ઇન્ફરમેશન સાયન્સમાં લેક્ચરર તરીકે કાર્ય કરતા શ્રી. કે. એચ. શુકલનો પ્રોબેશન પિરિયડ જે વધુ બે માસ માટે વધારવામાં આવ્યો હતો તે તા. ૧૫-૮-૧૯૯૦ના રોજ પૂરો થતો હોઇ તેઓને લેક્ચરરના પગારધોરણ રૂ. ૨,૧૦૦-૭૫-૨,૮૦૦-૧૦૦-૪,૦૦૦ માં તા. ૧૬-૮-૧૯૯૦થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ લેક્ચરર તરીકે કામ કરતા શ્રી કે. એચ. શુકલનો કામગીરી અંગેનો ખાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે યુનિવર્સિટી સ્કૂલ ઑફ લાઇબ્રેરી સાયન્સમાં લેક્ચરર તરીકે કાર્ય કરતાં શ્રી કે. એચ. શુકલનો ખાનગી હેવાલ જોઈ તપાસીને પોતાનો સુચિંતિત હેવાલ રજૂ કરવા એક સભ્ય શ્રી કે. એસ. શાસ્ત્રીની તપાસસમિતિ નીમવી.

૫. સમાજવિદ્યા ભવનમાં પ્રોફેસર ઑફ પોલિટિકલ સાયન્સ તરીકે કામ કરતા પ્રો. પી. એન. શેઠનો બે વર્ષનો અજમાયશી સમય તા. ૧૯-૬-૧૯૯૦ના રોજ પૂરો થતો હોઇ તેઓને પ્રોફેસરના પગારધોરણ રૂ. ૪,૫૦૦-૧૫૦-૫,૭૦૦-૨૦૦-૭,૩૦૦માં તા. ૨૦-૬-૧૯૯૦થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ ડૉ. શ્રી પી. એન. શેઠ પ્રોફેસર ઇન પોલિટિકલ સાયન્સની કામગીરી અંગેનો ખાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે યુનિવર્સિટીના સમાજવિદ્યા ભવનમાં પોલિટિકલ સાયન્સ વિભાગમાં કાર્ય કરતાં ડૉ. શ્રી પી. એન. શેઠને તા. ૨૦-૬-૧૯૯૦થી રૂ. ૪૫૦૦-૧૫૦-૫૭૦૦-૨૦૦-૭૩૦૦ના પગારધોરણમાં કાયમ કરવા.

૬. યુનિવર્સિટી સ્કૂલ ઑફ સાયન્સીસમાં કેમિસ્ટ્રી વિભાગમાં લેક્ચરર ઇન કેમિસ્ટ્રીની બે જગ્યાઓ ભરવા માટે વરણીસમિતિની તા. ૩૦–૪–૧૯૯૦ના રોજ મળેલ સભાની ભલામણ એકેડેમિક કાઉન્સિલ વતી કુલપતિશ્રીએ સ્વીકારી હોઇ તે પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણીસમિતિની તા. ૩૦-૪-૧૯૯૦ની સભાની ભલામણ મંજૂર કરવી અને તે મુજબ વિજ્ઞાન વિદ્યાભવનમાં કેમિસ્ટ્રીના વિષયના લેક્ચરરની બે જગ્યાઓ માટે ફરીથી જાહેરખબર આપી અરજીઓ મંગાવવાનું રાખવું.

(સદરહુ વરણીસમિતિની તા. ૩૦-૪-૧૯૯૦ની સભાની ભલામણની નકલ પરિશિષ્ટ "ક" તરીકે સામેલ છે.)

૭. યુનિવર્સિટી સ્કૂલ ઑફ સોશિયલ સાયન્સીસમાં લેબર વેલ્ફેર ડિપાર્ટમેન્ટમાં લેક્ચરર ઇન લેબર વેલ્ફેરની એક જગ્યા ભરવા માટે તા. ૫–૫–૧૯૯૦ના રોજ મળેલ વરણીસમિતિની સભાની ભલામણ એકેડેમિક કાઉન્સિલ વતી કુલપતિશ્રીએ સ્વીકારી હોઈ તે પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વરણીસમિતિની તા. ૫-૫-૧૯૯૦ની સભાની ભલામણ મંજૂર કરવી અને તે મુજબ સમાજવિદ્યા ભવનમાં લેબર વેલ્ફેર વિષયના લેક્ચરરની એક જગ્યા માટે ફરીથી જાહેરખબર આપી અરજીઓ મંગાવવાનું રાખવું.

(સદરહુ વરણીસમિતિની તા. ૫-૫-૧૯૯૦ની સભાની ભલામણની નકલ પરિશિષ્ટ "ખ" તરીકે સામેલ છે.)

૮. યુનિવર્સિટી સ્કૂલ ઑફ સાયન્સીસમાં કેમિસ્ટ્રી વિભાગમાં રીડર ઇન કેમિસ્ટ્રીની ત્રણ જગ્યાઓ ભરવા માટે વરણીસમિતિની તા. ૩૦–૪–૧૯૯૦ના રોજ મળેલ સભાની ભલામણ એકેડેમિક કાઉન્સિલ વતી કુલપતિશ્રીએ સ્વીકારી હોઈ તે પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વરણીસમિતિની સભાની તા. ૩૦–૪–૧૯૯૦ની ભલામણ મંજૂર કરવી અને તે મુજબ અગ્રતાક્રમે (order of priority) વિજ્ઞાન વિદ્યાભવનમાં કેમિસ્ટ્રી વિષયમાં રીડરની ત્રણ જગ્યાઓ ઉપર સર્વશ્રી (૧) ડૉ. મેનન શોભના કે. (૨) ડૉ. વોરા ચંદ્રવદન આર. (૩) ડૉ. પટેલ પ્રહ્લાદભાઈ બી.ની નિમણૂક રૂ. ૩,૭૦૦-૧૨૫-૪,૯૫૦-૧૫૦-૫,૭૦૦ના પગારધોરણમાં નિયમાનુસાર બે વર્ષના અજમાયશી ધોરણે કરવી.

(સદરહુ વરણીસમિતિની તા. ૩૦-૪-૧૯૯૦ની સભાની ભલામણની નકલ પરિશિષ્ટ "ગ" તરીકે સામેલ છે.)

૯. યુનિવર્સિટી સ્કૂલ ઑફ લેંગ્વેજીસમાં અંગ્રેજી વિભાગમાં લેક્ચરર ઇન ઇંગ્લિશની એક જગ્યા ભરવા માટે તા. ૫–૫–૧૯૯૦ના રોજ મળેલ વરણીસમિતની ભલામણ એકેડેમિક કાઉન્સિલ વતી કુલપતિશ્રીએ સ્વીકારી હોઈ તે પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વરણીસમિતિની સભા તા. ૫–૫–૧૯૯૦ની ભલામણ મંજૂર કરવી અને તે મુજબ ભાષા–સાહિત્ય ભવનમાં અંગ્રેજીના વિષયમાં લેક્ચરરની એક જગ્યા ઉપર શ્રીમતી ગોવિંદીની ડી. શાહની નિમણૂક લેક્ચરરના લાગુ પડતા પગારધોરણમાં નિયમાનુસાર બે વર્ષના અજમાયશી ધોરણે કરવી.

(સદરહુ વરણીસમિતિની તા. ૫-૫-૧૯૯૦ની સભાની ભલામણની નકલ પરિશિષ્ટ "ઘ" તરીકે સામેલ છે.)

૧૦. પંડિત જવાહર નહેરુ જન્મ શતાબ્દી ઉજવણી સમિતિ, સરકીટ હાઉસ, એનેક્ષી, શાહીબાગ, અમદાવાદ–૪ તરફથી રૂપિયા ૫,૦૦,૦૦૦/– (રૂપિયા પાંચ લાખ પૂરા) નું અનુદાન "આધુનિક ભારતના ઘડવૈયા સરદાર વલ્લભભાઈ પટેલ અધ્યયન એકમ પ્રકલ્પ" (ચેર)ની સ્થાપના માટે મળ્યા છે, જેનો સ્વીકાર કરવા તથા તેના અમલીકરણ માટે વહીવટી વ્યવસ્થા ગોઠવવા વિચારણા કરવા બાબત.

(નોંધ.—આ અંગેની દરખાસ્ત તૈયાર કરવા માટે નીચેના સભ્યોની સમિતિ નીમવામાં આવી હતી તે જાણ સારુ) :

ક્રમાંક	સભ્યનું નામ
૧.	શ્રી. અંબુભાઈ દેસાઈ, ઉપકુલપતિશ્રી
૨.	પ્રો. વિમળાબાઈ શાહ
૩.	પ્રો. રઘુવીર ચૌધરી
૪.	શ્રી. રોહિતભાઈ શુકલ
૫.	પ્રો. ધવલભાઈ મહેતા
૬.	પ્રો. એચ. કે. ત્રિવેદી
૭.	શ્રી. પી. એન. શેઠ
૮.	પ્રો. નરહરિલાઈ પરીખ.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અનુદાને રૂ. ૫,૦૦,૦૦૦/–(અંકે રૂપિયા પાંચ લાખ પૂરા)નો સાભાર સ્વીકાર કરવો અને તેના અમલીકરણ માટે એક સલાહકાર સમિતિ નિયુક્ત કરી જરૂરી કાર્યવાહી કરવાની સત્તા કુલપતિશ્રીને આપવામાં આવી.

૧૧. યુનિવર્સિટી ગ્રંથાલયમાં જુનિયર સુપરિન્ટેન્ડેન્ટ તરીકે ફરજ બજાવતા શ્રી. ડી. જે. બાવીશીને તેમના રૂ. ૧,૪૦૦–૪૦–૧,૬૦૦–૫૦–૨,૩૦૦ ઈબી–૬૦–૨,૬૦૦ના પગારધોરણમાં રૂ. ૨,૩૦૦ પછીનો કાર્યક્ષમ અંતરાય તા. ૧૬–૭–૧૯૯૦થી ઓળંગવા પરવાનગી આપવા બાબત.

યુનિવર્સિટી ગ્રંથાલયમાં જુનિયર સુપરિન્ટેન્ડન્ટ તરીકે કાર્ય કરતા શ્રી. ડી. જે. બાવીસીની કામગીરી અંગેનો બાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે શ્રી. ડી. જે. બાવીસીને રૂ. ૧૪૦૦–૪૦–૧૬૦૦–૫૦–૨૩૦૦ ઈ.બી. ૬૦–૨૬૦૦ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂ. ૨૩૦૦ પછીનો કાર્યક્ષમતા અંતરાય (Efficiency Bar) તા. ૧૬–૭–૧૯૯૦થી ઓળંગવા માટે મંજૂરી આપવી.

૧૨. એજ્યુકેશનલ મિડિયા રિસર્ચ સેન્ટરનાં રિસર્ચ ઓફિસર અને સેન્ટર ફૉર ડેવલપમેન્ટલ કોમ્યુનિકેશન્સ વિભાગમાં એાન. કો-ઓર્ડિનેટર તરીકે ફરજ બજાવતાં શ્રીમતી ઇલાબેન જોશી, શાસ્ત્રી ઇન્ડો-કેનેડિયન ઇન્સ્ટિટ્યૂટ તરફથી વુમન ઇન ડેવલપમેન્ટ

ફેલોશિપ પ્રોગ્રામ હેઠળ ૩૦ ઑગસ્ટ, ૧૯૯૦ થી ચાર માસ માટે કેનેડા જવાનાં છે તે સમય દરમિયાનની રજા ફરજ પરની રજા ગણવા અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—(આ સમય દરમિયાન તેણીને) માસિક રૂ. ૨૫૦૦ ફેલોશિપ તરીકે ચાર માસ સુધી મળનાર છે. તથા $ ૫૦૦ ચોપડીઓ અને પર્સનલ ઈફેક્ટ માટે મળનાર છે.]

આથી ઠરાવવામાં આવે છે કે એજ્યુકેશન મીડિયા રિસર્ચ સેન્ટરમાં રિસર્ચ આસિસ્ટંટ તરીકે કાર્ય કરતાં શ્રીમતી ઈલાબેન જોશીને તા. ૩૦–૮–૧૯૯૦થી તા. ૨૯–૧૨–૧૯૯૦ સુધીની ચાર માસ માટેની વગર પગારની રજાઓ મંજૂર કરવી અને રજાઓ ઉપર જતાં પહેલાં તેઓ પાસેથી બાંહેધરી મેળવી લેવી કે તેઓ તા. ૨૯–૧૨–૧૯૯૦ પછી ફરજ ઉપર અચૂક હાજર થશે અને જો હાજર નહિ થાય તો તેમની તેમની સેવાઓનો ભંગ (Break in Service) ગણાશે અને યુનિવર્સિટીમાં સમયસર ફરજ ઉપર હાજર ન થાય તો તે અંગે યુનિવર્સિટી જે કોઈ કાર્યવાહી (નિર્ણય) કરે તે તેમને બંધનકર્તા રહેશે.

૧૩. યુનિવર્સિટી પ્રેસના આસિસ્ટન્ટ શ્રી. એસ. એચ. દેસાઈએ સિંગરવા ગ્રામ પંચાયતની ચૂંટણીમાં ઉમેદવારી કરવા મંજૂરી માગતા પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી પ્રેસમાં કાર્ય કરતા આસિસ્ટંટ શ્રી. એસ. એચ. દેસાઈને સિંગરવા ગ્રામ પંચાયતની ચૂંટણીમાં ઉમેદવારી કરવા કુલપતિશ્રીએ મંજૂરી આપી હતી તેની નોંધ લેવામાં આવી.

૧૪. યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનના ગ્લાસ બ્લોઅર તરીકે ફરજ બજાવતા શ્રી. ડી. વી. મહેોળકરને તેમના મકાનમાં વધારાના બાંધકામ અંગે સ્ટે. ૧૮૮(૨) પ્રમાણે પ્રોવિડંટ ફંડ ખાતામાંથી લોન આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનમાં ગ્લાસ બ્લોઅર તરીકે કાર્ય કરતા શ્રી. ડી. વી. મહેાળકરને રૂ. ૧૫,૦૦૦/–ની લોન સ્ટેચ્યૂટ ૧૮૮(૨) હેઠળ યુનિવર્સિટીનાં ધારા-ધોરણ પ્રમાણે તેમના પ્રોવિડંટ ફંડના ખાતામાંથી આપવી.

૧૫. શ્રી. હાલોલ મહાજન ઉચ્ચ શિક્ષણ મંડળ, હાલોલ સંચાલિત એમ. એન્ડ વી. આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, હાલોલના શિક્ષણકાર્ય માટેના (હાલ સવારનો સમય છે તે બદલીને બપોરનો ફેરવવાના સંદર્ભમાં) તા. ૨૩–૪–૧૯૯૦ના પત્ર મુજબ કોલેજનો સમય યથાવત રાખ્યાનું જણાવેલ હોઈ તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૧૬. જૂન, ૧૯૯૦થી નવગુજરાત વાણિજ્ય મહાવિદ્યાલય, અમદાવાદની બી.કોમ. (ગોણ)માં કોમ્પ્યુટર સાયન્સનો અભ્યાસક્રમ શીખવવા માટેની જોડાણ અરજી પરત્વેની

અકેડેમિક કાઉન્સિલની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

અકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે નવગુજરાત વાણિજ્ય મહાવિદ્યાલય, અમદાવાદ નિમણૂંકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૦–૬–૧૯૯૦ સુધીમાં કરે તો તેને બી.કોમ. (ગૌણ)માં કોમ્પ્યુટર સાયન્સના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫–૬–૧૯૯૦થી તા. ૧૪–૬–૧૯૯૧ સુધીનું ચાલુ જોડાણ આપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. કોમ્પ્યુટર સાયન્સના વિષય માટે પૂર્ણસમયના પ્રોગ્રામરની નિમણૂક કરવામાં આવે (નવી નિમણૂક કરતાં પહેલાં રાજ્ય સરકારશ્રીની પૂર્વમંજૂરી મેળવી તેની જાણ કરવામાં આવે);

૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કોલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ ઓછામાં ઓછો રૂ. ૪,૦૦૦/-નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. કોમ્પ્યુટર સાયન્સના વિષય માટે ચાર સામયિકો વસાવવામાં આવે;

૫. મશીનોની સંખ્યામાં તેમ જ પ્રાયોગિક કાર્યના સમયમાં વધારો કરી પ્રતિમશીને ફક્ત બે જ વિદ્યાર્થીઓની બેચ રાખવાની કાયમી ગોઠવણી કરવામાં આવે;

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષક વર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, પ્રોવિડન્ટ ફંડ, ગ્રેચ્યુઇટી અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેન જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષક વર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લહેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે, તેમ જ વિદ્યાર્થીની સંખ્યાને લક્ષમાં લઈ મહેકમ અંગેનાં યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ બિન-શિક્ષક વર્ગના પર્યાપ્ત કર્મચારીઓની નિમણૂક કરવામાં આવે અને મહેકમ સંદર્ભમાં કોઈ નિમણૂક બાકી રહેવા પામી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે;

૭. ગુજરાત સરકાર, ભારત સરકાર અને યુ.જી.સી.એ વિદ્યાર્થી પ્રવેશ, શિક્ષક-બિનશિક્ષક-વર્ગના કર્મચારીગણની નિમણૂક, ભરતી, બઢતી ઇત્યાદિ અંગે અનુ. જાતિ, અનુ. જનજાતિ અને અક્ષીપંચ દ્વારા આવરી લેવાયેલ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જાતિ તેમ જ શારીરિક ખોડખાંપણ ધરાવતા ઉમેદવારોની અનામત જગ્યા ભરવા યુનિવર્સિટીએ વખતોવખત નિયત કરેલ ધારાધોરણનો અમલ કરવામાં આવે;

૮. કોમ્પ્યુટરની પ્રયોગશાળાનો ઉપયોગ ભગિની સંસ્થાઓ પણ કરતી હોઈ વિદ્યાર્થીઓને પૂરતા પ્રમાણમાં સમય મળી શકતો નથી અને પ્રતિમશીન ૪ થી ૫ વિદ્યાર્થીઓની બેચ રાખવામાં આવે છે, તે પરિસ્થિતિ નિવારવા તાત્કાલિક ઉપાયો પગલાં લેવાં."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની સદરહુ ભલામણો મંજૂર કરવી.

૧૭. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, ન્યૂ દિલ્હી તરફથી યુનિવર્સિટીના અને કૉલેજોના વ્યાખ્યાતાઓને "સ્કીમ ઑફ કેરિયર ઍડવાન્સમેન્ટ" હેઠળ સીનિયર સ્કેલ રૂ. ૩૭૦૦-૫૦૦૦ તથા સીલેક્શન ગ્રેડ રૂ. ૩૭૦૦-૫૭૦૦ આપવા અંગે ગાઈડલાઈન્સ સાથે આવેલા તા. ૨૯-૧-૧૯૯૦ના પત્રાંક ડી.ઓ. ઍફ-૧-૬-૯૦ (પી.એસ. સેલ) પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત એકઝિક્યુટિવ કાઉન્સિલને સુવિચારિત અહેવાલ રજૂ કરવા નીચેના સભ્યોની સમિતિ નીમવી :

(૧) પ્રો. કે. એસ. શાસ્ત્રી

(૨) પ્રો. એ. આર. શાહ

(૩) આચાર્ય, દર્શનશિલ્પ કૉલેજ.

૧૮. (અ) કૉલેજો માટેનું અરજીપત્રક, (બ) કૉલેજોની યાદી, (ક) અધ્યાપકોની માન્યતાનાં નિયતપત્રકો ઇત્યાદિ વિવિધ પત્રકો માટે ફૅક્સનો ખર્ચ વધતો હોઈ આવાં પ્રકાશનો વેચાણથી આપવા બાબતમાં વિચારણા કરવા બાબત.

(નોંધ.—(અ)ના રૂ. ૧૦, (બ)ના રૂ. ૧૦, (ક)ના રૂ. ૫ અને નવી કૉલેજના જોડાણ માટેની અરજીના રૂ. ૨૫ એમ સમાવેશ થઈ છે.) :

આથી ઠરાવવામાં આવે છે કે નીચેનાં વિવિધ પત્રકો નીચેના દરે વેચાણથી આપવા મંજૂર કરવું :

	દર રૂ.
(૧) સંલગ્ન કૉલેજ જોડાવા અરજીપત્રક	૧૦
(૨) સંલગ્ન કૉલેજોની યાદી	૧૦
(૩) અધ્યાપકોની માન્યતા નાં નિયતપત્રકો તથા ફેરફાર અંગેનાં પત્રકો	૫
(૪) નવી કૉલેજ જોડાવા માટેની અરજી	૨૫.

૧૯. અનુસૂચિત જાતિ-અનુસૂચિત જનજાતિના સ્પેશિયલ સેલના (૧) તા. ૨૩-૨-૧૯૮૮ થી તા. ૩૧-૩-૧૯૮૮ તથા (૨) તા. ૧-૪-૧૯૮૮થી તા. ૩૧-૩-૧૯૯૯ સુધીના વાર્ષિક હેવાલ તથા કામગીરી અંગે નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ હેવાલ તથા કામગીરીની નોંધ લેવી. વધુમાં ઍસસીટી સેલની સ્થાયી સાંમતિ પર શ્રી. મહેન્દ્ર દેસાઈને નિયુક્ત કરવાનું સૂચન સ્વીકારવાનું આવ્યું.

૨૦. કુલપતિશ્રીએ મંજૂર કરેલ નીચેનાં કામો (જાણ સારુ) :

(૧) એપ્રિલ-મે-જૂન, ૧૯૯૦-૯૧માં લેવાનાર યુનિવર્સિટીની પરીક્ષાઓમાં ઑબ્ઝર્વર્સ અંગેના કામકાજ અંગે કુલપતિશ્રીએ નીમેલ સમિતિની તા. ૨૩-૩-૧૯૯૦ તથા તા. ૧-૪-૧૯૯૦ના રોજ ગણી ગયેલ બેઠકોની કાર્યવાહી કુલપતિશ્રીએ મંજૂર કર્યાનું;

(૨) અનુસ્નાતક કક્ષાએ જાન્યુઆરી, ૧૯૯૧થી શરૂ થતા શૈક્ષણિક વર્ષ માટે દંત વિદ્યાશાખામાં પ્રવેશ અંગેના નિયમોની કુલપતિશ્રીએ નીમેલ સમિતિની તારીખ ૬–૨–૧૯૯૦ તથા તા. ૨૧–૩–૧૯૯૦ની ઈન્ટર્ન હાઉસપાવર સમિતિની કાર્યવાહી એકેડેમિક કાઉન્સિલવતી મંજૂર કર્યાનું તેમ જ આગામી વર્ષે ૧૯૯૦-૯૧માં ગઈ સાલ ૧૯૮૯-૯૦ના જૂના નિયમો પ્રમાણે કાર્યવાહી કરવા મંજૂર કર્યાનું;

(૩) ઓ. ૧૨૦-બી (૮) નીચે પ્રમાણે સુધારીને તેને તા. ૧૫–૬–૧૯૯૦થી એટલે કે ચાલુ શૈક્ષણિક વર્ષથી અમલી બનાવ્યાનું;

"Ordinance 120 (B) (ix) :

Every college in the Faculty of Arts, Education, Science, Commerce and Law shall reserve at least 7% seats for the students belonging to scheduled castes and 13% seats for scheduled tribes and 10% of the seates for the students belonging to socially and educationally backward classes (as per Boxi Commission recommendation) and shall admit student belonging to the categories concerned on these reserved seats on the basis of marks obtained by them. The reservation of the seats shall be exclusive of those students of these categories who might get admission on merit as per the normal standard, if any laid by the college. If the seats remain vacant, after giving admission to all the applicants belonging to the above mentioned categories, it shall be competent for the principal of the college to fill in these vacancies with prior permission of the Vice-Chancellor."

(૪) ડૉ. શ્રીવાસ્તવ અને શ્રીમતી ચોકસી તરફથી પીએચ.ડી. રજિસ્ટ્રેશન બાબતે માનનીય લોકાયુક્ત પાસે જે ફરિયાદ રજૂ કરાઈ છે, તેમાં ભૂતપૂર્વ કુલપતિશ્રી અને હાલના કુલપતિશ્રીને ઓપોનન્ટ નં. ૧ અને ૨ તરીકે લેવામાં આવ્યા છે તેના અનુસંધાને કુલપતિશ્રીએ યુનિવર્સિટીના કેસ સારી રીતે રજૂ થઈ શકે તે માટે ઓપોનન્ટ નં. ૧ એટલે કે ભૂતપૂર્વ કુલપતિશ્રી કે. એસ. શાસ્ત્રી વતી શ્રી. ગિરીશભાઈ પટેલ અને ઓપોનન્ટ નં. ૨ (હાલના કુલપતિશ્રી ડૉ. એમ. એન. દેસાઈ) વતી શ્રી. સુરેશભાઈ શેઠને રોકવાનું અને તે માટે થનાર આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું;

(૫) સને ૧૯૮૯-૯૦ના વર્ષ દરમિયાન તા. ૧–૧–૧૯૯૦ પછીથી ગ્રુપ-ચકાસણી, રી-એસેસમેન્ટ તથા અન્ય કારણોસર જુદી જુદી પરીક્ષાઓમાં જે પરિણામો સુધર્યા તે અંગેના કાર્યની નોંધ લેવા બાબત;

(૬) એપ્રિલ-મે, ૧૯૯૦ દરમિયાન લેવામાં આવેલી જુદી જુદી પરીક્ષાઓના કેન્દ્રીય મૂલ્યાંકનમાં કેટલાક વિષયોમાં પ્રયત્નો કરવા છતાં પરીક્ષકો ન મળતાં, મહેનતાણાની મર્યાદા રૂ. ૩,૦૦૦ ઉપરાંત પણ વધારવાનું મંજૂર કર્યાનું;

(૭) રાજ્ય સરકારના ઠરાવ નં. એચએસી-૧૪૬૬-૧૨૫૬-પી-૨ તા. ૨–૪–૧૯૬૭થી પેન્શનરોના ટેમ્પરરી ઈન્ક્રીમેન્ટમાં તા. ૧–૧–૧૯૬૭થી વધારો થયેલ છે તે મંજૂર કર્યા અંગેનું;

(૮) માર્ચથી જુલાઈ, ૧૯૬૦ના ગાળા દરમિયાન સેમેસ્ટરી ધોરણે કલા, વિજ્ઞાન, વાણિજ્યની અનુસ્નાતક કક્ષા ઉપરાંત બી.એડ., એમ.એડ., થર્ડ યર બી.એસ.સી., ડેન્ટલ, ફાર્મસી તથા એન્જિનિયરિંગ પરીક્ષાના સેમેસ્ટર ૭ અને ૮ની ઉત્તરવહીઓના મૂલ્યાંકન માટે મધ્યસ્થ મૂલ્યાંકન પદ્ધતિ અપનાવ્યાના તથા તે માટે નીચે દર્શાવેલ વિગતે નીમવામાં આવેલા કો-ઓર્ડિનેટર્સ તથા જોઈન્ટ કો-ઓર્ડિનેટર્સ નીમવાનું :

ક્રમ	પરીક્ષા	સ્થળ	કો. ઓર્ડિ.	જોઈન્ટ કો.-ઓર્ડિ.
૧.	ફર્સ્ટ બી.એ.	ભાષા સાહિત્ય ભવન	પ્રો. નીમભાઈ પટેલ	પ્રો. બી. આઈ. પટેલ
૨.	સેકન્ડ બી.એ.	,,	પ્રા. ભાનુ જોશી	પ્રો. શિરીષ દેસાઈ
૩.	થર્ડ બી.એ.	સમાજવિદ્યા ભવન	પ્રા. એ. આર. શાહ	
૪.	એમ.એ. ૧ અને ૨	,,	,,	
૫.	એમ.એડ.	,,	,,	—
૬.	બી.એડ.	મનોવિજ્ઞાન ભવન	સુરેશભાઈ શુકલ	નટુભાઈ રાવળ
૭.	ફર્સ્ટ બી.કોમ.	,,	પ્રા. એ. આર. ત્રિવેદી	પ્રા. સી આર. વોરા
૮.	સેકન્ડ બી.કોમ.	એનાલિટિકલ લેબો.	,,	,,
૯.	થર્ડ બી.કોમ.	,,	,,	,,
૧૦.	એમ. કોમ. ૧ અને ૨	સ્કૂલ ઑફ કોમર્સ	પ્રા. એચ. કે. ત્રિવેદી	પ્રા. બી. એચ. દેસાઈ
૧૧.	ફર્સ્ટ બી.એસસી.	ફિઝિકસ વિભાગ	પ્રા એચ. જી. દેસાઈ	પ્રા. બી. એમ. રાવળ
૧૨.	સેકન્ડ બી.એસસી.	,,	,,	પ્રો. કે. પી. સિંગલ
૧૩.	થર્ડ બી.એસસી.	મૂલ્યાંકન વિભાગ	ડૉ. (મિસ) એન. જે. ચિનોય	૧. પ્રો. જે. સી. વોરા ૨. પ્રા. કેતકીબેન દેરાસરી
૧૪.	એમ.એસસી.–૧	,,	,,	પ્રા. આઈ. એમ. ભટ્ટ
૧૫.	એમ.એસસી –૨	,,	,,	ડૉ. આઈ. એમ. ભટ્ટ ડૉ. કેતકી દેરાસરી
૧૬.	થર્ડ એલએલ.બી.	લૉ ભવન	બી. એમ. શુકલ	પ્રા. એન. જી. પાઠક પ્રા. એસ. પાઠક
૧૭.	ફાર્મસી	,,	શ્રી. આઈ. એ. મોદી	ત્રિ. એમ. બી. દેવાણી

ક્રમ	પરીક્ષા	સ્થળ	કો-ઑર્ડિ.	જૉઈન્ટ કો-ઑર્ડિ.
૧૮.	ડેન્ટલ ૧ અને ૨		ડૉ. કે. ઑફ. બિલિમોરિયા	ડૉ. એચ. એ. મુચ ડૉ. કે. એસ. ગોહેલ
૧૯.	ડેન્ટલ ૩, ફાઇનલ અને એમ.ડી.એસ.			
૨૦.	એન્જિ. સેમે.–૭ અને ૮	એલ.ડી. એન્જિ. કૉલેજ	૧. પ્રિ. જી. એચ. ભટ્ટ ૨. પ્રિ. એચ. એમ. દેસાઇ ૩. પ્રા. જી. ડી. ટંકારિયા	

(૯) યુનિવર્સિટી કર્મચારીઓ માટે જૂની જૂથ વીમાયોજનાને ૩ વર્ષના અંતે તેના રિવિઝનના સંદર્ભમાં જૂની Profit sharing સ્કીમને બદલે નીચે જણાવેલી કેટેગરી સામે અને વિગતે Non-Profit Sharing scheme બચત સંકલિત સમૂહ વીમાયોજના માટે ઑગસ્ટ, ૧૯૮૯થી અપનાવવાનું :

Category	*A*	*B*	*C*	*D*
Insurance Risk	Rs. 1,00,000	75,000	50,000	25,000
Monthly premium	Rs. 106–25	79–70	53–10	26–60
(it includes accident risks)				

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીએ મંજૂર કરેલાં ક્રમાંક ૨૦ (૧)થી ૨૦ (૯)માં દર્શાવેલ કાર્યોની નોંધ લેવી.

૨૧. યુનિવર્સિટીનાં વિદ્યાભવનોમાં જુદા જુદા વિષયોમાં નીચે જણાવેલ શિક્ષકવર્ગની જગ્યાઓ માટે વરણીસમિતિઓની રચના કરવા અંગે વિચારણા કરવા બાબત :

૧.	પ્રોફેસર ઑફ ઝૂલોજી	એક જગ્યા
૨.	પ્રોફેસર ઑફ કેમિસ્ટ્રી	એક જગ્યા
૩.	પ્રોફેસર ઑફ બિઝનેસ મૅનેજમેન્ટ	એક જગ્યા
૪.	પ્રોફેસર ઑફ બાયોકેમિસ્ટ્રી	એક જગ્યા
૫.	પ્રોફેસર ઑફ ઇકોનોમિક્સ	એક જગ્યા
૬.	રીડર ઇન ઇકોનોમિક્સ	બે જગ્યા
૭.	રીડર ઇન સાઇકોલોજી	એક જગ્યા
૮.	રીડર ઇન ફિલોસોફી	એક જગ્યા

૯. રીડર ઇન લાઇફ સાયન્સ (ઇન્ટર ડિસિપ્લિનરી કોર્સ) એક જગ્યા
૧૦. રીડર ઇન એજ્યુકેશન એક જગ્યા
૧૧. રીડર ઇન ફિઝિકસ એક જગ્યા
૧૨. રીડર ઇન પોલિમર સાયન્સ એક જગ્યા
૧૩. લેકચરર ઇન કેમિસ્ટ્રી (એક જગ્યા ઓર્ગેનિક કેમિસ્ટ્રી) બે જગ્યા
૧૪. લેકચરર ઇન બોટની એક જગ્યા
૧૫. લેકચરર ઇન લેધર ટેક્નોલોજી એક જગ્યા
૧૬. લેકચરર ઇન ઇકોનોમિકસ એક જગ્યા

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે આ સભાગૃહ વતી જરૂરી નિર્ણય લેવા કુલપતિશ્રીને સત્તા આપવી.

૨૨. યુનિવર્સિટીની સંલગ્ન કૉલેજમાં વ્યાખ્યાતાની સંયુક્ત પાત્રતાનાં ધારા-ધોરણોમાં "ગુડ એકેડેમિક રેકર્ડઝ" એમ નિયત કર્યું છે તેનો અર્થ નીચે પ્રમાણે વંચાય તે રીતે ફેરવા રાજ્ય સરકારના તા. ૧૨-૨-૧૯૯૦ના ઠરાવક્રમાંક એમઆઇએસ. ૧૧૮૯–૫૨૧૩–અના પત્ર પર વિચારણા કરવા બાબત :

(1) "Good academic record shall mean average record of Third Year (Final Year) degree and master degree assessment which would at least be 52.5% or M.Phil. or Ph.D.

[**નોંધ.**–યુનિવર્સિટી સંલગ્ન કૉલેજના વ્યાખ્યાતાની નિમણૂક માટેનાં પ્રવર્તમાન ધોરણોમાં નીચે પ્રમાણે જોગવાઈ કરવામાં આવેલી છે.]

(2) "A good academic record" under (b) above shall mean average of 52·5% of the total number of marks at any of the previous two examinations at the collegiate level (i.e. Pre-University, F.Y., S.Y., and T.Y.) held by the University or not less than 50% of marks in any of the previous two examinations."

આથી ઠરાવવામાં આવે છે કે રાજ્ય સરકારશ્રી, શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક એમ.આઈ.એસ–૧૧૮૯–૫૨૧૩ કે એચ. તા. ૧૨–૨–૧૯૯૦ની નોંધ લેવી.

વધુ ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી સંલગ્ન કૉલેજના વ્યાખ્યાતાની નિમણૂક માટે "A good academic record"નું અર્થઘટન નીચે પ્રમાણે રાખવું :

"A good academic record" under (*b*) above shall mean average of 52.5% of the total number of marks at any of the previous two examinations at the collegiate level (i.e. Pre-University, F.Y., S.Y., and T.Y.) held by the University *OR* not less than 50% of marks in any of the previous two examinations *OR* M.Phil. *OR* Ph.D.

૨૩. સંલગ્ન કૉલેજો તથા માન્ય સંસ્થાઓના લાઇબ્રેરિયન, તથા યુનિવર્સિટી લાઇબ્રેરિયન ડેપ્યુટી લાઇબ્રેરિયન અને આસિસ્ટંટ લાઇબ્રેરિયનની જગ્યાનાં લાયકાતનાં ધોરણો નક્કી કરવા માટે કુલપતિશ્રીએ નીમેલી સમિતિની તા. ૧૬-૬-૧૯૯૦ના રોજ મળેલ બેઠકની નોંધ મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીએ નીમેલી સદરહુ સમિતિની તા. ૧૬-૬-૧૯૯૦ની સભાની ભલામણો નીચેના સુધારાઓ સાથે મંજૂર કરવી :

(૧) "ભલામણ ૩" or (*iii*) Eight years experience as an Assistant University Librarian/College Librarian; and" રદ કરી તેને સ્થાને એપેન્ડિક્સ ૧માં યુ.જી.સી.એ સૂચવેલા ધોરણો પેરા ૩ (*i*)નો નીચેનો પાઠ ઉમેરવો.

(1) "Equivalent Grade" under (*c*) above shall mean 'A' Grade in the grade system.

નોંધ :

(2) A good academic record under (*b*) above shall mean average of 52.5% of the total number of marks at the Final Year of Bechelor Degree examination of any Faculty (other than L. Lib. degree) and L. Lib. Science and not less than 50% of marks in both of the above two examinations OR M.Phil. OR Ph.D." મુજબ થયું.

સભામાં થયેલી ચર્ચા મુજબ સુધારેલા ધોરણોનો પાઠ પરિશિષ્ટ "ચ" તરીકે સામેલ છે.

૨૪. રાજ્ય સરકારશ્રીના શિક્ષણ વિભાગના ઠરાવક્રમાંક ગજય-૧૩૮૯-૩૭૪૯-(૧૦૨-૮૯)ખ તા. ૧૩-૬-૧૯૯૦થી ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદનું ૧૯૮૫-૧૯૮૮ના ત્રિવાર્ષિક ઓડિટના સમયગાળા માટેનું નિભાવ અનુદાન વાર્ષિક રૂ. ૧,૩૬,૫૫,૬૩૯-૦૦ (અંકે રૂપિયા એક કરોડ છત્રીસ લાખ પિસ્તાલીસ હજાર નવસો ઓગણચાલીસ પૂરા) મંજૂર કર્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે રાજ્ય સરકારશ્રીના શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક ગજય-૧૩૮૯-૩૭૪૯ : ૧૦૨ ૮૯-ખ તા. ૧૩-૬-૧૯૯૦નો સાભાર સ્વીકાર કરવો.

૨૫. યુનિવર્સિટીના નીચેના કર્મચારીઓના તેમનાં નામ સામે દર્શાવેલ તારીખે તેઓનો એક વર્ષનો અજમાયશી સમય પૂરો થતો હોઈ તે પછીની તારીખથી તેઓને કાયમી કરવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	નામ અને હોદ્દો	અજમાયશી સમય પૂરો થયાની તારીખ	કાયમ કરવાની તારીખ
૧.	શ્રી અંબાલાલ એમ ઠક્કર, હેલ્પર-કમ-જનરલ આસિસ્ટન્ટ, ઇ.એમ આર સી.	૨૧-૬-૧૯૯૦	૨૬-૬-૧૯૯૦
૨.	શ્રી પ્રીતિકુમાર સી પટેલ, જુ. કોમ્પ્યુટર ઓપરેટર, રોલવાલા કોમ્પ્યુટર સેન્ટર	૩૦-૬-૧૯૯૦	૧-૭-૧૯૯૦

સદરહુ કર્મચારીઓ **સર્વશ્રી** (૧) અંબાલાલ એમ. ડાકોર, હેલ્પર-કમ–જન. આસિસ્ટંટ, ઈ.એમ.આર.સી. તથા (૨) **શ્રી.** કીર્તિકુમાર સી. પટેલ જુનિયર કોમ્પ્યુટર ઓપરેટરની કામગીરી અંગેના બાનગી હેવાલ સભાગૃહ **સમક્ષ** રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે **સર્વશ્રી**. અંબાલાલ એમ. ડાકોર હેલ્પર-કમ-જનરલ આસિસ્ટંટ ઈ.એમ.આર.સી.ને રૂ. ૯૫૦–૨૦ –૧,૧૧૦–ઈ.બી.–૨૧–૧,૧૭૦ના પગારધોરણમાં તા. ૨૬-૬-૧૯૯૦થી તેમ જ શ્રી. કીર્તિકુમાર સી. પટેલ **જુનિયર** કોમ્પ્યુટર ઓપરેટર રેાલવાલા કોમ્પ્યુટર સેન્ટરને રૂ. ૧,૪૦૦-૪૦-૧,૮૦૦-ઈ.બી. ૫૦-૨,૩૦૦ના પગારધોરણમાં તા. ૧-૬-૧૯૯૦થી કાયમ કરવા.

૨૬. સમાજવિદ્યા ભવનના રીડર ડો. ડી. બી. દેસાઈ તા. ૨૫-૬-૧૯૯૦થી તા. ૧-૯-૧૯૯૦ દરમિયાન પોતાના અંગત કામે પરદેશ જવાના હોઈ તેમની જમા રજાઓ ૧૩૯ દિવસ પૈકી ૭૯ દિવસની હક રજાઓ મંજૂર કરવા વિચારણા કરવા બાબત.

[**નોંધ.**–શ્રી ડી. બી. દેસાઈ તા. ૭-૧૧-૧૯૯૦ થી તા. ૧૧-૬-૧૯૯૧ સુધી યુનિવર્સિટી ઑફ રીજીના, કેનેડા ખાતે કોમ્પ્યુટરની તાલીમ માટે ગયેલા છે.]

આથી ઠરાવવામાં આવે છે કે **સમાજવિદ્યા** ભવનના રીડર ડો. ડી. બી. દેસાઈને તા. ૧૧-૬-૧૯૯૦થી તા. ૧-૯-૧૯૯૧ સુધીની નિયમાનુસાર મળવાપાત્ર કુલ ૭૯ હક રજાઓ મંજૂર કરવી.

૨૭. ગુજરાત યુનિવર્સિટીના નીચેના કર્મચારીઓની તેમનાં નામ સામે જણાવેલ કારણસર મકાન બાંધવા/મરામત કરાવવા અંગે રૂલ. ૧૮૮(૨) પ્રમાણે પ્રોવિડંટ ફંડ ખાતામાંથી લોન આપવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	કર્મચારીનું નામ તથા હોદ્દો	લોન ની રકમ રૂપિયા	રૂલ. ૧૮૮(૨) પ્રમાણે અગાઉ લોન લીધી છે ?	કયા કારણસર માગણી કરી છે ?
૧.	શ્રી એમ. ડી. ક્રિશ્ચિયન, ટાઈપ વિભાગ	૫૦,૦૦૦	ના	મકાનમાં ફેરફાર અંગે
૨.	શ્રી બી. એમ. કનોજા, ઈ એમ.આર.સી.	૪૩,૦૦૦	ના	મકાનમાં વધારાનુ બાંધકામ કરવા અંગે
૩.	શ્રી કે. પી. સોલંકી, એસ્ટેટ વિભાગ	૩૫,૦૦૦	ના	મકાનમાં વધારાનું બાંધકામ અંગે
૪.	શ્રી ડી. બી. ગોવિંદાણી	૫૦,૦૦૦	ના	મકાનમાં વધારાના બાંધકામ અંગે
૫.	શ્રી એન. ડી. વાઘેલા	૨૨,૯૦૦	ના	,,

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીમાં કામ કરતા ઉપરોક્ત કર્મચારીઓને તેમનાં નામ સામે જણાવેલ રકમની લોન રૂલ્સ્યુટ ૧૮૮(૨) હેઠળ યુનિવર્સિટીનાં ધારાધોરણ પ્રમાણે તેમના પ્રોવિડંટ ફંડ ખાતામાંથી આપવી.

૨૮. એક્ઝિકયુટિવ કાઉન્સિલે તેની તા. ૨૫-૪-૧૯૯૦ની સભામાં કુલપતિશ્રીને આપેલી સત્તા અન્વયે જૂન ૧૯૯૭થી શરૂ કરવા માટે આવેલી બાકીની અરજીઓ પૈકી નીચેની અરજીઓ પરત્વે ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩(૨) અન્વયે આ અંગે કુલપતિશ્રીએ નિયુક્ત કરેલ સમિતના હેવાલને અનુલક્ષીને જરૂરિયાત સ્વીકાર્યાના તથા તે પરત્વે એકેડેમિક કાઉન્સિલની ભલામણ સ્વીકાર્યાના :

ક્રમાંક	સંસ્થાનું નામ	સ્થળ	વિદ્યાશાખા
૧.	એફ. ડી. એજ્યુકેશન સોસાયટી	અમદાવાદ	વિનયન
૨.	આંબેડકર એજ્યુકેશન સોસાયટી	ગાંધીનગર	કાયદા

ઉપરાંત જે અરજીઓ પરત્વે જરૂરિયાત સ્વીકારી નથી તે અંગેની એકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કર્યાના;

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીએ મંજૂર કરેલ ઉપરોક્ત કાર્યની નોંધ લેવી.

૨૯. આદિવાસી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, સંતરામપુરની જૂન, ૧૯૯૦થી બી.એ. (પ્રિન્સિ.)માં ગૃહવિજ્ઞાન અને સમાજશાસ્ત્ર તથા બી.કૉમ. (ગૌણ)માં કૉમ્પ્યુટર સાયન્સના અભ્યાસક્રમો શીખવવા માટેની જોડાણ અરજી પરત્વે મૂકવામાં આવેલી નીચેની એક્ઝિકયુટિવ કાઉન્સિલની ભલામણ પર વિચારણા કરવા બાબત :

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે આદિવાસી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, સંતરામપુર, નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૭-૧૯૯૦ સુધીમાં કરે તો તેને બી.એ. (પ્રિન્સ.)માં ગૃહવિજ્ઞાન, સમાજશાસ્ત્ર, તથા બી.કૉમ. (ગૌણ)માં કૉમ્પ્યુટર સાયન્સના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫—૬—૧૯૯૦ થી તા. ૧૪—૬—૧૯૯૨ સુધીનું ચાલુ-વધારાનું જોડાણ આપવા માટે એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :

ગૃહવિજ્ઞાન : (૧) ત્રણ વ્યાખ્યાતાઓની તબક્કાવાર નિમણૂક કરવામાં આવે—પહેલે વર્ષે ૧, બીજે વર્ષે ૧, ત્રીજે વર્ષે ૧,

(૨) ઉપરાંત જનરલ સાયન્સ માટે એક પૂર્ણ વ્યાખ્યાતા અને બે ખંડ-સમયના વ્યાખ્યાતા.

કૉમ્પ્યુટર સાયન્સ માટે : (૧) પૂર્ણસમયના પ્રોગ્રામર

(૨) ખંડસમયના કૉમ્પ્યુટર સાયન્સના વ્યાખ્યાતા.

સમાજશાસ્ત્ર : (૧) પૂર્ણસમયના વ્યાખ્યાતા.

(નવી નિમણૂક કરતી વખતે રાજ્ય સરકારની પૂર્વમંજૂરી મેળવી યુનિવર્સિટીને તેની જાણ કરવામાં આવે);

ત્યાર બાદ પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેની બાબતો સભાગૃહ સમક્ષ વિચારણા માટે રજૂ કરવામાં આવી :

૩૪. ગુજરાત યુનિવર્સિટી કેમ્પસ ઉપર "સેવા ગુર્જરી" ટ્રસ્ટની પ્રશ્ન પેટીઓ મૂકવા માટે મંજૂરી માગતા મેનેજિંગ ટ્રસ્ટીના તા. ૪-૬-૧૯૯૦ના પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે આવી કોઈ મંજૂરી આપવાની જરૂર જણાતી નથી.

૩૫. સ્વામિનારાયણ કૉલેજની વિદ્યાર્થી હોસ્ટેલ બંધ છે તે સમયસર વિદ્યાર્થીઓ માટે ઉપયોગમાં લેવાય તે અંગે સભ્ય શ્રી. નીતિન શાહની તા. ૨૩-૬-૧૯૯૮ના પત્ર પરની રજૂઆત અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતમાં ઘટિત તપાસ કરી યોગ્ય કાર્યવાહી કરવી.

૩૬. યુનિવર્સિટી સંલગ્ન લૉ કૉલેજના અધ્યાપકોને મેરહોત્રા સૂચિત નવાં પગારધોરણો તા. ૧-૧-૧૯૮૬થી લાગુ પાડવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે—

(૧) યુનિવર્સિટીની સંલગ્ન લૉ કૉલેજોના અધ્યાપકોને મેરહોત્રા સૂચિત નવાં પગારધોરણો રાજ્ય સરકારશ્રીના શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક એમ.આઈ.એસ : ૧૦૮૭-૪૮૫૫૮-ક્ર તા. ૧૪-૯-૧૯૮૮ મુજબ તા. ૧-૧-૧૯૮૬થી લાગુ પાડવાં અને તા. ૧૫-૬-૧૯૯૦થી સદરહુ નવાં પગારધોરણોનો અમલ શરૂ કરી તે પહેલાની એટલે કે તા. ૧-૧-૧૯૮૬થી તા. ૧૪-૬-૧૯૯૦ સુધીના પગારના તફાવતની લેણી રકમ રાજ્ય સરકારશ્રી પાસેથી મેળવવા જે તે સંલગ્ન કૉલેજે ઘટતી કાર્યવાહી કરવી.

(૨) લૉ કૉલેજોના ખંડસમયના અધ્યાપકોને પણ વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન માટેના રાજ્ય સરકારનાં ધોરણો પ્રમાણે પગારધોરણો જે તે તારીખથી લાગુ પાડવાં.

વધુમાં ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીની સંલગ્ન લૉ કૉલેજોને અન્ય વિદ્યાશાખાઓ (આર્ટ્સ, કૉમર્સ અને સાયન્સ)ની જેમ નિભાવ ગ્રાન્ટ તેમ જ પગારસુધારણાને કારણે થતા તફાવતની પૂરેપૂરી લેણી રકમ સત્વરે ચૂકવવા રાજ્ય સરકારશ્રી સમક્ષ ઘટિત રજૂઆત કરવાનું રાખવું.

ત્યાર પછી સભાનું કામકાજ પૂરું થયું હતું.

એક્ઝિ. કાઉ./નં. ૫૩૩૮૫/૧૯૯૦
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯,
તા. ૩૦-૮-૧૯૯૦

મ. પ. જડિયા
કાર્યકારી કુલસચિવ.

પરિશિષ્ટ "ક"
ક્રમાંક ક્રમાંક ૬

A meeting of the Selection Committee for recommending names for appointment to the two posts of Lecturer in Chemistry (One open and Second reserved for scheduled caste candidates) in the University School of Sciences, Gujarat University, Ahmedabad-380 009 was held on Monday, the 30th April, 1990 at 3-30 p.m. Dr. M. N. Desai, Vice-Chancellor, Gujarat University presided.

The attendance of the Selection Committee members was as under :

(1) Dr. M. N. Desai, Vice-Chancellor	Present
(2) Prof. A. T. Desai, Pro-Vice-Chancellor	Present
(3) Dr. S. M. Khopkar	Present
(4) Dr. V. Krishnan	Present
(5) Dr. Y. K. Agrawal (Invitee)	Present
(6) Dr. I. G. Vashi (Invitee)	Present.

The following candidates were called for interview :

(1) Mr. Raja Shri Ranga R.	Present
(2) Mr. Lala Shailesh N.	Present
(3) Miss Agarawal Renu J.	Present
(4) Mrs. Tadepalli Sitaram Lakshmi	Present
(5) Mr. Mehta Narendrakumar B.	Present
(6) Mr. Satya Prakash Verma	Present
(7) Miss Nair Alka R.	Present
(8) Mr. Shah Rajiv G.	Absent
(9) Mr. Gohel Narendrasingh B.	Absent
(10) Vora Jabali J.	Present
(11) Khakhar Anverhusen M.	Present
(12) Miss Jain Seema R.	Present
(13) Mr. Khan Noorul Hasan	Present
(14) Dr. Arab K. Dey	Absent

પરિશિષ્ટ "ગ"
ક્રમાંક ૨ ક્રમાંકાળ

A meeting of the Selection Committee for recommending names for appointment to the three posts of Reader in Chemistry in the University School of Sciences, Guiarat University, Ahmedabad-380 009 was held on Monday the 30th April, 1990 at 1-30 p.m. Dr. M. N. Desai, Viee-Chancellor, Gujarat University presided.

The attendance of the selection committee members was as under :

1. Dr. M, N. Desai, Vice-Chancellor	Present
2. Prof, A. T. Desai. Pro. Vice-Chancellor	Present
3. Dr. S. M. Khopkar	Present
4. Dr. V. Krishnan	Present
5. Dr. H. B. Naik	Present
6. Dr. V. K. Agrawal (Invitee)	Present
7. Dr. I. G. Vashi (Invitee)	Present.

The following candidates were called for interview :

1. Dr. Gandhi Anilkumar H.	Present
2. Mr. Raval Chandrakant N.	Absent
3. Dr. Shah Anamik K.	Absent
4. Dr. Shaikh Ahmedhusen A.	Present
5. Dr. Shah Jashvantlal H.	Absent
6. Dr. Vora Chandravadan R.	Present
7. Dr. Shah Manoj S.	Present
8. Dr. Patel Prahladbhai B.	Present
9. Dr. Menon Shobhna K.	Present

10.	Dr. Miss Swati A. Lahiri	Absent
11.	Dr. Pandya Chandrakant B.	Present
12.	Dr. Rajnath Ram	Absent
13.	Dr. Dave Chaitanya G.	Present.

After interviewing the candidates who remained present for the interview and considering their relative merits the Committee is of the opinion that the following candidates have been found suitable for the three posts of Reader in Chemistry in the University School of Sciences and recommends them for appointment in the following order of priority :

(1) Dr. Menon Shobhna K.

(2) Dr. Vora Chandravadan R.

(3) Dr. Patel Prahladbhai B.

M. N. Desai
Vice-Chancellor
A. T. Desai
Pro. Vice-Chancellor
S. M. Khopkar
V. Krishnan
H. S. Naik

પરિશિષ્ટ "અ"
સામકાજ ક્રમાંક ૮

A meeting of the Selection Committee for recommending names for appointment to the post of a Lecturer in English in the University School of Languages, Gujarat University, Ahmedabad–380 009 was held on Saturday the 5th May, 1990 at 3-00 p.m. Dr. M. N. Desai, Vice-Chancellor, Gujarat University presided.

The attendance of the Selection Committee members was as under i

1.	Dr. M. N. Desai, Vice-Chancellor	Present
2.	Prof. A. T. Desai, Pro. Vice-Chancellor	Present
3.	Prof. C. K. Sheshadri	Present
4.	Prin V. J. Trivedi	Present
5.	Prof. Digish Mehta (Invitee)	Present.

The following candidates were called for interview ;

1.	Shri Y. A. Joshi	Absent
2.	Shri K. S. Pandya	Present
3.	Shri A. R. Shukla	Present
4.	Shri S. B. Avashia	Absent
5.	Smt. Govindini D. Shah	Present
6.	Smt. Banibandana Pattanayak	Absent
7.	Shri U. G. Gor	Present
8.	Smt. Rajyashree Khushu Lahiri	Present
9.	Shri R. S. Varma	Absent
10.	Shri R. S. Jayant	Present
11.	Shri T. J. Purani	Absent
12.	Smt. Rohini Ravi Mokashi Punekar	Absent
13.	Smt. Priti Mathur	Present
14.	Smt. Anita Sinha	Present
15.	Dr. Abraham P. A.	Present
16.	Shri S. M. Dabhi	Present

17.	Shri D. P. Jaisinghani	Absent
18.	Shri K. S. Dave	Absent
19.	Smt. Ranjana H. Dwivedi	Absent
20.	Kum. Vijaya K. Guttal	Absent
21.	Shri Y. A. Joshi	Absent
22.	Smt. Madhu Prasad	Absent
23.	Shri Abdul Rauf	Absent
24.	Shri A. K. Singh	Absent
25.	Smt. Rajeshwari P. Singh	Absent
26.	Shri M. R. Vyas	Absent.

After interviewing the candidates who remained present for the interview and considering their relative merits the Committee is of the opinion that Smt. Govindini D. Shah is suitable for the post of a Lecturer in English and recommends her for appointment thereto.

M. N. Desai
Vice-Chancellor
A. T. Desai
Pro. Vice-Chancellor
C. K. Sheshadri
Prin. V. J. Trivedi

પરિશિષ્ટ "ચ"

બાબત ક્રમાંક ૨૩

(૧) તા. ૧૪–૯–૧૯૮૮ ના શિક્ષણ વિભાગના ઠરાવ એમ.આઈ.એસ.–૧૧૮૭/૫૫૮૪૩–ખ. થી યુનિવર્સિટી તથા કૉલેજના શિક્ષકો–ગ્રંથપાલ તથા ફિઝિકલ એજ્યુકેશનના શિક્ષકોને લાગુ પાડવામાં આવેલાં છે તેને એપેન્ડિકસ ૨ ના પેરા ૪ અને ૫ પ્રમાણે યુ.જી.સી.એ સૂચવેલાં લાયકાતનાં ધોરણો પ્રમાણે ગ્રંથપાલોને નવાં પગારધોરણો લાગુ પાડવાનાં હતાં તે ધ્યાનમાં લઈને તેમ જ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને સૂચવ્યા પ્રમાણે પરિશિષ્ટ "૧"માં સૂચવેલાં લાયકાતનાં ધોરણો ધ્યાનમાં લઈને યુનિવર્સિટી તથા કૉલેજના લાયબ્રેરિયનની જગ્યા માટે નીચે પ્રમાણેનાં લાયકાતનાં ધોરણો લાગુ પાડવાં :

યુનિવર્સિટી ગ્રંથપાલ : રૂ. ૪,૫૦૦–૧૫૦–૫,૭૦૦–૨૦૦–૭,૩૦૦ :

(*i*) (*a*) Master's Degree in Library Science/Information Science/Documentation with at least fifty–five percent marks or its equivalent grade and,

(*b*) a consistently good academic record.

(*ii*) One year specialisation in an area of information technology/Archives and Manuscript keeping Master's Degree in an area of thrust in the institution; and

(*iii*) At least ten years as a Deputy Librarian in a University Library *OR* fifteen years experience as a College Librarian or University Assistant Librarian.

(*iv*) Evidence of Innovative Library Service and Organisation of published work.

Desirable :

M.Phil./Ph.D. Degree in Library Science/Information Science/Documentation and Manuscript keeping.

(2) Deputy Librarian : (Rs. 3,700–120–4,950–150–5,700) :

(*i*) (*a*) Master's Degree in Library Science/Information Science/Documentation with at least fifty–five percent marks or its equivalent grade and;

(*b*) A consistently good academic record.

(*ii*) One year specialisation in an area of information technology/Archives and Manuscript keeping or Master's Degree in an area of thrust in the Institution.

(*iii*) Eight Years experience as an Assistant University Librarian/College Librarian; and

(*iv*) Evidence of innovative Library Services, Published work and professional committment;

Desirable :

M.Phil./Ph.D. Degree in Library Science/Information Science/Documentation Archives and Manuscript keeping.

(3) **Assistant University Librarian/College Librarian / Recognised Institute Librarian / Documentation Officer** : **(Rs. 2,200-75-2,800-100-4,000) :**

(*i*) Qualifying the national level test conducted for the purpose by the U.G.C. or anyother agency approved by the U.G.C.

(*ii*) (*a*) Master's Degree in Library Science/Information Science/Documentation or an equivalent professional degree with at least fifty-five percent marks or its equivalent grade, and

(*b*) Consistently good academic record.

OR

(*a*) Master's degree in Arts/Science/Commerce or equivalent degree with at least 55% marks or its equivalent grade with Bechalor's degree in Library Science and information Science/Decumentation or an equivalent professional degree with at 55% marks or its equivalent grade, and

(*b*) a consistently good academic record.

Note.—(1) "Equivalent grade" under (*a*) above shall mean "A" grade in the grade system.

(2) A good academic record under (*b*) above shall mean average of 52.5% of the total number of marks at the Final Year of Bachelor Degree examination of any faculty (other than B. Lib. degree) and B. Lib. Science and not less than 50% of marks in each of the above two examinations OR M.Phil OR Ph..D.

પરિશિષ્ટ "છ"
કામકાજ ક્રમાંક ૩૦

Minimum qualification for the post of Leeturer in an affiliated Law College.
Full time Lecturer in Law :

1. (*a*) Master's degree in Law with at least 55% marks or its equivalent grade and (*b*) good academic record.

2. Notwithstanding the above provision, master's degree in Law with at least 50% marks or its equivalent grade and Third LL.B. (Sp.) with at least 55% marks and consistently good academic record will be considered eligible for the post of Lecturer only for a stipulated Period upto 31-12-1995.

Explanatiory Note :

(*a*) good academic record shall mean average of 52.5% of the total number of marks at any of the two law examinations at the graduate level (i.e. First, Second or Third LL.B.) held by the University or not less than 50% of marks in any of these two examinations.

(*b*) However, the above minimum qualification shall not be insisted upon for the present incumbents, i.e. full time or part-time lecturers who are already in the service and reconised as such on or before 15-10-1988 by any university in the Gujarat State.

(*c*) The provision laid down in the Explanatary note (b) above shall not apply to those lecturers whose appointments have been condoned for a stipulated period to avoid Inconvenience to the concerned institution or recognition was given on adhoc basis.

Part-time lecturer in Law :

2. (*a*) Person qualified to be a full time lecturer in Law as specified in (1) above will be eligible for the post of a part-time lecturer in Law.

OR

(*b*) Third LL.B. (Sp.) with 55% marks and having 5 years practice at the Bar will be considered eligible for the post of part-time lecturer in Law.

(*c*) Third LL.B. (Sp.) Second class with 50% marks and LL.M. Second Class with 50% marks will be considered eligible for the post of part time Lecturer in Law.

પરિશિષ્ટ "જ"

કામકાજ ક્રમાંક ૩૩

ફાઈનાન્સ સમિતિની એક સભા તા. ૧૯–૬–૧૯૯૦ ને મંગળવારના રોજ બપોરના ૨–૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખસ્થાન કુલપતિશ્રી ડૉ. એમ. એન. દેસાઈએ સંભાળ્યું હતું.

સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

૧. ડૉ. એમ. એન. દેસાઈ, કુલપતિશ્રી	હાજર
૨. શ્રી. અંબુભાઈ ટી. દેસાઈ, ઉપકુલપતિશ્રી	હાજર
૩. પ્રિ. ડી. એમ. શીખ	હાજર
૪. શ્રી. નરહરિભાઈ એચ. અમીન	ગેરહાજર
૫. શ્રી. અરવિંદભાઈ આર. શાહ	હાજર.

૧. ફાઇનાન્સ સમિતિની તા. ૨૮–૩–૧૯૯૦ અને તા. ૧૧–૪–૧૯૯૦ની સભાની નોંધ મંજૂર કરવા બાબત.

ફાઇનાન્સ સમિતિની તા. ૨૮–૩–૧૯૯૦ અને તા. ૧૧–૪–૧૯૯૦ની સભાની નોંધ મંજૂર કરવામાં આવી અને તે પર પ્રમુખશ્રીએ સહી કરી.

૨. યુનિવર્સિટીના સેન્ટર ફૉર મૅનેજમેન્ટના મકાનને ઊધઈની ટ્રીટમેન્ટ કરાવવા માટે મંગાવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સેન્ટર ફૉર મૅનેજમેન્ટના મકાનને મે. ટરમાઈટ કન્ટ્રોલ પાસે સૌથી ઓછા ભાવે રૂ. ૩૫૦૦ (રૂપિયા ત્રણ હજાર પાંચસો પૂરા)માં ઊધઈની ટ્રીટમેન્ટ કરાવવી.

૩. યુનિવર્સિટી કાર્યાલય માટે સ્ટેશનરી ખરીદવા માટે મંગાવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત.

આથી એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે આ સાથેના પરિશિષ્ટ "૩" (છાપેલ નથી) મુજબ જરૂરી સ્ટેશનરી ટેન્ડરમાં જણાવેલ ભાવે અને શરતોએ ખરીદવી.

૪. યુનિવર્સિટી કાર્યાલય માટે પ્રેડમા ઑફ ઇન્ડિયા લિમિટેડ પાસેથી પ્રેડમા પોસ્ટેજ મીટર ઇલેક્ટ્રોનિક પોસ્ટલ વેઈટ સ્કેલ ખરીદવા અંગે વિચારણા કરવા બાબત. [આ અંગે અંદાજી ખર્ચ રૂ. ૧૫૦૦૦ (રૂપિયા પંદર હજાર પૂરા) થશે.]

આથી ઠરાવવામાં આવે છે કે આ માગણી સ્વીકારી શકાય તેમ નથી.

૫. યુનિવર્સિટીના શારીરિક શિક્ષણ વિભાગ માટે રમતનાં સાધનો ખરીદવા અંગે વિચારણા કરવા બાબત. [આ અંગે અંદાજી ખર્ચ રૂ. ૯૬૦૦૦ (રૂપિયા છન્નું હજાર પૂરા) થશે.]

આથી ઠરાવવામાં આવે છે કે આ અંગે જાહેરાત આપી ભાવ મંગાવવા.

૬. એજ્યુકેશનલ મીડિયા રિસર્ચ સેન્ટર માટે જુદો બેંક એકાઉન્ટ ખોલવા અંગે યુ.જી.સી ના તા. ૯-૩-૧૯૯૦ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ અંગે જુદો બેંક એકાઉન્ટ ખોલવાની જરૂર નથી.

૭. વિજ્ઞાન વિદ્યાભવનના માઇક્રોબાયોલોજી વિભાગમાં લાકડાનાં પાંચ ટેબલ ખરીદવા અંગે વિચારણા કરવા બાબત. [આ અંગે અંદાજી ખર્ચ રૂ. ૧૧૭૫૦ (રૂપિયા અગિયાર હજાર સાતસો ને પચાસ પૂરા) થશે.]

આથી ઠરાવવામાં આવે છે કે માઇક્રોબાયોલોજી વિભાગ માટે લાકડાનાં પાંચ ટેબલ ભાભા વૂડ ટ્રેડર્સ પાસેથી એક નંગના રૂ. ૨૩૫૦ (રૂપિયા બે હજાર ત્રણસો ને પચાસ)ના ભાવે પાંચ નંગ એસ્ટેટ વિભાગ મારફત ખરીદવાં.

૮. યુનિવર્સિટી પ્રેસ માટે મોનોસ્પુલ પેપર રોલ નંગ ૨૦૦ મે. રીલંકા પેપર પ્રોડક્ટ પાસેથી ખરીદવા અંગે વિચારણા કરવા બાબત. [આ અંગે અંદાજી ખર્ચ રૂ. ૮૦૦૦ ;રૂપિયા આઠ હજાર પૂરા) થશે.]

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબત હાલ મુલતવી રાખવી.

૯. યુનિવર્સિટી રોબવાલા કોમ્પ્યુટર સેન્ટર માટે સોફ્ટવેર મે. સોનારા પાસેથી ખરીદવાને બદલે મે. ઓ. આર. જી. સીસ્ટમ પાસેથી ખરીદવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે રોબવાલા કોમ્પ્યુટર સેન્ટર માટે જરૂરી સોફ્ટવેર મે. સોનારા પાસેથી ખરીદવાનાં બદલે તે જ સોફ્ટવેર મે. ઓ. આર. જી. સીસ્ટમ પાસેથી ખરીદવાં.

૧૦. વિજ્ઞાન વિદ્યાભવનના ગણિત વિભાગ માટે વોલ્ટેજ સ્ટેબિલાઈઝર ખરીદવા માટે વિચારણા કરવા બાબત. [આ અંગે અંદાજી ખર્ચ રૂ. ૭૯૭૭-૨૦ (રૂપિયા સાત હજાર નવસો ને સિત્યોતેર અને વીસ પૈસા) થશે.]

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબત હાલ મુલતવી રાખવી.

૧૧. વિજ્ઞાન વિદ્યાભવનના પ્રાણીવિજ્ઞાન વિભાગ માટે મે. અમર ડાયોગ્નોસ્ટિક્સ, મુંબઈ પાસેથી જુદા જુદા છ આર. આઈ. એ. કીટ્સ ખરીદવા માટે વિચારણા કરવા બાબત. [આ અંગે અંદાજી ખર્ચ રૂ. ૧૦,૪૦૦ (રૂપિયા દસ હજાર ચારસો) થશે.]

આથી ઠરાવવામાં આવે છે કે પ્રાણીવિજ્ઞાન વિભાગ માટે છ આર આઈ. એ. કીટ્સ વિભાગના વડાની ભલામણ મુજબ ખરીદવા અને આ અંગે રૂ. ૧૦,૪૦૦ (રૂપિયા દશ હજાર ચારસો)નો ખર્ચ મંજૂર કરવો.

૧૨. વિજ્ઞાન વિદ્યાભવનના ભૂગોળ વિભાગ માટે એક કેમેરો તથા બે કેલ્કયુલેટર ખરીદવા અંગે વિચારણા કરવા બાબત. [આ અંગે અંદાજી ખર્ચ રૂ. ૪૦૦૦ (રૂપિયા ચાર હજાર) થશે.]

આથી ઠરાવવામાં આવે છે કે ભૂગોળ વિભાગ માટે એક કેમેરો તથા બે કેલ્કયુલેટર કસ્ટમની દુકાનેથી ખરીદવા અને આ અંગે રૂ. ૪૦૦૦ (રૂપિયા ચાર હજાર સુધી)નો ખર્ચ મંજૂર કરવો.

૧૩. યુનિવર્સિટી ગ્રંથાલય માટે (સરદાર વાચન કેન્દ્ર માટે) ૧૧૦ નંગ લાકડાની ખુરશીઓ ખરીદવા માટે મંગાવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત. [આ અંગે અંદાજી ખર્ચ રૂ. ૩૩,૭૧૦ (રૂપિયા તેત્રીસ હજાર સાતસો પચાસ) થશે.]

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટી ગ્રંથાલય માટે (સરદાર વાચન કેન્દ્ર માટે) ૧૦૦ (એક સો નંગ) નંગ ખુરશી ડિઝાઈન વૂડ પાસેથી એક નંગના રૂ. ૨૨૫ (રૂપિયા બસો ને પચીસ)ના ભાવે ખરીદવી.

૧૪. કુલપતિશ્રીએ મંજૂર કરેલ કાર્યો (જાણ સારુ) :

(૧) કૉમ્પ્યુટર સેન્ટરના એરકન્ડિશન પ્લાન્ટના થ્રી ફેઝ સ્ટેબિલાઈઝરને મે. ખન્ના ઇલેકટ્રોનિકસ પાસે રૂ. ૨૨૦૦ (રૂપિયા બે હજાર બસો)ના ખર્ચે રિપેર કરાવવાના ખર્ચને મંજૂરી આપી.

(૨) યુનિવર્સિટી કાર્યાલયના ડુપ્લિકેટિંગ મશીનને મે. ગેસ્ટેટનર (ઇન્ડિયા) લિમિટેડ પાસે રિપેર કરાવવા માટે રૂ. ૨,૪૩૯ (રૂપિયા બે હજાર ચારસો ને ઓગણચાલીસ)ના ખર્ચને મંજૂરી આપી.

(૩) યુનિવર્સિટી નિભાવ કામ માટે ટચૂબલાઈટ ખરીદવા માટે, રૂ. ૧૦,૭૧૭ (રૂપિયા દશ હજાર સાતસો ને પચાસ)ના ખર્ચને મંજૂરી આપી.

(૪) યુનિવર્સિટી પ્રેસ માટે કાર્ટ્રેટ પેપર ૪૭ રીમ ખરીદવા માટે રૂ. ૧૭,૦૦૦ (રૂપિયા સત્તર હજાર)ના ખર્ચને મંજૂરી આપી.

(૫) યુનિવર્સિટી પ્રેસની ઉત્તરવહીઓ રૂલિંગ કરવા માટે રૂ. ૩-૧૦ પૈસા એક રીમના ભાવે ૪,૦૦૦ (ચાર હજાર) રીમ રૂલિંગ કરાવવા માટે મંજૂરી આપી. આ અંગે રૂ ૧૪,૭૭૦ (રૂપિયા ચૌદ હજાર)નો ખર્ચ થશે.

(૬) યુનિવર્સિટી પ્રેસની કોરી ઉત્તરવહીઓ સ્થાનિક કેન્દ્ર પર મોકલવા માટે મે. કે. જી. બાસ્તાવાલાને કાર્ટિંગ કામ સોંપ્યું અને રૂ. ૯૦૦૦ (રૂપિયા નવ હજાર સુધી)ના ખર્ચને મંજૂરી આપી.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં ઉપરોક્ત કાર્યોની નોંધ લેવા.

૧૫. યુનિવર્સિટી મનોવિજ્ઞાન ભવન, સ્કૂલ ઑફ કૉમર્સ તથા યુનિવર્સિટી લાઇબ્રેરી માટે હ્યુમિનિટીઝ ડેવિલપમેન્ટ ગ્રાન્ટ હેઠળ કૉપિયર મશીન ખરીદવા આવેલ ટેન્ડરો બાબતે વિચારણા અર્થે.

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે મે. ચોગુલે ઇન્ડસ્ટ્રિઝ લિ. પાસેથી હ્યુમિનિટીઝ ડેવિલપમેન્ટ ગ્રાન્ટ હેઠળ ફેનન બનાવટનું એક પ્લેઈન પેપર કૉપિયર મશીન એનપી. ૧૫૦-રૂ. ૭૫,૧૦૦ની કિંમતે તથા એક એનપી ૨૭૦ પ્લેઈન પેપર કૉપિયર મશીન રૂ. ૧,૩૭,૧૧૬-૧૬ પૈસાની કિંમતે ખરીદવાં. કુલ ખર્ચ રૂ. ૨,૧૨,૬૧૬-૮૬ પૈસા મંજૂરી અર્થે.

૧૬. યુનિવર્સિટી લાઇબ્રેરી માટે હ્યુમિનિટીઝ ડેવિલપમેન્ટ ગ્રાન્ટ હેઠળ એક 'હાઈસ્પિડ ગિન્ટર' (મિની રોટરી પ્રિન્ટર) કે રીસો ગ્રાફ મશીન ખરીદવા અર્થે.

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબત હાલ મુલતવી રાખવી.

૧૭. યુનિવર્સિટી કાર્યાલય તથા સ્કૂલ ઑફ કૉમર્સ માટે ડયુમિનિટીઝ ડેવિલપમેન્ટ ગ્રાન્ટ હેઠળ ઇલેકટ્રોનિક ટાઇપ રાઇટર મશીન ખરીદવા વિચારણા અર્થે.

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે મે. ઇન્ડિયન કોમ્યુનિકેશન નેટવર્ક લિ. પાસેથી ડયુમિનિટીઝ ડેવિલપમેન્ટ ગ્રાન્ટ હેઠળ નેટવર્ક બનાવટનું કલાસિક–૧૦૦૦ ઇલેકટ્રોનિક ટાઇપ રાઇટર (અંગ્રેજી એક નંગ રૂ. ૧૨,૪૦૦ની કિંમતે ખરીદવું તથા એક નંગ માઇક્રોટોનિક–૨૨૧૮ ૭૭ બાયલિંગ્વિયલ (ગુજરાતી-ઈંગ્લિશ) રૂ. ૪૦,૭૦૦ની કિંમતે ખરીદવું. કુલ ખર્ચ રૂ. ૫૩,૧૦૦ મંજૂરી અર્થે.

૧૮. ડયુમિનિટીઝ ડેવિલપમેન્ટ હેઠળ જુદાં જુદાં ભવનો માટે કોમ્પ્યુટર લાઈ સ્પીડ પ્રિન્ટર, ઑડિયો-વિઝ્યુઅલ ડેવલપમેન્ટ વ. ખરીદવા માટે આવેલ ટેન્ડરો અંગે વિચારણા કરવા અર્થે.

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે ડયુમિનિટીઝ ઑડિયો-વિઝ્યુઅલ ડેવિલપમેન્ટ આ સાથેના **પરિશિષ્ટ "અ"** (જોડેલ નથી) મુજબ ખરીદવા રૂ. ૬૭,૬૦૩-૦૦નું ખર્ચ મંજૂર કરવું તથા આઠ નંગ વી.સી.આર. કસ્ટમમાંથી (ફેડરેશનમાંથી) ખરીદવા રૂ. ૧.૩૬,૦૦૦નું ખર્ચ મંજૂર કરવું. કુલ ખર્ચ રૂ. ૨,૦૩,૬૦૩ થશે.

૧૯. સી.ડી.સી. ડિપાર્ટમેન્ટ માટે બે નંગ ટી.વી. તથા બે નંગ વી.સી.આર. ખરીદવા આવેલ ટેન્ડરો અંગે વિચારણા કરવા અર્થે.

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબત હાલ મૂલતવી રાખવી.

૨૩. વિદ્યાન વિદ્યાભવનના પ્રાણીવિજ્ઞાન વિભાગ માટે વૈજ્ઞાનિક સાધનો મંગાવવા માટે મંગાવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત.

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે કોમ્પ્યુટર સીમેન એનેલાઈઝર એન્જિનિયર્સ કોસોર્ટિયમ, ન્યૂ દિલ્હી પાસેથી ખરીદવું અને આ અંગે રૂ. ૧,૧૦,૦૦૦ (રૂપિયા પાંચ લાખ અને પચાસ હજાર)નું ખર્ચ મંજૂર કરવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે બાબત ક્રમાંક ૧ અને ૨ માટે ફરીથી ભાવ મંગાવવા.

૨૪. યુનિવર્સિટીના એજ્યુકેશન મીડિયા રિસર્ચ સેન્ટરની મોટરકાર નંબર જી.આર.જી. ૭૨૩૧ને રિપેર કરાવવા અંગે રૂ. ૨૧૦૦ (રૂપિયા બે હજાર પાંચસો)ના ખર્ચને મંજૂરી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મોટરકાર નંબર જી.આર.જી. ૭૨૩૧ રિપેર કરાવવી અને આ અંગે રૂ. ૨૧૦૦ (રૂપિયા બે હજાર પાંચસો સુધી)નો ખર્ચ મંજૂર કરવો.

૨૫. વિજ્ઞાન વિદ્યાભવનના વનસ્પતિ વિજ્ઞાન વિભાગ માટે વૈજ્ઞાનિક સાધનો ખરીદવા માટે મંગાવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત.

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે, આ સાથેના પરિશિષ્ટ "ક" (છાપેલ નથી) મુજબનાં વૈજ્ઞાનિક સાધનો ટેન્ડરમાં જણાવેલ શરતોએ અને ભાવે ખરીદવાં.

૨૬. વિજ્ઞાન વિદ્યાભવનના રસાયણ વિભાગ માટે વૈજ્ઞાનિક સાધનો ખરીદવા અંગે મંગાવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત.

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે, આ સાથેના પરિશિષ્ટ "ડ" (છાપેલ નથી)માં જણાવ્યા પ્રમાણેનાં વૈજ્ઞાનિક સાધનો ટેન્ડરમાં જણાવેલ શરતોએ અને ભાવે રસાયણ વિજ્ઞાન વિભાગ માટે ખરીદવાં.

૨૭. ભૂગોળ વિભાગ માટે વૈજ્ઞાનિક સાધનો ખરીદવા માટે મંજૂર કરેલ રૂ. ૬૦,૦૦૦ (રૂપિયા સાઈઠ હજાર)ને બદલે રૂ. ૭૮,૩૦૩ (રૂપિયા અઠ્યોતેર હજાર ત્રણસો ને ત્રણ)નો ખર્ચ મંજૂર કરવા બાબત (આમ સરવાળામાં ભૂલને કારણે થયું હતું.)

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે, ભૂગોળ વિભાગ માટે વૈજ્ઞાનિક સાધનો ખરીદવા માટે રૂ. ૬૦,૦૦૦ (રૂપિયા સાઈઠ હજાર)ને બદલે રૂ. ૭૮,૩૦૩ (રૂપિયા અઠ્યોતેર હજાર ત્રણસો ત્રણ)નો ખર્ચ મંજૂર કરવો.

૨૮. ભૂગોળ વિભાગ માટે નકશાઓ ખરીદવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ભૂગોળ વિભાગ માટે જરૂરી નકશા મે. સાયન્ટિફિક ઇન્સ્ટ્રુમેન્ટ્સ સ્ટોર્સ, ન્યૂ દિલ્હી પાસેથી ખરીદવા અને આ અંગે રૂ ૫૦૦૦ (રૂપિયા પાંચ હજાર સુધી)નો ખર્ચ મંજૂર કરવો.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

પી. ડી. ભિસ્તી
કુલસચિવ વતી.

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, અમદાવાદ—૩૮૦ ૦૦૯.

ગુ. યુ. પ્રેસ ૨૭૫-૪૦૦-૯-૯૦

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની એકિઝકયુટિ. કાઉન્સિલની સભા શનિવાર, તા. ૧૧-૮-૧૯૯૦ના રોજ બપોરે ૧૨-૩૦ વાગ્યે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખસ્થાન કુલપતિશ્રી ડૉ. એમ. એન. દેસાઈએ સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૧૧-૮-૧૯૯૦
૧.	ડૉ. મહેન્દ્રભાઈ નાનુભાઈ દેસાઈ, કુલપતિશ્રી	હાજર
૨.	પ્રા. અંબુભાઈ ત્રિભોવનદાસ દેસાઈ, ઉપકુલપતિશ્રી	હાજર
૩.	ઉચ્ચતર શિક્ષણ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય	ગેરહાજર
૪.	શ્રી. એન. આર. દવે, તાંત્રિક શિક્ષણ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય	હાજર
૫.	આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી નિયામકશ્રી, ગુજરાત રાજ્ય	ગેરહાજર
૬.	શ્રી. સુધીરભાઈ ઇન્દ્રવદન નાણાવટી	હાજર
૭.	શ્રી. નરહરિભાઈ હીરાલાલ અમીન	ગેરહાજર
૮.	શ્રી. હરેનભાઈ વી. પંડ્યા	ગેરહાજર
૯.	પ્રો. ધવલ મહેતા	ગેરહાજર
૧૦.	ડૉ. સુરેશભાઈ ઘેલાભાઈ દેસાઈ	હાજર
૧૧.	આચાર્ય હર્ષદભાઈ મોતીભાઈ દેસાઈ	હાજર
૧૨.	આચાર્ય હરિશંકર પ્રભાશંકર પંડ્યા	ગેરહાજર
૧૩.	આચાર્ય દર્શનસિંગ મુસ્તાકસિંગ શીખ	હાજર
૧૪.	પ્રા. અરવિંદભાઈ રણછોડભાઈ શાહ	હાજર
૧૫.	પ્રા. કૃષ્ણચંદ્ર સોમનાથ શાસ્ત્રી	હાજર
૧૬.	ડૉ. રણછોડલાલ કરસનદાસ પટેલ	હાજર
૧૭.	પ્રા. અવતારસિંઘ અર્જુનસિંઘ અહલુવાલિયા	હાજર
૧૮.	શ્રી. બદરૂદ્દીન શેખ	ગેરહાજર
૧૯.	ડૉ. મહેન્દ્રભાઈ બાબુભાઈ દેસાઈ	હાજર

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૧૧–૮–૧૯૯૦
૨૦.	શ્રી. રાજકુમાર ગુપ્તા	હાજર
૨૧.	શ્રી. નીતિન હસમુખભાઈ શાહ	હાજર
૨૨.	ડૉ. ત્રિભોવનભાઈ એન. પટેલ	હાજર
૨૩.	શ્રી. ઘનશ્યામભાઈ હીરાલાલ અમીન	હાજર
૨૪.	શ્રી. મહેન્દ્રકુમાર ચંદ્રલાલ શાહ	હાજર.

૧. તા. ૨૩-૬-૧૯૯૦ની એકિઝકયુટિવ કાઉન્સિલની સભાની નોંધ મંજૂર કરવા બાબત.

તા. ૨૩–૬–૧૯૯૦ના રોજ મળેલ એકિઝકયુટિવ કાઉન્સિલની સભાની નોંધને નીચેના સુધારા સાથે મંજૂર કરવામાં આવી અને તે પર કુલપતિશ્રીએ સહી કરી :

(૧) બાબત ક્રમાંક ૨(૨)માં અનુક્રમ ક્રમાંક ૩નો સામેનો જગ્યા '૧'ના બદલે '૨' વાંચવું.

(૨) બાબત ક્રમાંક ૧૨માં કૌંસમાં આપેલી નોંધની પ્રથમ લીટીમાં 'માસિક રૂ. ૨૧૦૦'ને બદલે 'કેનેડિયન ડોલર ૨૫૦૦ વાંચવું'.

(૩) બાબત ક્રમાંક ૧૭માં ત્રીજી લીટીમાં સીનિયર સ્કેલ 'રૂ. ૩,૭૦૦-૫,૦૦૦' દર્શાવેલો છે તેને બદલે 'રૂ. ૩,૦૦૦-૫,૦૦૦' વાંચવું.

(૪) બાબત ક્રમાંક ૨૩ માં પરિશિષ્ટ "ચ"માં પેરા (૩)માં જણાવેલ ભાગ આ સાથે પરિશિષ્ટ "ક"માં જણાવ્યા પ્રમાણે વંચાય તે રીતે સુધારીને વાંચવો.

(સદરહુ **પરિશિષ્ટ "ક"** આ **સાથે** સામેલ છે.)

(૫) બાબત ક્રમાંક ૩૦ પરિશિષ્ટ 'છ'માં Lecturer in Lawની લાયકાતનાં ધોરણોમાં Part-time Lecturer in Lawનાં લાયકાતનાં ધોરણોના 2(b)માં પ્રથમ લીટીમાં 'with 55% marks and' શબ્દો રદ કરવા.

(૬) બાબત ક્રમાંક ૩૩ પરિશિષ્ટ 'જ'ની આઈટમ ૧૯માં માં 'સી.ડી.સી. ડિપાર્ટમેન્ટ' શબ્દોને બદલે 'ડેવલપમેન્ટલ કોમ્યુનિકેશન સેન્ટર' શબ્દ વાંચવા.

૨. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યો (જાણ માટે) :

(૧) જૂન, ૧૯૯૦થી નીચે જણાવેલ કોલેજોએ જોડાણ મેળવવા માટેની અરજી પરત્વે મૂકવામાં આવેલી જોડાણ શરતોનું પરિપાલન કર્યું હોઈ જાહેરનામું બહાર પાડવાનું :

(૧)	સેંટ ઝેવિયર્સ કોલેજ, અમદાવાદ	બી.એસસી. (ગૌણ) કોમ્પ્યુટર સાયન્સ
(૨)	શેઠ આર. એ. આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, અમદાવાદ	બી.કોમ. (ગૌણ) કોમ્પ્યુટર સાયન્સ

(૩) આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, સાવલી	બી.કૉમ. (ગૌણ) આંકડાશાસ્ત્ર, એસ.પી.
(૪) ધર્મસિંહ દેસાઈ ઇન્સ્ટિટ્યૂટ ઑફ કૉમર્સ, નડિયાદ	બી.કૉમ. (ગૌણ) કૉમ્પ્યુટર સાયન્સ.

(૨) જૂન, ૧૯૯૦થી એચ. એલ. કૉમર્સ કૉલેજ, અમદાવાદ તરફથી બી.કૉમ. (ગૌણ) કૉમ્પ્યુટર સાયન્સના અભ્યાસક્રમ શીખવવા માટેની જોડાણ અરજી પરત્વે મૂકવામાં આવેલી જોડાણ શરતોનું પરિપાલન કર્યું હોઈ તે અંગેનું જાહેરનામું બહાર પાડવાનું;

(૩) જૂન, ૧૯૮૯થી એચ. એલ. કૉમર્સ કૉલેજ, અમદાવાદ તરફથી બી.કૉમ. (ગૌણ) મેથેમેટિકસ ફૉર સ્ટેટિસ્ટિકસ ઍન્ડ ઍક્ચુરિયલ સાયન્સ તથા બિઝનેસ કૉમ્યુનિકેશનના અભ્યાસક્રમો શીખવવા માટેની જોડાણ અરજી પરત્વે મૂકવામાં આવેલી જોડાણ શરતોનું પરિપાલન કર્યું હોઈ તે અંગેનું જાહેરનામું બહાર પાડવાનું;

(૪) જૂન, ૧૯૮૯થી નવગુજરાત આર્ટ્સ કૉલેજ, અમદાવાદની બી.એ. (ગૌણ) ડિફેન્સ સ્ટડીઝના અભ્યાસક્રમો શીખવવા માટેની જોડાણ અરજી પરત્વે મૂકવામાં આવેલી જોડાણ શરતોનું પરિપાલન કર્યું હોઈ તે અંગેનું જાહેરનામું બહાર પાડવાનું;

(૫) જૂન, ૧૯૯૧થી સી. યુ. શાહ સાયન્સ કૉલેજ, અમદાવાદની બી.એસસી (સ્પે.)માં ઇલેકટ્રોનિકસના અભ્યાસક્રમો શીખવવા માટેની જોડાણ અરજી ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ મુજબ સમયમર્યાદા બાદ આવી છે પરંતુ શિક્ષણના સાતત્યની દૃષ્ટિએ સદરહુ ધારાની જોગવાઈ અનુસાર કુલપતિશ્રીએ સદરહુ અરજી સ્વીકાર્યાનું અને તે પરત્વે સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું;

(૬) જૂન, ૧૯૮૯થી સી. યુ. શાહ સિટી કૉમર્સ કૉલેજ, અમદાવાદ બી.કૉમ.માં (ગૌણ) આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટેની જોડાણ અરજી પરનો સ્થાનિક તપાસ-સમિતિનો હેવાલ આવ્યો હોઈ તે પરત્વે મૂકવામાં આવેલી ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ સ્વીકાર્યાનું :

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે સી. યુ. શાહ સિટી કૉમર્સ કૉલેજ, અમદાવાદ નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૭-૧૯૯૦ સુધીમાં કરે તો તેને બી. કૉમ (ગૌણ) આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫—૬—૧૯૮૯થી કાયમી જોડાણ આપવા માટે ઍકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. અંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમના પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૪,૦૦૦-૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. આંકડાશાસ્ત્રના વિષય માટે ભારતમાંથી પ્રસિદ્ધ થતા બે સામયિકો મંગાવવામાં આવે;

૪. આંકડાશાસ્ત્રના વિષય માટે રૂ. ૩,૦૦૦ની રકમનાં પુસ્તકો વસાવવામાં આવે;

૫. યુનિવર્સિટીના ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષક વર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, પ્રોવિડંટ ફંડ, ગ્રેચ્યુઇટી અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિન-શિક્ષક વર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઇ લેણું ચૂકવવાનું બાકી નથી તેનું પ્રમાણપત્ર આપવામાં આવે, અને જો કોઇ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે, તેમ જ વિદ્યાર્થીની સંખ્યાને લક્ષમાં લઈ મહેકમ અંગેના યુનિવર્સિટીના ધારાધોરણ મુજબ બિનશિક્ષક વર્ગના પર્યાપ્ત કર્મચારીઓની નિમણૂક કરવામાં આવે અને મહેકમના સંદર્ભમાં કોઇ નિમણૂક બાકી રહેવા પામી નથી તેનું પ્રમાણપત્ર આપવામાં આવે;

૬. ગુજરાત સરકાર, ભારત સરકાર અને યુ.જી.સી એ વિદ્યાર્થી પ્રવેશ શિક્ષક-બિન-શિક્ષક વર્ગના કર્મચારી ગણની નિમણૂક ભરતી, બઢતી અંગે અનુ. જાતિ, અનુ. જનજાતિ અને બક્ષી પંચ દ્વારા આવરી લેવાયેલ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જાતિ તેમ જ શારીરિક ખોડખાંપણ ધરાવતાં ઉમેદવારોની અનામત જગ્યા ભરવામાં યુનિવર્સિટીએ વખતોવખત નિયત કરેલ ધારાધોરણોનો અમલ કરવામાં આવે છે./આવશે."

(૭) જૂન, ૧૯૯૧થી તોલાણી કૉલેજ ઑફ ફાર્મસી, આદિપુરની ડિપ્લોમા ઇન ફાર્મસીના અભ્યાસક્રમો શીખવવા માટેની જોડાણ અરજી ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ અને ઑ. ૧૨૦ અનુસાર સમયમર્યાદા બાદ આવી છે, પરંતુ શિક્ષણના સાતત્યની દૃષ્ટિએ સદરહુ ધારાની જોગવાઈ અનુસાર સદરહુ અરજી સ્વીકાર્યાનું અને તે પરત્વે સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું;

(૮) જૂન, ૧૯૯૦થી સાબરમતી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર, બી.એ. (ગૌણ)માં ઇતિહાસ, માનસશાસ્ત્ર, હિન્દી, બી.કૉમ.માં એડ. એકા. એન્ડ ઑડિટિંગ, બી.કૉમ. (ગૌણ)માં આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટેની જોડાણ અરજી પરત્વે મૂકવામાં આવેલી એકેડેમિક કાઉન્સિલની ભલામણ સ્વીકાર્યાનું :

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે સાબરમતી આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, અમદાવાદ નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૭-૧૯૯૦ સુધીમાં કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર, બી.એ., (ગૌણ)માં ઇતિહાસ, માનસશાસ્ત્ર, હિન્દી, બી.કૉમ.માં એડ. એકા. એન્ડ ઑડિટિંગ અને બી.કૉમ. (ગૌણ)માં આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૯૦થી

તા. ૧૪-૬-૧૯૯૧ સુધીનું ચાલુ જોડાણ આપવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કોલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જગ્યાય તો તેટલી રકમના પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૨. પુસ્તકો અને સામાયકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૪,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. યુનિવર્સિટીના ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષક વર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, પ્રોવિડંટ ફંડ, ગ્રેચ્યુઈટી અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષક વર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકતી આપવામાં આવે તેમ જ વિદ્યાર્થીની સંખ્યાને લક્ષમાં લઈ મહેકમ અંગેના યુનિવર્સિટીના ધારાધોરણ મુજબ બિનશિક્ષક વર્ગના પર્યાપ્ત કર્મચારીઓની નિમણૂક કરવામાં આવે અને મહેકમના સંદર્ભમાં કોઈ નિમણૂક બાકી રહેવા પામી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે;

૪. ગુજરાત સરકાર, ભારત સરકાર અને યુ.જી.સી. એ વિદ્યાર્થી પ્રવેશ શિક્ષક-બિનશિક્ષક વર્ગના કર્મચારીગણની નિમણૂક, ભરતી, બઢતી અંગે અનુ. જાતિ, અનુ. જનજાતિ અને બક્ષીપંચ દ્વારા આવરી લેવાયેલા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જાતિ તેમ જ શારીરિક ખોડખાંપણ ધરાવતા ઉમેદવારોની અનામત જગ્યા ભરવામાં યુનિવર્સિટીએ વખતોવખત નિયત કરેલ ધારાધોરણોનો અમલ કરવામાં આવે છે-આવશે."

(૯) માસ્ટર ઑફ ફિઝિકલ એજ્યુકેશનના વર્ગોમાં વિઝિટિંગ લેક્ચરરને ૧૯૯૦-૯૧ના વર્ષથી અનુસ્નાતક નિયમ ૩૭ અને ૩૮ પ્રમાણે વાહનભથ્થું-મહેનતાણું ચૂકવવાનું મંજૂર કર્યાનું;

(૧૧) રાજ્ય સરકારે કુલ આચાર્યોના ૧૫ ટકા આચાર્યોને સીનિયર સ્કેલ આપવા ઘડેલા નિયમોને આધારે પાત્રતા ધરાવતા આચાર્યોની યાદી મોકલી હતી. પરંતુ અગાઉ ૧૯૭૭માં પાત્ર થયેલા ભૂતપૂર્વ આચાર્યશ્રી કે. બી. વ્યાસે તેમની રિકવરી વસૂલાત કરવા ઉચ્ચશિક્ષણ નિયામકશ્રી સામે, ગુજરાત હાઈકોર્ટમાં સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન કરી છે, આ બાબતમાં આપણને પક્ષકાર બનાવેલ હોવાથી તે અંગે રજૂઆત કરવા યુનિવર્સિટીના હાઈકોર્ટના વકીલ શ્રી સુરેશભાઈ શેલતને રોકવાનું અને તે અંગે થનાર આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું;

(૧૨) આર્ટ્સ અને કોમર્સ કોલેજ, તલોદના પ્રાધ્યાપક શ્રી. એચ. એમ. મોદીએ તેમનો તા. ૧-૧૨-૧૯ થી તા. ૧૫-૭-૧૯૮૫ સુધીના સસ્પેન્શન સમયના ૫૦ ટકા પગારની રકમ

વ્યાજ સાથે મેળવવા માટે તેમણે હાઈકોર્ટમાં મિસે. સિવિલ એપ્લિકેશન નંબર ૭૦૭/૯૦થી દાખલ કરી છે. તે અંગે હાઈકોર્ટમાં રજૂઆત કરવા માટે યુનિવર્સિટીના હાઈકોર્ટના વકીલ શ્રી. સુરેશભાઈ શેલતને રોકવાનું અને તે અંગે થનાર આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું;

(૧૩) એમ. એન. કૉલેજ, વિસનગરના અંગ્રેજી વિષયના પૂર્ણસમયના લેકચરર શ્રી સંતોષકુમાર જી. ચૌહાણે તેમના સને ૧૯૮૪-૮૫ અને ૧૯૮૫-૮૬ના વેકેશન દરમ્યાનનો પગાર મેળવવા માટે હાઈકોર્ટમાં સ્પે. સિવિલ એપ્લિકેશન નં. ૪૨૮૯–૯૦ દાખલ કરેલ છે. તે અંગે રજૂઆત કરવા યુનિવર્સિટીના હાઈકોર્ટના વકીલ શ્રી. સુરેશભાઈ શેલતને રોકવાના અને તે અંગે થનાર આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું;

(૧૪) એન. એચ. એલ. મ્યુનિસિપલ મેડિકલ કૉલેજ, એલિસબ્રિજ, અમદાવાદમાં એડિશનલ ડીનની નિમણૂક કરવામાં આવી છે. તે સામે સદરહુ કૉલેજના ફાર્માકોલોજીના પ્રોફેસર ડૉ. કૃષ્ણકાંત સી. દવે અને બીજાએ નામદાર હાઈકોર્ટમાં દાદ માટે રિટ પિટિશન ક્રમાંક ૪૨૨૨/૧૯૯૦ દાખલ કરેલી છે, તે અંગે યુનિવર્સિટીના એડવોકેટ શ્રી સુરેશભાઈ શેલતને રોકવાનું તથા તે અંગે થનાર આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું;

(૧૫) અનુસ્નાતક તબીબી વિદ્યાશાખામાં પ્રવેશ બાબતે ડૉ. જયેશ બી. વાળંદે ગુજરાતની વડી અદાલતમાં પિટિશન ક્રમાંક ૪૬૧૯/૯૦થી દાદ માગેલી છે. તેના સંદર્ભમાં ગુજરાત યુનિવર્સિટી વતી કાર્યવાહી કરવા એડવોકેટ શ્રી. સુરેશભાઈ શેલતની નિમણૂક કર્યાનું અને તે અંગેના થનાર આનુષંગિક ખર્ચ કર્યાનું;

(૧૬) ૧૯૯૦–૯૧ના વર્ષથી વિનયન વિજ્ઞાન, વાણિજ્ય અને શિક્ષણ વિદ્યાશાખાની કૉલેજોમાં સત્રોની વ્યવસ્થા અંગે કુલપતિશ્રીએ નીમેલી સમિતિએ વિદ્યાર્થીઓને એ એમ.ટી.એસ., એસ.ટી., રેલ્વે કન્શેસન તારીખે કઢાવવાના હોવાથી પ્રથમ સત્ર તારીખ ૧૫-૬-૧૯૯૦થી તારીખ ૧૪-૧૦-૧૯૯૦ સુધી રાખવાની ભલામણને મંજૂર કર્યાનું.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીએ મંજૂર કરેલ ક્રમાંક : ૨(૧)થી ૨ (૧૬)માં જણાવેલ ઠરાવોની નોંધ લેવી.

(**નોંધ.**— ક્રમાંક : ૨(૧૦)માંની બાબત વંચાણમાં લેવાની નથી તેવી સ્પષ્ટતા સભાગૃહમાં કરવામાં આવી.)

૩. જૂન ૧૯૯૦થી નવજીવન આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, દાહોદ બી.કૉમ. (ગોઝ)માં આંકડાશાસ્ત્રનો વિષય શીખવવા માટેની જોડાણ અરજી પરત્વે મૂકવામા આવેલી એકેડેમિક કાઉન્સિલની ભલામણ પર વિચારણા કરવા બાબત.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે નવજીવન આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, દાહોદ નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૭-૧૯૯૦ સુધીમાં કરે તો તેને બી.કૉમ. (ગોઝ)માં આંકડાશાસ્ત્ર અભ્યાસક્રમ શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૯૦થી કાયમી

નોંધ લેવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમના પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૪૦૦૦/-નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. યુનિવર્સિટીના ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષક વર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, પ્રોવિડંટ ફંડ, ગ્રેચ્યુઈટી અને ઘરભાડા ભથ્થુ આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષક વર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે. તેમ જ વિદ્યાર્થીની સંખ્યાને લક્ષમાં લઈ મહેકમ અંગેના યુનિવર્સિટીના ધારાધોરણ મુજબ બિનશિક્ષક વર્ગના પર્યાપ્ત કર્મચારીઓની નિમણૂક કરવામાં આવે અને મહેકમના સંદર્ભમાં કોઈ નિમણૂક બાકી રહેવા પામી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે;

૪. ગુજરાત સરકાર, ભારત સરકાર અને યુ.જી.સી.એ વિદ્યાર્થી પ્રવેશ, શિક્ષક-બિનશિક્ષક વર્ગના કર્મચારીગણની નિમણૂક, ભરતી, બઢતી અંગે અનુ.જાતિ, અનુ.જનજાતિ અને અક્ષીપંચ દ્વારા આચરી લેવાયેલ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જ્ઞાતિ તેમ જ શારીરિક ખોડખાંપણ ધરાવતાં ઉમેદવારોની અનામત જગ્યા ભરવામાં યુનિવર્સિટીએ વખતોવખત નિયત કરેલ ધારાધોરણોનો અમલ કરવામાં આવે છે-આવશે."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની સદરહુ ભલામણ મંજૂર કરવી

૪. એસોસિયેશન ઑફ કૉમનવેલ્થ યુનિવર્સિટી તરફથી તા. ૧-૮-૧૯૯૦ થી તા. ૩૧-૭-૧૯૯૧ સુધીના ગાળા માટેના વાર્ષિક લવાજમ ભરવા અંગે આવેલ તેઓશ્રીના તા. ૨-૩-૧૯૯૦ના પત્ર પર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**— ૧) સંસ્થાનું વાર્ષિક લવાજમ ૯૬૭ પાઉન્ડ સ્ટર્લિંન છે.

(૨) ગત વર્ષે સંસ્થાનું વાર્ષિક લવાજમ ૯૨૧ પાઉન્ડ સ્ટર્લિંન હતું તે જાણ સારુ.)

આથી ઠરાવવામાં આવે છે કે એસોસિયેશન ઑફ કૉમનવેલ્થ યુનિવર્સિટીઝનું તા. ૧-૮-૧૯૯૦થી ૩૧-૭-૧૯૯૧ સુધીના ગાળા માટેનુ વાર્ષિક લવાજમ ૯૬૭ પાઉન્ડ સ્ટર્લિંન સદરહુ સંસ્થાને મોકલવું.

૫. યુનિવર્સિટી ભાષા-સાહિત્ય ભવનમાં રીડર તરીકે ફરજ બજાવતા ડૉ. સુમનભાઈ શાહને તેમના મકાનમાં ફેરફાર અંગે તેમના પ્રોવિડંટ ફંડ ખાતામાંથી સ્ટે. ૧૮૮(૨) પ્રમાણે રૂ. ૧,૧૭,૭૨૩ની લોન આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી ભાષા-સાહિત્ય ભવનમાં રીડર તરીકે ફરજ બજાવતા ડૉ. સુમનભાઈ શાહને રૂ. ૧,૧૭,૭૨૩ની લોન સ્ટે. ૧૮૨(૨) અન્વયે યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર તેમના પ્રોવિડંટ ફંડના ખાતામાંથી આપવી.

૬. ગુજરાત યુનિવર્સિટીના નીચેનાં કર્મચારીઓને તેમનાં નામ સામે જણાવેલ કારણોસર મકાન બાંધવા/મરામત કરાવવા અંગે સ્ટે. ૧૮૮(૨) પ્રમાણે પ્રોવિડંટ ફંડ ખાતામાંથી લોન આપવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	કર્મચારીનું નામ તથા લોદ્દો	લોનની રકમ રૂ.	સ્ટે. ૧૮૮(૨) પ્રમાણે આગળ લોન લીધી છે.	કયા કારણસર લોનની માગણી કરી છે ?
૧.	શ્રી. બી. એમ. વૈશ્ય જુ. ક્લાર્ક, હિસાબ વિભાગ	૧૦,૦૦૦/–	ના	નવો ફ્લેટ ખરીદવા
૨.	શ્રી. એમ. ડી. વાઘેલા ટેકનિકલ આસિસ્ટન્ટ ગ્રંથાલય	૧૦,૦૦૦/–	ના	મકાનમાં રિપેરિંગ તથા ફેરફાર અંગે

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીમાં કામ કરતા ઉપર જણાવેલ કર્મચારીઓને તેમનાં નામ સામે જણાવેલ રકમની લોન સ્ટે. ૧૮૮(૨) અન્વયે યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર તેમના પ્રોવિડંટ ફંડના ખાતામાંથી આપવી.

૭. પ્રેસ વિભાગમાં મશીનમેન તરીકે ફરજ બજાવતા શ્રી. પી. આર. તિવારીને તેમના રૂ. ૧,૩૫૦-૩૦-૧,૪૪૦-૪૦-૧,૮૦૦-ઈબી-૫૦-૨,૨૦૦ના પગારધોરણમાં રૂ. ૧,૮૦૦ પછી કાર્યક્ષમતા-અંતરાય તા. ૨૫-૫-૧૯૮૯થી ઓળંગવાની પરવાનગી આપવા અંગે વિચારણા કરવા બાબત.

યુનિવર્સિટી પ્રેસ વિભાગમાં મશીનમેન તરીકે ફરજ બજાવતા શ્રી. પી. આર. તિવારીનો કામગીરી અંગેનો ખાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે શ્રી. પી. આર. તિવારીને રૂ. ૧,૩૫૦–૩૦–૧,૪૪૦-૧,૮૦૦–ઈ.બી.–૫૦–૨,૨૦૦ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂ. ૧,૮૦૦ પછી કાર્યક્ષમતા અંતરાય ઓળંગવાની મંજૂરી આપવી.

૮. યુનિવર્સિટી ભવનોમાં શિક્ષણકાર્ય કરતા જે કર્મચારીઓ લેક્ચરર તરીકેની સેવાઓ આપતા હતા અને જેઓને ૧૬ વર્ષની સેવા આપી હોવાથી રીડરનો સ્કેલ નવા પગારધોરણમાં આપવામાં આવ્યો છે તે પૈકી જે શિક્ષકને રીડર તરીકે નિમણૂક કરવામાં આવે તેઓને તેમના પ્રોબેશન સમય દરમ્યાન રીડરના સ્કેલમાં ઈજાફા આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપર જણાવેલ વિનંતી મંજૂર કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીમાં શિક્ષક કે બિનશિક્ષકવર્ગના જે કોઈ કર્મચારીની અજમાયશી ધોરણે જે અને જ્યારે નિમણૂક થાય ત્યારે તેવા કર્મચારીઓને અજમાયશી સમય દરમિયાન ઈજાફાપાત્ર ગણવા.

૯. ધન્વર યુનિવર્સિટી સેન્ટર ફોર એસ્ટ્રોનોમી એન્ડ એસ્ટ્રોફિઝિકસ, પુણેએ ડૉ. એલ. કે. પટેલ, રીડર-ઇન-મેથેમેટિકસને તેઓના એસોશિયેટશિપ પ્રોગ્રામ માટે એસોશિયેટ તરીકે વરણી કરી હોઈ આ પ્રોગ્રામ યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશનના આશ્રયે ચાલવાના હોઈ ડૉ. પટેલને ઉપરોક્ત પ્રોગ્રામમાં જ્યારે જ્યારે બોલાવે ત્યારે ત્યારે ડ્યૂટી મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. એલ. કે. પટેલને ઉપર જણાવેલ કાર્ય માટે જ્યારે જવાનું થાય ત્યારે તેમની ફરજ પરની રજા (ડ્યૂટી લીવ) મંજૂર કરવી.

૧૦. "પ્રો. વી. સી. શાહ ચંદ્રક" માટે "પ્રો. વી. સી. શાહ સન્માનનિધિ ફંડ", ઝૂલોજી ડિપાર્ટમેન્ટ, સ્કૂલ ઓફ સાયન્સીસ તરફથી અંકે રૂ. ૧૬,૫૦૦નું પ્રદાન મળેલ છે તે સ્વીકારવા અંગે તેમ જ આ સાથેના નિયમો સ્વીકારવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—આ યુનિવર્સિટીનો એમ.એસસી. ભાગ-૨ ઝૂલોજી વિષય સાથે પ્રતિવર્ષ માર્ચ/એપ્રિલની પરીક્ષામાં બેઠેલા વિદ્યાર્થીઓ પૈકી પ્રથમ પ્રયત્ને સૌથી વધુ ગુણ મેળવેલને પ્રથમ નંબરે ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને આ ચંદ્રક એનાયત કરવામાં આવશે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રદાનનો સાભાર સ્વીકાર કરવો તથા પ્રો. વી. સી. શાહ ચંદ્રક એનાયત કરવા માટેના સદરહુ નિયમોનો સ્વીકાર કરવો.

(સદરહુ નિયમોની નકલ પરિશિષ્ટ "ખ" તરીકે સામેલ છે.)

૧૧. અનંતરાય મ. રાવળ ટ્રસ્ટ તરફથી વ્યાખ્યાનશ્રેણી તેમ જ શિષ્યવૃત્તિ અંગે રૂ. ૫૦,૦૦૦ (રૂપિયા પચાસ હજાર)નું પ્રદાન યુનિવર્સિટીને આપવાની દરખાસ્ત પરત્વે વિચારણા કરવા બાબત.

[નોંધ.—આ રકમમાંથી રૂ. ૩૦,૦૦૦ (ત્રીસ હજાર) વ્યાખ્યાનમાળા માટે તથા રૂ. ૨૦,૦૦૦ (રૂપિયા વીસ હજાર) શિષ્યવૃત્તિ પેટે આપવાના છે.

(૨) વ્યાખ્યાનમાળા માટેના પ્રદાનના વ્યાજમાંથી રૂ. ૩,૦૦૦ (ત્રણ હજાર) પુરસ્કારરૂપે વ્યાખ્યાતાને આપવાના રહેશે, વ્યાખ્યાનમાળા માટેનો બીજો ખર્ચ જેવો કે ભોજન—નિવાસસ્થાન તથા અન્ય ખર્ચ યુનિવર્સિટીએ ભોગવવાનો રહેશે.

(૩) શિષ્યવૃત્તિ માટેના પ્રદાનના વ્યાજમાંથી બી.એ.માં ગુજરાતી વિષય સાથે સૌથી વધુ ગુણ મેળવીને પ્રથમ વર્ગમાં પાસ થનાર અને એમ.એ.માં ગુજરાતી વિષય સાથે યુનિવર્સિટી ભવનમાં અભ્યાસ કરતા એમ.એ.ના બે વર્ષ માટે સત્ર દીઠ રૂ. ૫૦૦ શિષ્યવૃત્તિ આપવાની દરખાસ્ત છે.]

આથી ઠરાવવામાં આવે છે કે અનંતરાય મ. રાવલ ટ્રસ્ટ તરફથી વ્યાખ્યાન શ્રેણી અને શિષ્યવૃત્તિ અંગે રૂ. ૧૦,૦૦૦ના પ્રદાનનો સાભાર સ્વીકાર કરવો તથા તે અંગેના ઉપર જણાવેલ નિયમો મંજૂર કરવા.

૨૨. વ્યાખ્યાતા તરીકેની નિમણૂક માટે એલિજિબિલિટી ટેસ્ટમાંથી એમ.ફિલ. કે પીએચ.ડી. કરેલા અધ્યાપકો જેઓને અનુસ્નાતક કક્ષાએ ૫૫% માર્ક્સ હોય તેઓને મુક્તિ આપવા અંગેના યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના તા. ૧૪-૬-૧૯૯૦ના પત્રની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પત્રની નોંધ લેવી.

(સદરહુ પત્રની નકલ **પરિશિષ્ટ "ગ"** તરીકે સામેલ છે.)

૨૩. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યો (જાણ માટે) :

(૧) શૈક્ષણિક વર્ષ ૧૯૯૦-૯૧ દરમિયાન પરદેશથી આવતા વિદ્યાર્થીઓના પ્રવેશ અંગેની સમિતિની સભા તા. ૨૯–૬–૧૯૯૦ના રોજ મળેલ, તેની મિનિટ્સ કુલપતિશ્રીએ મંજૂર રાખ્યાનું;

[**નોંધ**.—૧. સમિતિની તા. ૨૯–૬–૧૯૯૦ની સભાની નકલ **પરિશિષ્ટ "ઘ"** તરીકે સામેલ છે.

૨. ગત ૧૯૮૯-૯૦ના શૈક્ષણિક વર્ષમાં પરદેશના વિદ્યાર્થીઓના પ્રવેશ અંગેની સમિતિની જે સભા તા. ૨૩-૧-૧૯૮૯ના રોજ મળેલ હતી, તેમાં નીચે જણાવેલ કૉલેજોમાં નક્કી કરેલ સંખ્યા પ્રમાણે જ પરદેશના વિદ્યાર્થીઓને ગુણવત્તાના ધોરણે યુનિવર્સિટી કાર્યાલયે પ્રવેશ આપવાનું નક્કી કર્યું હતું :

૧.	**વિજ્ઞાન વિદ્યાશાખા**	**નક્કી કરેલ સંખ્યા**
	૧. સી. યુ. શાહ સાયન્સ કૉલેજ, આશ્રમ રોડ, અમદાવાદ	૧૦
	૨. એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, નવરંગપુરા, અમદાવાદ	૧૦
	૩. સેન્ટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ	૧૦
	૪. આર. એ. કૉલેજ ઑફ સાયન્સ, ખાનપુર, અમદાવાદ.	૧૦
૨.	**વિનયન વિદ્યાશાખા**	
	૧. સેન્ટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ	૧૫
	૨. એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ.	૨૧

૩. વાણિજ્ય વિદ્યાશાખા

૧. એચ. એ. કૉમર્સ કૉલેજ, અમદાવાદ ૧
૨. એચ. એલ. કૉમર્સ કૉલેજ, અમદાવાદ ૧
૩. નવગુજરાત કૉમર્સ કૉલેજ, અમદાવાદ ૧
૪. સહજાનંદ કૉમર્સ કૉલેજ, અમદાવાદ ૧
૫. એન. સી. બોડીવાલા કૉમર્સ કૉલેજ, અમદાવાદ ૧
૬. જી. બી. શાહ કૉમર્સ કૉલેજ, અમદાવાદ. ૧

૩. ગત ૧૯૮૯–૯૦ના શૈક્ષણિક વર્ષમાં પરદેશના વિદ્યાર્થીઓના પ્રવેશ અંગેની સમિતિની જે સભા તા. ૨૩-૧-૧૯૮૯ના રોજ મળેલ હતી, તેમાં પરદેશથી આવતા વિદ્યાર્થીઓ પાસેથી નીચે જણાવ્યા મુજબ ફી-ફંડ લેવાનું નક્કી કરવામાં આવ્યું હતું :

	રૂ. પૈસા
૧. મેડિકલ ચેકઅપ સર્ટિફિકેટ ફી	૨૦૦–૦૦
૨. ઍલિજિબિલિટી સર્ટિફિકેટ ફી	૨૦૦–૦૦
૩. ફૉરેન સ્ટુડન્ટ રજિસ્ટ્રેશન ફી	૧૦૦–૦૦
૪. અંગ્રેજી એન્ટ્રન્સ પરીક્ષા ફી	૧૦૦–૦૦
૫. ફૉરેન સ્ટુડન્સ વેલફેર ડેવલપમેન્ટ ફંડ	૨૫૦૦–૦૦

(૨) શિક્ષણની વિદ્યાશાખામાં એમ.ફિલ. (શિક્ષણ)નો અભ્યાસક્રમ ચાલુ વર્ષથી શરૂ કરવાનો હોવાથી તે અંગે આનુષંગિક કાર્યવાહીની વિચારણા કરવા મળેલી સમિતિની તા. ૫-૭-૧૯૯૦ની બલામણો મંજૂર કર્યાનું;

(સદરહુ સમિતિની બલામણ પરિશિષ્ટ "ચ" તરીકે સામેલ છે.)

(૩) યુનિવર્સિટી વિજ્ઞાનવિદ્યા ભવનના બોટાની વિભાગમાં રીડર ઇન બોટાની તરીકે શિક્ષણકાર્ય કરતાં ડૉ. કુ. ભારતીબહેન પી. દેશપાંડેને યુનિવર્સિટી ઑફ વિસ્કૉસીન-મેડિસન અને તેમની લેબોરેટરીમાં વિઝિટિંગ પ્રોફેસર તરીકે ત્રણ માસ સુધી કામ કરવા આમંત્રણ મળેલ છે. તે સ્વીકારવા પરવાનગી આપ્યાનું તથા આ સમય માટે તેઓની વગર પગારની રજાઓ મંજૂર કર્યાનું;

[નોંધ : આ સમય દરમિયાન તેણીને ૫,૦૦૦ સ્ટાઈપેન્ડ તરીકે મળનાર છે.]

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીએ મંજૂર કરેલાં ૧૩ (૧)થી ૧૩ (૩)માં દર્શાવેલા કાર્યોની નોંધ લેવી.

૧૪. યુનિવર્સિટીમાં ફિઝિકલ એજ્યુકેશન વિભાગ દ્વારા ચાલતા માસ્ટર ઇન ફિઝિકલ એજ્યુકેશનના અભ્યાસક્રમ માટે લેકચરર ઇન ફિઝિકલ એજ્યુકેશનની એક જગ્યા ભરવા માટે તા. ૨૫-૭-૧૯૯૦ના રોજ મળેલ વરણીસમિતિની સભાની બલામણ

કુલપતિશ્રીએ એકેડેમિક કાઉન્સિલની બહાલીની અપેક્ષાએ સ્વીકારી હોઈ, તે પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીમાં ફિઝિકલ એજ્યુકેશન વિભાગ દ્વારા ચાલતા માસ્ટર ઑફ ફિઝિકલ એજ્યુકેશન માટે લેકચરર ધ્વન ફિઝિકલ એજ્યુકેશનની એક જગ્યા ભરવા માટે તા. ૨૫–૭–૧૯૯૦ના રોજ મળેલ વરણી સમિતિની સભાની ભલામણ મંજૂર કરવી અને તે મુજબ સદરહુ જગ્યા પર શ્રી બી. ડી. વનારની નિમણૂક લેકચરરને લાગુ પડતા પગારધોરણમાં નિયમાનુસાર બે વર્ષના અજમાયશી ધોરણે કરવી.

(સદરહુ વરણી સમિતની તા. ૨૫–૭–૧૯૯૦ની સભાની ભલામણની નકલ પરિશિષ્ટ "છ" તરીકે સામેલ છે.)

૧૫. બોર્ડ ઑફ સ્પોર્ટ્સની તા. ૩–૫–૧૯૯૦ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે હાલની વિષમ મોંઘવારીને લક્ષમાં [illegible] તેમ જ ગુજરાત યુનિવર્સિટી શારીરિક શિક્ષણ અધ્યાપક વર્તુળના પ્રમુખશ્રી તરફથી [illegible] પત્રની વિગતો લક્ષમાં રાખીને જુદી જુદી રમતોની આંતરયુનિવર્સિટી હરિફાઈઓમા [illegible] લેવા જનાર ગુજરાત યુનિવર્સિટી ટીમના ખેલાડીઓ–મેનેજરો અને કોચીઝને જે દૈનિક ભથ્થું આપવામાં આવે છે તેમાં નીચે પ્રમાણે સુધારો કરવાનું મંજૂર કરવા આ સભા એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરે છે :

	હાલમાં મળતું દૈનિક ભથ્થું	સુધારીને આપવાનું થતું દૈનિક ભથ્થું
૧. ખેલાડીઓને	રૂ. ૨૦–૦૦	રૂ. ૩૦–૦૦
૨. મેનેજર–કોચીઝને	રૂ. ૩૦–૦૦	રૂ. ૫૦–૦૦"

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીમાં વિવિધ જગ્યાઓ પરના દૈનિક ભથ્થાં તથા માનદ વેતનનો દર સુધારવાની સમગ્ર બાબત સુગ્રથિત કરીને તે પર પોતાનો સુચિંતિત અભિપ્રાય આપવા માટે સમિતિ નીમવા કુલપતિશ્રીને સત્તા આપવી.

૧૬. યુનિવર્સિટી ભાષા-સાહિત્ય ભવનમાં લેકચરર ધ્વન સંસ્કૃત તરીકે તા. ૧૫–૬–૧૯૯૦થી સંસ્કૃત વિભાગમા જોડાયેલા ડૉ. કે. સી. ચોકસી, તેઓ યુનિવર્સિટીની માન્ય સંસ્થા બી જે. ધ્વન્સ્ટટચૂટ ઑફ લર્નિંગ ઍન્ડ રિસર્ચ, અમદાવાદ છોડીને ત્યાંથી આવતા હોઈ તેઓના પગાર-રક્ષણ માટે રાજ્ય સરકારશ્રીના શિક્ષણ વિભાગના ઠરાવ નં. પરચ-૧૩૮૦-૯૫૪૫૬-ખ, તા. ૧૫-૧-૧૯૮૨ મુજબ અગાઉની સદરહુ સંસ્થામાં મળતો મૂળ માસિક પગાર આરક્ષિત કરવા અંગેનો લાભ આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના ભાષા–સાહિત્ય ભવનમાં લેકચરર ધ્વન સંસ્કૃત તરીકે કામ કરતા ડૉ. કે. સી. ચોકસીને તા. ૧૫–૬–૧૯૯૦થી આ યુનિવર્સિટીમાં જોડાયા તે પૂર્વે યુનિવર્સિટીની માન્ય સંસ્થા બી. જે. ધ્વન્સ્ટટચૂટ ઑફ લર્નિંગ ઍન્ડ રિસર્ચ, અમદાવાદમાં મળતો મૂળ માસિક પગાર આરક્ષિત કરવો તદુપરાંત આનુષંગિક મળવાપાત્ર લાભ આપવાનું રાખવું.

૧૭. યુનિવર્સિટી કૉમર્સ ભવનમાં પ્રોફેસર ઑફ કૉમર્સની એક જગ્યા ભરવા માટે તા. ૩૦-૭-૧૯૯૦ના રોજ મળેલ વરણીસમિતની ભલામણો એકેડેમિક કાઉન્સિલ વતી કુલપતિશ્રીએ સ્વીકારી હોઈ તે પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કૉમર્સ ભવનમાં પ્રોફેસર ઑફ કૉમર્સની એક જગ્યા ભરવા માટે તા. ૩૦-૭-૧૯૯૦ના રોજ મળેલ વરણી સમિતની ભલામણ મંજૂર કરવી અને તે મુજબ સદરહુ જગ્યા પર ડૉ. બી. એચ. દેસાઈની નિમણૂક પ્રોફેસરને લાગુ પડતા પગારધોરણમાં નિયમાનુસાર બે વર્ષના અજમાયશી ધોરણે કરવી.

(સદરહુ વરણી સમિતની તા. ૩૦-૭-૧૯૯૦ની સભાની ભલામણની નકલ પરિશિષ્ટ 'જ' તરીકે સામેલ છે.

૧૮. યુનિવર્સિટી ભાષા-સાહિત્ય ભવનમાં પ્રોફેસર ઑફ ગુજરાતીની એક જગ્યા ભરવા માટે તા. ૨૭-૭-૧૯૯૦ના રોજ મળેલ વરણીસમિતની સભાની ભલામણ એકેડેમિક કાઉન્સિલ વતી કુલપતિશ્રીએ સ્વીકારી હોઈ તે પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પ્રોફેસર ઑફ ગુજરાતીની એક જગ્યા ભરવા માટેની તા. ૨૭-૭-૧૯૯૦ના રોજ મળેલ સભાની ભલામણ એકેડેમિક કાઉન્સિલની પુનઃવિચારણા માટે રજૂ કરવી અને આ જગ્યા માટે ફરી જાહેરખબર આપવી અને તેમાં જે તે અનામત કેટેગરીમાંથી પ્રોફેસરની જગ્યા માટે યોગ્ય ઉમેદવાર ન મળે તો યુ.જી.સી.ની મંજૂરીની અપેક્ષાએ સદરહુ પ્રોફેસર ઑફ ગુજરાતીની જગ્યાને રીડરની જગ્યામાં રૂપાંતરીત કરીને ભરવી.

૧૯. યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવનમાં લેકચરર ઇન પોલિમર સાયન્સની એક જગ્યા ભરવા માટે તા. ૩-૮-૧૯૯૦ના રોજ મળેલ વરણીસમિતની સભાની ભલામણો એકેડેમિક કાઉન્સિલ વતી કુલપતિશ્રીએ સ્વીકારી હોઈ તે પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવનમાં લેકચરર ઇન પોલિમર સાયન્સની એક જગ્યા ભરવા માટે તા. ૩-૮-૧૯૯૦ના રોજ મળેલી વરણી સમિતિની ભલામણ મંજૂર કરવી અને તદનુસાર સદરહુ જગ્યા માટે પુનઃ જાહેરખબર આપવાનું રાખવું.

(સદરહુ વરણી સમિતની ભલામણની નકલ પરિશિષ્ટ "ઝ" તરીકે સામેલ છે.)

૨૦. કુલપતિશ્રીના નીચેના કાર્યની નોંધ લેવા બાબત :

લેકચરર ઇન ઈંગ્લિશની એક જગ્યા માટે તા. ૫–૫–૧૯૯૦ના રોજ મળેલી વરણીસમિતિમાં શ્રીમતી ગોવિંદની ડી. શાહની થયેલ નિમણૂક વિરુદ્ધ શ્રી. પી. એ. અબ્રાહમે નામદાર હાઈકોર્ટમાં રિટ પિટિશન દાખલ કરતાં તે અંગે કુલપતિશ્રીએ એડવોકેટ શ્રી. સુરેશભાઈ શેલતને રોકવાનું તેમ જ તે અંગે થનાર ખર્ચ મંજૂર રાખ્યાનું.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીએ મંજૂર કરેલ ઉપરના કાર્યની નોંધ લેવી.

૨૧. ફાઇનાન્સ સમિતિની તા. ૨૩-૭-૧૯૯૦ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ફાઇનાન્સ સમિતિની તા. ૨૩-૭-૧૯૯૦ની સભાની ભલામણો મંજૂર કરવી.

[નોંધ:–સદરહુ સમિતિની ભલામણો પરિશિષ્ટ "૮" તરીકે સામેલ છે]

૨૨. યુનિવર્સિટી ભાષા સાહિત્ય ભવનમાં ચાલતા જર્નાલિઝમના કોર્સિસ માટે લેક્ચરર ઇન જર્નાલિઝમની એક જગ્યા ભરવા માટે વરણીસમિતિની તા. ૨૩-૭-૧૯૯૦ના રોજ મળેલ સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણી સમિતિની ભલામણ મંજૂર કરવી અને તે અનુસાર યુનિવર્સિટીના ભાષા સાહિત્ય ભવનના જર્નાલિઝમ વિષયમાં વ્યાખ્યાતાની જગ્યા ઉપર પ્રો. ચંદ્રકાંત એચ. મહેતાની નિમણૂક લેક્ચરરને લાગુ પડતા પગારધોરણમાં નિયમાનુસાર બે વર્ષના અજમાયશી ધોરણે કરવી.

[સદરહુ વરણીસમિતિની તા. ૨૩-૭-૧૯૯૦ સભાની ભલામણની નકલ પરિશિષ્ટ "૯" તરીકે સામેલ છે.]

૨૩. તા. ૯-૭-૧૯૯૦ ને સોમવારના રોજ મળેલ ડાયરેક્ટર, શ્રમિક વિદ્યાપીઠની જગ્યા માટેની વરણીસમિતિની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રમિક વિદ્યાપીઠના ડાયરેક્ટરની એક જગ્યા માટેની વરણી સમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી અને તદનુસાર સદરહુ જગ્યા માટે શ્રી. જે. જે. દાસની શ્રમિક વિદ્યાપીઠના ડાયરેક્ટરને લાગુ પડતા પગારધોરણમાં બે વર્ષના અજમાયશી ધોરણે કરવી.

[સદરહુ વરણી સમિતિની ભલામણ **પરિશિષ્ટ "૯"** તરીકે સામેલ છે.]

૨૪. કાર્યાલયના રોલવાલા કોમ્પ્યુટર સેન્ટરમાં ફરજ બજાવતા નીચેના કર્મચારીઓના અજમાયશી સમય તેમનાં નામ સામે દર્શાવેલ તારીખે પૂરો થતો હોઈ તે તારીખ પછીની તારીખથી તેઓને કાયમ કરવા બાબત :

ક્રમાંક	કર્મચારીનું નામ	અજમાયશી સમય પૂરો થયાની તારીખ	કાયમ કરવાની તારીખ	પગારધોરણ
૧.	શ્રી. સુનીલ બી. ગજ્જર, કોમ્પ્યુટર ઓપરેટર	૧૮-૬-૧૯૯૦	૧૯-૬-૧૯૯૦	૧૪૦૦-૪૦-૧૮૦૦ ઈબી-૫૦-૨૩૦૦
૨.	પ્રીતિ કે. જોશીપુરા કી પંચ ઓપરેટર	૪-૭-૧૯૯૦	૫-૭-૧૯૯૦	૯૫૦-૨૦-૧૧૭૦-ઈબી-૨૧-૧૫૦૦
૩.	ઝરીનાબેન એમ. શેખ	૫-૭-૧૯૯૦	૬-૭-૧૯૯૦	,, ,,

આથી ઠરાવવામાં આવે છે કે રોલવાલા કોમ્પ્યુટર સેન્ટરમાં કામ કરતા ઉપરના કર્મચારીઓને તેમના નામ સામે દર્શાવેલ તારીખથી કાયમ કરવા અંગે ઘટતો નિર્ણય લેવાની સત્તા કુલપતિશ્રીને આપવી.

૨૫. **કુલપતિશ્રીનાં નીચેનાં કાર્યો મંજૂર કરવા બાબત :**

(૧) રાજ્ય સરકારનાં નાણા વિભાગના ઠરાવ ક્રમાંક વલમ-૧૭૯૦-૪૪૬-મ તા. ૭-૭-૧૯૯૦થી તબીબીભથ્થું તા. ૧-૮-૧૯૯૦થી માસિક રૂ. ૩૦-૦૦થી વધારીને માસિક રૂ. ૭૫-૦૦ કરવામાં આવેલું, તેના અનુસંધાનમાં નાણા વિભાગના ઠરાવ ક્રમાંક વલમ-૧૩૯૦-૨૫૭-મ તા. ૨૫-૭-૧૯૯૦થી તબીબીભથ્થું તા. ૧-૮-૧૯૯૦ને બદલે તા. ૧-૧-૧૯૯૧થી આપવાનું ઠરાવેલું છે તે મંજૂર કરીનું;

(૨) વિજ્ઞાન વિદ્યાભવનમાં ઝૂલોજી વિભાગમાં ડૉ. એમ. વી. રાવને યુ.જી.સી.ની ડી.એસ.એ. સ્કીમ હેઠળ રીડર ઇન ઝૂલોજી તરીકે પત્ર ક્રમાંક એઠા-૧-૬૩૬૨૨-૯૯ તા. ૧૩-૭-૧૯૮૯થી કન્ફર્મ ઉંગામી નિમણૂકને રાજ્ય સરકારના ઠરાવ ક્રમાંક ગજપ-૧૩૮૨-જી.એ.આઈ. ૯૯૬(૭) ખ તા. ૨૭-૭-૧૯૮૭ અન્વયે મંજૂરી મળતાં નિમણૂકની તારીખથી કાયમી ધોરણે બે વર્ષના અજમાયશી સમય સહિત નીમ્યાનું.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીએ મંજૂર કરેલ ઉપરનાં ૨૫(૧) અને ૨૫(૨)નાં કાર્યોની નોંધ લેવી.

૨૬. **ગુજરાત યુનિવર્સિટીમાં કેન્દ્ર સરકારની ૧૦૦ ટકા ગ્રાન્ટની આર્થિક સહાયથી ચાલતા પેરાલિગલ્સ સેન્ટરના (શ્રમિક વિદ્યાપીઠ) કર્મચારીઓને સર્વિસ બેનિફિટનો (જેવા કે પ્રોવિડંટ ફંડ, બોનસ, ગ્રેચ્યુઇટી, મેડિકલ એલાવન્સ વગેરે) અર્થે કેન્દ્ર સરકારશ્રીએ ગ્રાન્ટ માટે ૧૯૮૫-૮૬ના વર્ષથી અમાન્ય ગણતાં તે લાભો ચાલુ રાખવા તેમ જ ગ્રાન્ટને પાત્ર ગણવા રાજ્ય સરકારશ્રી સમક્ષ રજૂઆત કરેલી, તેના સંદર્ભમાં રાજ્ય સરકારે તેના તા. ૧૬-૧૧-૧૯૯૦ના પત્રાંક પ. ક. પ. ક. શ. ૧૦૯૯-૨૩૪૬-બ થી સદરહુ બાબતની જાણ રાખી નથી; તેવા સંજોગોમાં ૧૯૮૫-૮૬થી ૧૯૯૯-૯૦ સુધી આ અંગે રૂ. ૬૩,૯૯૯-૦૦નો ખર્ચ થયો છે તેમાંથી જે તે કર્મચારીઓ પાસેથી વસૂલપાત્ર રકમ વસૂલ કરવી કે કેમ? અને સદરહુ સર્વિસ બેનિફિટના લાભો ઓગસ્ટ, ૧૯૯૦થી શ્રમિક વિદ્યાપીઠના કર્મચારીઓને આપવાનું ચાલુ રાખવું કે કેમ? તે અંગે વિચારણા કરવા બાબત.**

[**નોંધ.** ઇન્ડસ્ટ્રિયલ ટ્રિબ્યુનલમાં પેરાલિગલ્સ સેન્ટરના કર્મચારીઓએ કાયમ થવા સીનિયોરિટી પરીક્ષા બાબત, અંગે રેફરન્સ નં. ૪-૧૯૮૬થી દાદ માગેલ છે તે કેસ હજુ ચાલુ છે.]

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટીમાં કેન્દ્ર સરકારની ૧૦૦%ની આર્થિક સહાયથી ચાલતા શ્રમિક વિદ્યાપીઠ (પેરાલિગલ્સ સેન્ટર)ના કર્મચારીઓને પ્રોવિડંટ ફંડ, બોનસ ગ્રેચ્યુઇટી ઇત્યાદિ લાભો આપવાનું, કેન્દ્ર સરકારે સદરહુ ખર્ચ ૧૯૮૫-૮૬થી અમાન્ય ગણતાં, આ કર્મચારીઓને ચાલુ માસથી તેવા લાભો આપવાનું બંધ કરવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે ૧૯૮૫-૮૬થી જે સભ્યોને આ લાભો મળ્યા છે તેમની પાસેથી તે રકમ વસૂલ કરવાનું રાખવું.

૨૭. સી. વી. શાહ લૉ કૉલેજ, ખંભાત તરફથી જૂન, ૧૯૯૦થી થર્ડ એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટેની જોડાણ અરજી પરત્વે મૂકવામાં આવેલી એકૅડેમિક કાઉન્સિલની ભલામણ પર વિચારણા કરવા બાબત.

એકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે સી. વી. શાહ લૉ કૉલેજ, ખંભાત નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૭-૧૯૯૦ સુધીમાં કરે તો તેને થર્ડ એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૯૯થી તા. ૧૪-૬-૧૯૯૧ સુધીનું હાલુ જોડાણ આપવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. આચાર્યશ્રીની નિમણૂક કરવામાં આવે. ઑ. ૧૨૦-એ પ્રમાણે જરૂરી વ્યાખ્યાતાની નિમણૂક કરવામાં આવે. નવી નિમણૂક કરતાં પહેલાં રાજ્ય સરકારશ્રીની પૂર્વમંજૂરી મેળવી તેની જાણ કરવામાં આવે;

૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમા ખર્ચ કરવામાં બિનુપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ ૪,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. કાયદાશાસ્ત્રનાં રૂ. ૧૨,૦૦૦ની રકમનાં પુસ્તકો વસાવવામાં આવે.

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, પ્રોવિડંટ ફંડ, ગ્રેચ્યુઈટી અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે, તેમ જ વિદ્યાર્થીની સંખ્યાને લક્ષમાં લઈ મહેકમ અંગેનાં યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ બિનશિક્ષકવર્ગના પર્યાપ્ત કર્મચારીઓની નિમણૂક કરવામાં આવે અને મહેકમના સંદર્ભમાં કોઈ નિમણૂક બાકી રહેવા પામી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે;

૬. ગુજરાત સરકાર, ભારત સરકાર અને યુ.જી.સી.એ વિદ્યાર્થી પ્રવેશ, શિક્ષક-બિનશિક્ષકવર્ગના કર્મચારીગણની નિમણૂક, ભરતી, બઢતી વગેરે અંગે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને બક્ષીપંચ દ્વારા આવરી લેવાયેલ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જાતિ તેમ જ શારીરિક ખોડખાંપણ ધરાવતા ઉમેદવારોની અનામત જગ્યા ભરવામાં યુનિવર્સિટીએ વખતોવખત નિયત કરેલ ધારાધોરણોનો અમલ કરવામાં આવે છે—આવશે."

[**નોંધ.**—તા. ૨૫-૭-૧૯૯૦ના પત્રથી સંચાલક મંડળે આ કૉલેજ બંધ કરવાની મંજૂરી માગી છે, અને તા. ૨૫-૧૨-૧૯૮૯ની એક્ઝિક્યુટિવ કાઉન્સલે વિચારણા કર્યા પછી પ્રો. કે. એસ. શાસ્ત્રો તથા શ્રી ઘનશ્યામભાઈ અમીન એમ બે સભ્યોની તપાસસમિતિ નીમેલી છે.]

આથી ઠરાવવામાં આવે છે કે એકૅડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૨૮. શ્રી. બી. વી. પટેલ ફાર્માસ્યુટિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ ડેવલપમેન્ટ સેન્ટર, અમદાવાદ તરફથી જૂન, ૧૯૯૧થી ફાર્મસીની વિદ્યાશાખામાં યુનિવર્સિટીની માન્ય સંસ્થા તરીકેની માન્યતા મેળવવા માટે આવેલી અરજી પરત્વે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—સંસ્થાએ અનુસ્નાતક તથા પીએચ.ડી. કક્ષાના અભ્યાસક્રમ માટે માન્યતા મેળવવા અરજી કરેલી છે. એમ.ફાર્મના અભ્યાસક્રમ માટે અમદાવાદમાં એલ.એમ. ફાર્મસી કૉલેજ ખાતે એક અનુસ્નાતક કેન્દ્ર ચાલે છે, તે જોતાં માન્ય સંસ્થાને તે અંગે માન્યતા આપવાનું યોગ્ય જણાતું નથી. તેથી હાલ પૂરતું પીએચ.ડી. માટે ભલામણ કરવાનું સૂચન છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૨૯. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યો (જાણ માટે) :

(૧) શ્રી બી. વી. પટેલ ફાર્માસ્યુટિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ ડેવલપમેન્ટ સેન્ટર, અમદાવાદની જૂન, ૧૯૯૧થી ફાર્મસી વિદ્યાશાખામાં પીએચ.ડી.ના અભ્યાસક્રમો માટેની માન્યતા મેળવવા માટેની અરજી સ્વીકાર્યાનું અને તે પરત્વે સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું;

(૨) પી. જી. મેડિકલ પ્રવેશ અંગે એસ.એલ.પી. (સિવિલ) ક્રમાંક ૮૫૨૪/૯૦ ડૉ. સીદ્ધા નીતિનકુમાર લક્ષ્મણભાઈના કેસમાં નામદાર સુપ્રિમ કોર્ટમાં આગળ કાયદાકીય કાર્યવાહી કરવાનું અને તે અંગેનો આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું;

કુલપતિશ્રીએ મંજૂર કરેલ ક્રમાંક ૨૯ (૧) અને ૨૯ (૨)નાં કાર્યોની નોંધ લેવી.

૩૦. યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવનમાં કેમિસ્ટ્રી વિભાગમાં લેક્ચરર ઇન ઓર્ગેનિક કેમિસ્ટ્રીની એક જગ્યા ભરવા માટે તા. ૭-૮-૧૯૯૦ના રોજ મળેલ વરણીસમિતિની સભાની ભલામણ એકેડેમિક કાઉન્સિલ સમક્ષ કુલપતિશ્રીએ સ્વીકારી લેવાઈ તે પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી વિજ્ઞાનવિદ્યા ભવનના કેમિસ્ટ્રી વિભાગમાં લેક્ચરર-ઇન-ઓર્ગેનિક કેમિસ્ટ્રીની એક જગ્યા ભરવા માટે તા. ૭-૮-૧૯૯૦ના રોજ મળેલ વરણી સમિતિની ભલામણ મંજૂર કરવી. અને તદનુસાર સદરહુ જગ્યા માટે પુનઃ જાહેરખબર આપવાનું રાખવું.

(સદરહુ વરણીસમિતિની ભલામણની નકલ પરિશિષ્ટ "ણ" તરીકે સામેલ છે.)

૩૧. એજ્યુકેશનલ મિડિયા રિસર્ચ સેન્ટરની એન્જિનિયર ઇનચાર્જની વરણી-સમિતિની તા. ૨૧-૭-૧૯૯૦ની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એજ્યુકેશનલ મિડિયા રિસર્ચ સેન્ટરના એન્જિનિયર-ઇન-ચાર્જની વરણી સમિતિની તા. ૨૧-૭-૧૯૯૦ની ભલામણ મંજૂર કરવી અને તદનુસાર સદરહુ જગ્યા માટે પુનઃ જાહેરખબર આપવાનું રાખવું.

(સદરહુ વરણીસમિતિની ભલામણની નકલ પરિશિષ્ટ "ત" તરીકે સામેલ છે.)

૩૨. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેના કાર્યો (જાણ માટે) :

(૧) ૧૯૮૬-૮૭થી ૧૯૮૯-૯૦ના વર્ષ દરમ્યાન રેગ્યુલેશન-૫માં ન હોય તેવી પરીક્ષાને માન્ય ગણી તે સાથેના પરિશિષ્ટમાં જણાવેલ વિદ્યાર્થીઓને તેમનાં નામ સામે જણાવેલ અભ્યાસક્રમ માટે તદર્થ (એડહોક) ધોરણે જે તે વિદ્યાશાખાના ભૂતપૂર્વ ડીન અથવા તે નિવૃત્ત થયા હોય તો સીનિયર સેનેટસભ્યની ભલામણના આધારે પ્રવેશપાત્ર ગણી તેઓને પ્રવેશપાત્રતાનું પ્રમાણપત્ર આપ્યાનું;

[**નોંધ** : કોઈ શૈક્ષણિક મંડળો કે ઇન્ડિસ્ટ્રીયલ કમિટી અસ્તિત્વમાં ન હોવાથી ઉપરોક્ત પ્રોવિઝનર પ્રમાણે કાર્યવાહી કરેલી છે.]

[સદરહુ સમિતિની યાદીની **નકલ પરિશિષ્ટ "થ"** તરીકે સામેલ છે.]

(૨) સ્થાનિક વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની સંલગ્ન કોલેજોમાં અનુસૂચિત જાતિ, જનજાતિના વિદ્યાર્થીઓને કેન્દ્રીય પ્રવેશ પદ્ધતિ અંગે નિયુક્ત કરેલ સમિતિની ભલામણો **પ્રમાણે પ્રવેશ આપવાનું** સ્વીકાર્યાનું;

[**નોંધ :** સમિતિએ તા. ૧૮–૬–૧૯૯૦ના રોજ કરેલ ભલામણો આ સાથે **પરિશિષ્ટ "દ"** તરીકે સામેલ છે.]

(૩) પી. જી. મેડિકલ **પ્રવેશ** અંગે એસ.એલ.પી. (**સિવિલ** ક્રમાંક ૭૮૪૧/૯૦) ડૉ. યોગેશ કોન્ટ્રાક્ટર અને બીજાના કેસમાં નામદાર સુપ્રિમ કોર્ટમાં આગળની કાયદાકીય કાર્યવાહી કરવાનું અને તે અંગેના આનુષંગિક ખર્ચને મંજૂર કર્યાનું;

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીએ મંજૂર કરેલ ક્રમાંક ૩૨(૧)થી ૩૨(૩)ના કાર્યોની નોંધ લેવી.

૩૩. એજ્યુકેશનલ મિડિયા રિસર્ચ સેન્ટરમાં પ્રોડક્શન આસિસ્ટંટની વરણી સમિતિની તા. ૨૭–૭–૧૯૯૦ની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એજ્યુકેશનલ મિડિયા રિસર્ચ સેન્ટરમાં પ્રોડક્શન આસિસ્ટંટની **વરણી સમિતિની** તા. ૨૭–૭–૧૯૯૦ની ભલામણ સ્વીકારવી અને તદનુસાર સદરહુ જગ્યા પર કુ. **હેગડે એસ.** કે.ની રૂ. ૧,૬૪૦–૬૦–૨,૬૦૦–ઈબી–૭૧–૨,૯૦૦ના પગારધોરણમાં મૂળ **માસિક પગાર** રૂ. ૧,૬૪૦થી **બે વર્ષ**ના અજમાયશી ધોરણે નિમણૂક કરવી.

[સદરહુ સમિતિની ભલામણની **નકલ પરિશિષ્ટ "ધ"** તરીકે સામેલ છે.]

૩૪. તા. ૧૦–૮–૧૯૯૦ના રોજ મળેલ લાઇબ્રેરિયનની જગ્યાની વરણી સમિતિની ભલામણ પર વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે ગ્રંથપાલની એક જગ્યા માટેની વરણી સમિતિની તા. ૧૦–૮–૧૯૯૦ના રોજ મળેલી સભાની નોંધ મંજૂર કરવી તથા સદરહુ જગ્યા પર શ્રી. ડી. એન. શુકલની રૂ. ૩,૦૦૦–૧૦૦–૩,૫૦૦–૧૨૫–૪,૧૦૦ના પગારધોરણમાં **મૂળ** પગાર રૂ. ૩,૦૦૦થી નિમણૂક કરવી.

[સદરહુ સમિતિની ભલામણ **પરિશિષ્ટ "ન"** તરીકે સામેલ છે.]

૩૫. O. ૧૦૯ (બી) ને મુજબ આરોગ્ય કેન્દ્રની સ્થાયી સમિતિના સભ્યો પૈકીના એક ડૉ. વી. સી. શાહ ભાવનગર યુનિવર્સિટીના કુલપતિપદે નિયુક્ત થતાં તેઓની જગ્યાએ અન્ય કોઈ વ્યક્તિની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

O. ૧૦૯ (બી)નો સંબંધિત પાઠ નીચે મુજબ છે :

(Two members nominated by the Executive Council and its main function will be to advice the Executive Council in day to day administration of Health Centre).

આથી ઠરાવવામાં આવે છે કે આરોગ્ય કેન્દ્રની આરોગ્ય સ્થાયી સમિતિના **સભ્ય** તરીકે ડૉ. વી. સી. શાહના સ્થાને પ્રો. એ. આર. શાહની નિમણૂક કરવી.

૩૬. સેન્ટર ફોર ડેવલપમેન્ટલ કોમ્યુનિકેશન વિભાગનાં કાર્યકારી કો-ઓર્ડિનેટર શ્રીમતી ઈલાબહેન જોષીને ઈન્ડો-કેનેડિયન ઈન્સ્ટિટ્યૂટ તરફથી વુમન ઈન ડેવલપમેન્ટ ફેલોશિપ પ્રોગ્રામ હેઠળ ચાર માસ માટે કેનેડા જવા અંગેની બાબત અંગે તા. ૨૩–૬–૧૯૯૦ના રોજ મળેલ એકિઝકયુટિવ કાઉન્સિલે આ સમય દરમિયાનની રજાઓ નામનપગારી ગણી પરદેશ જવાની મંજૂરી આપેલી છે, તે અંગે શ્રીમતી ઈલાબહેન જોષીએ સદરહુ રજાઓ કરજ ઉપરની રજાઓ (Duty Leave) ગણવા અંગેની તેઓની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ. — શ્રીમતી ઈલાબેન જોષીને સદરહુ પ્રોગ્રામ હેઠળ માસિક ૨,૫૦૦ કેનેડિયન ડોલરની ફેલોશિપ ચાર માસ માટે Living expenses, rent etc. અંગે મળનાર છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સેન્ટર ફોર ડેવલપમેન્ટ કોમ્યુનિકેશનનાં શ્રીમતી ઈલાબહેન જોષીને સદરહુ કામ માટે ફરજ પરની રજા (ડ્યૂટી લીવ) આપવી.

૩૭. ગ્રંથાલયશાસ્ત્ર વિભાગમાં લેકચરર તરીકે શિક્ષણકાર્ય કરતા શ્રી કૌટિલ્ય એચ. શુકલનો ફુલપતિશ્રીએ લંબાવેલ પ્રોબેશન પિરિયડ વધુ બે માસ માટે એટલે કે તા. ૧૬-૮-૧૯૯૦ સુધી લંબાવેલો હોઇ અને તા. ૨૩–૬–૧૯૯૦ની એકિઝકયુટિવ કાઉન્સિલે સામતિ નીમેલી છે તે જોતાં શ્રી કૌટિલ્ય એચ. શુકલનો પ્રોબેશન સમય લંબાવવાનો કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એકિઝકયુટિવ કાઉન્સલની તા. ૨૬-૬-૧૯૯૦ની સભામાં બાબત ક્રમાંક (૪)થી ઠરાવ્યા પ્રમાણે શ્રી. કૌટલ્ય એચ. શુકલનો ખાનગી હેવાલ જોઈ તપાસીને સમિતિના સભ્ય શ્રી. કે. એસ. શાસ્ત્રીએ સભામાં આપેલા અભિપ્રાય અન્વયે તેમને ગ્રંથાલયશાસ્ત્ર વિભાગમાં લાઇબ્રેરી એન્ડ ઇન્ફરમેશન સાયન્સમાં લેકચરર તરીકે તા. ૧૧-૮-૧૯૯૦થી કાયમ કરવા.

ત્યાર બાદ પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેની બાબતો રજૂ કરવામાં આવી :

૩૮. યુનિવર્સિટી કર્મચારીઓના પેન્શનના કેસોના નિકાલ અંગે વિચારણા કરવા બાબત.

ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે યુનિવર્સિટી કર્મચારીઓ પૈકી બિનશિક્ષક તથા શિક્ષકવર્ગના જે કોઈ બાકી રહતા હોય તેવા કર્મચારીઓના પેન્શન અંગેના પ્રશ્નોનો નિકાલ લાવવા માટે સરકારશ્રી સમક્ષ રજૂઆત કરવા તથા ઘટતાં પગલાં લઈ તેનું નિરાકરણ ત્રણ માસમાં લાવવા માટે જરૂરી કાર્યવાહી યુનિવર્સિટીએ કરવી.

૩૯ વ્યવસાયલક્ષી પરીક્ષા ઉત્તીર્ણ કરનાર વિદ્યાર્થીઓને એફ. વાય. બી.કોમ.માં પ્રવેશ માટે પાત્ર ગણવા બાબત.

[નોંધ.—આ બાબતે કુલપતશ્રીએ નિયુક્ત કરેલ સમિતિએ ૧૯૯૦-૯૧ના વર્ષમાં કોમર્સમાં પ્રવેશ પરિસ્થિતિ જોતાં નિયમોમાં કોઇ ફેરફાર ન કરવાની ભલામણ કરી છે તેમ જ આ વિદ્યાર્થીઓને વિનયનમાં પ્રવેશ આપવા અગાઉ ઠરાવેલું છે તે પ્રમાણેની સુવિધા ચાલુ રાખવા ભલામણ કરી હતી.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત પરત્વે વાણિજ્ય વિદ્યાશાખાનો અભિપ્રાય મળ્યેથી તેના આધારે શૈક્ષણિક વર્ષ ૧૯૯૧-૯૨માં ઘટતો નિર્ણય લેવો.

૪૦. કોલેજોના જોડાણ અંગેની ફી વધારવાના સૂચન પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે ચર્ચાવિચારણા કરી પોતાનો સુચિંતિત હેવાલ આપવા માટે નીચેના સભ્યોની સમિતિ નીમવામાં આવે છે :

(૧) કુલપતિશ્રી (૨) પ્રો. કે. એસ. શાસ્ત્રી (૩) પ્રિ. ડી. એમ. શીખ.

૪૨. કોમ્પ્યુટર સાયન્સના ખંડસમયના વ્યાખ્યાતાની લઘુતમ પાત્રતા નિયત કરવા અંગે વિચારણા કરવા બાબત.

(૧) આથી ઠરાવવામાં આવે છે કે કોમ્પ્યુટર સાયન્સમાં ખંડસમયના વ્યાખ્યાતા માટે નવા લાયકાતનાં ધોરણો અમલી બન્યા પૂર્વે જે પાત્રતાનાં ધોરણો હતાં તે લાગુ પાડવાં.

(૨) વધુમાં ઠરાવવામાં આવે છે કે વિનયન, વિજ્ઞાન, વાણિજ્ય, શિક્ષણ અને કાયદાશાસ્ત્રની કૉલેજોમાં વ્યાખ્યાતા માટેના પાત્રતાનાં ધોરણોમાં નીચે પ્રમાણેનો સુધારો તાત્કાલિક અમલમાં આવે તે રીતે કરવો:

(*A*) However the above minimum qualification shall not be insisted upon in case of a person who has been recognised a once either as a full time or a part time Lecturer on or before 15-10-88 by any University of the State, when they seek appointment in any affiliated College or University either as full time or part time Lecturer or to other academic posts. (Reader, Professor, Principal).

(૩) વધુમાં ઠરાવવામાં આવે છે કે સી.એ. (ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ)ની પદવી ધરાવતા ઉમેદવારોને એકાઉન્ટન્સીના પૂરા સમયના તેમ જ ખંડસમયના વ્યાખ્યાતા માટે પાત્ર ગણવામાં આવે.

૪૨. એમ.ફિલ. સ્વતંત્ર રીતે કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વ્યાખ્યાતા તરીકે પાંચ વર્ષનો અનુભવ ધરાવનાર સ્વતંત્ર રીતે એમ.ફિલ.નો અભ્યાસક્રમ કરી શકે તેવા બેનગવાઇ નિયમોમાં ઉમેરવા.

૪૩. વિદ્યાભ્યાસ માટે પરદેશ જતા યુનિવર્સિટીના શિક્ષકો માટે રજાઓનાં ધોરણો નક્કી કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વિદ્યાભ્યાસ માટે પરદેશ જતા યુનિવર્સિટીના શિક્ષકો માટે રજાઓનાં ધોરણો નિયત કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવા માટેની સમિતિ નિયુક્ત કરવાની સત્તા કુલપતિશ્રીને આપવી.

૪૪. તબીબી, ડેન્ટલ, ફાર્મસી અને એન્જિનિયરિંગની વિદ્યાશાખાની કૉલેજોના શિક્ષકોને સુધારેલા નવા પગારધોરણો, પેન્શન તથા બીજા આનુષંગિક લાભોને પાત્ર ગણવા વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતમાં લાગતાવળગતા ઘટકો સાથે ચર્ચા કરી નિર્ણય લેવા કુલપતિશ્રીને સત્તા આપવામાં આવે છે.

૪૫. યુનિવર્સિટી, સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાના શિક્ષકવર્ગના કર્મચારી માટે કૉમ્પ્યુટેડ રજાઓ માટે વધુમાં વધુ ૨૪૦ દિવસની જોગવાઈ છે તે રાજ્ય સરકારના નાણાં વિભાગના ઠરાવ ક્રમાંક પીસીઆર-૬૧૭૫-૫-એમ અન્વયે રદ્દ કરવા અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતમાં ચર્ચા વિચારણાને અંતે ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી, સંલગ્ન કૉલેજો તથા માન્ય સંસ્થાઓના શિક્ષકવર્ગના કર્મચારીઓ માટેના રજાઓના નિયમોના નિયમ ૭ અન્વયે પેટા નિયમ નિયમ-૬(*i*)ના શબ્દો "Commuted leave during entire service shall be limited to miximum of 240 days" રદ્દ કરવા બાબતે યોગ્ય નિર્ણય લેવા કુલપતિશ્રીને સત્તા આપવામાં આવે.

એકિઝ. કાઉ./નં. ૬૭૦૯૯૦/૧૯૯૦

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯,
તા. ૧૭-૯-૧૯૯૦.

મ. પ. જાડેજા
કાર્યકારી કુલસચિવ.

પરિશિષ્ટ "ક"

કામકાજ ક્રમાંક ૧(૧)

[**નોંધ.**—એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૨૩-૬-૧૯૯૦ની સભામાં બાબત ક્રમાંક ૨૩ના પરિશિષ્ટ "ચ"ના પેરા (૩) નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારેલ છે.] :

(3) Assistant University Librarian/College Librarian/Recognised Institute Librarian/ Documentation officer (Rs. 2,200–75–2,800–100–4,000)

(*i*) (*a*) Master's Degree in Library Science/Information Science/Documentation or an equivalent professional degree with at least fifty-five per cent marks or an equivalent grade, and

(*b*) Consistently good academic record.

OR

(*i*) (*a*) Master's degree in Arts/Science/Commerce or equivalent degree with at least 55% marks or its equivalent grade; and Bachelor's degree in Library Science / Information Science / Documentation or an equivalent professional degree with at least 55% marks or its equivalent grade, and

(*b*) Consistently good academic record.

Note.—(1) "Equivalent grade" under (*a*) above shall mean "A" grade in the grade system.

(2) A good academic record under (*b*) above shall mean average of 52·5% of the total number of marks obtained at the Final Year of Bachelor Degree examination of any faculty (other than B. Lib. degree) and Bachelor Degree Examination of Library Science *OR* not less than 50% of marks in each of the above two examinations *OR* M.Phil *OR* Ph.D.

પરિશિષ્ટ "ખ"
ક્રમાંક ૧૦

"પ્રો. વી. સી. શાહ ચંદ્રક"

દાતાનું નામ : પ્રો. વી. સી. શાહ સન્માનનિધિ ફંડ.

સરનામું : સન્માનનિધિ ફંડ, ઝૂલોજી ડિપાર્ટમેન્ટ,
સ્કૂલ ઑફ સાયન્સીસ, ગુજરાત યુનિવર્સિટી,
અમદાવાદ-૯.

પ્રદાનની રકમ : રૂ. ૧૬,૫૦૦.

દાનનો પ્રકાર : એક સુવર્ણ મંડિત ચંદ્રક.

દાનનો સ્વીકાર :

નિયમો

૧. "પ્રો. વી. સી. શાહ ચંદ્રક" આ યુનિવર્સિટીની એમ.એસસી. ભાગ-૨ ઝૂલોજીની માર્ચ-એપ્રિલ પરીક્ષામાં બેઠેલા વિદ્યાર્થીઓ પૈકી પ્રથમ પ્રયત્ને સૌથી વધુ ગુણ મેળવીને પ્રથમ નંબરે ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને એનાયત કરવામાં આવશે.

૨. સદરહુ ચંદ્રક એનાયત કરવા અંગેની શરતોમાં ગુજરાત યુનિવર્સિટીની એકિઝકયુટિવ કાઉન્સિલને વખતોવખત કોઈ શરત ઉમેરવાનું કે તેમાં ફેરફાર કરવાનું આવશ્યક જણાશે તો તેમ કરવા તેને અધિકાર રહેશે.

૩. ચંદ્રક વિજેતાનું નામ જે તે પરીક્ષાના પરિણામ વખતે શકય હશે ત્યાં સુધી પદવીદાન સમારંભ વખતે એનાયત કરવામાં આવશે તેમ જ પ્રતિવર્ષ દાતાને જાણ કરવામાં આવશે.

૪. ચંદ્રક એનાયત કરવામાં વિજેતાની જ્ઞાતિ, જાતિ કે વર્ગનો ભેદ ગણવામાં આવશે નહીં.

૫. આ સખાવતની વાર્ષિક આવકમાંથી પાંચ ટકા કપાત યુનિવર્સિટીના જનરલ ફંડમાં લેવામાં આવશે.

૬, આ સખાવતની વાર્ષિક આવકની બચત રહે તે મૂળ રકમમાં ઉમેરવામાં આવશે.

પરિશિષ્ટ "અ"
ક્રમાંકીત ક્રમાંક ૧૨

Copy

UNIVERSITY GRANTS COMMISSION
Bahadurshah Zafar Marg
New Delhi

P. L. Malik,
Deputy Secretary,
D.O. No. F. 4-12/86 (NET)

14 June, 1990

Dear Registrar,

This is in continuation of our Circular No. F. 4-12/86 (NET) Dated 30th January, 1990 (Copy enclosed) wherein it has been stated that the University/College shall appoint lecturers from only out of those who have qualified National Test and other similar test accredited by the University Grants Commission and the minimum eligibility condition for the test to be conducted by UGC and CSIR will be the same as contained in the Government of India Notification for revised pay-scales dated 22nd July, 1988. The Commission has exempted all those candidates who have already done M.Phil. and Ph.D. for appearing in the eligibility test to be conducted by UGC/CSIR for requirement as Lecturer-December, 1990 and December, 1992 for M.Phil. and Ph.D. respectively. It is clarified that in the case of such exempted candidates, the previously existing regulations as notified by the UGC vide F. 1-93/74 (GPP) Dated 13-6-1983 for minimum qualification for appointment as Lecturer for Universities and Colleges may be applicable.

With regards.

The Registrar,
Gujarat University,
Ahmedabrd-380 009.

Yours sincerely,
(Sd/-)
P. L. Malik

પરિશિષ્ટ "ઘ"

કામકાજ ક્રમાંક ૧૩(૧)

ગુજરાત યુનિવર્સિટીમાં જુદી જુદી વિદ્યાશાખામાં અભ્યાસ અર્થે આવતા પરદેશના વિદ્યાર્થીઓના પ્રવેશ અંગે મંજૂર થયેલ યોજનાના સંદર્ભમાં સમિતિની એક સભા શુક્રવાર, તા. ૨૯--૬--૧૯૯૦ના રોજ બપોરે ૩-૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી, જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી :

૧. પ્રો. અંબુભાઈ ટી. દેસાઈ, ઉપકુલપતિશ્રી — હાજર

૨. પ્રો. અરવિંદભાઈ આર. શાહ, (ફોરેન સ્ટુડન્ટ્સ સેન્ટર કો-ઓર્ડિનેટર) — હાજર

૩. આચાર્યશ્રી એન. આર. શાહ, (સી. યુ. શાહ સાયન્સ કૉલેજ) — હાજર

૪. આચાર્યશ્રી. આર. એચ. વ્યાસ, (એચ. કે. કૉમર્સ કૉલેજ) — હાજર

૫. આચાર્યશ્રી શ્રીમતી ઊર્મિલાબહેન સી. પટેલ, (એસ. વી. આર્ટ્સ કૉલેજ) — ગેરહાજર.

સભાનું પ્રમુખસ્થાન પ્રો. અરવિંદભાઈ આર. શાહે સંભાળ્યું હતું.

સભામાં નીચે પ્રમાણે કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ચર્ચાવિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું હતું :

૧. પરદેશથી આવતા વિદ્યાર્થીઓએ જે પરીક્ષા આપી હોય અને તમામ વિષયોમાં પાસ થયા હોય તેવા જ વિદ્યાર્થીઓને પ્રવેશપાત્ર ગણી એલિજિબિલિટી સર્ટિફિકેટ આપવાનું રાખવું.

૨. ચાલુ વર્ષે ૧૯૯૦--૯૧ના તમામ (જે કેસોમાં અભિપ્રાય મેળવ્યો નથી) તેવા કેસો પ્રો. અરવિંદભાઈ આર. શાહ (ફોરેન સ્ટુડન્ટ્સ સેન્ટર કો-ઓર્ડિનેટર)ને બતાવી તેમનો અભિપ્રાય લઈ ઘટતી કાર્યવાહી કરવી.

૩. પરદેશના વિદ્યાર્થીઓ પાસેથી ગત વર્ષે એટલે કે ૧૯૮૯--૯૦ માટે જે ફીનું ધોરણ રાખેલ હતું તે જ ફી સ્વીકારવાનું રાખવું, તેમ જ ગત વર્ષે જે જે કૉલેજોમાં સંખ્યા નક્કી કરી હતી તે પ્રમાણે પ્રવેશ આપવાનું રાખીશું.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

(.....)
કલસચિવ વતી.

પરિશિષ્ટ "ચ"
કામકાજ ક્રમાંક ૧૩(૨)

તા. ૫--૭--૧૯૯૦ ને ગુરુવારે બપોરે ૩--૦૦ વાગ્યે એમ.ફિલ. (શિક્ષણ)નો અભ્યાસક્રમ આ સત્રથી શરૂ કરવાનો હોવાથી તેને અંગે આનુષંગિક કાર્યવાહીની વિચારણા કરવા માટે મળેલી સભામાં નીચેના નિર્ણયો લેવામાં આવ્યા હતા :

૧. સમયમર્યાદા :

એમ.ફિલ. (શિક્ષણ)નો અભ્યાસક્રમ પૂર્ણ સમયનો રાખવો. આ અભ્યાસક્રમની ખૂબીયાતના ભાગ રૂપે વિદ્યાર્થીએ પ્રસ્તુત કરવાનો શોધનિબંધ (dissertation) સામાન્યત: બે વર્ષમાં પૂરો કરવાનો રહેશે. આમ છતાં, શોધનિબંધ માટે O. M.Phil. (12)ને અનુસરવાનું રહેશે.

૨. સંખ્યા—વિદ્યાર્થી પ્રવેશ :

આ અભ્યાસક્રમમાં ચાલુ વર્ષે વધુમાં વધુ ૧૫ (પંદર) વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાનો રહેશે. પ્રવેશ અંગે O. M.Phil. (4)નું પાલન કરવાનું અનિવાર્ય રહેશે. આમ છતાં, પ્રવેશ આપતી વખતે નીચેના માર્ગદર્શક સિદ્ધાંતોનો અમલ કરવાનો રહેશે :

(૧) આ અભ્યાસક્રમમાં સામાન્યત: ૭૦ ટકા કૉલેજના (શિક્ષણની) પ્રાધ્યાપકોને અને ૩૦ ટકા અન્ય વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાનો રહેશે.

(૨) સામાન્યત: આ અભ્યાસક્રમમાં ગુજરાત યુનિવર્સિટી સિવાયની અન્ય યુનિવર્સિટીઓ કે જેમાં એમ.ફિલ. (શિક્ષણ)ના અભ્યાસનો પ્રબંધ ન હોય તેવી યુનિવર્સિટીઓની સંલગ્ન કૉલેજોના અધ્યાપકો માટે ૧૦ ટકા બેઠકો અનામત રાખવી. ઉપરોક્ત યુનિવર્સિટી અધ્યાપકોની કોઈ અરજી ન આવે તો તે જગાઓ પર ગુજરાત યુનિવર્સિટીના અધ્યાપકોને અને ત્યાર બાદ ગુજરાત યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને પસંદગી આપવી :

(૩) પ્રવેશ આપતી વખતે નીચે મુજબ ગુણવત્તા (Merit) ગણવાની રાખવી :

૧. પ્રથમ સ્નાતક ડિગ્રી	૧૫ ટકા	
૨. એમ.ઑડ. સિવાયની અનુસ્નાતક ડિગ્રી	૧૫ ટકા	
૩. બી.ઑડ. પાર્ટ-૧	૨૫ ટકા	
૪. એમ.ઑડ.	૪૦ ટકા	
૫. અનુભવ--કૉલેજ કક્ષાનો (વધુમાં વધુ)	૫ ટકા	(પ્રતિવર્ષના ૧ લેખે)
	૧૦૦ ટકા	

આમ કુલ ૧૦૦માંથી ગુણ ગણીને ગુણવત્તા યાદી બનાવી તેમાંથી ક્રમાનુસાર પ્રવેશ આપવાનો રહેશે.

સમયપત્રક :

(૧) અમદાવાદ શહેરની અને બહારની બી.એડ. કૉલેજોના અધ્યાપકો અને બહારગામના અન્ય વિદ્યાર્થીઓ આ અભ્યાસક્રમનો લાભ લઈ શકે તે માટે એમ.ફિલ. (શિક્ષણ)ના વર્ગો શનિવારે બપોરે ૩--૩૦થી ૭--૩૦ અને રવિવારે સવારના ૮--૦૦થી બપોરે ૧--૦૦ વાગ્યા સુધી ચલાવવા. સામાન્ય રીતે શનિવારે ૪ (ચાર) તાસનું અને રવિવારે ૫ (પાંચ) તાસનું સમયપત્રક ગોઠવવાનું રહેશે. પ્રત્યેક પ્રશ્નપત્રના ઓછામાં ઓછા ત્રણ તાસ પ્રતિ સપ્તાહ ગોઠવવાનું અનિવાર્ય છે.

(૨) એમ.ફિલ. (શિક્ષણ)ના અભ્યાસક્રમ અંગેની અને એમ.ફિલ. (શિક્ષણ)ના અધ્યાપનની માન્યતા મેળવવાના નિયમો અંગેની સમગ્ર માહિતી યુનિવર્સિટી કાર્યાલય તરફથી ગુજરાત યુનિવર્સિટીની સંલગ્ન શિક્ષણની કૉલેજો પર મોકલી આપવી અને અન્ય યુનિવર્સિટીઓમાં (ગુજરાતની) અને તેને સંલગ્ન શિક્ષણની કૉલેજોમાં આ અભ્યાસક્રમ અંગેની યોગ્ય માહિતી મોકલી આપવી કે જેથી આ અભ્યાસક્રમની વ્યાપક પ્રસિદ્ધિ થઈ શકે અને તેનો સમુચિત લાભ લેવા લાયકાત ધરાવનાર અધ્યાપકો અને અન્ય વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત થઈ શકે.

પ્રસ્તુત મીટિંગમાં નીચેના સભ્યો હાજર રહ્યા હતા :

૧.	પ્રા. અંબુભાઈ ટી. દેસાઈ, ઉપકુલપતિશ્રી	હાજર
૨.	ડૉ. જે. એચ. શાહ, (શિક્ષણશાસ્ત્રના પ્રોફેસર)	હાજર
૩.	શ્રી. એન. વી. રાવલ, (પ્રિન્સિપાલ)	હાજર
૪.	ડૉ. શ્રીમતી લીલાબહેન પટેલ, (પ્રિન્સિપાલ)	હાજર
૫.	શ્રી. જી. એમ. મોદી, (પ્રિન્સિપાલ)	હાજર
૬.	શ્રી. ડી. એસ. શુક્લ, (પ્રિન્સિપાલ)	હાજર
૭.	ડૉ. શ્રીમતી યશોમતી પટેલ, (પ્રિન્સિપાલ)	હાજર
૮.	ડૉ. શ્રીમતી અંજની મહેતા, (પ્રિન્સિપાલ)	હાજર
૯.	શ્રી. એમ. સી. બુટાલા, (અધ્યાપક)	હાજર
૧૦.	શ્રી. આર. આર. દવે, (પ્રિન્સિપાલ)	હાજર

સભાનું અધ્યક્ષસ્થાન માનનીય ઉપકુલપતિશ્રીએ સંભાળ્યું હતું.

(સહી)
કુલસચિવવતી.

પરિશિષ્ટ "હ"
કામકાજ ક્રમાંક ૧૪

Confidential :

A meeting of the Selection Committee for recommending names for appointment to the post of a Lecturer in Physical Education in the University Department of Physical Education, Gujarat University, Ahmedabad-380 009, was held on Wednesday the 25th July, 1990 at 1-30 p.m. Dr. M. N. Desai, Vice-Chancellor, Gujarat University presided.

The attendance of the Selection Committee members was as under :

1.	Dr. M. N. Desai, Vice-Chancellor	Present
2.	Prof. A. T. Desai, Pro. Vice-Chancellor	Present
3.	Shri P. P. Mathai	Present
4.	Shri N. M. Patel	Present
5.	Shri L. A. Thakkar (Invitee)	Present

The following candidates were called for interview :

1.	Shri H. I. Patel	Present
2.	Shri D. G. Chaudhari	Present
3.	Shri A. J. Patel	Present
4.	Shri B. F. Desai	Present
5.	Shri M. M. Maniar	Present
6.	Shri B. D. Vanar	Present
7.	Shri A. O. Raval	Present
8.	Shri P. K. Gautam	Present
9.	Shri M. B. Ponkiya	Present
10.	Shri M. A. Patel	Present
11.	Shri N. J. Chaniyara	Present
12.	Shri T. K. Panigrahi	Absent

After interviewing the candidates who remained present for the interview the Committee is of the opinion that **Shri B. D. Vanar** is suitable for the post of a Lecturer in Physical Education in the University Department of Physical Education and recommends him for appointment thereto.

M. N. Desai
Vice-Chancellor

A. T. Desai
Pro-Vice-Chancellor

P. P. Mathai

N. M. Patel

પરિશિષ્ટ "બ"
કાર્યકારી ક્રમાંક ૧૭

Confidential :

૨(૬). જૂન ૧૯૯૧થી વિવેકાનંદ વાણિજ્ય મહાવિદ્યાલય, અમદાવાદની બી.કૉમ. (ગૌણ)માં કૉમ્પ્યુટર સાયન્સના વિષય (અભ્યાસક્રમ) શીખવવા માટેની ચાલુ જોડાણ માટેની અરજી ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૬ અને, ઑર્ડિ. ૧૨૦ અનુસાર સમયમર્યાદા બાદ આવી છે, પરંતુ સદરહુ ધારાની જોગવાઈ અનુસાર શિક્ષણની વૈવિધ્યની દૃષ્ટિએ કુલપતિશ્રીએ સદરહુ અરજી સ્વીકાર્યાનું અને તે પરત્વે સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું;

૨(૭). શ્રી રજની પારેખ આર્ટ્સ, કૉ. બી. કૉમર્સ ઍન્ડ શ્રીમતી બી. સી. જે. સાયન્સ કૉલેજ, ખંભાતમાં વરણી સમિતિની કાર્યવાહી રિસાવ કરવામાં આવેલી અર્થશાસ્ત્રના વ્યાખ્યાતા તરીકેની શ્રી એસ. કે. પુરાણીની નિમણૂક અપવાદરૂપે તા. ૧૮-૭-૧૯૮૩થી પશ્ચાદ્‌વર્તી ધોરણે માન્ય કર્યાનું;

૨(૮) (૧). વિનયન, વિજ્ઞાન, વાણિજ્ય અને શિક્ષણ વિદ્યાશાખાની કૉલેજો તથા યુનિવર્સિટીનાં ભવનો (લૉ ભવન સિવાય)ના સને ૧૯૯૦-૯૧ના શૈક્ષણિક વર્ષ માટેનાં સત્રોની વ્યવસ્થાના સંદર્ભમાં દિવાળી વૅકેશન તા. ૪–૧૧–૧૯૯૦ના રોજ પૂરું થતું હતું, તે અનિવાર્ય સંજોગોને લીધે તા. ૧૧–૧૧–૧૯૯૦ સુધી લંબાવ્યાનું અને બીજું શૈક્ષણિક સત્ર તા. ૧૨–૧૧–૧૯૯૦થી શરૂ કર્યાનું;

ઉપર મુજબ વૅકેશનનો સમય લંબાવ્યો હોવાથી ઑર્ડિ. ૧૭૨ની પેટાકલમ ૧૫માં નીચે મુજબ પ્રોવિઝો ઉમેરવાનું.

ઑર્ડિ. ૧૭૨ (૧૫)નો પ્રોવિઝો :

Notwithstanding anything contained in 1, 2 and 3 above in view of the extended vacation period from 5–11–1990 to 11–11–1990 due to extra-ordinary circumstances, a teacher (in the Faculties of Arts, Science, Commerce and Education) who superannuates during the above extended period, the date of superannuation will be the last day of the Second Term in the Academic Year 1990–91.

૨(૮) (૨). લૉ કૉલેજો તથા ફાર્મસી કૉલેજમાં સને ૧૯૯૦-૯૧ના શૈક્ષણિક વર્ષ માટે દિવાળી વૅકેશન તા. ૪-૧૧-૧૯૯૦ના રોજ પૂરું થતું હતું તે હવે તા. ૧૧-૧૧-૧૯૯૦ સુધી લંબાવ્યાનું.

૨(૯). કેન્દ્ર સરકારની યોજના હેઠળ ચાલતા શ્રમિક વિદ્યાકેન્દ્રના કર્મચારીઓએ ઔદ્યોગિક અદાલતમાં દાખલ કરેલી પિટિશન ક્રમાંક : આઈ. ટી. ૪ના સંદર્ભમાં સદરહુ ઔદ્યોગિક અદાલતમાંથી આવેલ મનાઈ હુકમ માટે વધુ કાર્યવાહી કરવા વકીલ રોકવાનું તથા તેનો આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું;

૨(૧૦). રાજ્ય સરકારના નાણાં વિભાગના ઠરાવ નં. હવપ/૧૪૯૦/૧૮૯૯-૫-૨ તા. ૮-૧૦-૧૯૯૦થી પેન્શનરોને અપાતા હંગામી વધારામાં તા. ૧-૭-૧૯૯૦થી વધારો કરવામાં આવેલ છે, તેનો સ્વીકાર કર્યાનું અને તે પ્રમાણેનો લાભ યુનિવર્સિટીમાંથી પેન્શન મેળવતા પેન્શનરોને આપ્યાનું;

(સદરહુ રાજ્ય સરકારશ્રીના નાણાં વિભાગનો ઠરાવ તા. ૮-૧૦-૧૯૯૦ની નકલ પરિશિષ્ટ "૪" તરીકે સામેલ છે.)

૨(૧૧). ઑક્ટોબર / નવેમ્બર / ડિસેમ્બર. ૧૯૯૦માં લેવાનાર પરીક્ષાઓ માટે જુદાં જુદાં કેન્દ્રો પર ઑબ્ઝર્વરશ્રીઓને મોકલવા અંગે સામાતની સભાની તા. ૯-૧૦-૧૯૯૦ની કાર્યવાહીની નોંધ મંજૂર કર્યાનું;

[**નોંધ.**—તા. ૯-૧૦-૧૯૯૦ની સમિતિની સભાની કાર્યવાહીની નોંધની નકલ **પરિશિષ્ટ** "૫" તરીકે સામેલ છે]

૨(૧૨). ઑક્ટોબર / નવેમ્બર / ડિસેમ્બર ૧૯૯૦માં લેવાનાર પરીક્ષાઓ માટે લોકલ અને બહારગામ મોકલવા માટે ટેક્ષીના ભાડા વધેલ ડીઝલ અને પેટ્રોલના ભાવના **સંદર્ભે સમિતિની** ભલામણના આધારે કુલપતિશ્રીએ ઑક્ટોબર-નવેમ્બર, ૧૯૯૦ની પરીક્ષા પૂરતા નવા દર મંજૂર કર્યાનું;

[**નોંધ.**—સમિતિની સભાના તા. ૨૨ ૧૦-૧૯૯૦ની સભાની કાર્યવાહી નોંધ **પરિશિષ્ટ** "૬" તરીકે સામેલ છે.]

૨(૧૩). એમ.ડી.એસ. પદવી પરીક્ષામાં ગેરરીત આચરતાં પકડાયેલા વિદ્યાર્થી શ્રી. અરાવન્દકુમાર સત્તગુરુદાસને પરીક્ષાશુદ્ધિ સમિતિની તા. ૩૦-૧૧-૧૯૯૦ની સભામાં લેવાયેલ નિર્ણય મુજબ નસ્યત કરવા માટે કુલપતિશ્રીની સત્તા નિયમ ૧૧(૪) મુજબ ત્વરિત પગલાં ભર્યાનું;

[**નોંધ.**—તા. ૧૨-૧૨-૧૯૯૦ના રોજથી બીજી એમ.ડી.એસ.ની પરીક્ષા શરૂ થતી હતી અને તે પહેલાં **વિદ્યાર્થી**ને તેમના અંગેના નિર્ણયની જાણ કરવી આવશ્યક હતી.]

૨(૧૪). ઑક્ટોબરથી ડિસેમ્બર, ૧૯૯૦ના વર્ષ દરમ્યાન લેવાયેલી વિનયન, વિજ્ઞાન, વાણિજ્યની તથા ફર્સ્ટ, સેકન્ડ, થર્ડ એમ.બી.,એસ.એસ., એમ.ડી., એમ.એસ. અનુસ્નાતક ડિપ્લોમા તથા એમ.સી.એચ. ડેન્ટલ વગેરે પરીક્ષાઓની વિવિધ કામગીરી માટે **નીચે** મુજબ કો-ઑર્ડિનેટર તથા જોઈન્ટ કો-ઑર્ડિનેટર નીમ્યાનું :

ક્રમ	પરીક્ષા	સ્થળ	કો-ઑર્ડિનેટર
૧.	ફર્સ્ટ બી.એ.	એનાલિટિકલ લેબો.	૧. પ્રા. બાલચંદ્ર જોશી
૨.	સેકન્ડ બી.એ.	,, ,,	૨. પ્રા. ભીખાભાઈ પટેલ ૩. પ્રા. બી. આઈ. પટેલ
૩.	થર્ડ બી.એ.	સમાજવિદ્યા ભવન	પ્રો. એ. આર. શાહ
૪.	ફર્સ્ટ બી.એસસી.	ફિઝિકસ વિભાગ	૧. ડો. એસ. જી. દેસાઈ
૫.	સેકન્ડ બી.એસસી.		૨. પ્રા. કે. પી. સીંગલ
૬.	થર્ડ બી.એસસી.		
૭.	ફર્સ્ટ બી.કોમ.	એનાલિટિકલ લેબોરેટરી	૧. પ્રો. આર. એ. ત્રિવેદી
૮.	સેકન્ડ બી.કોમ.		૨. પ્રો. સી. આર. વોરા
૯.	થર્ડ બી.કોમ.		
૧૦.	ફર્સ્ટ એમ.બી.,બી.એસ.		૧. ડો. સી. એ. દેસાઈ
૧૧.	સેકન્ડ ,,		૨. ડો. કાન્તીકે
૧૨.	થર્ડ ,,		૧. ડો. ઉમેશ ઠાકર અને ૨. ડો. હર્ષા પરીખ

ક્રમ	પરીક્ષા	કો-ઑર્ડિનેટર
૧૩.	એમ. એસ.	ડૉ. એચ. એલ. પટેલ
૧૪.	એમ.ડી.	૧. ડૉ. આર. કે. પટેલ અને ૨. ડૉ. સુરેશભાઈ શાહ
૧૫.	એમ.સી.એચ.	ડૉ. કેતન દેસાઈ
૧૬. ૧૭	ડી.ઓ. ડી.એલ.ઓ.	ડૉ. એચ. એલ. પટેલ
૧૮.	બાકીની અધી પોસ્ટ-ગ્રેજ્યુએટ ડિપ્લોમા-ઇન-મેડિસિન પરીક્ષાઓ	ડૉ. આર. કે. પટેલ

૨(૧૫). એમ.એસ્સી. પાર્ટ-૨માં માઇક્રોબાયોલોજી વિષય સાથે ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીઓને માઇક્રોબાયોલોજી વિષયને બદલે એન્વાયરોમેન્ટલ બાયોટેકનોલોજી વિષય પદવી પ્રમાણપત્રમાં લખવામાં આવતો હતો. તેને સ્થાને માઇક્રોબાયોલોજી વિષય લખવા માટે માઇક્રોબાયોલોજી વિભાગના વડા ડૉ. એસ. જી. દેસાઈના તા. ૧૧-૧૦-૧૯૯૦ના પત્ર પર કુલપતિશ્રીએ નોંધેલી રજૂઆતની ભલામણો અન્વયે ડિગ્રી પ્રમાણપત્રમાં માઇક્રોબાયોલોજી વિષય લખવા માટે નિર્ણય લીધાનું;

૨(૧૬). યુનિવર્સિટી ઍક્ટ પરના વિદ્યાર્થી પ્રતિનિધિઓની ચૂંટણી તેમ જ બોર્ડ ફૉર સ્ટુડન્ટ્સ વેલ્ફેરની પેટાચૂંટણી માટે ચૂંટણી મથકો નિયત કર્યાનું;

[ચૂંટણી મથકોની યાદી **પરિશિષ્ટ "૬"** તરીકે સામેલ છે.]

૨(૧૭) (૧) હરિ ૐ આશ્રમ પ્રેરિત શ્રી ગોકુળદાસ બાગ્લાડોઈ સંશોધન ઍવૉર્ડ ફૉર સ્ટ્રક્ચર્સ માટેનો ૧૯૯૦ની સાલનો શ્રી એચ. એચ. પટેલને રૂ. ૨,૫૦૦/- (રૂપિયા બે હજાર પાંચસો પૂરા) ચંદ્રક સહિત એનાયત કર્યાનું;

(૨) હરિ ૐ આશ્રમ પ્રેરિત શ્રી જયકૃષ્ણ ઈન્દ્રજી સંશોધન ઍવૉર્ડ ઝૂલોજી માટેનો ૧૯૯૦ની સાલનો ડૉ. સિદ્ધાર્થ જી. અધ્વર્યુને રૂ. ૫,૦૦૦/- (પાંચ હજાર પૂરા) ચંદ્રક સહિત એનાયત કર્યાનું;

૨(૧૮). એમ. એન. કૉલેજ ઑફ ફાર્મસી, ખંભાતમાં જૂન-૧૯૯૧થી ડિગ્રી અભ્યાસક્રમો શરૂ કરવા માટેની અરજી પરત્વે સ્થાનિક તપાસસમિતિના સભ્યોએ અભ્યાસક્રમ શરૂ ન કરવા કરેલી ભલામણ સ્વીકાર્યાનું;

૨(૧૯). જૂન, ૧૯૯૧થી બી. કે. પટેલ આર્ટ્સ ઍન્ડ શ્રીમતી એલ એમ. પટેલ કૉમર્સ કૉલેજ, સાવલીનાં બી.એ. (પ્રિન્સ.)માં અંગ્રેજીના અભ્યાસક્રમો શીખવવા માટેની જોડાણ-અરજી પરત્વેની ઍકેડેમિક કાઉન્સિલની નીચેની ભલામણ સ્વીકાર્યાનું;

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. બી. કે. પટેલ આર્ટ્સ એન્ડ શ્રીમતી એલ. એમ. પટેલ કોમર્સ કૉલેજ, સાવલી, નિમણૂકો સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫–૪–૧૯૯૧ સુધીમાં કરે તો તેને બી.એ. (ત્રિન્સિ.)માં અંગ્રેજીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫–૬–૧૯૯૧થી ૧૪–૬–૧૯૯૩ સુધીનું વર્ષારાનું ત્તેડાણ આપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી:

૧. અંગ્રેજીના વિષય માટે તબક્કાવાર પૂર્ણસમયના અને અંડસમયના વ્યાખ્યાતાની નિમણૂક કરવામાં આવે. નવી નિમણૂક કરતાં પહેલાં રાજ્ય સરકાર તરફથી પૂર્વમંજૂરી મેળવી તેની જાણ કરવામાં આવે;

૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂંકલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં બાકુપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩ અંગ્રેજીના વિષય માટે રૂ. ૩,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખાદીઠ પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૪,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, પ્રોવિડંટ ફંડ, ગ્રેચ્યુઈટી અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલ શિક્ષકવર્ગના તેમ જ બિનાશક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણુપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે, તેમ જ વિદ્યાર્થીની સંખ્યાને લક્ષમાં લઈ મહેકમ અંગેનાં યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ બિનશિક્ષકવર્ગના પર્યાપ્ત કર્મચારીઓની નિમણૂક કરવામાં આવે અને મહેકમના સંદર્ભમાં કોઈ નિમણૂક બાકી રહેવા પામી નથી તેવું પ્રમાણુપત્ર આપવામાં આવે;

૬. ગુજરાત સરકાર, ભારત સરકાર અને યુ.જી.સી.એ વિદ્યાર્થીપ્રવેશ, શિક્ષક-બિનશિક્ષક-વર્ગના કર્મચારીગણની નિમણૂક, ભરતી, બઢતી ઈત્યાદિ અંગે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને બક્ષીપંચ દ્વારા આવરી લેવાયેલ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જાતિ તેમ જ શારીરિક ખોડખાંપણ ધરાવતા ઉમેદવારોની અનામત જગ્યા ભરવામાં યુનિવર્સિટીએ વખતોવખત નિયત કરેલ ધારાધોરણોનો અમલ કરવામાં આવે."

(સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ પરિશિષ્ટ "૮" તરીકે સામેલ છે.)

૨(૨૦). જૂન, ૧૯૯૦થી કોઠ પી. ટી. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ગોધરામાં બી.એસસી. (સ્પેશિયલ)માં ગણિતશાસ્ત્ર અને બી.એ. (મુખ્ય)માં મનોવિજ્ઞાનના અભ્યાસક્રમો

શીખવવા માટેની જનેગારુ અરજી પરત્વે મુદ્દાઓ આ... ...નુસરતાંનું પરિપાલન કર્યું છે તા. ૧૧-૬-૧૯૯૦થી તા. ૧૪-૬-૧૯૯૦ સુધીનાં ... ... નવેસરનામું જાહેર પાડવાનું;

૨(૨૧). જૂન, ૧૯૯૧થી વિવેકાનંદ કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદની બી.કૉમ. (મુખ્ય)માં ઑડિટશાસ્ત્ર અને બિઝનેસ મૅનેજમેન્ટ તથા બી.કૉમ. (ગૌણ)માં કૉમ્પ્યુટર સાયન્સના અભ્યાસક્રમો શીખવવા માટેની અરજી ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ-૩૩ અને ઑર્ડિ. ૧૨૮ અનુસાર સમયમર્યાદા બાદ આવી છે. પરંતુ સદરહુ ધારાની જોગવાઈ અનુસાર કુલપતિશ્રીએ સદરહુ અરજી સ્વીકાર્યાનું અને તે પરત્વે સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું;

૨(૨૨). જૂન, ૧૯૯૧થી નવજીવન સાયન્સ કૉલેજ, દાહોદની બી.એસસી. (જનરલ)માં વનસ્પતિશાસ્ત્ર તથા બી.એસસી. (સ્પેશિયલ)માં રસાયણશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટેની પધારવા જોગવાઈ માટેની અરજી ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ અને ઑર્ડિ. ૧૨૮ અનુસાર સમયમર્યાદા બાદ જરૂરી અનામત અને વિગતો સાથે આવી છે. પરંતુ સદરહુ ધારાની જોગવાઈ અનુસાર સદરહુ અરજી સ્વીકાર્યાનું અને તે પરત્વે સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીએ મંજૂર કરેલ ક્રમાંક ૨(૧)થી ૨(૨૨)માં જણાવેલ કાર્યોની નોંધ લેવી.

૩. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, ન્યૂ દિલ્હીના પત્ર ક્રમાંક એફ-૨૫-૨-૯૦ (બી.આઈ), તા. ૬૬-૬૦ ૧૯૯૦થી આઠમી પંચવર્ષીય યોજના હેઠળ પહેલા તબક્કામાં જે અનુદાન મળવાપાત્ર થાય છે, તેમાંથી સને ૧૯૯૦-૯૧ના વર્ષ માટે નીચે મુજબની વિકાસ-યોજનાઓ ઉપર ખર્ચ કરવાની મંજૂરી આપેલી છે તેની નોંધ લેવા બાબત:

Sr. No.	Purpose	Rs. in Lakhs
1.	Books & Journals	5·00
2.	Equipment	10·00
3.	Buildings	10·00
4.	Others	3·00
		28.00 + Actual staff
5.	Salary of staff approved under Part-I (viz. P. 2, R. 2, L.4 & D. –)	

Professor–2 : 1 —Psychology; 1 —Hindi

Readers–2 : 1 —Chemistry (Corrosion) ; 1 -Labour Welfare

Lecturers–4 : 1 —English; 1—Chemistry (Corrosion)

1 —Microbiology ; 1—Commerce.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની આભાર નોંધ લેવી

૪. બિનસરકારી વિનયન, વિજ્ઞાન, વાણિજ્ય અને શિક્ષણની કૉલેજોમાં વ્યાખ્યાતાનો સાપ્તાહિક કાર્યભાર ટ્યુટોરિયલ સિવાય ૧૮ તાસનો નક્કી કરવા અંગેના રાજ્ય સરકારના ઠરાવનો અમલ હાલ પૂરતો મુલતવી રાખવાની જાણ કરતા રાજ્ય સરકારના ઠરાવની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

(રાજ્ય સરકારના તા. ૧૬-૮-૧૯૯૦ના પરિપત્રાંક એન.જી.સી./૧૧૮૯/એમ–૧૦૨૬ (૯૦)ની નકલ **પરિશિષ્ટ "૯"** તરીકે સામેલ છે.)

વધુમાં ઠરાવવામાં આવે છે કે સંલગ્ન કૉલેજોના બિનશિક્ષક કર્મચારીઓને વિપરીત અસર કરતી લાગુ પડતી જોગવાઈઓ પણ બે વર્ષ માટે મોકૂફ રાખવા સરકારમાં ઘટતી રજૂઆત કરવી.

૫. સંલગ્ન કૉલેજોમાં અનામત જગ્યા પર લાયકાત ધરાવતા અધ્યાપક ત્રણ વાર સતત જાહેરાત આપ્યા છતાં ઉપલબ્ધ ના થાય તો તેવા સંજોગોમાં એક પૂર્ણકાલીન અનામતવાળી વ્યાખ્યાતાની જગ્યા ઉપર બે અંશકાલીન (અંડ સમયના) વ્યાખ્યાતા ૧૯૯૦-૯૧ના વર્ષ પૂરતી નિયત પદ્ધતિ અનુસાર બિન-અનામત ઉમેદવારોમાંથી ભરવાની મંજૂરી આપતા ઉચ્ચશિક્ષણ નિયામકશ્રી, ગાંધીનગરના તા. ૨૭-૯-૧૯૯૦ના પરિપત્રાંક ઉમક/સરપ્લસ/૯૦-૯૧/૬–૨/૨૧૩૯૪-૬૭૦ની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

(સદરહુ ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રી, ગાંધીનગરના તા. ૨૭-૯-૧૯૯૦ના પત્રની નકલ **પરિશિષ્ટ "૧૦"** તરીકે સામેલ છે.)

૬. સૌરાષ્ટ્ર વિદ્યાભવન ટ્રસ્ટ, અમદાવાદ તરફથી જૂન-૧૯૯૧થી અમદાવાદ ખાતે વિનયન અને વાણિજ્યની વિદ્યાશાખાની નવી કૉલેજ શરૂ કરવા માટેની અરજી ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ અને ઓર્ડિ. ૧૨૦ અનુસાર સમયમર્યાદા બાદ આવી છે. પરંતુ સદરહુ ધારાની જોગવાઈ અનુસાર કુલપતિશ્રીએ ભલામણ કરી દીધી તે પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અરજી સ્વીકારવી.

૭. જૂન-૧૯૯૧થી (૧) ગાંધીનગર એજ્યુકેશન ફાઉન્ડેશન, ગાંધીનગર અને (૨) અલીન્દ્રા કેળવણી મંડળ, અલીન્દ્રાની વિનયન અને વાણિજ્યની વિદ્યાશાખા માટેની નવી કૉલેજ શરૂ કરવા માટેની અરજી ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ અને ઓર્ડિ. ૧૨૦ અનુસાર સમયમર્યાદા બાદ આવી છે. સદરહુ ધારાની જોગવાઈ અનુસાર સદરહુ અરજી કુલપતિશ્રીએ સ્વીકારી દીધી તે પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અરજી સ્વીકારવી.

૮. ફાઇનાન્સ સમિતિની તા. ૧૨-૧૦-૧૯૯૦ની સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ફાઇનાન્સ સમિતિની તા. ૧૧–૧૦–૧૯૯૦ના રોજ મળેલી સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૧૧–૧૦–૧૯૯૦ની સભાનો ભલામણો પરિશિષ્ટ "૧૨" સામેલ છે.)

૯. આ યુનિવર્સિટી જુદી જુદી પરીક્ષાઓ દરમિયાન વિદ્યાર્થીઓએ ગેરવાજબી ઈલાજો અજમાવ્યા અંગેના કેસો ઉપર તેમજ પ્રાધ્યાપકો, પરીક્ષકો, નિરીક્ષકો અને કાર્યાલયના સભ્યોના હસ્તક થયેલ ભૂલો અંગેના કેસો પર વિચારણા કરવા તા. ૬-૧૧-૧૯૯૦ અને તા. ૩૦-૧૧-૧૯૯૦ના રોજ મળેલ પરીક્ષાશુદ્ધિ સમિતિની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરીક્ષા શુદ્ધિ સમિતિની તા. ૬–૧૧–૧૯૯૦ તેમ જ તા. ૩૦–૧૧–૧૯૯૦ના રોજ મળેલી સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની સભાની ભલામણો પરિશિષ્ટ તરીકે સામેલ નથી.)

૧૧. યુનિવર્સિટીના ડેપ્યુટી એન્જિનિયર (ઈલે.) શ્રી. જે. સી. પટેલ ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાં ડેપ્યુટી રજિસ્ટ્રાર તરીકે એક વર્ષના લિયન ઉપર ગયેલ છે. સદરહુ સમય દરમ્યાનમાં તેઓ યુનિવર્સિટીનું લેક્ચરર રો હાઉસીસનું ક્વાર્ટર્સ વાપરતા હોવાથી તેઓ યુનિવર્સિટીની નોકરીમાં હતા તે સમયે જે લાભ મળતો હતો તે પ્રમાણે રેન્ટ ફ્રી ક્વાર્ટર્સ તથા નિવાસસ્થાન પર ટેલિફોનનું લઘુતમ ભાડું તેઓ શનિવાર (બીજો-ચોથો) અને દરેક રવિવાર ગુજરાત યુનિવર્સિટીની આવશ્યક સેવાઓ કરે તે શરતે આપવું કે કેમ ?- તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી જે. સી. પટેલ યુનિવર્સિટી કેમ્પસ ઉપર દર શનિવારે તેમ જ દર રવિવારે ઈલેક્ટ્રિક કામગીરી સંભાળવા માટે આવે તે શરતે યુનિવર્સિટીનું લેક્ચરર ક્વાર્ટર્સ રેન્ટ ફ્રી તરીકે આપવાનું થાય રાખવું અને ટેલિફોન અંગે લઘુતમ ભાડું તેઓએ ભોગવવાનું રહેશે તે શરતે ટેલિફોન જોડાણ ચાલુ રાખવું.

૧૨. બી.ઈ. કોમ્પ્યુટર એન્જિનિયરિંગની પદવી ધરાવનારને કોમ્પ્યુટર સાયન્સના વિષય માટે પ્રોગ્રામર તથા બંડસમયના વ્યાખ્યાતાનાં લાયકાતનાં ધોરણો બાબતમાં કુલપતિશ્રીએ નિયુક્ત કરેલી સમિતિની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

કોમ્પ્યુટર સાયન્સના પ્રોગ્રામર તથા બંડસમયના વ્યાખ્યાતાની પાત્રતાનાં જે ધોરણો અમલમાં છે તેમાં નીચે પ્રમાણે ઉમેરો કરવો :

(*G*) Bachelor's Degree in Computer Engineering (B.E.Com. Engg.) with First Class.

OR

Bachelor's Degree in Computer Engineering (B.E.Com. Engg.) with Second Class and One Year's experience.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ઉપરોક્ત ભલામણ મંજૂર કરવી.

૧૩. યુનિવર્સિટી કેમ્પસ મંડળ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ–ને ૧૯૯૦–૯૧ના વર્ષ માટે આર્થિક સહાય રૂ. ૩,૦૦૦/- (રૂ. ત્રણ હજાર પૂરા) આપવા અંગે તેઓના મંત્રીશ્રીના આવેલા તા. ૧૫–૧૧–૧૯૯૦ના પત્ર પર વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—વર્ષ ૧૯૮૯–૯૦ માટે રૂ. ૩,૦૦૦ (રૂ. ત્રણ હજાર પૂરા) આર્થિક સહાય આપવામાં આવેલ હતી.]

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કેમ્પસ મંડળને સને ૧૯૯૦–૯૧ના વર્ષ માટે આર્થિક સહાય તરીકે રૂ. ૩,૦૦૦/– (અંકે રૂપિયા ત્રણ હજાર પૂરા) મંજૂર કરવા.

૧૪. રાજ્ય સરકારે ૧૯૯૧ના વર્ષ માટે જાહેર કરેલ રજાઓ અંગેનું નોટિફિકેશન નં. ૧૯૯૦/૨૮ આ સાથે સામેલ છે તે મુજબ યુનિવર્સિટી કાર્યાલય તથા સંલગ્ન કૉલેજો માટે રજાઓ મંજૂર કરવા અંગે વિચારણા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કાર્યાલય, સંલગ્ન કોલેજો, માન્ય સંસ્થાઓ, યુનિવર્સિટીનાં અનુસ્નાતક વિદ્યાભવનો તથા યુનિવર્સિટી પ્રેસ માટે સને ૧૯૯૧ના વર્ષ માટેની જાહેર રજાઓની યાદી તથા મરજિયાત રજાઓની યાદી તેમજ યુનિવર્સિટી સ્થાપના દિનની રજા મંજૂર કરવી.

(રજાઓની યાદી આ સાથે પરિશિષ્ટ "૧૨" રૂપે સામેલ છે.)

૧૫. પરીક્ષા વિભાગમાં ફરજ બજાવતા શ્રી. એમ. બી. પ્રધાનને રૂ. ૧૪૦૦–૪૦–૧૬૦૦–૫૦–૨૩૦૦ ઈબી–૬૦–૨૬૦૦ના પગારધોરણમાં રૂ. ૨૩૦૦/– પછીનો કાર્યક્ષમતા–અંતરાય તા. ૩૧–૧૨–૧૯૯૦થી ઓળંગવાની પરવાનગી આપવા અંગે વિચારણા કરવા બાબત.

યુનિવર્સિટી [illegible] રજૂ કરવામાં આવેલ શ્રી. એમ. [illegible] અંગેનો બાનગી હેવાલ સલાહકાર સમક્ષ રજૂ કરવામાં આવેલ.

તે પછી ઠરાવવામાં આવ્યું કે શ્રી. એમ. બી. પ્રધાનને રૂ. ૧૪૦૦–૪૦–૧૬૦૦–૫૦–૨૩૦૦–ઈબી–૬૦–૨૬૦૦ના પગારધોરણમાં મુળ માસિક પગાર રૂ. ૨,૩૦૦/– પછીનો કાર્યક્ષમતા–અંતરાય (Efficiency–Bar) તા. [illegible]થી ઓળંગવા માટે મંજૂરી આપવી.

૧૬. યુનિવર્સિટીના નીચેના કર્મચારીઓને તેમનાં નામ સામે દર્શાવેલ તારીખે કાર્યક્ષમતા–અંતરાય ઓળંગવાની પરવાનગી આપવા અંગે વિચારણા બાબત :

ક્રમ નં.	કર્મચારીનું નામ તથા હોદ્દો	વિભાગ	અંતરાય ઓળંગવાની તારીખ	પગારધોરણ
૧.	શ્રી. એ. ટી. [illegible]	બી. કે. સ્કૂલ ઑફ મેનેજમેન્ટ	૩૦–૧૧–૧૯૯૦	૯૫૦–૨૦ ૧૧૫૦–૪૦૫ ૨૧–૧૧૦૦
૨.	શ્રી ડી. એમ. પટેલ	આરોગ્ય કેન્દ્ર	૮ [illegible]–૧૯૯૦	,, ,,
૩.	શ્રી બી. એ. [illegible]	વિજ્ઞાન ભવન	૪ [illegible] ૧૯૯૦	૬૫૦–૧૪–૭૭૦–૬૫૦ ૧૪–૯૪૦
૪.	શ્રી [illegible]	[illegible]	[illegible]	,, ,,

ઉપરોક્ત કર્મચારીઓના કામગીરી અંગેના બાનગી અહેવાલો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા.

તે પછી ઠરાવવામાં આવ્યું કે સર્વશ્રી એ. ટી. નંદે અને શ્રી. ટી. એમ. પાટીલને રૂ. ૯૧૦-૨૦-૧૧૫૦-ઈબી-૨૧-૧૫૦૦ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂ. ૧૧૫૦/- પછીનો કાર્યક્ષમતા-અંતરાય અનુક્રમે તા. ૩૦–૧૧–૧૯૯૦ અને તા. ૮–૧૧–૧૯૯૦થી ઓળંગવા માટે મંજૂરી આપવા. અને સર્વશ્રી બી. એ. કાંકે તથા વી. કે. વાઘેલાને રૂ. ૭૫૦-૧૨-૮૭૦-ઈબી-૧૪-૯૪૦ના મૂળ પગાર-ધોરણમાં મૂળ માસિક પગાર રૂ. ૮૭૦/- પછીનો કાર્યક્ષમતા-અંતરાય (Efficiency-Bar) અનુક્રમે તા. ૪–૯–૧૯૯૦ અને તા. ૩૦–૧૦–૧૯૯૦થી ઓળંગવા માટે મંજૂરી આપવી.

૧૭. યુનિવર્સિટી સમાજવિદ્યા ભવનમાં લેક્ચરર તરીકે ફરજ બજાવતા ડૉ. એચ. વી. સુથારને તેમનાં મકાનમાંફેરફાર અંગે તેમના પ્રૉવિડંટ ફંડ ખાતામાંથી રૂપે. ૧૮૮(૨) પ્રમાણે રૂ. ૧,૩૦,૦૦૦/- (અંકે રૂ. એક લાખ ત્રીસ હજાર પૂરા)ની લોન આપવા અંગે વિચારણા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીમા કામ કરતા ઉપરોક્ત કર્મચારી ડૉ. એચ. વી. સુથારને રૂ. ૧,૩૦,૦૦૦/- (અંકે એક લાખ ત્રીસ હજાર પૂરા)ની લોન યુનિવર્સિટીનાં ધારાધોરણ પ્રમાણે તેમના પ્રૉવિડંટ ફંડના ખાતામાંથી આપવી.

૧૮. ગ્રંથાલય વિભાગમાં આસિસ્ટન્ટ તરીકે ફરજ બજાવતાં શ્રીમતી જ્યોત્સ્ના કે. પંડિતને તેમના મકાન રિપેરિંગ અંગે રૂપેચ્યૂટ ૧૮૨(૨) પ્રમાણે તેમના પ્રૉવિડંટ ફંડ ખાતામાંથી રૂ. ૪૭,૫૮૯ની લોન આપવા અંગે વિચારણા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીમાં કામ કરતાં ઉપરોક્ત કર્મચારી શ્રીમતી જ્યોત્સ્ના કે. પંડિતને રૂ. ૪૭,૫૮૯/- (અંકે સિત્તેર હજાર પાંચસો પૂરા)ની લોન યુનિવર્સિટીનાં ધારાધોરણ પ્રમાણે તેમના પ્રૉવિડંટ ફંડના ખાતામાંથી આપવી.

૧૯. ગોલવાલા કૉમ્પ્યુટર સેન્ટરમાં લેક્ચરર ઇન કૉમ્પ્યુટર સાયન્સ તરીકે શિક્ષણકાર્ય કરતાં શ્રીમતી સવિતાકુમારી આર. ગાંધીના બે વર્ષનો અજમાયશી સમય તા. ૧૮–૧૨–૧૯૯૦ના રોજ પૂરો થતો હોઈ તેઓને બઢતીના પગારધોરણ રૂ. ૨૨૦૦–૭૫–૨૮૦૦–૧૦૦–૪૦૦૦ના પગારધોરણમાં તા. ૧૯–૧૨–૧૯૯૦થી કાયમ કરવા વિચારણા કરવા બાબત.

સદરહુ લેક્ચરર ઇન કોમ્પ્યુટર સાયન્સ તરીકે કામ કરતાં શ્રીમતી સવિતાકુમારી આર. ગાંધીની કામગીરી અંગેનો બાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે શ્રીમતી સવિતાકુમારી આર. ગાંધીને તા. ૧૯–૧૨–૧૯૯૦થી રૂ. ૨૨૦૦–૭૫–૨૮૦૦–૧૦૦–૪૦૦૦ના પગારધોરણમાં કાયમ કરવા.

૨૦. કે.એમ.આર.સી. વિભાગના ટેકનિકલ આસિસ્ટન્ટ શ્રીમતી અર્ચના મૂકેશ પટેલને રેડિયોગ્રાફિક ટ્રેઈનિંગ સેન્ટર, બ્રસીન્સ ખાતે તા. ૭–૧–૧૯૯૧થી તા. ૧૭–૩–૧૯૯૧

દરમ્યાન ચેમ્બરની સંસ્થાકીય ચૂંટણીમાં મોકલવા તથા તે સમય દરમ્યાનની રજા રજૂરી લીવ (Casual Leave) તરીકે ગણવા અંગે વિચારણા આવત.

આથી ઠરાવવામાં આવે છે કે અમદાવાદના મીરઝાપુર રિસર્ચ સેન્ટરમાં ટેકનિકલ આસિસ્ટંટ તરીકે ફરજ બજાવતાં શ્રીમતિ અર્ચના મૂકેશ [illegible] તા. [illegible] થી તા. ૧૭-૩-૧૯૮૧ સુધીની ડ્યુટી લીવ મંજૂર કરવી અને રજાઓ ઉપર [illegible] તેમણે પોતાની ઓફિસરી સેવા કે યુનિવર્સિટીના ઈ.ઓ.ગ આર.સી.માં બરોબર બાંધેલી ટ્રેઇનિંગ લીધા બાદ ત્રણ વર્ષ સુધી તેઓ ફરજ બજાવશે અને જો તેમ ના થાય તો બોન્ડેડ પીરીયડ પૂરો કરવા પેટે યુનિવર્સિટી જે રકમ વસૂલ કરવાની (નિર્ણય) કરે તે તેમને બંધનકર્તા રહેશે.

૨૨. ગુજરાત રાજ્ય સરકારની સંશોધન શિષ્યવૃત્તિ તથા યુ. જી. સી. ની જુનિયર રિસર્ચ ફેલોશિપ એનાયત કરવા અંગેની ગ્રાન્ટ યુટિલાઈઝેશન કમિટીની મુદત તા. ૧૭-૧૧-૧૯૯૦ના રોજ પૂરી થયેલી છે. તે મુદતવધુ કમિટીની ઓર્ડિનન્સ ૩૭ અન્વયે રચના કરવા અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**- સમિતિના અગાઉના સભ્યો નીચે પ્રમાણે હતા :

(૧) કુલપતિશ્રી
(૨) ડૉ. વી. સી. શાહ
(૩) ડૉ. જે. એ. ખાન્નિક
(૪) શ્રી એચ. કે. ત્રિવેદી
(૫) ડૉ. વી. પી. શાહ
(૬) આચાર્યશ્રી ડી. એમ. શીખ
(૭) ડૉ. ધીરુભાઈ પરીખ.

ઓર્ડ. ૩૭ નો પાઠ નીચે પ્રમાણે છે :

"The Grants Utilisation Committee shall consist of the Vice-Chancellor, the Pro-Vice-Chancellor, if any and Six other members appointed by the Executive Council for a period of three years."]

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટીની ગ્રાન્ટ યુટિલાઈઝેશન કમિટી પર ઓર્ડિનન્સ ૩૭ અન્વયે નીચેના સભ્યોની ત્રણ વર્ષ માટે નિમણૂક કરવી :

(૧) કુલપતિશ્રી
(૨) ઉપકુલપતિશ્રી
(૩) ડૉ. એસ. જી. દેસાઈ
(૪) ડૉ. ધવલભાઈ મહેતા
(૫) શ્રી. એચ. કે. ત્રિવેદી
(૬) ડૉ. વી. પી. શાહ
(૭) આચાર્યશ્રી ડી. એમ. શીખ
(૮) ડૉ. તપસ્વી નાન્દી.

૨૩. તા.૧૬ થી ૨૯ ઓક્ટોબર સુધીના ગાળામાં પરીક્ષાઓની બદલામણો વિગેરે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે [illegible] બદલામણો મંજૂર કરવી.

(સદરહુ કેલેન્ડર [illegible] બદલામણો પરિશિષ્ટ "૧૩" તરીકે સામેલ છે.)

૨૪. [illegible] **રિસર્ચ ફેલોશિપ યોજનાની. યુનિ ગ્રાન્ટ્સ તથા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના તા. ૩-૧૧-૧૯૬૦ના આવેલ ડી.ઓ. ક્રમાંક એફ. ૬૭-૬૦ (સીપીપી)ની નોંધ લેવા બાબત.**

(**નોંધ.** મંજૂર [illegible] પરિષદના કાર્યક્રમને પરિપૂર્ણ કરી શકવા પૂરતા રસ્તાઓ માંગી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ સ્વીકાર કરવી.

(યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના તા. ૩-૧૧-૧૯૬૦ના સદરહુ પત્રની નકલ **પરિશિષ્ટ "૧૪"** તરીકે સામેલ છે.)

કુલપતિશ્રીએ મંજૂર કરેલ નીચેનું કાર્ય (જાણ માટે) :

૨૪. રાજ્ય સરકારશ્રીના શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક પરચ/૨૧૬૯૧૨૩/૬૦ (૨૩૬૯)ચ તા. ૧-૧૧-૧૯૬૦ મુજબ યુનિવર્સિટી અને બિનસરકારી સંલગ્ન કોલેજો માટેની પેન્શન યોજના પ્રમાણે ૨૦ વર્ષ પૂરાં કરનાર શિક્ષકોને સ્વૈચ્છિક નિવૃત્તિના લાભો આપવા અંગે નાણાં વિભાગના તા. ૬-૨-૬૮ના ઠરાવ તથા તેમાં થયેલ યથતોયથત સુધારા મુજબ સ્વૈચ્છિક નિવૃત્તિના હુકમો બેઠકમેહા તા. ૬-૧૧-૧૯૬૦ના ઠરાવની શરતો સહિત લાગુ પાડવાનું ઠરાવવામાં આવે છે અને આ હુકમનો અમલ તા. ૧૭-૮-૧૯૬૦થી કરવાનો રહેશે તેમ આદેશ થયેલા છે તે સ્વીકાર્યાનું.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીએ મંજૂર કરેલ ઉપરોક્ત કાર્યની નોંધ લેવી.

(રાજ્ય સરકારશ્રી, શિક્ષણ વિભાગના તા. ૧-૧૧-૧૯૬૦ના સદરહુ ઠરાવની નકલ **પરિશિષ્ટ "૧૫"** તરીકે સામેલ છે.)

૨૫. **આ યુનિવર્સિટીના જુદી જુદી પરીક્ષાઓ દરમ્યાન વિદ્યાર્થીઓએ ગેરવાજબી ઈલાજો અંગેના કેસો ઉપર તેમજ પ્રાધ્યાપકો, પરીક્ષકો, નિરીક્ષકો અને કાર્યાલયના સભ્યોના હસ્તક થયેલ ભૂલો અંગેના કેસો પર વિચારણા કરવા તા. ૨૪-૧૨-૧૯૬૦ના રોજ મળેલ પરીક્ષાશુદ્ધિ સમિતિની ભલામણ પર વિચારણા કરવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરીક્ષાશુદ્ધિ સમિતિની તા. ૧૪-૧૨-૧૯૬૦ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ પરીક્ષાશુદ્ધિ સમિતિની તા. ૧૪-૧૨-૧૯૬૦ની સભાની ભલામણો પરિશિષ્ટ તરીકે સામેલ નથી.)

૨૬. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યો (જાણ માટે):

૨૬(૧). શૈક્ષણિક વર્ષ ૧૯૮૯-૯૦માં પીએચ.ડી. પદવી માટે નોંધાવવા આવેલ જે તે વિદ્યાર્થીઓનાં નામ સાથે જણાવેલ વિષયો અને શીર્ષકો બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ એન્ડ રિસર્ચ અને એકેડેમિક કાઉન્સિલ વતી મંજૂર કર્યાનું;

(સદરહુ યાદી પરિશિષ્ટ "૨૬" તરીકે સામેલ છે.)

૨૬(૨). કુલપતિશ્રીના અધ્યક્ષપદે સંશોધન શિષ્યવૃત્તિ સમિતિની તા. ૨૯-૧૧-૧૯૯૦ના રોજ મળેલ સભાએ કરાવ્યા મુજબ ગુજરાત સરકારની સંશોધન શિષ્યવૃત્તિ ૧૯૯૦-૯૧ના વર્ષ માટે આવેલ અરજીઓ પૈકી નીચે જણાવેલ વિદ્યાર્થીઓની અરજીઓ ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રીને મોકલી આપ્યાનું :

(૧) કુ. વૈશાલી પી. સ્માર્ટ	..	ઝૂલોજી
(૨) કોનાકાન્ચી વેંકટેશ્વરરાવ	..	રસાયણશાસ્ત્ર
(૩) શાઈસ્ટા હલીમ	..	વનસ્પતિશાસ્ત્ર.

[નોંધ.—સદરહુ સમિતિના કાર્યની નોંધ તથા તારણ પરિશિષ્ટ "૨૭" તરીકે સામેલ છે.]

૨૬(૩). વિનયન, વિજ્ઞાન, વાણિજ્ય અને શિક્ષણ વિદ્યાશાખાની કૉલેજોમાં, અનિવાર્ય સંજોગોને કારણે ૧૯૯૦-૯૧ના શૈક્ષણિક વર્ષમાં આંતરિક ગુણાંકનની કૉલેજે લેવાની કસોટીઓ અંગે એકેડેમિક કાઉન્સિલ વતી નીચે મુજબ નિર્ણય લીધાનું;

[નોંધ.—(૧) યુનિવર્સિટી તા. ૨-૮-૧૯૮૯ નં. એકેડેમિકના પરિપત્ર દ્વારા કૉલેજોને જાણ કરવામાં આવી છે તે પ્રમાણે સામાન્ય રીતે પ્રથમ અને દ્વિતીય સત્રની અંદર એક-એક આંતરિક કસોટીની પરીક્ષા ૫૦-૫૦ ગુણની રાખવાની રહે છે. તેમાં માત્ર આ વર્ષ પૂરતો ફેરફાર કરી એવો નિર્ણય કરવામાં આવ્યો છે કે જે કૉલેજોને ઉપરોક્ત નિયમ પ્રમાણે ૫૦-૫૦ ગુણાંકની બે કસોટીઓ લેવી હોય તો કૉલેજ તેમ કરી શકશે. આમ છતાં શૈક્ષણિક કાર્યના હિતમાં જ્યાં ૫૦-૫૦ ગુણાંકની બે કસોટીઓ લેવાનું શક્ય ન હોય ત્યાં બીજા સત્રને અંતે ૧૦૦ ગુણાંકની એક આંતરિક કસોટી લઈને તેના આધારે વિદ્યાર્થીઓના આંતરિક ગુણાંકનોની ગણતરી કરીને યુનિવર્સિટીમાં મોકલી શકશે.

(૨) પ્રવર્તમાન પરિસ્થિતિને લીધે કૉલેજોમાં પ્રથમ સત્રમાં શૈક્ષણિક કાર્ય જોઈએ તેટલું થયું ન હોઈ તા. ૧૨-૧૧-૧૯૯૦થી શરૂ થતી કૉલેજોમાં આંતરિક ગુણાંકનની કસોટી યોજવાને બદલે તે જ દિવસથી શૈક્ષણિક કાર્ય શરૂ થાય તેવી વ્યવસ્થા કૉલેજો કરે તે અત્યંત જરૂરી છે. જે કૉલેજોને ૧૦૦ ગુણની એક ને બદલે ૫૦-૫૦ ગુણની બે કસોટી લેવાની સ્વૈચ્છિક રીતે સગવડ હોય તેમણે તે કસોટીઓ બીજા સત્રના શૈક્ષણિક કાર્યને અસર ન થાય તે રીતે ગોઠવી લેવા કૉલેજોને જણાવવામાં આવેલું છે;

૨૬(૪). એડવાન્સ એકાઉન્ટિંગ ઑડિટિંગ વિષયમાં સૌથી વધુ ગુણ મેળવી પ્રથમ વર્ગમાં પ્રથમ પ્રયત્ને ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને એનાયત કરવામાં આવતો 'શ્રી. બાબુભાઈ ગિરધરલાલ ચંદ્રક' એપ્રિલ, ૧૯૯૦ની ફર્સ્ટ બી.કોમ. પરીક્ષામાં બે વિદ્યાર્થીઓએ સરખા સૌથી વધુ ગુણ મેળવ્યા હોઈ બન્નેને એનાયત કર્યાનું;

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીએ મંજૂર ... (જ)નાં કાર્યોની નોંધ લેવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે માર્ગદર્શક શિક્ષક ... વિદ્યાર્થીઓની ... નિશ્ચિત કરેલી સંખ્યા વગેરે બાબતો જોઈતપાસીને પોતાની ભલામણો ... કાઉન્સિલ સમક્ષ રજૂ કરવા અંગે નીચેના સભ્યોની ... નીમવા :

(૧) પ્રો. કે. એસ. શાસ્ત્રી
(૨) પ્રો. અરવિંદભાઈ આર. શાહ
(૩) પ્રો. ધવલભાઈ મહેતા.

૨૭. બિલ્ડિંગ કમિટીના સભ્ય શ્રી. ડો. વી. જે. મિસ્ત્રીનું અવસાન થયેલ હોવાથી તેમની ખાલી પડેલ જગ્યા પર બિલ્ડિંગ કમિટીના નવા સભ્યની નિમણૂક કરવા બોબત.

આથી ઠરાવવામાં આવે છે કે બિલ્ડિંગ કમિટીના સભ્ય શ્રી. ડો. વી. જે. મિસ્ત્રીના અવસાનને કારણે ખાલી પડેલી જગ્યા ઉપર શ્રી. હરેનભાઈ વી. પંડ્યાની નિમણૂક કરવી.

૨૮. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યો (જાણ માટે) :

૨૮(૧). કુ. અનિતા ચુડાસમાએ કાશ્મીર યુનિવર્સિટીમાંથી તથા કુ. અંજલિ વોરાએ જમ્મુ યુનિવર્સિટીમાંથી બી.એસસી. (પદવી) પરીક્ષા પાસ કર્યાના આધારે તેમ જ તે રાજ્યોની પરિસ્થિતિને અનુલક્ષીને બન્ને વિદ્યાર્થીનીઓને બાસ ડેસ તરીકે એમ.એસસી. પાર્ટ-૧ના વર્ગમાં બેસાડવા કામચલાઉ પ્રવેશપત્ર નંબર ૬૧૮/૧૦-૧૨-૯૦ તથા ૬૧૭/૧૦-૧૨-૯૦ના રોજ આપ્યાનું;
(**નોંધ.**— વિજ્ઞાન વિદ્યાશાખાનું ૧૯૯૦-૯૧નું પ્રથમ સત્ર પૂરું થયું હતું.)

૨૮(૨). વર્ષ ૧૯૯૦ (જાન્યુઆરી-ડિસેમ્બર) દરમ્યાન લેવામાં આવેલ યુનિવર્સિટીની વિવિધ પરીક્ષાઓમાં બેઠેલ વિદ્યાર્થીઓનાં પરિણામ, પુનર્મૂલ્યાંકન/ગુણચકાસણી કે અન્ય કારણે કુલપતિશ્રીએ સુધાર્યાનું;
(સદરહુ યાદી **પરિશિષ્ટ "૧૮/૧"** તરીકે સામેલ છે.)

૨૮(૩). થર્ડ બી.કોમ. જૂન, ૧૯૯૦ની પરીક્ષામાં નાપાસ થનાર વિદ્યાર્થી શ્રી. એ. એ. રહેમાને યુનિવર્સિટી પ્રશ્નપત્રમાં ભૂલ સંબંધી ગુજરાત હાઈકોર્ટમાં રિટ પિટિશન કરેલ તે માટે યુનિવર્સિટી તરફથી વકીલ રોકવાનું અને તે અંગેનો આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું;

૨૮(૪). એસ.વાય. બી.એસસી. પરીક્ષામાં (જૂન. ૧૯૯૦) ગેરરીતિ આચરતાં પકડાયેલ વિદ્યાર્થી શ્રી. ભરત એસ. શાહે તેમના ડેસના સંદર્ભમાં રિટ પિટિશન નં. ૮૦૨૭/૯૦ ગુજરાત હાઈકોર્ટમાં કરેલ, તે માટે યુનિવર્સિટી તરફથી વકીલ રોકવાનું અને તે અંગેનો આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું;

૨૮(૫). અનુસ્નાતક તબીબી વિદ્યાશાખામાં પ્રવેશ બાબતે ડો. રિમતા આર. શાહે ગુજરાતની વડી અદાલતમાં રિટ પિટિશન ક્રમાંક : ૭૪૪૧-૧૯૯૦થી દાદ માગેલી છે. તેના સંદર્ભમાં જરૂરી કાર્યવાહી કરવા વકીલ રોકવાનું અને તે અંગે આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું;

૨૮(૬) અનુસ્નાતક તબીબી વિદ્યાશાખામાં પ્રવેશ બાબતે ડૉ. નવીન ડી. પંચોલી ગુજરાત હાઈ અદાલતમાં રિટ પિટિશન ક્રમાંક ૮૦૬૦-૧૯૯૦થી દાદ માગેલી છે. તેના સંદર્ભમાં જરૂરી કાર્યવાહી કરવા વકીલ રોકવાનું અને તે અંગે આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું;

૨૮(૭) અનુસ્નાતક તબીબી વિદ્યાશાખામાં પ્રવેશ બાબતે ડૉ. દિનેશ આર. પ્રજાપતિએ ગુજરાતની વડી અદાલતમાં રિટ પિટિશન ક્રમાંક ૬૩૩૧-૧૯૯૦થી દાદ માંગેલી છે, તેના સંદર્ભમાં જરૂરી કાર્યવાહી કરવા વકીલ રોકવાનું અને તે અંગે થનાર આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું;

૨૮(૮) જૂન, ૧૯૯૦ દરમ્યાન લેવામાં આવેલ એમ.ડી.એસ. પરીક્ષામાં ગેરરીતિ આચરતાં પકડાયેલ વિદ્યાર્થી શ્રી. અરવિન્દકુમારને પરીક્ષાશુદ્ધિ સમિતિએ તેની તા. ૩૦-૧૦-૧૯૯૦ની સભામાં કરવામાં આવેલ નક્કત સંદર્ભમાં શ્રી. અરવિન્દકુમારે હાઈકોર્ટમાં રિટ પિટિશન કરી છે, તે માટે યુનિવર્સિટી તરફથી વકીલ રોકવાનું અને તે અંગેના આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું;

૨૮(૯) મે-જૂન, ૧૯૯૦ દરમ્યાન લેવામાં આવેલ સેકન્ડ બી.ફાર્મ. પરીક્ષામાં નાપાસ થયેલ વિદ્યાર્થી શ્રી. રાજનિકુમારી જે. સૈયદ / Sub. C.A.No. 7511/90. મેથેમેટિકસ વિષયના પ્રશ્નપત્રમાં ભૂલ હતી તે સંદર્ભમાં ગુજરાત હાઈકોર્ટમાં રિટ પિટિશન કરી હતી. તે માટે યુનિવર્સિટી તરફથી વકીલ રોકવાનું અને તે અંગેનો આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું;

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીએ મંજૂર કરેલ ક્રમાંક ૨૮(૧) થી ૨૮(૯)માં જે ઘારેલ કાર્યાની નોંધ લેવી.

૨૯. એપ્રિલ મે, ૧૯૯૧ના વર્ષથી લેવામાં આવનાર ફાર્મસી વિદ્યાશાખાની સ્નાતક/ડિપ્લોમા કક્ષાની પરીક્ષાના સુધારેલા રેગ્યુલેશન્સ નંબર ૨૨, ૨૯, ૩૬, ૩૮ અને ડિપ્લોમા (ફર્સ્ટ એન્ડ ફાઇનલ) પરીક્ષાના માટેના રેગ્યુ. નં. ૪ માં દર્શાવ્યા પ્રમાણે થિયરી પ્રેક્ટિકલ બન્નેમાં યુનિવર્સિટી પરીક્ષા અને આંતરિક ગુણાંકનમાં બન્નેમાં જુદી રીતે પાસ થવાનું ધોરણ નક્કી કરવામાં આવેલ હતું તે રદ કરી જે તે વિષયમાં માત્ર યુનિવર્સિટી પરીક્ષામાં પાસ થવાનું ધોરણ ૪૦%, તથા યુનિવર્સિટી અને આંતરિક પરીક્ષા બન્ને લેગા થઈને ૪૦% નું પાસ થવાનું ધોરણ રાખવા અને આંતરિક ગુણાંકનમાં અલગ પાસ થવાનું ધોરણ રદ કરવા અંગે ફાર્મસી કોલેજોના વિદ્યાર્થીઓના પ્રતિનિધિઓ સાથે થયેલ ચર્ચાના અનુસંધાને કુલપતિશ્રીએ આ બાબતની એકેડમિક કાઉન્સિલ વતી સ્વીકારી છે તે મુજબ તેનો અમલ ૧૯૯૧ના એપ્રિલ-મે માસમાં થનાર પરીક્ષાથી કરવા બાબત તથા તેનો આનુષંગિક ઉપરના રેગ્યુલેશનમાં મુસદ્દા પ્રમાણે સુધારો કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ૧૯૯૧ના એપ્રિલ-મે માસમાં યનાર ઉપરોક્ત ફાર્મસી વિદ્યાશાખાની પરીક્ષાઓ માટે ઉપર પ્રમાણેનાં સુધારેલાં ધારાધોરણોનો અમલ કરવો અને તે મુજબના આનુષંગિક રેગ્યુલેશન મંજૂર કરવા.

(ફાર્મસી પરીક્ષાના સુધારેલા રેગ્યુલેશનના મુસદ્દાની નકલ **પરિશિષ્ટ "૨૮/૨"** તરીકે સામેલ છે.)

૩૦. તા. ૧૯-૧૨-૧૯૯૦ ને બુધવારના રોજ મળેલ બાંધકામ સમિતિની ભલામણો અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે બાંધકામ સમિતિની તા. ૧૯-૧૨-૧૯૯૦ની મળેલી સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ બાંધકામ સમિતિની તા. ૧૯-૧૨-૧૯૯૦ની સભાની ભલામણોની નકલ **પરિશિષ્ટ "૧૯"** તરીકે સામેલ છે.)

૩૧. શ્રી હરિઝ આશ્રમ પ્રેરિત કે. એમ. કાંટાવાલા એન્જીનિયરિંગ એવોર્ડ ૧૯૮૮. અનાયત કરવા અંગે વિચારણા કરવા બાબત :

[**નોંધ**—ઉપરોક્ત બાબતે નીચે જણાવેલા પ્રતિસ્પર્ધીઓએ ભાગ લીધો હતો :

(૧) શ્રી. એચ. એ. મોદી (૨) શ્રી. પી. એચ. પંડિત (૩) શ્રી. કે. કે. પટેલ.

તેમાં નીચે જણાવેલા **રેફરી**ઓ હતા અને તેમના અભિપ્રાયો તેમનાં નામની સામે દર્શાવેલા છે :

(૧) પ્રો. એન. સુબ્રહ્મણ્યમ્	તેઓશ્રી **એચ. એ. મોદી**ના નામની ભલામણ કરે છે.
(૨) ડો. ઓ. પી એન. કલ્લા	તેઓશ્રી પી. એચ. પંડિત અને કે. કે. પટેલ બન્નેને સરખા ભાગે એવોર્ડ આપવા જણાવે છે.
(૩) શ્રી એન. આર. દવે	તેઓશ્રીએ નીચે પ્રમાણે ક્રમ આપેલા છે : (૧) કે. કે પટેલ (૨) પી. એચ. પંડિત (૩) એચ. એ. મોદી
(૪) પ્રો. જે. એન. દવેશી	તેઓશ્રી પી. એચ. પંડિતના નામની ભલામણ કરે છે.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી હરિઝ આશ્રમ પ્રેરિત શ્રી. કે. એમ. કાંટાવાલા એન્જીનિયરિંગ એવોર્ડ, ૧૯૮૮ સર્વશ્રી કે. કે. પટેલ તેમ જ પી. એચ. પંડિતને સંયુક્ત રીતે આપવો.

૩૨. રાજ્ય સરકારશ્રી, શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક એમ આઈ એચ-૧૨૮૭-૭૭આઆઈ-૩૦(૯૦)૨૦૮૮/ક. એચ. તા. ૨૬-૧૨-૧૯૯૦થી " Career advancement **"ની યોજના હેઠળ સીનિયર સ્કેલ રૂ. ૩૦૦૦-૫૦૦૦ તેમ જ સિલેક્શન ગ્રેડ રૂ. ૩૩૦૦-૫૩૦૦ અંગે પાત્ર નોકરી** (Qualifying Service) **સંબંધી નીચે પ્રમાણેની સ્પષ્ટતા કરેલી છે તેની નોંધ લેવા બાબત :**

"2. .....it is clarified that the experience of a person before appointment as a Lecturer in the University or College, in equivalent grade in other Universities/Colleges and the National Laboratories or R & D Organisation (CSIR/ICAR, DRGO, UGC etc.) and U.G.C. Research Scientists be counted as qualifying service for placement in the Senior Scale/Selection grade irrespective of any break."

3. This clarification will apply in cases of Principals of the colleges also."

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત બાબતનો સાભાર સ્વીકાર કરવો.

(સદરહુ સરકારશ્રી, શિક્ષણ વિભાગના ઠરાવ તા. ૧૧-૧૨-૧૯૯૦ની નકલ **પરિશિષ્ટ "૨૦"** તરીકે સામેલ છે.)

૩૩. રાજ્ય સરકારશ્રી, શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક પરચ/૧૧૯૦/૨૭૦૬(૧૪૫/૯૦) –ખ તા. ૧૧-૧૨-૧૯૯૦થી બિનસરકારી કૉલેજો અને યુનિવર્સિટીઓના શિક્ષકોની શૈક્ષણિક વર્ષના સત્રની સમાપ્તિના અંતે નિવૃત્તિ તારીખ પેન્શનના કેસો તૈયાર કરવામાં સરળતા રહે તે હેતુસર એકસૂત્રતા લાવવાની દૃષ્ટિએ ૩૧મી ઑક્ટોબર અને ૧૫મી જૂન રાખવાનું નક્કી કરેલું છે, તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતનો સાભાર સ્વીકાર કરવો અને તે અંગેના ઑર્ડિનન્સમાં ઘટતો સુધારો કરી સંલગ્ન કૉલેજો અને યુનિવર્સિટી ભવનોને પરિપત્રિત કરવો.

(સદરહુ સરકારશ્રી, શિક્ષણ વિભાગના ઠરાવ તા. ૧૧-૧૨-૧૯૯૦ની નકલ **પરિશિષ્ટ "૨૧"** તરીકે સામેલ છે.)

૩૪. રાજ્ય સરકારશ્રી, શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક એમ.આઈ.એસ.-૧૧૯૯–૩૫૨૧/૯૦-(૯૩ -૯૯)-કેગ્રેય. તા. ૧૨-૧૨-૧૯૯૦થી બિનસરકારી સંલગ્ન કૉલેજોના આચાર્યશ્રીની જગ્યાની ભરતી બાદનાં લાયકાતનાં ધોરણો અને અનુભવ નીચે પ્રમાણે સુધારેલાં છે તેની નોંધ લેવા બાબત.

(1) Ten years experience as a Lecturer in a concerned faculty in an affiliated college.

(2) Recognised as a P.G. Teacher (Except Law College)

આથી ઠરાવવામાં આવે છે કે આચાર્યની શૈક્ષણિક પાત્રતાનાં ધોરણો નિયત કરવાની સત્તા ગુજરાત યુનિવર્સિટી અધિનિયમ હેઠળ યુનિવર્સિટી પાસે સ્થિત હોઈ ઉપરોક્ત બાબત પરત્વે રાજ્ય સરકારશ્રી સમક્ષ ઘટતી રજૂઆત કરવાનું રાખવું.

(સદરહુ સરકારશ્રી, શિક્ષણ વિભાગના ઠરાવ તા. ૧૧-૧૨-૧૯૯૦ની નકલ **પરિશિષ્ટ "૨૨"** તરીકે સામેલ છે.)

૩૫. તા. ૨૧-૧૨-૧૯૯૦ના રોજ મળેલ સ્થાયી સમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સ્થાયી સમિતિની તા. ૨૧-૧૨-૧૯૯૦ના રોજ મળેલી સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સ્થાયી સમિતિની તા. ૨૧-૧૨-૧૯૯૦ની મળેલી સભાની ભલામણો **પરિશિષ્ટ "૨૩"** તરીકે સામેલ છે.)

૩૬. યુનિવર્સિટીના સામાન્ય વિભાગમાં આસિસ્ટન્ટ તરીકે ફરજ બજાવતા શ્રી. આર. એમ. પરમારને તેમના મકાન રિપેરિંગ અંગે તેમના પ્રોવિડંટ ફંડ ખાતામાંથી સ્ટેચ્યૂટ ૧૮૮(૨) પ્રમાણે રૂ. ૩૬,૦૦૦ (અંકે રૂપિયા છોત્તેર હજાર પૂરા)ની લોન આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના સામાન્ય વિભાગમાં આસિસ્ટન્ટ તરીકે ફરજ બજાવતા શ્રી. આર. એમ. પરમારને રૂ. ૩૬,૦૦૦ (અંકે રૂપિયા છોત્તેર હજાર પૂરા)ની લોન સ્ટેચ્યૂટ ૧૮૮(૨) અન્વયે યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર તેમના પ્રોવિડંટ ફંડ ખાતામાંથી આપવી.

૩૭. વિજ્ઞાન ભવનના ઝૂલોજી વિભાગમાં ઍનિમલ ઍટેન્ડન્ટ તરીકે ફરજ બજાવતા શ્રી. ગૌતમ સવજીભાઈ પટેલને તેમના મકાનના ધાબારાના બાંધકામ અંગે તેમના પ્રોવિડંટ ફંડ ખાતામાંથી સ્ટેચ્યૂટ ૧૮૮(૨) પ્રમાણે રૂ. ૨૬,૭૦૬ (અંકે રૂપિયા સત્તાવીસ હજાર સાતસો છેંતાલીસ પૂરા)ની લોન આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનના પ્રાણીશાસ્ત્ર વિભાગમાં ઍનિમલ ઍટેન્ડન્ટ તરીકે ફરજ બજાવતા શ્રી. ગૌતમ સવજીભાઈ પટેલને રૂ. ૨૭,૩૪૬ (અંકે રૂપિયા સત્તાવીસ હજાર સાતસો છેંતાલીસ પૂરા)ની લોન સ્ટેચ્યૂટ ૧૮૮(૨) અન્વયે યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર તેમના પ્રોવિડંટ ફંડ ખાતામાંથી આપવી.

૩૮. યુનિવર્સિટીના ભાષાસાહિત્ય ભવનમાં પટાવાળા તરીકે ફરજ બજાવતા શ્રી. રામજીભાઈ કે. પારધીને મકાન બાંધકામ અંગે તેમના પ્રોવિડંટ ફંડ ખાતામાંથી સ્ટેચ્યૂટ ૧૮૮(૨) પ્રમાણે રૂ. ૩૫,૦૦૦ (અંકે રૂપિયા પાંત્રીસ હજાર પૂરા)ની લોન આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના ભાષાભવનમાં પટાવાળા તરીકે ફરજ બજાવતા શ્રી. રામજીભાઈ કે. પારધીને રૂ. ૩૫,૦૦૦ (અંકે રૂપિયા પાંત્રીસ હજાર પૂરા) ની લોન સ્ટેચ્યૂટ ૧૮૮(૨) અન્વયે યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર તેમના પ્રોવિડંટ ફંડ ખાતામાંથી આપવી.

૩૯. મહેકમમાં પૂર્વ કમિશનર મહેસૂલ જે શિક્ષકો નોકરીમાં જોડાયા હોય અને ત્યાર બાદ યુનિવર્સિટી-કૉલેજ બદલે તો સી.પી.એફ. (કૉન્ટ્રીબ્યુટરી પ્રોવિડંટ ફંડ) યોજનામાં ચાલુ રહેવું હોય તો તેઓ ચાલુ રહી શકે છે તે મુજબની સ્પષ્ટતા કરતા રાજ્ય સરકારશ્રીના શિક્ષણ વિભાગના પત્ર ક્રમાંક પરચ-૧૧૯૦-૩૧૨૬-૮૧૧૫-૯૦-ખ, તા. ૨૧-૧૨-૧૯૯૦ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પત્રના સ્વીકારવા અને યુનિવર્સિટીનાં વિદ્યાભવનો અને સલગ્ન કૉલેજોને પરિપત્રિત કરવા.

(સદરહુ રાજ્ય સરકારશ્રીના શિક્ષણ વિભાગના તા. ૨૧–૧૨–૧૯૯૦ના પત્રની નકલ પરિશિષ્ટ "૨૪" તરીકે સામેલ છે.)

૪૦. બાંધકામ સમિતિની તા. ૩૧-૧૦-૧૯૯૦ની સભાની ભલામણ પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે બાંધકામ સમિતિની તા. ૩૧ ના ૧૯૯૦ના રોજ મળેલી સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ બાંધકામ સમિતિની તા. ૩૦ ના-૧૯૯૦ની સભાની ભલામણો પરિશિષ્ટ "૨૫" તરીકે સામેલ છે.)

૪૧. આ યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓ દરમ્યાન વિદ્યાર્થીઓએ ગેરવાજબી કૃત્યો અંગેના કેસો ઉપર તેમ જ પ્રાધ્યાપકો, પરીક્ષકો, નિરીક્ષકો અને કાર્યાલયના સભ્યોને હસ્તક થયેલ ભૂલો અંગેના કેસો પર વિચારણા કરવા તા. ૨૮-૧૨-૧૯૯૦ના રોજ મળેલ સભાની નોંધ મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પરીક્ષા શુદ્ધિ સમિતિની તા. ૨૮–૧૨–૧૯૯૦ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ પરીક્ષા શુદ્ધિ સમિતિની તા. ૨૮–૧૨–૧૯૯૦ની ભલામણો પરિશિષ્ટ તરીકે સામેલ કરેલી નથી.)

ત્યાર બાદ પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેની બાબતો સભાગૃહ સમક્ષ વિચારણા માટે રજૂ કરવામાં આવી :

૪૨. પરીક્ષા સંચાલન સમયે રોકવામાં આવતા સ્ટાફને ચૂકવવામાં આવતા પરીક્ષાના મહેનતાણાના દરમાં સુધારો કરવા અંગે કુલપતિશ્રીએ નિયુક્ત કરેલી સમિતિની ભલામણો પરત્વે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—સદરહુ બાબતની વિચારણા ગત એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તા. ૬–૧૦–૧૯૯૦ની સભામાં મોકૂફ રખાયેલી હતી.)

આથી ઠરાવવામાં આવે છે કે પરીક્ષા સંચાલન સમયે રોકવામાં આવતા સ્ટાફને ચૂકવવામાં આવતા પરીક્ષાના મહેનતાણાના દરમાં સુધારો કરવા ઉપરોક્ત નિયુક્ત થયેલ સમિતિની ભલામણો મંજૂર કરવી, અને તેનો અમલ ઑક્ટોબર ૧૯૯૦થી શરૂ થતી પરીક્ષાઓથી કરવો.

(સદરહુ સમિતિની ભલામણો પરિશિષ્ટ "૨૬" તરીકે સામેલ છે.)

૪૩. યુનિવર્સિટીના બિનશૈક્ષણિક કર્મચારીઓના પરીક્ષા ભથ્થાની (મહેનતાણું) હાલની ચુકવણીની પદ્ધતિ અંગે ફેરવિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ૧૫ ટકા પરીક્ષા ભથ્થાની રકમ મેળવનાર કર્મચારી પૈકી જે કર્મચારી ૬૦ કલાક જેટલો વધારાનો સમય કાર્યાલયની અનુકૂળતા મુજબ નક્કી કરે તે દિવસોમાં ભરી આપે તો ૫ ટકા વધારાનું પરીક્ષા ભથ્થું (મહેનતાણું) દર વર્ષે જુલાઈ અને ડિસેમ્બર એમ બે

ઠરાવમાં ઢાલ ચૂકવવામાં આવે છે તેના બદલે અનુસ્નાતક [illegible] આધારવાનું (ચૂકવવાનુ) રાખવું. આ ચુકવણી એકિઝકયુટિવ કાઉન્સિલની [illegible] સભાની આખરી ક્રમાંક ૧૫(૧૯) અંગે જે શરતો નક્કી કરેલી છે તેને આધીન રહેશે.

૪૪. રાજ્ય સરકારશ્રીના ઠરાવ ક્રમાંક પરચ. [illegible] તા. ૨૧-૧૦-૧૯૮૮ અન્વયે બિનસરકારી સંલગ્ન કૉલેજોના આચાર્યશ્રીઓને વાહન ભથ્થાંની સુવિધા મળવાપાત્ર છે તે મુજબ સંલગ્ન સૌ કૉલેજોના આચાર્યશ્રીઓને વાહન ભથ્થાની સુવિધા ઉપલબ્ધ કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે સંલગ્ન સૌ કૉલેજના આચાર્યશ્રીઓને પણ ઉપર મુજબના રાજ્ય સરકારશ્રીનો ઠરાવ ક્રમાંક પરચ ૧૧૮૮-૨૩૦૬૪-ન, તા. ૨૧-૧૦-૧૯૮૮ લાગુ પાડવો અને તેનો અમલ તા. ૧૧-૬-૧૯૯૦ કરવો.

(રાજ્ય સરકારના તા. ૨૧-૧૦-૧૯૮૮ના સદરહુ ઠરાવની નકલ પરિશિષ્ટ "૨૭" તરીકે સામેલ છે.)

૪૫. જૂન, ૧૯૯૨થી શરૂ થનાર માસ્ટર ઑફ લાયબ્રેરી એન્ડ ઇન્ફરમેશન સાયન્સના અભ્યાસક્રમ અંગેના પ્રવેશનાં ધોરણો અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે જૂન, ૧૯૯૨થી શરૂ થનાર માસ્ટર ઑફ લાયબ્રેરી એન્ડ ઇન્ફરમેશન સાયન્સના અભ્યાસક્રમમાં પ્રવેશ અંગેનાં નિયત થયેલાં ધારાધોરણો ન્યેઈનપાસીને તે અંગેનો ફેવાલ હવે પછીની આ એકિઝકયુટિવ કાઉન્સિલની સભા સમક્ષ રજૂ કરવાનું રાખવું.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

એકઝ. કાઉ. / નં. ૧૭૩૯૫ / ૧૯૯૦
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
નવરંગપુરા, અમદાવાદ-૯.
તા. ૬-૧૨-૧૯૯૦.

મ. પ. જાડેજા
કાર્યકારી કુલસચિવ

પરિશિષ્ટ "૧"
કામકાજ ક્રમાંક ૨(૩)

સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ

બાબત : આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, બોડેલીમાં વાણિજ્ય વિદ્યાશાખામાં કૉમ્પ્યુટર પ્રોગ્રામિંગ વિષયનું જોડાણ મેળવવા બાબત.

અમે તા. ૧૧--૯--૧૯૯૦ના રોજ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, બોડેલીની મુલાકાત લીધી હતી. મુલાકાત દરમિયાન આચાર્યશ્રીએ પૂરી પાડેલી માહિતી નીચે પ્રમાણે છે :

૧. વાતાનુકૂલિત પ્રયોગશાળા તૈયાર કરવામાં આવી છે, અને તેમાં એક પીસી/એક્સટી. એક પીસી અને એક પ્રિન્ટર વસાવવામાં આવ્યાં છે.

૨. આ વિષયના શિક્ષણની જોગવાઈ આસપાસના લગભગ ૪૦ કિ.મી. ત્રિજ્યાના વિસ્તારમાં ઉપલબ્ધ નથી.

૩. પ્રતિવર્ષ બી.કૉમ.માં લગભગ ૧૧૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવે છે, અને વિદ્યાર્થીઓમાં આ વિષયની માંગ વધુ છે.

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ પ્રમાણે સ્ટાફની નિમણૂક કરવા તેઓ તૈયાર છે.

નીચેની શરતોએ આ વિષયનું જોડાણ એકંદરે ધોરણે જૂન, ૧૯૯૧થી એક વર્ષ માટે આપવા ભલામણ છે :

(૧) પૂર્ણ સમયના પ્રોગ્રામરની તેમ જ અંશસમયના વ્યાખ્યાતાની નિમણૂક કોર્સ શરૂ થતાં પહેલાં કરવામાં આવે.

(૨) કૉમ્પ્યુટર સાયન્સનાં પુસ્તકો પેટે રૂ. ૧૫,૦૦૦નો ખર્ચ કોર્સ શરૂ કરતાં પહેલાં કરવામાં આવે.

(૩) ચાર સામયિકો નિયમિત મંગાવવામાં આવે.

(૪) પ્રાયોગિક કાર્ય માટે પ્રતિ મશીન બે વિદ્યાર્થીઓની બેચ રાખવામાં આવે.

આર. પી. સોની
એ. કે. અગ્રવાલ
સભ્ય.

પરિશિષ્ટ "૨"
કામકાજ ક્રમાંક -(૩)

સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ

બાબત : આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ભાદરણમાં વિજ્ઞાન વિદ્યાશાખામાં કૉમ્પ્યુટર પ્રોગામિંગ વિષયનું જોડાણ ચાલુ રાખવા અંગે તપાસસમિતિનો અહેવાલ.

અમે સ્થાનિક તપાસ સમિતિના સભ્યો તરીકે તા. ૧૫--૯--૧૯૯૦ના રોજ આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ભાદરણની મુલાકાત લીધી હતી. મુલાકાત દરમિયાન આચાર્યશ્રીએ પૂરી પાડેલી માહિતી નીચે પ્રમાણે છે :

૧. કૉમ્પ્યુટરની પ્રયોગશાળામાં ત્રણ પીસી અને એક પ્રિન્ટર વસાવવામાં આવેલાં છે.

૨. કૉમ્પ્યુટર સાયન્સમાં આશરે ૧૬૦ જેટલાં પુસ્તકો વસાવવામાં આવ્યાં છે.

પૂર્ણ સમયના પ્રોગ્રામરની જગ્યા ખાલી છે, પરંતુ પ્રાયોગિક કાર્ય માટે હંગામી પ્રોગ્રામરની મદદ મેળવવામાં આવે છે.

૩. ખંડ સમયના વ્યાખ્યાતા તરીકે શ્રી. આઈ. એમ. પટેલ સેવાઓ આપે છે.

૪. વર્ષ ૧૯૮૯--૯૦માં પ્રથમ વર્ષમાં ૧૭ અને દ્વિતીય વર્ષમાં ૧૪ વિદ્યાર્થીઓને આ વિષયમાં પ્રવેશ આપવામાં આવ્યો હતો. વર્ષ ૧૯૯૦--૯૧માં આ સંખ્યા અનુક્રમે ૧૧ અને ૪ છે.

૫. પ્રાયોગિક કાર્ય માટે પ્રતિ મશીન બે વિદ્યાર્થીઓની બેચ રાખવામાં આવે છે.

ઉપરોક્ત હકીકતના સંદર્ભમાં નીચેની શરતોએ આ વિષયનું જોડાણ આગામી બે વર્ષ માટે ચાલુ રાખવા ભલામણ કરવામાં આવે છે :

૧. પૂર્ણ સમયના પ્રોગ્રામરની નિમણૂક તાત્કાલિક કરવામાં આવે.

૨. કૉમ્પ્યુટર સાયન્સનાં આશરે ચાર જેટલાં સામયિકો નિયમિત મેળવવામાં આવે.

૩. કૉમ્પ્યુટર સાયન્સનાં પુસ્તકો માટે પ્રતિવર્ષ રૂ. ૨,૦૦૦નો ખર્ચ કરવામાં આવે.

આર. પી. સોની
એ. કે. અગ્રવાલ
સભ્ય.

પરિશિષ્ટ "૩"
કામકાજ ક્રમાંક ૨(૪)

સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ

બાબત : સી. યુ. શાહ સાયન્સ કૉલેજમાં ઇલેકટ્રોનિકસ માટે કાયમી જોડાણ માટે નીમેલી તપાસસમિતિ.

ગુજરાત યુનિવર્સિટીના પત્ર નં. એકે/૨૧/૭૮૧૯૭/૧૯૯૦ના તા. ૧૧--૭--૧૯૯૦ના સંદર્ભમાં આ કાર્ય માટે સંસ્થાની રૂબરૂ મુલાકાત તા. ૧૦--૧૦--૧૯૯૦ના રોજ યોજેલી. ઇલેકટ્રોનિકસ વિષયના શિક્ષણ માટે જરૂરી સાધનસામગ્રી વગેરેની તપાસ કરેલી. છેલ્લાં બે વર્ષ દરમિયાન સંસ્થાએ આ વિષયની પ્રયોગશાળામાં ઘણાં સારાં સાધનો વસાવેલ છે. તે સાથે પ્રયોગશાળામાં પણ વિદ્યાર્થીઓને સુવિધા થાય તેવા ઘણા સુધારાવધારા કરેલ છે. આમ હવે આ વિષયના પ્રાયોગિક અભ્યાસ માટે સંસ્થા પાસે પૂરતાં સાધનો છે.

ગ્રંથાલયમાં પણ આ વિષય માટે ઘણાં સારાં પુસ્તકો ખરીદવામાં આવેલ છે, જે વિદ્યાર્થીઓ માટે ખૂબ જ જરૂરી છે.

પ્રયોગશાળામાં શિક્ષકો અને બીજા મદદનીશ સ્ટાફના સભ્યો ઘણા સહકારથી કામ કરે છે, તે વિદ્યાર્થી-ઓના અભ્યાસ માટે ઘણી અગત્યની છે.

આ પરિસ્થિતિમાં હું સંસ્થાને, માંગેલ કાયમી જોડાણ આપવા ભલામણ કરું છું.

કે. જી. જાની
પ્રોફેસર, ફિઝિકસ વિભાગ

પરિશિષ્ટ " ૪ "
કામકાજ ક્રમાંક ૨(૧૦)

રાજ્યના પેન્શનરોને મળતો હંગામી વધારો
તા. ૧–૭–૧૯૯૦ની અસરથી દરોમાં સુધારો

ગુજરાત સરકાર

નાણા વિભાગ

ઠરાવ નં. : હગવ ૫૪૯૦–૧૮૯૯–૫–૨

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૮ ઑક્ટો., ૧૯૯૦

વંચાણે લીધા :

૧. નાણા વિભાગનો સ. ઠ. ક્ર. : એનવીટી/૧૧૮૭/ઓઆઇ/૪૧ (૫)૫–૧, તા. ૩૧મી જુલાઇ, ૧૯૮૭.

૨. નાણા વિભાગનો સ. ઠ. ક્ર. : હગવ/૫૪૮૭/૧૧૫૧/૫/૨, તા. ૧૫મી જાન્યુઆરી, ૧૯૮૮.

૩. નાણા વિભાગનો સ. ઠ. ક્ર. : હગવ/૫૪૮૮/૮૮૧/૫/૨, તા. ૩જી જૂન, ૧૯૮૮.

૪. નાણા વિભાગનો સ. ઠ. ક્ર. : હગવ/૫૪૮૮/૧૮૦૭/૫/૨, તા. ૧૩મી ડિસેમ્બર, ૧૯૮૮.

૫. નાણા વિભાગનો સ. ઠ. ક્ર. : હગવ/૫૪૮૯/૧૦૯૧/૫/૨, તા. ૬ઠ્ઠી જૂન, ૧૯૮૯.

૬. નાણા વિભાગનો સ. ઠ. ક્ર. : હગવ/૫૪૮૯/૨૧૬૫/૫/૨, તા. ૫મી ઑક્ટોબર, ૧૯૮૯.

૭. નાણા વિભાગનો સ. ઠ. ક્ર. : હગવ/૫૪૯૦/૫૨૧/૫/૨, તા. ૨૭ એપ્રિલ, ૧૯૯૦.

ઠરાવ

રાજ્ય સરકારના પંચાયતના પેન્શનરો અને કુટુંબ પેન્શનરોને મળતા નાણા વિભાગના તા. ૨૭ એપ્રિલ, ૧૯૯૦ના સરકારી ઠરાવ ક્રમાંક : હગવ/૫૪૯૦/૫૨૧/૫/૨માં નિર્દિષ્ટ કરેલા છેલ્લા હંગામી વધારાના દરોમાં નીચે દર્શાવ્યા પ્રમાણેના દર તા. ૧લી જુલાઇ, ૧૯૯૦ની અસરથી સુધારીને વધારો કરવાનો સરકારે નિર્ણય કર્યો છે.

માસિક પેન્શન/કુટુંબ પેન્શન	માસિક હંગામી વધારો
(અ) રૂ. ૧,૭૫૦ સુધી	પેન્શન/કુટુંબ પેન્શનના ૪૩ ટકા
(બ) રૂ. ૧,૭૫૦થી વધારે પરંતુ રૂ. ૩,૦૦૦ સુધી	પેન્શન/કુટુંબ પેન્શનના ૩૨ ટકા પરંતુ ઓછામાં ઓછા રૂ. ૭૫૩
(ક) રૂ. ૩,૦૦૦ કરતાં વધારે	પેન્શન/કુટુંબ પેન્શનના ૨૮ ટકા પરંતુ ઓછામાં ઓછા રૂ. ૯૬૦

૨. રૂપિયાનો અપૂર્ણાંક હોય તેવા હંગામી વધારાની ચુકવણી તરત પછીના રૂપિયામાં ફેરવવી.

૩. પેન્શનરો/કુટુંબ પેન્શનરોને હંગામી વધારા અંગેની વંચાણમાં લીધેલા નાણા વિભાગના ક્રમાંક—૧ આગળ દર્શાવેલ સરકારી ઠરાવમાંની બીજી શરતો અને સૂચનાઓ અમલમાં રહે છે.

૪. આ હુકમોના સંદર્ભમાં તા. ૧લી જુલાઈ, ૧૯૯૦થી આગળ ચૂકવવાપાત્ર હંગામી વધારો દર્શાવતી જંત્રો આ સાથે બીડી છે. (પરિશિષ્ટ).

૫. ગુજરાત બહારના એકાઉન્ટન્ટ જનરલોને, તેમના રાજ્યની તિજોરીમાંથી પેન્શન મેળવતા ગુજરાત રાજ્યના પેન્શનરોને ચુકવણું કરવા તેમના નિયંત્રણ હેઠળની સર્વે ચુકવણી અધિકારીઓએ અધિકૃત કરવાની કાર્યવાહી કરવા વિનંતી કરવામાં આવે છે.

૬. નિયામક, પેન્શન અને પ્રો. ફંડ, એકાઉન્ટન્ટ જનરલ અને ભારતીય રીઝર્વ બેન્ક પાસેથી વધુ કોઈ પણ સૂચનાઓ અથવા અધિકૃતિ માટે રાહ જોયા સિવાય ઉપરની સૂચનાઓને આધારે નાણા વિભાગના તા. ૨જી જુલાઈ, ૧૯૭૬ના જાહેરનામા ક્રમાંક (જીએન-૪૪) ટી.જેએન-૧૦૭૫-૨૧૬૩-(૭૬)-ઝ, તથા તારીખ ૩૦મી મે, ૧૯૮૨ના સરકારી ઠરાવ ક્રમાંક-ટીજેઆર-૧૦૮૦-જીઓઆઈ-૧૦૮૦-૧-(૮૨)ઝ,ની જોગવાઈને અનુલક્ષીને પેન્શનરોને હંગામી વધારાની ચુકવણીઓની ગોઠવણ કરવા રાજ્યના પેન્શન ચુકવણી સત્તાધિકારીઓ તેમ જ જાહેર ક્ષેત્રની બેંકોને વિનંતી કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

આર. એસ. પરમાર
નાયબ સચિવ,
નાણા વિભાગ.

પરિશિષ્ટ "૫"
કામકાજ ક્રમાંક ૨(૧૧)

ઑક્ટોબર--નવેમ્બર--ડિસેમ્બર, ૧૯૯૦માં લેવાનાર વિવિધ પરીક્ષાઓ માટેની ઓબ્ઝર્વર્સ અંગેની સમિતિની સભા મંગળવાર, તા. ૯--૧૦--૧૯૯૦ના રોજ બપોરે ૩–૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી, જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી :

ક્રમ	સભ્યનું નામ	તા. ૯–૧૦–૧૯૯૦
૧.	આચાર્યશ્રી દર્શનસિંગ શીખ	હાજર
૨.	શ્રી. નરહરિભાઈ એચ. અમીન	ગેરહાજર
૩.	શ્રી. એચ. જી. દેસાઈ	ગેરહાજર
૪.	શ્રી. એ. આર. શાહ	હાજર
૫.	આચાર્યશ્રી એન. આર. શાહ	ગેરહાજર
૬.	શ્રી. શંકરભાઈ પટેલ	ગેરહાજર
૭.	શ્રી. એ. એ. અહલુવાલિયા	ગેરહાજર
૮.	શ્રી. હરિશંકરભાઈ પંડ્યા	ગેરહાજર.

સભાનું પ્રમુખસ્થાન આચાર્યશ્રી દર્શનસિંગ શીખે સંભાળ્યું હતું. ચર્ચાવિચારણાના અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું હતું :

૧. નડિયાદ અને વીસનગર કેન્દ્રો માટે અમદાવાદથી રોજ રોજ નીચે જણાવેલ ઓબ્ઝવરશ્રીઓમાંથી મોકલવાના રહેશે :

(૧) શ્રી. ચૌહાણ કે. બાં.
(૨) શ્રી. નિહાલસિંગ બેનિવાલ
(૩) શ્રી. ઠાકર એચ. કે.
(૪) શ્રી. પુરાણી નરેન્દ્ર
(૫) શ્રી. જોષી કન્હૈયાલાલ બી.
(૬) શ્રી. પટેલ આર. કે.
(૭) શ્રીમતી શુકલ રોશુક્ર કે.
(૮) શ્રી. શાહ કનુભાઈ એ.
(૯) શ્રીમતી જાની દેવબાળા આઈ.
(૧૦) શ્રી. પટેલ આર. એન.
(૧૧) શ્રી. કોઠારિયા એમ. એસ.
(૧૨) શ્રી. શાહ અરવિંદભાઈ, સેનેટ સભ્ય
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય.

૨. ખંભાત કેન્દ્ર માટે ત્યાંના લોકલ સેનેટ સિન્ડિકેટ સભ્ય અને પેટલાદથી એક સેનેટ સભ્યશ્રીને ખંભાત મોકલવાના રહેશે. એમ કુલ ૨ સભ્યોને ખંભાત મોકલવાના રહેશે.

૩. ગોધરા કેન્દ્ર માટે પી. ટી. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજના આચાર્યશ્રી ગાંધી બી. એન. ઉપરાંત આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ વીરપુરના આચાર્યશ્રી ઉપાધ્યાય બંસીધર નંદુપ્રસાદને મોકલવાના રહેશે.

૪. ડભોઈ કેન્દ્ર માટે શ્રી. અરવિંદભાઈ આર. શાહ પાસેથી નામો મેળવી લઈ આગળ યોગ્ય કરવું.

૫. ભૂજ કેન્દ્ર માટે એપ્રિલ/મે, ૧૯૯૦ની પરીક્ષા વખતે જે પ્રથા હતી તે પ્રથા પ્રમાણે પગલાં લેવાનું સૂચન હતું.

૬. અમદાવાદ કેન્દ્રો માટે ઓબ્ઝર્વર કમિટીના સભ્યો ઉપરાંત જરૂર પડે સીનિયર આચાર્યશ્રીને નીમવા.

૭. ગોધરા, ડભોઈ અને ખંભાત કેન્દ્રો પર તથા ભૂજ કેન્દ્રમાં જે ઓબ્ઝર્વરશ્રીઓ જાય તે પરીક્ષા સંચાલન અંગે અને ચોરી કેસો અંગે પોતાનો રોજે રોજનો વ્યવહાર શ્રી. ડી. પી. છાયા પરીક્ષા નિયામકશ્રીના નામ જોગ કવરમાં ઉત્તરવહીઓ સાથે મોકલી આપવાનો રહેશે.

ત્યાર બાદ સભાનું કામકાજ પુરું થયું હતું.

ડી. પી. છાયા

કુલસચિવ વતી.

પરિશિષ્ટ "૬"

કામકાજ ક્રમાંક ૨(૧૨)

ઑક્ટોબર / નવેમ્બર / ડિસેમ્બર, ૧૯૯૦માં લેવાનાર પરીક્ષાઓ માટે બલારગામ અને લોકલ માટે ટેક્ષીના ભાડા પુનઃ નક્કી કરવા માટે ઓબ્ઝર્વર્સ અંગે સમિતિની સભા સોમવાર, તા. ૨૨–૧૦–૧૯૯૦ના રોજ બપોરે ૩–૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી :

૧. પ્રિ. ટી. એમ. શીખ	હાજર
૨. શ્રી. એ. આર. શાહ	હાજર
૩. પ્રિ. એન. આર. શાહ	હાજર
૪. શ્રી. નરહરિભાઈ એચ. અમીન	ગેરહાજર
૫. શ્રી. એસ. જી. દેસાઈ	ગેરહાજર
૬. શ્રી. શંકરભાઈ પટેલ	ગેરહાજર
૭. શ્રી. એ. એ. આહલુવાલિયા	ગેરહાજર
૮. શ્રી. હરિશંકરભાઈ પંડ્યા	ગેરહાજર.

સભાનું પ્રમુખસ્થાન આચાર્યશ્રી દર્શનસિંગ શીખે સંભાળ્યું હતું.

વધુમાં કાર્યકારી કુલસચિવશ્રી, પરીક્ષા નિયામકશ્રી તથા ચીફ એકાઉન્ટ ઑફિસર હાજર રહ્યા હતા.

સ્પાન ટ્રાવેલ્સ તરફથી આવેલ તા. ૨૨–૧૦–૧૯૯૦ના પત્રમાં ભાવવધારા અંગે આવેલ દરખાસ્તના અનુસંધાનમાં લંબાણપૂર્વક ચર્ચાવિચારણાને અંતે નીચે મુજબ નિર્ણય લેવાયેલ છે :

તાજેતરમાં થયેલ પેટ્રોલ / ડીઝલના ભાવવધારાના અનુસંધાનમાં ડીઝલ ગાડીના અગાઉ જે ભાવ નક્કી કરેલ રૂ. ૧–૪૩પૈસાને બદલે રૂ. ૧–૬૫પૈસા (રૂપિયા એક અને પાંસઠ પૈસા પૂરા) અને પેટ્રોલની ગાડીના અગાઉ જે રૂ. ૨–૦૦ની નક્કી કરેલ તેને બદલે રૂ. ૨–૩૫ (રૂપિયા બે અને પાંત્રીસ પૈસા પૂરા)અને સ્થાનિક એક કલાકના રૂ. ૪૦ને બદલે રૂ. ૪૩ (રૂપિયા તેત્તાલીસ પૂરા) નક્કી કરવા માટે ભલામણ કરવામાં આવેલ છે.

આ ભાવવધારો ચાલુ પરીક્ષા મોસમ માટે જ અમલમાં રહેશે અને કરાર કરેલ અન્ય પાર્ટીઓને કે જેમની ગાડીનો ઉપયોગ કરવામાં આવે તેને પણ માન્ય રહેશે.

ત્યાર બાદ સભાનું કામકાજ પુરું થયું હતું.

મ. પ. જડિયા
કાર્યકારી કુલસચિવ.

પરિશિષ્ટ "ક"
કામકાજ ક્રમાંક ૨(૧૧)

ક્રમાંક	ચૂંટણીનું સ્થળ	ચૂંટણીનું મથક	
૧.	અમદાવાદ	૧. નવગુજરાત વાણિજ્ય મહાવિદ્યાલય, અમદાવાદ	
		(૧) શિક્ષણ અને વિનયન વિદ્યાશાખા	અનુસ્નાતક કક્ષાની
		(૨) વિજ્ઞાન વિદ્યાશાખા	
		(૩) વાણિજ્ય વિદ્યાશાખા	
		૨. એન.એચ.એલ. મ્યુ. મેડિકલ કૉલેજ, અમદાવાદ	
		(૧) તબીબી વિદ્યાશાખા	અનુસ્નાતક અને
		(૨) દંતશાસ્ત્ર વિદ્યાશાખા	પૂર્વસ્નાતક કક્ષાની
		૩. એલ. ડી. કૉલેજ ઑફ એન્જિનિયરિંગ, અમદાવાદ	
		(૧) ફાર્મસી વિદ્યાશાખા	અનુસ્નાતક તથા
		(૨) ઈજનેરી વિદ્યાશાખા	સ્નાતક કક્ષાની
		૪. એ. જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદ	
		શિક્ષણ અને વિનયન વિદ્યાશાખા	પૂર્વસ્નાતક કક્ષાની
		૫. સર એલ. એ. શાહ લૉ કૉલેજ, અમદાવાદ	
		વાણિજ્ય વિદ્યાશાખા	પૂર્વસ્નાતક કક્ષાની
		૬. સાહજાનંદ કૉલેજ, અમદાવાદ	
		વિજ્ઞાન વિદ્યાશાખા	પૂર્વસ્નાતક કક્ષાની
		૭. ગુજરાત કૉલેજ, અમદાવાદ	
		કાયદા વિદ્યાશાખા	અનુસ્નાતક અને પૂર્વસ્નાતક ભેગા
		૮. એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	
		બોર્ડ ફૉર સ્ટુડન્ટ્સ વેલ્ફેર	
		૯. એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ	
		બોર્ડ ફૉર સ્ટુડન્ટ્સ વેલ્ફેર	
૨.	આદિપુર,-કચ્છ	આર્ટ્સ ઑન્ડ સાયન્સ કૉલેજ, આદિપુર (કચ્છ)	
૩.	બાલાસિનોર	આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, બાલાસિનોર	

ક્રમાંક	સ્થળ	ચૂંટણીનું મથક
૪.	ભાદરણ	આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, ભાદરણ (જિ. ખેડા)
૫.	ભુજ	આર. આર. લાલન કૉલેજ, ભુજ (કચ્છ)
૬.	ભોડેલી	ડી. સી. કાપડિયા આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ભોડેલી
૭.	બોરસદ	આર્ટ્સ, કૉમર્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, બોરસદ
૮.	ખંભાત	આર્ટ્સ, કૉમર્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ખંભાત
૯.	છોટાઉદેપુર	આર્ટ્સ, સાયન્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, છોટાઉદેપુર
૧૦.	ડભોઈ	આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ડભોઈ
૧૧.	ડાકોર	ડાકોર ભવન્સ કૉલેજ, ડાકોર
૧૨.	દહેગામ	આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, દહેગામ (જિ. અમદાવાદ)
૧૩.	દેવગઢ બારિયા	આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, દેવગઢ બારિયા
૧૪.	ધંધુકા	આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, ધંધુકા (જિ. અમદાવાદ)
૧૫.	ધોળકા	આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, ધોળકા
૧૬.	દાહોદ	આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, દાહોદ (જિ. પંચમહાલ)
